॥ શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા ગ્રન્થાંક: ૬૬ ॥

॥ સૂરિસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વર-ગુરુભ્યોનમઃ ॥

સુગૃહીત નામધેય સૂરિપુઙ્ગવ
શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી-
મ. સા. વિરચિત

# શ્રી સંબોધ પ્રકરણનો

## ગુજરાતી અનુવાદ.

卐

-: અનુવાદક :-

શાસનસમ્રાટ્-બાલ બ્રહ્મચારી-જગદ્‌ગુરૂ શ્રીમદ્
વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધાંત વાચસ્પતિ ન્યાયવિશારદ-વિજયોદય-
સૂરીશ્વરજી મહારાજના શિષ્ય વિદ્વદ્‌વર્ય
પ્રસિદ્ધવક્તા પંન્યાસ પ્રવર
શ્રી મેરૂવિજયજી ગણી.

-: દ્રવ્ય સહાયક :-

શ્રી લુણસાવાડા મોટી પોલ જૈન સંઘ
અમદાવાદ.

॥ શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા ગ્રન્થાંક : ૬૬ ॥

॥ સૂરિસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વર-ગુરુભ્યો નમઃ ॥

સુગૃહીત નામધેય સૂરિપુઙ્ગવ

શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મ. સા. વિરચિત

# શ્રી સંબોધ પ્રકરણનો

## [તત્ત્વપ્રકાશકાપર નામક]

ગુજરાતી અનુવાદ.

-: અનુવાદક :-

શાસનસમ્રાટ્-બાલ બ્રહ્મચારી-જગદ્ગુરુ શ્રીમદ્ વિજય
નેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંત
વાચસ્પતિ ન્યાયવિશારદ - વિજયોદયસૂરીશ્વરજી
મહારાજના શિષ્ય વિદ્વદ્વર્ય પ્રસિદ્ધવક્તા
પંન્યાસ પ્રવર શ્રી મેરુવિજયજી ગણી.

-: દ્રવ્ય સહાયક :-

શ્રી લુણસાવાડા મોટી પોલ જૈન સંઘ.

અમદાવાદ.

-: પ્રકાશક :-

શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા.

મૂલ્ય : પઠનપાઠન

: પ્રકાશક :
શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા વતી
કાર્યવાહક શેઠ ઈશ્વરદાસ મૂળચંદ
કીકાભટ્ટની પોળ, અમદાવાદ

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રીં. પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

શેઠ સાંકળચંદ બાલાભાઈ

લુણસાવાડા, – મોટી પોળ
અમદાવાદ.

શ્રી વીરનિર્વાણ સંવત ૨૪૭૮
માગસર વદ ૧૦
[ પાર્શ્વનાથ જન્મ કલ્યાણક ]

વિક્રમ સંવત : ૨૦૦૮
નેમિ સંવત : ૩
ઈસ્વીસન : ૧૯૫૧

# પ્રકાશકીય નિવેદન

શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભાનું આ. 'શ્રી સંબોધ પ્રકરણનો ગુજરાતી અનુવાદ' નામાંકિત છાસઠમું ગ્રન્થ રત્ન પ્રકાશિત કરતાં અમો હર્ષ અને કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

આ જે ગ્રન્થ પ્રગટ થઇ રહ્યો છે તેના રચયિતા ૧૪૪૪ ગ્રન્થોના કર્ત્તા સૂરિપુઙ્ગવ સુગૃહિત નામધેય આચાર્ય મહારાજ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ છે કે જેમનું ઋણ જૈન સંઘ કોઇ પણ કાળે અદા કરી શકે એમ નથી. આમાં તો તેમની કૃતિનો અક્ષરસ અનુવાદ માત્રંજ કરવામાં આવ્યો છે અને તે ગ્રન્થનો સુંદર અને સુવાચ્ય એવી સરળ ભાષામાં શાસન સમ્રાટ્ બાલબ્રહ્મચારિ જગદ્ગુરૂ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર ન્યાયવિશારદ સિદ્ધાંતવાચસ્પતિ વિજયોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય વિદ્દ્વર્ય પ્રસિદ્ધવક્તા પંન્યાસ શ્રી મેરૂવિજયજી મહારાજ સાહેબે અનુવાદ કર્યો છે અને પુરતી ખંતથી અને અતિશય શ્રમ લઇ આ સાદ્યન્ત પાર પાડયો છે તે બદલ અમો તેમના ઋણી છીએ.

આ ગ્રન્થના પ્રકાશનમાં શાસ્ત્ર વિશારદ કવિરત્ન આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના શિષ્ય પંન્યાસ શ્રી દેવવિજયજી મહારાજના સદુપદેશથી લુણસાવાડા મોટીપોળમાં અક્ષયનિધિ તપ થયેલ તેમાં જ્ઞાન ખાતાની આવક થયેલ તે આવકમાંથી ઉપર્યુક્ત ગ્રન્થ છપાવવામાં આવેલ છે. તો તે બદલ અમો પૂ. પંન્યાસ શ્રી મહારાજ સાહેબનો તથા લુણસાવાડા મોટાપોળના શ્રીસંઘનો આભાર માનીએ છીએ આ ગ્રન્થના પ્રુફો જસવંતલાલ ગિરધરલાલ શાહે જોઇ આપ્યાં છે તે બદલ તેમનો આભાર માને છે અંતમાં આ પુસ્તકમાં અશુદ્ધિ ન રહે તે માટે પૂરતી કાળજી રાખવામાં આવી છે અને છપાયા બાદ જે અશુદ્ધિ નજરે ચઢી છે તેને શુદ્ધિપત્રકમાં રજુ કરી છે છતાં દ્રષ્ટિદોષ, પ્રેસદોષ અને મતિમંદતાથી જે કાંઇ અશુદ્ધિ રહેવા પામી હોય તે બદલ અમો ક્ષમા માગીએ છીએ,

પ્રકાશક :

# આવશ્યકીય નિવેદન

સંવત ૨૦૦૪ની સાલમાં અમારી લુણસાવાડા મોટીપોળના શ્રી સંઘની વિનંતિથી સ્વર્ગસ્થ શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર સિદ્ધાન્ત-વાચસ્પતિ વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી મેરૂવિજયજી મહારાજ સાહેબ તથા સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ સાહેબના પટ્ટધર શાસ્ત્રવિશારદ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી દેવવિજયજી મહારાજ સાહેબ અમારી પોળમાં ચાતુર્માસ માટે પધારેલ તે વખતે અમારી પોળમાં નવકાર મંત્ર વિગેરે વિવિધ પ્રકારના તપની આરાધના થયેલ તથા અક્ષયનીધિ તપની પણ શરૂઆત થએલ અને તેની અંદર શ્રીમંત ધર્માત્માઓ તથા યુવકવર્ગ તપશ્ચર્યામાં સામેલ થયા તથા ધર્મીષ્ઠ શ્રાવીકાઓનો સમુદાય મલી પ્રાયઃ ૬૦ થી ૭૦ ભાવિકોએ પ્રવેશ કરેલ અને તપશ્ચર્યાનો લાભ લેવા ઉત્સાહ પૂર્વક પ્રેરાયા તથા ભાવની વૃદ્ધિ અને ઉત્સાહ પૂર્વક પૂજા પ્રભાવના રાત્રીજાગરણ તેમજ વરઘોડાઓ વિગેરે શાસનની શોભા માટે ઉત્તમ પ્રકારની શુભ પ્રવૃત્તિઓ ચાર વર્ષ સુધી ચાલુ રાખવી એમ નક્કી કર્યું.

ત્યારપછી પંન્યાસજી મહારાજ શ્રી મેરૂવિજયજી ગણી તથા પંન્યાસજી મહારાજશ્રી દેવવિજયજી ગણી તથા બાલમુનિ શ્રી હેમચંદ્ર-વિજયજી મહારાજ આદિને મોટીપોળના શ્રી સંઘ તરફથી સંવત ૨૦૦૭ની સાલના ચાતુર્માસ માટે ફરી વિનંતિ કરી અને તેઓશ્રીએ અમારી વિનંતીને માન આપી અમારે ત્યાં ચાતુર્માસ કર્યું તે દરમ્યાન દરેક પર્વતીથિઓમાં શ્રાવકોએ શ્રાવિકાઓએ પોષધાદિ ધર્મક્રિયાની સુંદર આરાધના સારા પ્રમાણમાં કરી અને પોસાતીઓને મોટીપોળના

શ્રીમંત ભાવિકો તરફથી દરેક પર્વતિથિએ રૂપિયા આદિની પ્રભાવના પણ સારા પ્રમાણુમાં થઈ હતી.

તે દરમ્યાન અમારી પોળની અંદર અષ્ટમહાસિદ્ધિ તપ વિગેરે તપશ્ચર્યાઓ ઘણુા ઉત્સાહ પૂર્વક થયેલી અને અક્ષયનિધિ તપની આરાધનાની આ સાલ પૂર્ણાહુતિનું ચોથું વર્ષ એટલે છેલ્લું વર્ષ હોવાથી ભવ્યાત્માઓએ તે તપનું વિધિવિધાન અપૂર્વ ઉલ્લાસ પૂર્વક કરેલું કે જેથી બીજા જીવોને પણ તે તપશ્ચર્યા કરવાની સુંદરતમ ભાવના જાગે. અક્ષયનિધિ તપની આરાધના દરમ્યાન ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તરફથી સ્વામિભક્તિ તથા પ્રભાવનાઓ ઘણા સારા પ્રમાણુમાં થઇ હતી તથા પૂજા, રાત્રિજાગરણુ અને પોળના સદ્‌ગૃહસ્થ આગેવાનોની પ્રેરણાથી સુંદર અને સારામાં સારો ભવ્ય વરઘોડો ભાદરવા શુદિ ૬ ના દિવસે કાઢવામાં આવ્યો તે ભવ્ય વરઘોડાની શરૂઆતમાં રંગબેરંગી ધ્વજાઓથી શણુગારેલો ઇન્દ્રધ્વજ દેખનાર જન સમુદાયના હૃદયમાં આનંદ આપતો અને તે પછી વિવિધ પ્રકારના પુષ્પોની માળાઓ વડે શણુગારેલી તથા સુશોભીત એવી વિકટોરીયાઓની હાર જન સમુદાયના હૃદયંગમ ભાવોની વૃદ્ધિ કરનાર હતી. અને મોટરોની કતાર પણ વરઘોડાની શોભામાં અપૂર્વ વધારો કરતી હતી અને તે પછી સુંદર બેન્ડ અને ચોઘડીયાના નાદ માનવ મહેરામણુના કર્ણોમાં પરમ માંગલ્યનું સૂચન કરતા હતા તે વખતે અમારી વિનંતીને માન આપી અમારા ઉપાશ્રયમાં પધારેલ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી. વિજય-નંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબની હાજરીથી વાતાવરણુ ઘણુંજ આનંદમય લાગતું હતું વરઘોડાની અંદર પૂજ્યપાદ આચાર્યાદિ મુનિવરોની હાજરી સારા પ્રમાણુમાં હતી તેમજ સારાએ રાજનગરના આગેવાન ભાવિકોની હાજરી ઘણાજ સારા પ્રમાણુમાં હતી.

તે પછી પરમતારક શ્રી જિનેશ્વરદેવને બીરાજમાન કરેલ ચાંદીનો રથ વિવિધ પ્રકારના પુષ્પોના હાર તોરાથી શણુગારેલ ભાવિક આત્મા-

ઓને અપૂર્વ અનુમોદનનું કારણ લાગતો હતો. વળી તે પછી શ્રાવિકાઓના મસ્તક ઉપર રહેલા તપના ઘડાઓથી વાતાવરણ ઘણું જ ધર્મ ભાવનામય જણાતું હતું આવો અપૂર્વ વરઘોડો મૂખ્ય મૂખ્ય બજારોમાં ફરીને લુણસાવાડ મોટીપોળમાં ઉતર્યો હતો તે વખતે પોળના સંઘનો ઉત્સાહ સુંદર જણાતો હતો આ પ્રમાણે અક્ષયનિધિ તપની પૂર્ણાહુતી થયા બાદ પંન્યાસજી મહારાજ શ્રી દેવવિજયજી ગણીવરે તે તપસ્વીઓને તપની યાદગિરિ માટે ઉપદેશ આપતા અક્ષયનિધિ તપની આરાધના કરનાર ભાવિકો તરફથી જ્ઞાનખાતાની આવકમાંથી આ ૧૪૪૪ ગ્રંથના કર્તા યાકિની મહત્તરા પુત્ર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિરચિત "શ્રી સંબોધ પ્રકરણ" નામના ગ્રંથનો પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી મેરૂવિજયજી મહારાજ સાહેબે કરેલો ગુજરાતી અનુવાદ છપાવ્યો છે અને બીજા ભવ્ય જીવો પણ આવી સુંદર પ્રવૃત્તિઓનું અનુકરણ કરશે એવી આશા રાખીએ છીએ. ઇત્યલમ્ શિવંભવતુ.

શ્રી લુણસાવાડા મોટી પોળના જૈન સંઘના સેવકો
**શેઠ મોહનલાલ છોટાલાલ પાલખીવાળા**
**શેઠ જેસીંગભાઈ ઉગરચંદ**
**શેઠ ભોગીલાલ છોટાલાલ સુતરિયા.**

# પ્રસ્તાવના

અનાદિ કાળથી આ સંસારની અંદર રખડતા એવા ભવ્ય-જીવોના કલ્યાણને માટે મહાપુરૂષોએ પ્રતિપાદન કર્યું છે કે પહેલું જ્ઞાન અને પછી ક્રિયાની આવશ્યકતા જરૂરી છે જ્ઞાનવગરની ક્રિયા છાર ઉપર લીપણુ સમાન છે. માટે મુમુક્ષુ આત્માઓ સદાકાળ સમ્યક્-જ્ઞાનનું અન્વેષણુ કરે અને તેના દ્વારા સુશ્રુષાદિ ગુણો પ્રાપ્ત કરવાને માટે અથાગ પરિશ્રમ ઉઠાવે, તે પ્રાપ્ત થયા પછી સમ્યક્ક્રિયા રૂચીનો આવિર્ભાવ થાય અને મોક્ષસુખની પ્રાપ્તિ સારૂ સમ્યક્દર્શન, જ્ઞાન, અને ક્રિયા એ ત્રીપુટી શુદ્ધ ધર્મની આચરણા કરે. શ્રદ્ધા સિવાય જ્ઞાન અને ચારિત્ર નકામું છે જેમ ગધેડો ચંદનના ભારને વહન કરે છે. પરંતુ તેની સુગન્ધીનો ઉપભોગ કરવાને માટે સમર્થ નથી. તેમ સમ્યગ્-દર્શન વગરનું જ્ઞાન અને ચારિત્ર તે ભાર રૂપ છે. તથા ચારિત્રના પરિ-ણામથી પતિત થએલ આત્માઓ મોક્ષને મેળવશે પરંતુ દર્શનથી પતિત થએલાઓ માટે મોક્ષ સુખની વાત તુષના સમુદાયને ખાંડવા સરખી છે.

વળી જ્ઞાની પુરૂષોએ મોક્ષ રૂપી નગરમાં પ્રવેશ કરવા માટે દર-વાજા સમાન સમ્યક્દર્શનને કહેલું છે. તેવું સમજીને મુમુક્ષુ આત્માઓ સમ્યક્ બોધ દ્વારા આ ચારગતિ રૂપ સંસારનો નાશ કરીને શાશ્વત સુખના અધિકારી થાય. તે વાત લક્ષમાં રાખીને ગ્રન્થકાર મહાપુરૂષે આ સંબોધ પ્રકરણુ નામના ગ્રન્થની રચના કરી છે. દુર્લભ એવો મનુષ્ય ભવ મેળવીને ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાલાઓને આ ગ્રન્થ એક અદ્વિતીય સાધન છે.

કોઇ પણુ ધાર્મીક ક્રિયાઓના રહસ્યોને યથાર્થ રીતે સમજી આદરવામાં આવે તો અનેકગણુા ફ્લોને આપનાર બને. આ ગ્રન્થની અંદર મહાપુરૂષે કહેલા વિષયોને જાણુનાર સમગ્ર જૈન સમાજ બને તો સ્વાર્થ, માયા, પ્રપંચ, હિંસા અને અસંતોષના વિષમય વાતાવ-રણુમાં ફસાએલા આત્માઓ આ વિશ્વની અંદર આદર્શ રૂપ જીવનનું સર્વથી મહાન ઉદાહરણુ પુરૂ પાડી શકે તેમ છે. તેથી ભવ્ય આત્મા-

ઓના કલ્યાણને માટે આચાર્ય ભગવન્ત શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજે આ સંબોધ પ્રકરણની રચના કરી છે. અને તેનું અપર નામ તત્ત્વ પ્રકાશ છે. આ ગ્રન્થની અંદર કયા તત્ત્વોનું નીરૂપણ કર્યું છે. તેનો ઉલ્લેખ કરતાં પહેલાં તે મહા પુરૂષના સામાન્ય જીવન ઉપર દૃષ્ટિપાત કરવો તે ઉચિતજ છે. તેઓશ્રીનો જન્મ મેવાડમાં આવેલા ચિતોડનગરમાં એક રાજપુરોહીતને ત્યાં થયો હતો. અને તેઓ શ્રીમાને બાલ્યકાલમાં વ્યાકરણ, સાહિત્ય, ન્યાય વિગેરે તેમજ પોતાના ધાર્મિક ગ્રન્થોનું સુંદર અધ્યયન કરી પોતે ચૌદ વિદ્યાના જ્ઞાતા થયા હતા. પરંતુ જ્ઞાન એ એવિ વસ્તુ છે કે તેને જીરવવું–પચાવવું બહુ જ મુશીબત છે, પોતાને વિદ્યાનો બહુ જ અભિમાન હતો. પોતે એવા પ્રકારનો દાવો ધરાવતા હતા કે પોતે સર્વ પદાર્થને સમજી શકે છે. તેથી તેઓશ્રીએ એવા પ્રકારની પ્રતીજ્ઞા કરી હતી કે બીજાએ કહેલ અથવા પોતે સાંભળેલા પદાર્થ પોતે ન સમજી શકે તો તે બીજાના પોતે શિષ્ય થાય. એક વખત રાજ્યકાર્યથી નિવૃત્ત થઇ પોતાને ઘેર જતાં રસ્તામાં જૈનના ઉપાશ્રય પાસેથી પસાર થતા હતા ત્યારે ઉપાશ્રયની અંદર યાકીની નામના એક સાધ્વી નીચે પ્રમાણેની ગાથાનુ અધ્યયન કરતાં સાંભળ્યાં.

" **चक्की दुगं हरीपणगं पणगं चक्कीण केसवो चक्की** " **केसव चक्की केसव दुचक्की केसव चक्कीय** ॥ " આ ગાથા સાંભળી હરીભદ્ર તેના અર્થનો વિચાર કરવા લાગ્યા છતાં અર્થ નહિ સમજાતાં તેઓ ઉપાશ્રયની અંદર જઇને સાધ્વીને પુછ્યું આ બધુ ચાકચિકય શું કરો છો પુછવાનો ભાવ એવા પ્રકારનો હતો કે આ બધું ચકચક બોલી ગયા તે શું ? ચાકચિકયનો બીજો અર્થ ચકચકિત પણું એટલે ઉજવલ પણું એમ થાય છે. ત્યારે સાધ્વી યાકીનીએ કહ્યું હે વત્સ એ ચાકચિકય ગોમયાર્દ્ર લિપ્ત છે એટલે ઉજવલપણું ગાયના છાણથી લીપાએલું છે. અને અમારા ગુરૂની આજ્ઞા છે કે જેને તેને શ્રી જિનાગમ ન બતાવાય તેથી તમો અમારા ગુરૂ પાસે ચાલો અને તેઓશ્રી ત્યાં

ગયા. ગુરૂ મહારાજે તેઓને ઉપદેશ દ્વારા દીક્ષા લેવાનુ કહ્યું. પોતે નવું જાણવાની જીજ્ઞાસાવાલા સત્ય પ્રતિજ્ઞ એવા મહાપુરૂષે તે વાતનો સ્વીકાર કર્યો કારણ કે મહાપુરૂષો પ્રાણાન્તે પણ પ્રતિજ્ઞાનું પાલન કરવાને માટે કટીબદ્ધ હોય છે. તેવા પુરૂષોના અન્તઃકરણમાં હોય તે વચનમાં આવે અને વચનમાં હોય તેજ ક્રિયામાં મુકવા તત્પર થાય છે. તેવા પ્રતિજ્ઞ પુરૂષોથી જૈન શાસન શોભે છે. અને તેવાજ આત્માઓ શાસનના પ્રભાવક બને તેમાં બે મત કોઈના હોય નહિ, પરંતુ જે જીવોને મનમાં જુદું બોલવામાં પણ જુદું અને આચરણમાં જુદું હોય તેવા જીવોથી તો શાસન મલીન થાય અને અવહેલના ના કારણભૂત બને તેમાં કહેવાનું હોઈ શકે નહિ હવે તેઓશ્રીએ નિરભિમાન દશાને કેળવી દીક્ષાને સ્વીકારી અને યાકીની સાધ્વીને અમર કરી તેઓશ્રીની નિરભિમાન દશા કેવા પ્રકારની અને ગુણના ઉપાસક પોતે સત્ય પ્રતીજ્ઞ કેવા પ્રકારના તથા પોતાને કરેલા ઉપકારના સ્મરણમાં તેઓશ્રીએ જે જે ઠેકાણે પોતાનું નામ અથવા ટીકાકાર તરીકેનું નામ લખવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે ત્યાં તેમણે યાકીની મહત્તરાસૂનું એવા પ્રકારનો સુંદર આલેખ કર્યો છે જે સાંભલવાથી આત્માને આનંદ થાય. એક સમયે વિદ્યાનાં ગર્વમાં મત્ત એવા હરીભદ્ર ક્યાં. અને નિરભિમાન દશાને પામેલા શ્રી જૈનાચાર્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ ક્યાં તેઓશ્રીની જૈનદર્શન પ્રત્યેની શ્રદ્ધા અને બહુમાન કેવા પ્રકારના હતા તે તો જ્યારે તેઓશ્રીની કૃતીઓનું અવલોકન કરીએ ત્યારે જ જાણી શકીએ તેમજ તેઓનો વિધિ પરત્વે આદરભાવ એવો ઉચ્ચ કોટીનો હતો જેમાં કોઇના બેમત નથી. તેઓશ્રીની કૃતિઓ પ્રત્યે જૈન દર્શનકારો બહુમાન અને ગર્વ લે તે મોટી વાત નથી પરંતુ જૈનેતરો પણ તેઓની કૃતીઓ દેખીને મુગ્ધ બને છે. તે મહાપુરૂષે આગમો ઉપર ટીકાઓ તેમજ દાર્શનીક ઘણા ગ્રન્થોની પોતે સ્વતંત્ર ટીકાઓ રચેલી છે. તથા જૈન સમાજ ઉપર એટલો બધો ઉપકાર કર્યો છે કે જેનુ વર્ણન કરવું અશક્ય છે. તેજ મહાપુરૂષે

આ ગ્રન્થની રચના ભવ્ય જીવોના બોધને માટે કરી છે. હવે આ સંબોધ પ્રકરણ નામના ગ્રન્થની અંદર મુખ્ય દેવગુર્વાદિ તત્ત્વો તથા ધર્મનું નિરૂપણ કરેલ છે. જીજ્ઞાસુ આત્માઓને આ ગ્રન્થનું સંપૂર્ણ મનન પૂર્વક અવલોકન કરવામાં આવે ત્યારે જ તત્ત્વાદિ તેમજ ધર્મનો ખ્યાલ આવી શકે. મુમુક્ષુ જીવોને આ ગ્રન્થના પઠન દ્વારા ખ્યાલમાં આવી શકે તે મહાપુરૂષને ધર્મ પ્રત્યે અનુરાગ તથા સંયમ પરત્વે અભિરૂચી અને આદરભાવ ઉચ્ચકોટીનો હતો. અને સ્યાદ્વાદ પ્રત્યે અડગ શ્રદ્ધાને ધારણ કરનાર તે પુરૂષ હતા તેવું તેમના દાર્શનીક ગ્રન્થો સાબીતી આપે છે.

હવે તે મહાપુરૂષનું જીવન ચરિત્ર વાંચક મહાશયો અન્ય ગ્રન્થો દ્વારા જાણી પોતાની જીજ્ઞાસાને પૂર્ણ કરશે એવી આશા રાખી પ્રસ્તુત પ્રકરણ ઉપર દૃષ્ટિપાત કરવો તે અયોગ્ય તો ન જ કહી શકાય તેઓ-શ્રીના સમયમાં ચૈત્યવાસી જૈનયતિઓનું જોર સંપૂર્ણ હતું તેટલા માટે આ ગ્રન્થની રચના કરી છે. કારણ કે આ સંબોધ પ્રકરણની શરૂઆતમાં પહેલું દેવતત્ત્વનુ નિરૂપણ કર્યું છે. અને ત્યારપછી ગુર્વાદિકનુ નિરૂપણ આવે છે તેમાં પ્રથમ કુગુરૂઓ, ગુર્વાભાસ—અને પાર્શ્વસ્થાદિનુ વર્ણન કર્યું છે. તે ખરેખર ચૈત્યવાસી જૈન યતિઓની અંદર ભયંકરમાં ભયંકર શીથિલાચાર રૂપ છે. ચૈત્યવાસીઓમાં રહેલા શીથિલાચાર રૂપી ઝેરી મહા સર્પો તેનો નાશ કરવાનો માટે મહા-ઔષધિ અથવા ગારૂડીક મંત્ર સમાન આ પ્રકરણની રચના કરી છે તેવું વાંચક મહાનુભાવો સમજ્યા સિવાય રહી શકે તેમ નથી.

પહેલું દેવતત્ત્વ છે અને તેનું સુંદર અને સરલ ભાષામાં વિવે-ચન કર્યું છે શરૂઆતમાં જણાવ્યું છે કે જૈન હોય અથવા જૈનેતર હોય પરંતુ મધ્યસ્થપણાને પ્રાપ્ત કરેલ અને સમભાવથી ભાવિત આત્મા મોક્ષને પામે તેમાં સંદેહ નથી. તે માટે પ્રથમ દેવતત્ત્વ બતાવ્યું છે. ૧૮ દોષથી રહિત હોય તે જ દેવ કહેવાય. દેવ કેવા

હોય વિતરાગ કોને કહેવાય તેનું નિક્ષેપા દ્વારા વર્ણન કર્યું છે, જીને-શ્વરના અતિશય આઠ પ્રાતિહાર્યો. પૂજાની વિધિ તેના પ્રકાર, પ્રતિષ્ઠાના પ્રકાર વિગેરેનુ વિવેચન સારા પ્રમાણમાં કર્યું છે. વિધિમાર્ગનો સુંદર આદર્શ ખડો કર્યો છે. પૂજાને માટે દ્રવ્ય શુદ્ધિ, પૂજક આત્મા કેવા પ્રકારનો. માનસીક, વાચીક અને કાયીક શુદ્ધિ, વસ્ત્રના પ્રકાર, પૂજામાં કેવા વસ્ત્ર વાપરવા યોગ્ય છે. પહેલા મૂળ નાયકની પૂજા પછી બીજા ભગવાનની તથા પટ્ટ વિગેરેનુ આલેખન, મુદ્રાઓ તેનું સુંદર ભાષામાં વિવેચન છે. પૂજનમાં દ્રવ્ય કેવા પ્રકારનું જોઇએ દેવદ્રવ્યની ઉત્પત્તિ તેના ભેદ દેવદ્રવ્ય કોને કહેવું તથા જીનેશ્વર ભુવનમાં ૮૪ આશાતનાનો ત્યાગ આશાતનાઓનુ સ્વરૂપ સ્તવના પ્રકાર તેના અનુષ્ઠાનોનું સ્વરૂપ અર્ચા કરનાર સમ્યકૃદૃષ્ટિ જીવ કયું આયુષ્ય બાંધે અભવ્ય જીવો કયા ભાવોને પ્રાપ્ત ન કરી શકે. પ્રતિમાઓ તથા તીર્થંકર ભગવાનની દાઢા વિગેરેનુ પૂજન દેવો પણ દેવલોકમાં કરે છે તથા શ્રાવકના ભેદ તેની ક્રિયા વિગેરેનું વર્ણન તથા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનુ કારણ વિતરાગદેવની આજ્ઞાનું આરાધન વિગેરે ઘણુા જ ઉપયોગી અને ખાસ જરૂરી વિધિમાર્ગનું ઘણું જ સુંદર નિરૂપણ કર્યું છે.

દેવતત્ત્વનું નીરૂપણ કર્યા પછી બીજા પ્રસ્તાવમાં કુગુરૂઓ–ગુર્વાભાસો અને પાર્શ્વસ્થાદિનું સ્વરૂપ કહેલ છે. તે કેવા હોય, તેમની પ્રવૃત્તિઓ કેવા પ્રકારની હોય તેઓનું આચરણુ તેમને વંદનાદિનો નિષેધ તે બધું દેખતાં તો અવશ્ય આપણુને લાગે ભગવન્ત હરીભદ્રસૂરીશ્વરજી મહારાજે તે સમયમાં ચૈત્યવાસી જૈન યતિઓની અંદર રહેલા શીથિલાચાર અને ઉન્માર્ગ નીરૂપણુ તથા ભ્રષ્ટાચારનો નાશ કરવાને માટે આ સંબોધ પ્રકરણુની રચના કરી છે. તેવું આ ગ્રન્થ સાબીતી કરી આપે છે. જ્ઞાનકુશીલ દર્શન કુશીલ અને ચારિત્ર કુશીલ એવા અને વિદ્યા મંત્ર તંત્રથી અને જ્યોતિષાદિથી પોતાની આજીવીકા ચલાવનાર વિતરાગની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તન કરનાર અને યશકીર્તિના અભિલાષી એવા ગુરૂઓ લોખંડની શીલા સરખા છે

જેમ લોખંડની શીલા પોતે પાણીમાં ડુબે અને તેના આશ્રિતોને પણ ડુબાડે તેવી રીતથી આરંભ-સમારંભવાળા ગુરૂઓ પોતે સંસાર સમુદ્રમાં ડુબે ને બીજાઓને પણ ડુબાવે છે. તેવાઓનો સંગ કરવો તે સર્વથા અધોગતિનું કારણ છે. તથા ગચ્છમાં આચાર્યાદિ અનાચારને સેવનાર હોય સ્ત્રી વીગેરેના સંગવાળા હોય તેવા ગચ્છનો સર્વથા ત્યાગ કરવો તથા પંચમહાવ્રતાદિ ઉત્તરગુણનુ સ્વરૂપ તથા દીક્ષા યોગ્ય જીવનો વિચાર તથા આચાર્યપદને યોગ્ય કેવો જીવ હોય હીન આચારવાલાઓ સાથે આલાપ-સંલાપ તથા વિશ્વાંસ અને તેઓની સ્તવના વિગેરેનો સર્વથા નિષેધ જણાવ્યો છે, નરકમાં રહેવું સારૂ પણ હીન આચારવાલાઓ સાથે રહેવું તે આત્માને દુઃખદાઇ છે એવા હીનાચાર્યોની આગળ વંદન નમસ્કાર કરવા ગુરૂબુદ્ધિએ યોગ ઉપધાન કરવા તે નિષ્ફલ છે. એવું અનેક પ્રકારે મહાપુરૂષે લંબાણુથી અહીં જણાવ્યું છે.

હવે સુસાધુઓનું સ્વરૂપ જણાવ્યું છે. જેઓનો જરાપણ સહવાસ કરવાથી આત્મા ઉચ્ચ સ્થિતિને પામે તેવા સુગુરૂઓનો સંગ તેમજ તેઓનો ગચ્છ પણ મહા ભાગ્યશાળીઓને મળે છે. વિગેરે નિરૂપણ છે. અને તારૂ અને મારૂ કરનાર સાધુઓ તથા શ્રાવકો નામના જ કહેલા છે. સુગુરૂ કોને કેવા કેવા પ્રકારના હોય. આહારાદિને કેવા પ્રકારે ગ્રહણ કરે. કેટલા ઉપગરણ રાખે. કેવી વસતિમાં રહે અને ગચ્છ કેવા પ્રકારનો તથા ગચ્છ કોને કહેવો સંયમના પ્રકાર અને મહાવ્રતો તથા ઉત્તરગુણોનું વિવેચન કર્યું છે. ગુરૂઓ સ્ત્રીઓ અને સાધ્વીઓ સાથે સર્વથા આલાપ સંલાપનો ત્યાગ કરનાર હોવા જોઇએ. વિતરાગદેવની આજ્ઞાનુસાર ઉત્તમ પ્રકારના સંયમ માર્ગમાં વર્તનાર હોવા જોઇએ આચાર્ય મહારાજના છત્રીશ ગુણની છત્રીશ ગાથાઓ ઉપાધ્યાયના પચ્ચીશ ગુણ તેની પચીશ ગાથાઓ તથા સાધુ મહારાજના સત્તાવીશ ગુણ તેની સત્તાવીશ ગાથાઓનું પણ વર્ણન આવે છે. આચાર્યાદિ પોતાના ગુણોએ કરીને સહીત જે ગચ્છમાં વસતા હોય તે ગચ્છ કહેવાય. અને તેવા ગચ્છનું ભવ્ય જીવોએ આલં-

બન લેવું જોઇએ. તીર્થંકર ભગવાનની આજ્ઞા પ્રમાણે યોગ્ય એવા શિષ્યાદિને અવસર પ્રાપ્ત એવું સૂત્ર અને અર્થ દેવા જોઇએ. તે કારણથી જ યોગાદિએ કરીને શુદ્ધ એવા ગુરૂઓએ સારી રીતે સૂત્ર અને અર્થ શિષ્યાદિને આપવા જે દીક્ષાને લાયક તે સૂત્રાર્થને લાયક છે. માટે અવશ્ય યોગાદિ વહન દ્વારા સૂત્રાર્થ આપવું તેનું સ્વરૂપ છે.

નિર્ગ્રન્થનું સ્વરૂપ બતાવ્યું છે. અને તે પાંચ પ્રકારના છે. પુલાક બકુશ કુશીલ નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ પ્રકારના સાધુઓનું સ્વરૂપ આવે છે. તેના ભેદો તે કેવા પ્રકારના હોય સામાયિક કેટલી પ્રકારના કોને કયું સામાયિક હોય એષણાદિનુ સ્વરૂપ બ્રહ્મચર્યાદિ ગુપ્તિનું સ્વરૂપ તથા ગચ્છ કોને કહેવો તથા સંઘ કેવો હોય કોને કહેવો તે કેવા પ્રકારનો અને કોણ કોણ હોય તેને સંઘ કહેવાય. ગીતાર્થ મુનિ કોને કહેવા કેવા પ્રકારના અને તેના ગુણોનું વિવેચન સુંદર અને સરલ ભાષામાં જણાવ્યું છે. સમ્યક્ જ્ઞાન અને ચારિત્રની અંદર વર્તનાર હોય તેવા પ્રકારનું મુનિઓનું સ્વરૂપ જણાવ્યું છે.

સમ્યક્ત્વ કોને કહેવું પ્રથમ કયું સમ્યક્ત્વ થાય. તે સમકિત કોને હોય જીવને સમકિત હશે કે નહિ તે શાથી જાણી શકાય. સમ્યક્ત્વના પ્રકાર તેને કયા કર્મો આવરણ કરે સમ્યક્ત્વ પામેલા જીવનું સ્વરૂપ કેવું હોય. સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે દેશવિરતિની પ્રાપ્તિ થાય કે કેમ વીગેરે હકીકતો ઘણી સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે તે ઉપરાન્ત સમ્યક્ત્વ દ્રવ્ય છે કે ગુણ અથવા પર્યાય સમકિત થવામાં કેટલા જ્ઞાનની આવશ્યકતા વિગેરે બાબતો કયા સંમ્યક્ત્વથી મોક્ષની પ્રાપ્તિ થાય. મિથ્યાત્વના ૫ પકાર સમ્યક્ત્વના ૬૭ સ્થાનને સરલ ભાષામાં જણાવવામાં આવ્યું છે.

શ્રાવક ધર્માધિકાર છે તેની અંદર શ્રાવક કેવા પ્રકારનો હોય સમ્યક્ત્વ ગુણવાળો મુનિગણ પાસે હંમેશાં સમાચારિનુ શ્રવણ કરનાર અને અગીતાર્થ એવા મુનિઓનો ત્યાગ કરનાર હોય તથા શ્રાવકના એકવીશ ગુણ અને ચૌદ નિયમોને ધારનાર હોય વિગેરેનું નિરૂપણ જણાવવામાં આવ્યું છે. શ્રાવકના કર્તવ્યો અને તે કયા, ઉત્તમ ભાવવાળો,

ન્યાયથી લક્ષ્મીને પેદા કરનાર તેનો વ્યય કેવી રીતથી અને કેવા પ્રકારે કરવો. જ્ઞાનાદિની પૂજા કરનાર અષ્ટમી–ચૌદશ–પૂર્ણિમા અને અમાવાસ્યા એ તીથિઓમાં ચારિત્ર ધર્મની આરાધના માટે પૌષધ વિગેરે કરે. તથા બીજી તીથિઓની આરાધના શાને માટે તેનું નિરૂપણ દેવદ્રવ્યાદિનું રક્ષણ કરનારા હોય દરરોજ આવશ્યકાદિને કરનાર હોય વિગેરે શ્રાવકની કરણી સુંદર લંબાણથી જણાવી છે.

શ્રાવક પ્રતિમાધિકાર સમ્યકૂત્વ સહિત દેશવિરતિ શ્રાવક કેટલા પ્રકારનો કેવો અને મૂળગુણ તથા ઉત્તર ગુણનું સંપૂર્ણ રક્ષણ કરનાર જીનેંદ્ર પૂજા, ગુરૂસેવા સ્વાધ્યાય અને દાનાદિમાં આસક્ત તેવા શ્રાવકોનું અને તેઓની પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય, પચ્ચખાણાદિના પ્રકાર તે કેવા પ્રકારે કરે. વળી નામાદિ ભેદે કરીને ચાર પ્રકારના કહ્યા છે. તથા શ્રાવકના વિશેષ એકવીશ ગુણ તથા માર્ગાનુસારિના ૩૫ ગુણનું વર્ણન આવે છે. પાપથી નિવૃત્ત અને શુભ યોગની પ્રવૃત્તિમાં આદરવાળો શ્રાવક દેશ કાલાદિને અનુસરી પ્રવૃત્તિ કરનાર શઠ આત્માઓથી દુર રહેનાર ભાવ શ્રાવકના લક્ષણ તથા શ્રાવકની અગીયાર પ્રતિમાનું સ્વરૂપ પ્રતિમાઓના નામ તેની આરાધના તેમજ પ્રતિમાઓનો કેટલો કાળ વિગેરે લંબાણથી જણાવ્યું છે.

શ્રાવક વ્રતાધિકારમાં શ્રાવકના વ્રતોના નામ તે દરેક વ્રતનું સ્વરૂપ વ્રત કોને કહેવું તેના આરાધક જીવો કેવા હોય. પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતાદિનું સ્વરૂપ આવે છે. તેના અતિચારો ટુંકાણમાં જણાવ્યા છે. અને સંલેખના વ્રત જણાવ્યું છે. સંલેખના કોને કહેવી. કયો જીવ કયારે સંલેખના કરે તથા દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ તેનો પણ પ્રશસ્ત વિચાર દર્શાવવામાં આવ્યો છે. સંલેખના વ્રતાદિવાળાને નવ નિયાણા (નિદાન)નો ત્યાગ ત્યારપછી પાંચ પ્રકારના આચારનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

સંજ્ઞા તથા લેશ્યાનું સ્વરૂપ છે તેમાં સંજ્ઞાઓ દસ પ્રકારની છે. તે દરેકના લક્ષણ કયા જીવને કઇ સંજ્ઞા હોય. તેનું સ્વરૂપ ટુંકાણમાં જણાવ્યા પછી લેશ્યાનું સ્વરૂપ આવે છે. છ પ્રકારની

લેશ્યાઓ દરેકના લક્ષણ કયા જીવને કઇ લેશ્યા હોય તેનો કાળ (સમય) કેવા પ્રકારના સંયોગથી ઉત્પન્ન થાય આત્માના પરિણામોમાં ફેરફાર થવાના કારણ તેના દ્દષ્ટાન્તો દ્વારા સારૂ વિવેચન કર્યું છે.

ધ્યાનનું સ્વરૂપ પણ સુંદર જણાવ્યું છે કેટલા પ્રકારના ધ્યાન એક એક ધ્યાનના કેટલા ભેદ. જુદાં જુદાં ધ્યાનના લક્ષણો કયા જીવને કયારે કયું ધ્યાન હોય કયા ધ્યાન દ્વારા જીવ કઈ ગતિમાં જાય. ચાર પ્રકારના ધ્યાનનું વિવેચન જણાવ્યું તેમાં શુકલધ્યાનના ભેદ કઈ અવસ્થામા કયા જીવને તે ધ્યાન હોય કયા ધ્યાન દ્વારા જીવ મોક્ષમાં જાય. છે દરેક બાબતોનું આકર્ષક નિરૂપણ કર્યું છે.

મિથ્યાત્વનું સ્વરૂપ લંબાણથી જણાવ્યું છે. મિથ્યાત્વના ભેદ તેના લક્ષણો કઇ ગતિમાં જીવને કયું મિથ્યાત્વ હોય. તેનો નાશ કયારે થાય અને નાશ કયો જીવ કરી શકે મિથ્યાત્વ વાળો જીવ કઇ ગતિમાં જાય. તે કેવા પ્રકારની ક્રિયાઓ કરે. મિથ્યાત્વવાળા જીવને યોગો કેવા પ્રકારના હોય અને તે જીવ કઈ ગતિમાં જાય. તથા મિથ્યાત્વ રહિત આત્માની ભાવના તથા પ્રવૃત્તિ કેવી હોય તે લંબાણથી જણાવ્યું છે.

આલોચનાધિકાર છે. આલોચના લેનારને કયા દિવસે, નક્ષત્ર ચંદ્ર તીથિ વિગેરે શુભ જોઇએ. આલોચના આપનાર કેવા હોય તેનો અધિકારી કોણ કોના અભાવે કોની પાસે લેવી. કેવી રીતથી લે લેનાર જીવ કેવો જોઇએ. કોણ કોને પ્રાયશ્ચિત્ત આપી શકે તે દસ પ્રકારનું પ્રાયશ્ચિત્ત વિગેરે. અને જીવ વિશેષે કરીને ત્રણ પ્રકારની આલોચના ૮૨ ગાથા સુધીમાં બતાવ્યું છે.

## પૂજા પંચાશક

શ્રાવકે નિરંતર ત્રિકાળ જિનપૂજા કરવી જોઈએ તેટલા માટે આ ચોથા પંચાશકમાં કર્તાએ જિનપૂજાનો વિધિ દાખલ કરેલો છે. શ્રી જિનપૂજાના સમયનો નિર્ણય, કેવી રીતે દ્રવ્ય ભાવથી પવિત્ર થઈ ને શ્રી જિનપૂજા ગૃહસ્થોએ કરવી? પૂજા પ્રસંગે પુષ્પાદિક સામગ્રી કેવી ઉત્તમ મેળવવી? પ્રભુપૂજા પ્રસંગે ગૃહસ્થોએ કેવી જયણાથી— જયણાનો ખપ કરી પૂજા કરવી? પુષ્પાદિકને કિલામણા ન થવા પામે

તેને માટે કેટલી બધી કાળજી રાખવી? તેમજ ઉક્ત પુષ્પોની કાચા દોરાથી અને બહુ જ ઢીલી ગાંઠથી ગુંથેલી માળાઓ પ્રભુના કંઠમાં કેવી રીતે આરોપવી? પ્રભુની પૂજા કરનાર શ્રાવકે પ્રભુ ઉપર અથવા પ્રભુના ગુણો ઉપર કેટલું બધું બહુમાન રાખવું? પૂજા કરવા આવનારે નિસીહિ પ્રમુખ દશ ત્રિકો સાચવવા પૂરતું લક્ષ રાખવું, તેમજ દ્રવ્યપૂજા કર્યા બાદ ગંભીર અર્થયુક્ત (મહાપુરૂષ પ્રણિત) સ્તુતિ સ્તોત્રો વડે ચડતા પરિણામે ભાવપૂજા કરવી, એવા ઉત્તમ સ્તુતિ સ્તોત્રયુક્ત ચૈત્યવંદન કરવાનું માહાત્મ્ય. તેના પ્રત્યેક સૂત્રો–શક્રસ્તવ પ્રમુખ યાવત છેવટે 'જયવીયરાય' રૂપ પ્રણિધાન કહેતાં તેના ગંભીર અર્થમાં આપણો ઉપયોગ પરોવવા રાખવી જોઈતી કાળજી, અને કાઉસ્સગ્ગમાં ક્ષોભ રહિત રાખવી જોઇતી સ્થિરતા આશ્રી ઉલ્લેખ કરી, પ્રભુ પૂજા અંગે થતી અનિવાર્ય દ્રવ્યહિંસા આશયની શુદ્ધિથી ગૃહસ્થને પરિણામે હિંસા રૂપ નથી એમ 'કુપખનન' પ્રમુખ દાખલા દલીલોથી શાસ્ત્રકારે સિદ્ધ કરી આપ્યું છે. વળી ઉક્ત પૂજાથી પૂજા કરનારને પ્રત્યક્ષ અને પરોક્ષ બહુ લાભ થાય છે, તે વિગેરે અતિ ઉપયોગી બાબતોનો આ પૂજા પ્રકરણમાં પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરે બહુ અસરકારક રીતે સંક્ષેપમાં સમાવેશ કરેલો છે. ઉક્ત સર્વ બાબતો ઉપરાંત શાસ્ત્રકારની લેખન શૈલી અદ્દભુત ગૌરવશાળી છે. તેનો લાભ મેળવી ભવ્ય જનો પરમાર્થ સાધી સ્વશ્રેયને સાધો. ઇતિશમ્.

## જિન ચૈત્યવંદન વિધિ

પ્રથમ પૂજા પંચાશક આપવામાં આવેલ છે, જિન પૂજાના બે પ્રકાર પૈકી ભાવપૂજા ચૈત્યવંદનાદિથી થાય છે. તેનો વિધિ શાસ્ત્રકારે આ પંચાશકમાં બતાવેલ છે. તેમાં ચૈત્યવંદનાના પ્રકાર તેના અધિકારી, દ્રવ્ય ભાવ ચૈત્યવંદનાનું સ્વરૂપ, તે કોને અને ક્યારે સંભવે? તેનું ફળ, ખરા ખોટા રૂપીઆના દૃષ્ટાંતથી ચૈત્યવંદનાની ભાવના, ખોટા રૂપીઆ જેવી અશુદ્ધ ચૈત્યવંદનાનો નિષેધ અને ખરા રૂપીઆ જેવી શુદ્ધ ચૈત્યવંદનાનું પ્રતિપાદન, ઉપરાંત જાતે વિધિ રસિક બનીને

અન્ય મુગ્ધજનોનું હિત કરવાની ધર્માચાર્યોને ભલામણ ઇત્યાદિ બહુ બાબતોનો સમાવેશ કરેલો છે. આ પંચાશકના ભાવાર્થ લક્ષપૂર્વક વાંચી તેનું મનન કરી તે પ્રમાણે વર્તન કરવા યોગ્ય છે. દ્રવ્ય પૂજામાં ઘણો વખત ગાળી ભાવપૂજા બીલકુલ નહીં કરનારાં અથવા તો ટુંકામાં જ પતાવી દેનારાઓને આમાંથી કેટલુંક ધડો લેવા લાયક છે. દ્રવ્યપૂજાને ભાવપૂજાના ફળમાં પારાવાર અંતર છે, દ્રવ્યપૂજા ભાવ પૂજાનું કારણ છે, તેથી તે શ્રાવકોએ અવશ્ય કરવા લાયક છે; પરંતુ ખરી કાર્યસિદ્ધિ ભાવપૂજા વડે જ હોવાને લીધે દિનપરદિન તેનાપર વધારે લક્ષ આપવાની આવશ્યકતા છે.

## જિનદીક્ષા પ્રકરણમ—

જિનદીક્ષા પંચાશકમાં જિનદીક્ષા પ્રકરણ સમાવેલું છે; તેનો અર્થ સામાન્ય રીતે એવો કરેલો છે કે 'અનાદિ કાળથી પરિચિત થયેલ મિથ્યાત્ત્વ કષાયનો ત્યાગ કરવો અને સર્વજ્ઞ સર્વદર્શી શ્રી જિનેશ્વર દેવે પ્રરૂપેલા તત્ત્વાર્થનો સુપરિચય કરી તે ઉપર દૃઢ પ્રીતીતિ રાખી સ્વઉચિત કર્તવ્ય શુદ્ધ લક્ષથી કરવામાં સ્ખલના આવતી અટકાવવી, તેમજ અનુક્રમે દૃઢ અભ્યાસબળથી સ્વઉન્નતિ સાધવાપૂર્વક અન્ય યોગ્ય જનોને પણ આ પવિત્ર ધર્મ પ્રબોધી યથાશક્તિ તેમના પણ સહાયક બની પરમાર્થથી પવિત્ર જિનશાસનની પ્રભાવના કરવી-' આવી રીતે ઉન્નતિક્રમ સાધવાના અધિકારી કોણ છે? તેનામાં સ્વાભાવિક ગુણો કેવા જોઈએ? જિનદીક્ષા ઉપર તેનો કેવો અકૃત્રિમ રાગ હોવો જોઈએ? છતાં ગુરૂમહારાજ તેનાજ હિતની ખાતર કેવા પ્રકારે પરીક્ષા કરી યોગ્યતા સંબંધે પોતાને ખાત્રી થાય તોજ તેને ઉક્ત જિનદીક્ષા આપે? જિનશાસનમાં દીક્ષિત થનાર ખરો દીક્ષિત કેવા લક્ષણથી જણાય? તેનું અનંતર અને પરંપર કર્તવ્ય શું અને શા માટે? ઉક્ત સમ્યક્ત્વ પ્રાપ્તિ અથવા મિથ્યાત્વ પરિહાર પૂર્વક જિનદીક્ષાના પ્રભાવે અનુક્રમે યોગ્ય અધિકારી આત્મા કેટલી બધી આત્મઉન્નતિ સાધી શકે છે? તે અંતિમ ફળ અને તાત્કાળિક ફળ જિનદીક્ષાથી

સહેજે સંપજે છે તે વિગેરે અતિ ઉપયોગી બાબતોનું સંક્ષેપથી સ્વરૂપ શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજે ઉક્ત પ્રકરણમાં દર્શાવ્યું છે. તેનેજ ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ પલ્લવિત કરેલું છે. એની અંદર **આત્મનિવેદન**માં પોતાની સર્વ ઋદ્ધિસિદ્ધિ જૈનદીક્ષા (સમ્યક્ત્વ પ્રમુખ શ્રાવક યોગ્ય વ્રતાદિ) ઉચ્ચારતાં નિવેદન કરી દે એમ સમજવું. **આત્માર્પણ**માં ગુરૂ મહારાજની આજ્ઞામાંજ સર્વસ્વ અર્પણ કરેલું સમજવું. **સમવસરણને** બદલે અત્યારે પ્રાયઃ નંદિ (નાંદ) વડેજ કામ ચલાવી લેવાતું જણાય છે. મૂળમર્યાદા સમવસરણની છે.

આલોચનાધિકારમાં સંપૂર્ણ મૂળગાથાઓનો અનુવાદ નથી ફક્ત ૮૨ ગાથા સુધિ છપાયો છે અને ત્યાર પછીનો વિષય ગહન હોવાથી ગુરૂગમ્ય છે. અને તેમાં મને જે જે જગ્યાએ ગાથાઓ ન સમજાતાં અને અર્થનો સંબંધ નહિ બેસતાં અમારા ગુરૂ મહારાજ સિદ્ધાન્ત વાચસ્પતિ ન્યાય વિશારદ વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાસે વાંચીને પછી અર્થ લખેલ છે. ટિપ્પણ પણ તેઓશ્રીની પાસે સિદ્ધાન્તિક વિષય હોવાથી સુધારેલ છે એટલે જે જે જગ્યાએ ગુરૂ મહારાજે સૂચનાઓ આપી તે પ્રમાણે કરેલ છે સૂત્રાદિ વાંચના ચાલતાં છતાં તેઓશ્રીએ અમુલ્ય સમય આપેલ છે તે બદલ તેઓશ્રીનો આભાર માનુ છુ. અને ન્યાયમાર્તન્ડ કવિરત્ન આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે આ ગ્રન્થ છપાવવામાં યોગ્ય સૂચનાઓ કરી અને તપસ્વી સિદ્ધાન્તમહોદધિ પંન્યાસજી મહારાજ શ્રી સુમિત્રવિજયજી ગણિએ મેટર સંપૂર્ણ જોઇ આપેલ તે બદલ તથા પંન્યાસ શ્રી દેવવિજયજી ગણિએ ફર્મા સુધારવામાં કરેલ મદદ કરેલ તે બદલ દરેકનો હું આભાર માનું છું. ઉપસંહારમાં પંચાશકના ત્રણ પ્રકરણો શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી બહાર પડેલ ભાષ્યત્રયમની જુની આવૃત્તિમાંથી ઉપયોગી હોવાથી લીધાં છે.

**આ ગ્રન્થના કર્તા આચાર્ય ભગવન્ત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ છે. અને ઉક્ત ગ્રન્થનો હજુ સુધી અનુવાદ પ્રગટ થયો ન**

હોવાથી મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે અને તેમાં મારો અલ્પબુદ્ધિ પૂર્વક કાળજી રાખીને અનુવાદ તૈયાર કર્યો છે છતાં કોઈ પણ અનુવાદમાં ગ્રન્થકારના આશય વિરૂદ્ધ લખાણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં દઉં છું વળી આ ગ્રન્થ ચતુર્વિધસંઘને ઉપયોગી થાય પણ શ્રાવકોને વિશેષ ઉપયોગકારક છે શ્રદ્ધાળુ શ્રાવકોએ વિચાર પૂર્વક વાંચી તેનું મનન કરવું યોગ્ય છે.

વિક્રમ સંવત ૨૦૦૮
માગસર વદ ૧૦
( પોષદશમી )

પં૦ મેરૂવિજય ગણી
લુણસાવાડા જૈન ઉપાશ્રય
અમદાવાદ

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| શ્રી દેવતત્ત્વ વર્ણન ... ... ... ... | ૧ |
| ગુરૂતત્ત્વ ( કુગુરૂ ગુર્વાભાસ પાર્શ્વસ્થાદિ સ્વરૂપ ) ... | ૫૭ |
| સુગુરૂ સ્વરૂપ ... ... ... ... ... | ૮૭ |
| પાંચ નિર્ગ્રન્થનું સ્વરૂપ ... ... ... ... | ૧૨૩ |
| સમ્યક્ત્વાધિકાર ... ... ... ... | ૧૪૦ |
| શ્રાવક ધર્માધિકાર ... ... ... ... | ૧૫૮ |
| શ્રાવક પ્રતિમાધિકાર ... ... ... ... | ૧૬૪ |
| શ્રાવક વ્રતાધિકાર ... ... ... ... | ૧૮૫ |
| સંજ્ઞાધિકાર ... ... ... ... ... | ૨૧૨ |
| લેશ્યાધિકાર ... ... ... ... ... | ૨૧૪ |
| ધ્યાનાધિકાર ... ... ... ... ... | ૨૧૯ |
| મિથ્યાત્વ સ્વરૂપ ... ... ... ... | ૨૩૬ |
| આલોચના સ્વરૂપ ... ... ... ... | ૨૪૭ |
| પૂજા પંચાશક ... ... ... ... | ૨૬૫ |
| જીનચૈત્યવંદન વિધિ ... ... ... ... | ૨૭૮ |
| દીક્ષા વિધિ ... ... ... ... ... | ૨૯૦ |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૨૦ | **अपायापगम** | **अपायापगम** |
| ૭ | ૨૪ | ૧ | ૩ |
| ૯ | ૨૧ | ટિપ્પણુ ૧ પૃષ્ઠ ૧૦ માં ૩ નંબરમાં છે | ટિપ્પણુ ૧ પૃષ્ઠ નવમામાં જોઇએ |
| ૧૦ | ૯ | ૨ | ૧ |
| ૧૦ | ૧૧ | ૩ | ૨ |
| ૨૬ | ૧૫ | ૩ | ૧ |
| ૨૮ | ૨ | ૧૦૨ | ૧૦૮ |
| ૨૮ | ૧૬ | સહિત | હર્ષસહિત |
| ૩૩ | ૪ | સામગ્રીવાળા | સામગ્રીવાલી |
| ૩૫ | ૨૦ | * ટિપ્પણુ | વધારાની છે |
| ૫૫ | ૯ | **चत्य** | **चैत्य** |
| ૫૯ | ૪ | શંખકી | શંખડી |
| ૭૪ | ૧૫ | રથાને | સ્થાને |
| ૭૫ | ૬ | યણુ | પણુ |
| ૭૭ | ૧૫ | ૯ | ૫ |
| ૭૭ | ૧૬ | ૫ | ૬ |
| ૭૭ | ૧૭ | ૬ | ૭ |
| ૭૭ | ૧૮ | ૭ | ૮ |
| ૮૦ | ૨૧ | હવે | હર્ષ |
| ૯૬ | ૧૮ | ૧૧ | ૧૬ |
| ૧૨૯ | ૭ | ૧ | ૨ |
| ૧૪૨ | ૨૨ | ચોથા અતે | ચોથી અને |
| ૧૪૩ | ૮ | શુભ કર્મ પછી આ પ્રમાણે વાંચવું. | ઉપાર્જે છે. ॥ અ કહેલો દ્રવ્ય શ્રુતનો લાભ અભવ્ય જીવને થાય છે પરંતુ ભવ્ય જીવને તો નિશ્ચય સંપૂર્ણ દશપૂર્વ: |
| ૧૪૪ | ૧૧ | પરમ | ચરમ |
| ૧૫૫ | ૧૩ | બીજીઓને | બીજાઓને |
| ૧૬૦ | ૨૧ | ગણુાટ | ગણુાય |
| ૧૭૩ | ૨૩ | આપતના | આયતના |
| ૧૮૧ | ૮ | ર્ગનો | ર્ગનો ૪ |
| ૧૮૧ | ૧૫ | સંસાર | સંસ્કાર |
| ૨૨૧ | ૭ | એક ) | એ ૩ ) |
| ૨૩૧ | ૨૧ | પર્યાતુ | પર્યાયતુ |

શાસનસમ્રાટ્-તપોગચ્છાધિપતિ-નરપતિતતિ-પ્રતિબોધક-સૂરિચક્રચક્રવર્તિ-શ્રીકદમ્બ-
ગિરિ-પ્રમુખ-તીર્થોદ્ધારક-પ્રૌઢપ્રભાવશાલિ-પરમપૂજ્ય બાલબ્રહ્મચારિ-

**આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

જન્મ : વિ. સં. ૧૯૨૯ કાર્તિક શુદ ૧ શુક્રવાર મહુવા (સોરઠ)



દીક્ષા : વિ. સં. ૧૯૪૫. જ્યેષ્ઠ શુદ ૭. ભાવનગર

ગણિપદ : વિ. સ. ૧૯૬૦ કાર્તિક વદ ૭. વળા-વલ્લભીપુર
પંન્યાસપદ : વિ. સ. ૧૯૬૦ માગશર શુદ ૩. વળા-વલ્લભીપુર
સૂરિપદ : વિ. સ. ૧૯૬૪ જ્યેષ્ઠ શુદ ૫. ભાવનગર
સ્વર્ગવાસ : વિ. સ. ૨૦૦૫ આસો વદ અમાસ. (દીવાળી) શુક્રવાર મહુવા.

શાસનસમ્રાટ્-તપાગચ્છાધિપતિ-પ્રાચીન અનેક તીર્થોદ્ધારક-અનેક નૃપપ્રતિબોધક-પ્રૌઢપ્રભાવશાલી પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય પૂજ્યપાદ સ્વ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટપ્રતિષ્ઠિત-અન્તેવાસી સિદ્ધાન્તવાચસ્પતિ-ન્યાયવિશારદ-જ્યોતિઃશિલ્પાદિશાસ્ત્રવેત્તા-અજોડ સ્યાદ્વાદસિદ્ધાન્તપોષક બાળબ્રહ્મચારી-

પૂજ્યપાદ **શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ.**

જન્મઃ સં. ૧૯૩૪ ખંભાત. દીક્ષાઃ સં. ૧૯૫૨ દેવા-માતરપાસે
ગણિપદઃ સં. ૧૯૬૫ કપડવંજ.



પન્યાસપદઃ ૧૯૬૯ કપડવંજ, ઉપાધ્યાયપદ સં. ૧૯૭૨ સાદડી,
આચાર્યપદ સં. ૧૯૭૯ ખંભાત.

**श्रीमज्जिनेन्द्रपदपङ्कजचञ्चरीक-ज्ञानाब्धये विमलभावभृते सतेऽस्तु ।**
**आजन्मशीलपरिरक्षणविश्रुताय, सूरीश्वरोदयमहामहते नमो मे ॥१॥**

(वसन्ततिलका)

**जिनशासनसम्राजः, नेमिसूरीश्वरप्रभोः ।**
**पट्टप्रतिष्ठितायास्तु, गुरुभक्ताय ते नमः ॥ २ ॥**

श्री जिनेन्द्राय नमोनमः

शासन सम्राट् श्री विजयनेमिसूरीश्वर गुरुभ्योनमः

पूज्यपाद् श्रीमद् हरिभद्रसूरीश्वरजी म. सा. विरचितम्

[ तत्त्वप्रकाशकापरनामक ]

# श्री संबोध प्रकरणनो

( गुजराती अनुवाद )

नागेन्द्रनिर्मितफणाश्रितमौलिपार्श्वो ।
यो भात्युपासकसुरासुरनाथपार्श्वः ॥
यत्तीर्थरक्षणपरो विदितोऽस्ति पार्श्वः ।
शङ्खेश्वराधिपतिरस्तु सुखाय पार्श्वः ॥ १ ॥

## तत्र प्रथमं

## श्री देवतत्त्व वर्णनम्

દેવોના અધિપતિ ઈન્દ્રોએ જેની પૂજા કરી છે એવા શ્રી વીતરાગ સર્વજ્ઞભગવાનને નમસ્કાર કરીને સુવિહિત જીવોના ( વિધિ રસિક સાધુ તથા શ્રાવકોના ) કલ્યાણને અર્થે, તથા જે કોઈ જીવો અન્તિમ[1] પુદ્ગલ પરાવર્ત્તને વિષે માર્ગમાં[2] રક્ત થયા છે, અને ચરિમકરણને વિષે

૧–૨ સંસારમાં જ્યારે છેલ્લો ૧ પુદ્ગલ પરાવર્ત્ત બાકી રહે ત્યારે જ જીવને માર્ગાનુસારી પણું પ્રાપ્ત થાય એ સિદ્ધાન્ત અહિં પ્રદર્શિત કર્યો.

( ચરમ[1] યથાપ્રવૃતકરણમાં ) વર્તે છે તેવા ભવિત-ભાવિત[2] દ્રવ્યવાળા ભવ્યજીવોને બોધ કરવા માટે ( વિધિનો બોધ કરવા માટે ) આ **संबोध प्रकरण** નામનું પ્રકરણ હું ( શ્રી હરિભદ્રસૂરિ ) કહીશ. ॥ **युग्मम्** ॥ શ્વેતામ્બર હોય અથવા દિગમ્બર હોય અથવા બૌદ્ધ હોય અથવા બીજો ગમે તે કોઈ અન્ય દર્શનમાં વર્તતો જીવ હોય પરન્તુ તેનો આત્મા જો સમભાવ વડે ભાવિત ( વાસિત ) થયો હોય તો તે આત્મા મોક્ષ પામે એમાં ॥ કોઈ સન્દેહ નથી. લોકને વિષે માર્ગની શોધ કર્યા વિના માર્ગ નહિ પામેલા એવા સર્વે જીવો આ મોક્ષ માર્ગ છે, આ મોક્ષ માર્ગ છે એમ કહે છે. પરન્તુ જેમાં આત્મમાર્ગમાં ( આત્મ સ્વરૂપની શોધ ) હોય તેજ માર્ગનું નામ મોક્ષ માર્ગ એમ કહેવાય. ॥ વળી જે માર્ગમાં વિષય કષાયનો ત્યાગ હોય તેજ માર્ગ કહેવાય, બીજો માર્ગ તે માર્ગ ન કહેવાય. તે માર્ગ શ્રી વીતરાગ ભગવંતે નામ આદિ નિક્ષેપાથી ચાર પ્રકારનો કહ્યો છે ॥ તે ( નામ આદિ નિક્ષેપ-વાળા ચાર પ્રકારના ) માર્ગમાં પણ પરમપદને પ્રગટ કરવા માટે અતિ શ્રેષ્ટ શુદ્ધ ક્રિયાવડે આત્માના બાહ્યયોગ અને

---

૧ છેલ્લા પુગ્દલ પરાવર્ત્તમાં પ્રવર્તતું યથાપ્ર૦કરણ, અથવા ગ્રન્થિ ભેદ પાસેનું અન્તર્મુ૦માત્રનું યથાપ્ર૦કરણ એમ બે અર્થ શ્રી ધર્મપરીક્ષામાં અન્યગ્રંથની સાક્ષીથી કહ્યા છે. તે પહેલાંનું યથા-પ્ર૦કરણ અનાદિ યથાપ્ર૦કરણ કહેવાય.

૨ સામગ્રીયોગે જેનો આત્મા પરાવૃત્તિ પામવાના સ્વભાવવાળો હોય તે આત્મદ્રવ્ય ભવિતદ્રવ્ય.

અભ્યન્તર યોગથી આત્માનો ભાવમાર્ગ (એજ સાધવા યોગ્ય છે માટે) સાધવો. ॥ જેમ છાશ વિગેરેની સંયોજન ક્રિયાથી મન્થનના પ્રયોગવડે દુધ તે પ્રગટ રીતે ઘૃત થાય છે, તથા (અરણિકાષ્ટના) મંથન યોગથી જેમ અગ્નિ પ્રગટ થાય છે તેમ (પૂર્વોક્તશુદ્ધ ક્રિયાવાળા બાહ્યાભ્યન્તર યોગ-રૂપ) શુદ્ધ અનુષ્ઠાનથી આત્મા પણ પ્રગટ થાય છે. ॥ તે આત્મા એજ પરમાત્મા છે, અને (તે સદનુષ્ઠાન તે) ભાવ મોક્ષમાર્ગ છે. કે જે માર્ગમાં હેતુ વિરહિત (આગળ કહેવાતા દેવતત્ત્વાદિ રૂપ હેતુ વિરહિત) એવો આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ રૂપ ગુણોને પ્રાપ્ત થયો છતો પ્રગટ થયેલા ઘી સરખો થાય છે. ॥ પરમાર્થ વડે સંપૂર્ણ સિદ્ધ કરેલ છે અર્થ જેણે અને ઉત્કૃષ્ટ વિશિષ્ઠ ગુણરૂપ એવો આત્મા એજ ધર્મ એજ તત્ત્વઅને એજ ઉત્કૃષ્ટ સિદ્ધાન્તના રહસ્યનું સ્થાન (અથવા આ વાક્યને તત્ત્વના વિશેષણ તરીકે પણ કહી શકાય.) છે એમ જાણવું. ॥ પ્રાયઃ સર્વ કાર્ય ચાર કારણ પૂર્વક ઉત્પન્ન થાય છે, તે ચાર કારણમાં પણ જો પહેલું કારણ શુદ્ધ હોય તો બીજાં સર્વે (ત્રણે) કારણો તેને અનુસારે (શુદ્ધ) હોય છે. ॥ ૧-૧૦ ॥

તે શુદ્ધ કારણ તે ભાવમાર્ગ છે. તે ભાવમાર્ગમાં આત્માની વિશુદ્ધિને વિષે દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણ પ્રકારનાં તત્ત્વોના સંબોધ-જ્ઞાનરૂપ લોકમાં ઉત્તમ એવા હેતુઓ કહ્યા છે. (અર્થાત્ લોકમાં આત્મવિશુદ્ધિના એ ત્રણ ઉત્તમ હેતુ કહ્યા છે). ॥ (તે આત્મવિશુદ્ધિના) ત્રણ તત્વરૂપ ત્રણ લોકોત્તર હેતુઓમાં પ્રથમ **देवतत्त्व** છે. તે

દેવ ૧૮ દોષલેશથી (સંપૂર્ણ દોષ) રહિત, લોકોત્તર ગુણના સમૂહવડે યુક્ત, અને આત્માના શુદ્ધ સ્વરૂપમય હોય છે. ॥ (તે ૧૮ દોષનાં નામ આ પ્રમાણે–) અજ્ઞાન–ક્રોધ–મદ–માન–લોભ– માયા–રતિ –અરતિ –નિદ્રા–શોક –અસત્ય–ચોરી–મત્સર–ભય. ॥ હિંસા–પ્રેમક્રીડા–પ્રસંગ–હાસ્ય–એ ૧૮ દોષ જેના નાશ પામ્યા છે તેવા દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું. ॥ (હવે એ દેવના ચાર નિક્ષેપાનો સમ્બન્ધ કહે છે–) જે વસ્તુમાં જેટલા નિક્ષેપા ઉતારવાનું જાણી શકાય તે વસ્તુમાં તેટલા નિક્ષેપા ઉતારવા અને જે વસ્તુમાં વધારે નિક્ષેપા ઉતારવાનું ન જાણતા હોઇએ તો તે વસ્તુમાં ૪ નિક્ષેપા તો અવશ્ય ઉતારવા. ॥ ( તે ચારે નિક્ષેપા કહે છે– ) જીનેશ્વર ભગવાનનું જે નામ તે **नामजिन**, અને જીનેન્દ્રની પ્રતિમા તે **स्थापनाजिन**, જીનેન્દ્ર ભગવન્તનો જીવ તે **द्रव्यजिन** અને સમવસરણમાં બેઠેલા હોય તે **भावजिन**. ॥ જે વસ્તુઓનો ભાવનિક્ષેપો સત્ય હોય તે વસ્તુના દ્રવ્યાદિક ચારે નિક્ષેપા નિશ્ચય શુદ્ધજ હોય, અને અશુદ્ધ ભાવનિક્ષેપવાળી વસ્તુના ચારે નિક્ષેપા અશુદ્ધ હોય તે કારણે શુદ્ધયોગનું કારણ હોવાથી જીનેન્દ્ર પ્રતિમા જીનેન્દ્ર સરખી છે. અને તે જીનેન્દ્રપ્રતિમાની ભક્તિ-વડે ભવ્ય જીવ જીનેન્દ્રની પૂજા કર્યા જેવું જ ફળ પામે છે. ॥ હવે ભવ્યજીવોને વિશેષ બોધ કરવા માટે તે દેવનું સ્વરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાય–અને મુદ્રાદિકના ભેદ વડે કહેવાય છે. ॥ દેવોવડે પૂજાતાં દેવાધિદેવ દ્રવ્યથી કહેવાય, ગાયના દૂધ સરખા ઉજ્વલ રૂધિરાદિ ( ગુણો વડે–અતિશયો ) વડે ગુણથી કહેવાય, અરિહંત ઈત્યાદિ પદ વિગેરે વડે પર્યાયથી

દેવ કહેવાય, અને પદ્માસનાદિ આસનો વડે દેવની મુદ્રા કહેવાય. ॥ ૧૧-૨૦ ॥

## ॥ देवाधिदेवना ८ प्रातिहार्य ३४ अतिशय विगेरे ॥

અશોકવૃક્ષ -પુષ્પવૃષ્ટિ -દિવ્યધ્વનિ-ચામર -સિંહાસન-ભામંડલ-ભેરી-અને છત્ર એ આઠ પ્રાતિહાર્ય હંમેશાં પ્રભુની પાસે રહેનારાં હોય છે. ॥ **इति ८ प्रातिहार्य** ૧ રજ (મેલ) રોગ અને સ્વેદ (પરસેવા) રહિત શરીર, ૨ ઉજ્વલ માંસ રૂધિર, વિગેરે, ૩ અદ્રશ્ય આહારનિહાર, અને ૪ સુગંધિ શ્વાસોચ્છવાસ. ॥ એ ૪ અતિશય જન્મથી પ્રારંભીને હોય છે. અને ઘાતી કર્મનો ક્ષય થવાથી બીજા ૧૧ અતિશય પ્રગટ થાય છે ( તે આ પ્રમાણે- ). ૫ એક યોજન માત્ર ક્ષેત્રમાં ત્રણ-જગતના ઘણા જનો પણ સમાઈ રહે છે. ॥ ૬ પ્રભુની ભાષા મનુષ્ય તિર્યંચ અને દેવોને પોતપોતાની ભાષામાં ધર્માવબોધ કરનારી હોય છે. ૭ પૂર્વે ઉત્પન્ન થયેલા રોગ ઉપશાન્ત થાય છે, ૮ નવા વૈરાદિભાવ ( તથા રોગપણ) ઉત્પન્ન થતા નથી. ॥ દુષ્કાળ-સ્વપર ચક્રનો ભય-દુષ્ટ મરકી-ઇતિ (સાત પ્રકારના ઉપદ્રવ)-અતિવૃષ્ટિ-૧૪ અનાવૃષ્ટિ એ કંઇપણ હોય નહિં. ૧૫ બહુ જીવને સુખકારી એવો ભામંડળનો પ્રકાશ પ્રસરે છે. ॥ હવે દેવકૃત ૧૯ અતિશય કહે છે-૧૬ પાદપીઠ સહિત મણિરત્નનું સિંહાસન હોય, ૧૭ ઉપરાઉપરી ૩ છત્ર હોય છે, ૧૮ ઇન્દ્રધ્વજ-૧૯ બે શ્વેત ચામર-૨૦ ધર્મચક્ર ॥ એ પાંચ વસ્તુઓ જગદ્ગુરૂ શ્રી જીનેન્દ્ર ભગવંત સાથે આકાશમાં રહી છતી ચાલે છે પુનઃ ૨૧ અશોકવૃક્ષ પ્રભુ જ્યાં સ્થિર થાય ત્યાં રચાય છે.॥

૨૨ ચાર મુખવાળાં ચાર રૂપ ( દેશના સમયે સમવ-સરણમાં ) થાય છે. ૨૩ મણિરત્નનો સુવર્ણનો અને રૂપાનો એ ત્રણ ગઢ (એટલે સમવસરણ) રચાય છે. ૨૪ નવ સુવર્ણ કમળ ઉપર ચરણ સ્થાપીને ચાલે છે. ૨૫ કાંટા નીચામુખવાળા થાય છે ।। ૨૬ પ્રભુના કેશ–રોમ–અને નખ હંમેશાં અવસ્થિત માત્ર ( વૃદ્ધિ પામ્યા વિનાના ) રહે છે, ૨૭ પાંચે ઇન્દ્રિયના વિષયો મનોહર હોય છે, ૨૮ છએ રૂતુ પ્રગટ થાય છે।। ૨૯ સુગંધજળની વૃષ્ટિ થાય છે, ૩૦ પંચવર્ણી પુષ્પની વૃષ્ટિ થાય છે, ૩૧ પક્ષિઓ પ્રદક્ષિણા દે છે, ૩૨ પવન અનુકૂળ વાય છે. ।। ૨૧–૩૦ ।।

૩૩ વૃક્ષો નમસ્કાર કરે છે, ૩૪ ગંભીર ધ્વનીથી દેવદુંદભી વાગે છે, એ ચોત્રીસ અતિશયો સર્વ જીનેશ્વરોને હોય છે.।। (તથા એ ચોત્રીસ અતિશયો ઉપરાન્ત) શ્રી જીનેન્દ્ર પ્રભુ ૩૫ બુદ્ધવચનવાળા ( એટલે વાણીના ૩૫ ગુણવાળા ) હોય છે, એ પ્રમાણે અતિશય સહિત અને ભવ્યજનો. વડે પૂજીત, તથા નામ વડે દેવાધિદેવ એવા શ્રી જીનેન્દ્ર દેવ તે ભવરૂપી સમુદ્ર તરવામાં પ્રગટ વ્હાણ સરખા છે.।। પુનઃ તે શ્રી જીનેન્દ્ર દેવ સર્વ સત્ય માહાત્મ્યવાળા છે, તેમજ ૪ ભાવ અતિશય વડે યુક્ત છે, તેમાં પહેલો બાહ્ય અને અભ્યન્તર શત્રુનો નાશ કરવાથી **અપાયાપગમ** રૂપ અતિશયવાળા છે. ।। તથા ક્ષાયિકભાવે જ્ઞાનાતિશયવાળા છે, ક્ષયોપશમ[1] ભાવે વચનાતિશયવાળા છે, અને ઉપચારથી

---

૧–૨ ૩૪મી ગાથામાં વચનાતિશયને ક્ષયોપશમ ભાવે ગણ્યો, અને ૩૫મી ગાથામાં ક્ષાયિક ભાવે કહ્યો તેનું કારણ—વચન એ

પણ ચોથો પૂજાતિશય રૂપ ગુણ ક્ષાયિક ભાવમાં છે. ॥ ( એ ચાર ભાવ અતિશયમાં ) પહેલો મોહનીયના ક્ષયથી, બીજો જ્ઞાનાવરણના ક્ષયથી, ત્રીજો દર્શનાવરણીય ક્ષયથી,[૨] અને ચોથો અતિશય અન્તરાય કર્મના ક્ષયથી, છે ॥ સંપૂર્ણ સિદ્ધમુદ્રાવાળી દ્રવ્યશરીરજીન સરખી (ઉંચાઇ આદિકમાં જીનેશ્વરના દેહદ્રવ્ય સરખી ) પ્રતિમા કે જેની પૂજા દેવોએ કરેલી છે તે સંપ્રતિ દ્રવ્યથી પૂજા કહેવાય ॥ દ્રવ્યાદિક ચાર અવસ્થાઓ સ્વાભાવથી દ્રવ્ય પૂજા અને ભાવ પૂજાના સરખી જે પિંડસ્થ અવસ્થા અને પદસ્થ અવસ્થા સારી રીતે અને અવસ્થાનન્તરની ભાવના કરવી. તે પૂજા પોતપોતાની ભક્તિના સમૂહવડે ભરેલા હૃદયવડે કરેલી જાણવી, અને જીનેશ્વરના જન્મકલ્યાણક આદિ કલ્યાણકોની ભક્તિવડે અતિ વિચિત્ર રચના યુક્ત કરેલ ઉપચાર ગુણવાળી જાણવી ( અર્થાત્ વિવિધોપચાર પૂજા જાણવી ). ॥ ત્યાં પ્રતિષ્ઠાભેદ ( વ્યક્તિપ્રતિષ્ઠા ક્ષેત્ર પ્ર. મહા પ્ર. ) નથી, કારણકે સિદ્ધોનો ભાવ દુઃખાતીત ( અર્થાત્ સિદ્ધોનું સ્વરૂપ કર્માતીત–રૂપાતીત) સદા કાળથી છે, છતાં દ્રવ્યથી પણ ગુણ પરિણામી[૧] હોય છે.॥ જે કારણથી ( દ્રવ્યનિમિત્તે પણ

---

શ્રુતજ્ઞાન પરિણામી છે, અને શ્રવણ કરનારાઓને ક્ષયોપશમ ભાવે પરિણમે છે માટે જીનેન્દ્રને ક્ષયોપશમભાવ ન હોવા છતાં પણ વચનાતિશયને ઉપચારથી ક્ષયોપશમભાવે કહ્યો છે. તથા દર્શનાવરણીય કર્મનો ( અચક્ષુ દર્શના૦ના ક્ષય )થી વચનાતિશય પ્રગટ થયો છે. તે ક્ષાયિક ભાવે વચનાતિશય નિરૂપચરિત છે.

૧ જેવા દ્રવ્યનો આત્માને સંયોગ થાય તે દ્રવ્યના સ્વભાવે આત્મા પરિણમે કારણકે આત્મા નિમિત્તવાસી છે.

ગુણનું પરિણામીપણું છે માટે ) શ્રી જીનેશ્વરોની પ્રતિમા આત્માના પરિણામને પ્રગટ કરવામાં (અથવા આત્મસ્વરૂપના દર્શનમાં) નિમિત્ત ભૂત છે અને તે પ્રતિમા શુભાશુભ ધ્યાનની દ્રષ્ટિએ આરિસાના મંડલ [૧]સરખી છે. ॥ ૩૧-૪૦ ॥

વળી શ્રી જીનેશ્વરની પ્રતિમા સમ્યક્ત્વને શુદ્ધ કરનારી છે, તથા શુભયોગે સત્ય માર્ગે ચાલનારાઓને સત્યના પ્રભાવને-સત્યની વિભૂતિને તથા સમ્યક્ત્વને ઉત્પન્ન કરનારી છે, તેમજ સંસારરૂપીવનના દાવાનળ વડે દગ્ધ થએલા ભવ્ય જીવોના પાપોને નાશ કરનારી છે ॥ પુનઃ શ્રી જીનેન્દ્ર પ્રતિમાની પૂજા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે, તથા અંગપૂજા-અગ્રપૂજા-અને ભાવપૂજા એમ ત્રણ પ્રકારની પૂજા છે, તથા વિવિધપ્રકારની પૂજા છે તે વિવિધ પ્રકારની પૂજા પણ પૂર્વોક્ત ત્રણ ભેદમાં અનાશાતના સહિત કરે તો પૂજા ચારપ્રકારની ગણાય. ॥ પુનઃ મન વચન અને કાયાની વિશુદ્ધિ વડે પણ પૂજા ત્રણ પ્રકારની શ્રી જીનેશ્વરો એ કહી છે. તેમજ પંચપ્રકારી અષ્ટોપચારી અને સર્વોપચારી ( એમ બન્ને રીતે ત્રણ પ્રકારી પૂજા છે.) ॥ ત્યાં પુષ્પ-અક્ષત-ગંધધૂપ-અને દીપ એ પાંચ પ્રકારની છે. અથવા ભક્તિ-બહુમાન-અને વર્ણજનન[૨] (વર્ણસંજવલન)

---

૧ કહેવાનું તાત્પર્ય એ છે કે—જેમ અરિસામાં સુંદરમુખવાળાને પોતાનું મુખ સુંદર દેખાય અને વિકલમુખવાળાને વિકલ દેખાય તેમ શ્રી જીનેન્દ્રપ્રતિમાને શુભ અધ્યવસાયે જોનારને શુભ ફળ પ્રાપ્ત થાય અને અશુભ અધ્યવસાયે જોનારને અશુભ ફળ પ્રાપ્ત થાય.

૨ વર્ણજનન એટલે વર્ણસંજવલના, તેનો અર્થ ૨૫૭મી

તથા અનાશાતના કરવા વડે અને વિધિ કરવા વડે ( એ રીતે પણ પાંચ પ્રકારી પૂજા છે. ॥ પુષ્પ-અક્ષત-ગંધ-દીપક-ધૂપ-નૈવેદ્ય-જળ-અને ફળ એ આઠ દ્રવ્ય વડે આઠ કર્મને નાશ કરનારી અષ્ટ પ્રકારી પૂજા છે. ॥ તથા ૧૭ ભેદી પૂજા આ પ્રમાણે-સ્નાત્ર-વિલેપન-દેવદૂષ્ય સ્થાપન-વાસક્ષેપ-ધનસારાદિચૂર્ણ ચઢાવવું-પુષ્પનીમાળા ચઢાવવી-પંચવર્ણી કુસુમની વૃષ્ટિ-લંબાયમાન માળાઓ તથા પુષ્પોનું ઘર બનાવવું-કર્પૂરાદિ સુગંધ દ્રવ્યથી પૂજા કરવી-આભરણો પહેરાવવાં-અથવા યથાશક્તિ ચારે દિશાએ ઈન્દ્રધ્વજની શોભા કરવી-તથા જીનેશ્વરની સન્મુખ અથવા જમણી બાજુએ અષ્ટમંગલ ભરવા-મંગલ દીપક યુક્ત દીપ વિગેરે અગ્નિકર્મ કરવું, ગીતગાન-નાટક-વાજીંત્ર અને ૧૦૮ શ્લોક વડે સ્તુતિ કરવી. ॥ એ દ્રવ્યપૂજાના આગમમાં કહેલા ૧૭ ભેદ જાણવા. તથા ભાવયુક્ત પૂજા (ભાવપૂજા) જીનેન્દ્રપ્રતિમાના ચારે નિક્ષેપ તથા બે નિક્ષેપની પણ થાય છે. ॥ ૪૧-૫૦ ॥

તે ભાવપૂજા (ચાર તથા બે નિક્ષેપની આ પ્રમાણે-) પિંડસ્થ પદસ્થ અને રૂપાતીતની સ્તુતિ કરવી તે છે. એમાં પહેલી પૂજા (દ્રવ્યપૂજા) ગૃહસ્થોને ઉચિત છે, અને બીજી પૂજા મુનિ મહારાજને ઉચિત છે. ॥ પહેલી પૂજા ( દ્રવ્ય-પૂજા ) સમન્ત ભદ્રા[1]-સંપ્રતિભદ્રા-અને આગમૈષીત્ભદ્રા છે, અને બીજી પૂજા ( ભાવપૂજા ) સર્વ મંગલ નામની છે અને તે ક્રિયાની પ્રાધાન્યતાવાળી છે. ॥ તથા પહેલી પૂજા

ગાથાના અર્થની ફુટનોટમાં આપ્યો છે ત્યાં જુઓ.

( દ્રવ્યપૂજા ) શુભયોગા–વંચકવર્તા –અને પરિભવાવર્તા છે, -અને છેલ્લી પૂજા ( ભાવપૂજા ) અધ્યાત્મ ધર્મવાળી–ફલ-મિત્રા અને સર્વમિત્રા છે. ॥ આ પ્રભુપૂજા સમ્યગ્‌દ્રષ્ટિ જીવોને તથા ચરમપુદ્ગલ પરાવર્ત્તમાં વર્તતા તથા ( શુશ્રુષાદિ ) આઠગુણપૂર્વક બીજની ( ધર્મબીજની ) સન્મુખ થયેલા એવા મિથ્યા દ્રષ્ટિ જીવોને મોક્ષ આપનારી છે, અને બીજા જીવોને સંસાર ઉત્પન્ન કરનારી છે. ॥ પાંચ કલ્યાણકનું સ્વરૂપ પ્રગટ કરવાને અર્થે જે પૂજા કરાય છે તેમાં જે ધૂપ ઉખેવવો તથા દીપક[2] વિગેરે તે હંમેશાં કરવા યોગ્ય છે. ॥ અને બીજી વખતે પદસ્થ આદિ અવસ્થાને વિષે અગ્નિકર્મ[3] ( ધૂપ દીપ ફળ વિગેરે ) વળી શાશ્વતી પ્રતિમાઓને તો એજ વિધિ છે, અને બીજી પ્રતિમાઓને માટે તો બન્ને વિધિ છે. ॥ પુનઃ સ્નાન વિલેપન–આભરણ–વસ્ત્ર–ફળ–ગંધ–ધૂપ–અને પુષ્પ એ દ્રવ્યો વડે શ્રી જીનેશ્વરની અંગપૂજા કરવી તેમાં આ ( આગળ કહેવાતો ) વિધિ જાણવો. ॥ વસ્ત્રવડે મુખ બાંધીને અથવા યથા સમાધિવડે ( મનના ઉલ્લાસ પૂર્વક ) તે વખતે ( ઉપરોક્ત દ્રવ્યપૂજા કરતી વખતે )શરીરે ચળ વિગેરે આવે તો ખંજવાલવાદિ કાર્ય પણ વર્જવું. ॥ એ પ્રમાણે શરીરે ખંજવાલવાનું

---

૧ ધૂપ–દીપ–અક્ષત–પુષ્પ–અને ગંધ પૂજા એ પંચોપચારી પૂજા પંચકલ્યાણકની ભક્તિને સૂચવે છે.

૨ અષ્ટકજીમાંથી જોઇ લેવું.

૩. સર્વકાલ કલ્યાણકારી તે **समन्तभद्रा**, વર્તમાનકાળના કલ્યાણવાળી **संप्रतिभद्रा**, અને ભાવી કાળના કલ્યાણવાળી તે **आगमैषित्भद्रा**

વર્જવું તથા શ્લેષ્માદિ કાઢવાનું પણ વર્જવું, અને જગબન્ધુ જીનેશ્વરની પૂજા કરનાર બુદ્ધિમાને મૌન રહેવું અથવા મૌનપણે બોલવું. ॥ પૂજા કરવામાં પણ મૂળ પ્રતિમાજીની વિશેષ પૂજા કરવી ઉચિત છે, જે કારણથી લોકોની મનસહિત દ્રષ્ટિ તો પ્રથમ ત્યાંજ પડે છે. ॥ ૫૧–૬૦ ॥

અહિં પ્રશ્ન–એક પ્રતિમાની વંદન પૂજા ન્યૂન કરવી અને એકની વિશેષ કરવી તેમાં તો લોકના નાથ એવા જીનેશ્વરોમાં સ્વામિ–સેવકભાવ પ્રગટ કરેલો થાય છે ॥ તેમજ એક પ્રતિમાની ઉત્તમ આદરવાળી પૂજા કરવી અને બીજી પ્રતિમાઓની બહુ થોડી પૂજા કરવી તે તો મહા અવજ્ઞા છે એમ સ્થૂલબુદ્ધિવાળાઓને પણ સ્પષ્ટ સમજાય છે. ॥ આચાર્યશ્રીનો ઉત્તર—સમાન પ્રાતિહાર્યાદિ પરિવારને દેખતા એવા તે નાયક જનને સ્વામિ સેવક ભાવરૂપ બુદ્ધિ ઉત્પન્ન થતી નથી ॥ વળી વ્યવહારમાં તે મૂળ નાયક પ્રથમ પ્રતિષ્ઠિત થયેલા છે, તે કારણથી પણ તે શેષ જીનેશ્વરોના નાયકભાવની અવજ્ઞા થતી નથી. ॥ જે કારણથી સર્વે જીનેશ્વરોનો સિદ્ધ સ્વભાવ એક સરખો છે, (તેથી સ્વામિ સેવક ભાવ નથી). અથવા આ પ્રતિમામાં તો શ્રી જીનેન્દ્ર ભગવંતનો ઉપચાર કર્યો છે તેથી કૃતાર્થ એવો સેવક–પૂજકજન પોતાની અલ્પ અથવા અધિક ભક્તિનું [1]સ્મરણ કરે છે (તેથી જીને-

---

૧ અર્થાત્ પૂજકજન સર્વ પ્રતિમાઓની પૂજા એક સરખી રીતે કરી શકતો નથી, અને મેં અલ્પભક્તિ કરી અથવા ઘણી જીનભક્તિ કરી એવા પરિણામવાળો પૂજકજન હોય છે, માટે અધિકપૂજા માટે કોઇ એકાદિ પ્રતિમાનીજ થઈ શકે તેથી મૂળનાયક અને પરિવાર એમ

ન્દ્રપ્રતિમામાં સ્વામિ સેવક બુદ્ધિ ઉત્પન્ન થતી નથી). ॥ તે કારણથી વંદન પૂજન અને બલિ પ્રમુખ એક પ્રતિમાજીની કરતાં ઉચિત પ્રવૃત્તિવાળા પુરૂષને આશાતના થાય એમ દેખાતું નથી ॥ જેમ મૃત્તિકાની (માટીની) પ્રતિમાને નિશ્ચય પુષ્પાદિક વડે જ પૂજા કરવી ઉચિત છે, અને સુવર્ણાદિ ધાતુની ( વા પાષાણાદિકની ) બનેલી પ્રતિમાજીને સ્નાનાદિક પૂજા કરવી પણ ઉચિત છે. ॥ જેમ કલ્યાણકાદિક કાર્યથી (જે ભગવંતનું કલ્યાણક હોય તે કલ્યાણકવાળા) એક ભગવંતની પ્રતિમાની પૂજા વિશેષ કરતાં ધર્મી પુરૂષને બીજી પ્રતિમાઓ ઉપર અવજ્ઞા પરિણામ હોતો નથી ॥ વળી યથાવિધિ પ્રમાણે એ રીતે કરનારનીએ જેમ ઉચિત પ્રવૃત્તિ જ છે તેમ મૂળપ્રતિમાજીની વિશેષ પૂજા કરવામાં પણ (ઉચિત પ્રવૃત્તિજ હોવાથી) તે અવજ્ઞા ભાવ હોતો નથી ॥ વળી જીનભવન અને પ્રતિમાજીની પૂજા જેઓ કરે છે તેઓ જીનેન્દ્ર ભગવંતોને (આ ભક્ત મારી પૂજા કરે છે એમ જણાવવા) માટે કરતા નથી, પરન્તુ પોતાની શુભ ભાવના પ્રગટ કરવા માટે અને બીજા બુદ્ધિમાનોને બોધ કરવા માટે કરે છે ॥ ૬૧–૭૦ ॥

કારણકે કેટલાક જીવો જીનભુવન વડે બોધ પામે છે, કેટલાએક જીવો પ્રશાન્ત રૂપવાળી પ્રતિમા વડે, કેટલાએક જીવો પૂજાના અતિશયપણાથી અને કેટલાક જીવો ઉપદેશથી

---

પ્રતિમા ને અંગે હોય છે, પરન્તુ તેથી પરિવારની પ્રતિમાઓ મૂળનાયકની સેવક છે એમ કરી શકતું નથી.

બોધ પામે છે ॥ જેમ મત્સ્ય વિગેરે જળચર જીવો મધ્યે કેટલાએક મત્સ્યો અસરિસ (મત્સ્ય સરખો નહિં પણ બીજા કોઈ આકાર સરખો અને તેમાં પણ પ્રતિમાના આકાર સરખો) આકાર જોઇને જાતિસ્મરણ જ્ઞાન પામે છે, તો પ્રતિમાજીનો આકાર જોઇ મનુષ્યો બોધ પામે તેમાં શું આશ્ચર્ય ॥ જે મિથ્યાદષ્ટિ આર્દ્રકુમાર અભયકુમારે મોકલેલી જીનેન્દ્રપ્રતિમા દેખી પ્રતિબોધ પામ્યો, તો બીજા સંજ્ઞિઓનું ( ધર્મસંજ્ઞા પામેલા જીવોનું તો ) કહેવુંજ શું ? ॥ વળી શાસ્ત્રમાં પણ સંભળાય છે કે દુર્ગતા નામની નારીએ સિંદુવાર વૃક્ષનાં પુષ્પો વડે શ્રી જીનેશ્વરની એકાગ્ર પણે પૂજા કરવાથી દેવલોકમાં ઉત્પન્ન થઈ ॥ માટે શ્રીજીનેન્દ્રની પૂજા પાપના સમૂહને ઉપશમાવે છે, દુઃખનો નાશ કરે છે, સર્વ સુખ ઉત્પન્ન કરે છે, અને નહિં ચિંતવેલું એવું પણ ઉત્તમ ફળ આપે છે ॥ અહિં આઠ પ્રકારી પૂજામાં પુષ્પ પૂજાને વિષે શુકયુગલનું (પોપટ–મેનાનું) દ્રષ્ટાન્ત છે, અને ગંધ આદિક પૂજામાં અનુક્રમે વિમલ–શંખ–વજ્રસેન–શિવ–વરૂણ –સુજશ–અને સુવ્રતનાં ઉદાહરણ–દ્રષ્ટાન્ત છે ॥ (એ પ્રમાણે પ્રભુની દ્રવ્યપૂજા અને અને ભાવપૂજા સિવાય ) જે કારણથી શ્રી જીનેશ્વરોએ મોક્ષમાર્ગને વિષે બીજો ઉપાય દર્શાવ્યો નથી તે કારણથી બન્ને રીતે ચૂકેલા ( દ્રવ્ય પૂજા અને ભાવ પૂજાથી ચૂકેલા ) જીવો સર્વ ગતિઓથી ( ગતિમાં પ્રાપ્ત થતા સુખથી પણ ) ચુકયા છે એમ જાણવું ॥ તથા શ્રી જીનેન્દ્ર પ્રભુની વિધિપૂર્વક કરેલી પૂજા સ્વર્ગનું ફળ તથા પરંપાર (સંસારનો પાર પામવા રૂપ) શિવસુખ ફળને પણ સાધે છે,

અને અવિધિએ કરેલી પૂજા નિઃશુકચિત્તવાળા[1] જીવોને દુર્ગતિનું ફળ સાધે છે–આપે છે. ॥ શ્રી જીનેન્દ્ર પ્રભુની આશાતનાનો ત્યાગ, સિદ્ધાન્તને અનુસરીને કરેલી શક્તિ પ્રમાણે ભક્તિ, વિધિમાર્ગનો અનુરાગ, અવિધિનો ત્યાગ એ ચાર અર્થપૂર્વક કરેલી પૂજા ઘણું ફળ આપનારી હોય છે ॥ શ્રી જીનભવનને વિષે અવજ્ઞા–પૂજા વિગેરેમાં અનાદર[2] –તથા ભોગ[3]–દુષ્પ્રણિ[4]ધાન–અને અનુચિત્ત પ્રવૃત્તિ[5] એ પાંચ (મુખ્ય) આશાતના છે. ॥ ૭૧–૮૦ ॥

ત્યાં શ્રી જીનેન્દ્રપ્રભુ સામે પલાંઠીવાળી બેસવું, પ્રભુને પીઠ દેખાડવી, પુડપુડિત (પુડપુડિત એટલે પિપુડી વગાડવી) પગ પસારવા, અને દુષ્ટ ચેષ્ટાવાળાં આસન કરવાં (અર્થાત્ ખરાબ આસને બેસવું) તે **અવજ્ઞા આશાતના**. ॥ પ્રભુ પૂજા માટે જેવો તેવો વેષ પહેરવો, જેમ તેમ અને જે તે કાળમાં પૂજા વિગેરે શુન્ય ચિત્તે કરવી તે **અનાદર આશાતના**. ॥ જીનભુવનમાં તામ્બૂલ વિગેરે ખાય, અશુચિ કરે, એ પ્રમાણે જ્ઞાનાદિ આચારોની અજ્ઞાનતાથી જે આશાતના કરે તે **ભોગ આશાતના** અહિં જીનભુવનમાં વર્જવી. ॥ શ્રી જીનભુવનને વિષે રાગવડે–દ્વેષવડે–અથવા મોહ વડે જે મનોવૃત્તિ દૂષિત થાય તે **દુષ્પ્રણિધાન આશાતના** કહેવાય છે શ્રી જીન-

---

૧ તાત્પર્ય એ છે કે વિધિનો અનાદર તે અહિં નિઃશૂકચિત્ત જાણવું, તે વિધિના અનાદર વાળાને અવિધિ પૂજા દુર્ગતિ આપે પરન્તુ વિધિના આદરવાળા જીવો અજ્ઞતાદિકના કારણે અવિધિ પૂજા કરતા હોય તો તેઓને દુર્ગતિફળ નથી. "અવિધિએ કરવા કરતાં ન કરવું તે ઉત્તમ" એ મૂર્ખાઇના વચનનો અહિં પ્રતિઘાત થાય છે.

ભુવનમાં ન કરવી. ા ચોર વગેરેને પકડવો, રણસંગ્રામ કરવો, રૂદન કરવું, વિકથા કરવી, ઢોર બાંધવાં, અને રાંધવું ઈત્યાદિ ગૃહકાર્યો, તથા ગાળ દેવી, વૈદક કરવું, વ્યાપાર કરવો ઈત્યાદિ કૃત્યો ચૈત્યને વિષે કરવાં તે નિશ્ચય **અનુચિત વૃત્તિ** આશાતના છે, તેનો ત્યાગ કરવો. ા સદાકાળ અવિરતિવંત એવા દેવો પણ શ્રી જીનેશ્વરના અવયવરૂપ અસ્થિત તથા દાઢાના સ્થાનકમાં અને દેવ ગૃહાદિકમાં આશાતનાનો ત્યાગ કરે છે, તો સાક્ષાત જીન સરખી એવી જીનપ્રતિમાના સ્થાનમાં આશાતનાનો ત્યાગ કરવો તેમાં તો કહેવું જ શું ? (આ વાકય ગદ્યબંધ છે), વિષય રૂપી વિષ વડે અતિ મોહિત થયેલા દેવો જીનગૃહને વિષે અપ્સરાઓની સાથે ક્રીડાપણ કદી કરતા નથી તથા શ્રી જીનેન્દ્ર પ્રભુના ચૈત્યગૃહને વિષે તંબોલ–પાન–ભોજન–પગરખાં પહેરવાં–મૈથુન–શયન–થુંકવું–મૂત્ર–કરવું–વડીનીતિ કરવી–અને જુગાર એ સર્વ વર્જવું શ્રી જીનેન્દ્ર પ્રભુની દ્રષ્ટિએ પડેલા પણ અશનાદિ સર્વ ભોજ્ય પદાર્થો ખાવા યુક્ત નથી પરન્તુ માર્ગના[1] પદાર્થો વિનાજ કારણકે તે માર્ગના પદાર્થો ન ખાવા અશકય છે ( પ્રથમ કહેલી ૫ મહાઆશાતના જઘન્ય ગણાય ) ૪૨ આશાતનાઓ મધ્યમ, અને ઉત્કૃષ્ટથી તો ૮૪ આશાતના જાણવી. એ સર્વે આશાતનાઓ શ્રાવકોને અનર્થની હેતુ જાણવી સંગવિમુક્ત આત્માઓને (સાધુ વર્ગને અને શ્રાવક વર્ગને

---

૧ રથયાત્રાદિ મહોત્સવ પ્રસંગે હાટ–દુકાનોમાં ખાદ્ય પદાર્થો પ્રભુની દષ્ટિમાં આવ્યા છતાં પણ તે પદાર્થોનો ઉપભોગ કલ્પે છે કારણ કે અશક્ય પરિહાર્ય છે.

પણ દેવોનું પણ દ્રવ્ય (દેવદ્રવ્ય પણ) કોઇ રીતે ઉપયોગમાં આવતું નથી, કારણકે પોતાની સેવક બુદ્ધિ વડે તે દ્રવ્યને દેવદ્રવ્ય કલ્પેલું છે ॥ ૮૧-૯૦ ॥

જેમ બાહ્યાત્મા, અન્તરાત્મા, અને પરમાત્મા એમ આત્મા ત્રણ પ્રકારે છે ત્યાં પહેલાં બે કાર્યમાં ફેરફાર વાલા જે પરિણામો તેને ઉત્પન્ન કરવા વડે ત્રીજા આત્માની વિશુદ્ધિને માટે ॥ જેમ (જીનેન્દ્ર સાક્ષાત નહિં છતાં આરોપિત નયથી) જીનેન્દ્રોની પૂજા નિત્ય કરવી, મેં જીનેન્દ્રોની પૂજા કરી એમ બોલાય છે, તેમ (દેવે પોતે સ્વીકારેલી નથી છતાં પણ) આ દેવનું દ્રવ્ય છે એવી લોકમાં જનભાષા-લોકભાષા પ્રસિદ્ધ છે. ॥ અધ્યાત્મજ્ઞાન-દર્શન રૂપ શાશ્વત લક્ષ્મીને પ્રગટ કરવા માટે એજ વિધિ છે. કે નીતિ વડે ઉપાર્જન કરેલું શુદ્ધ દ્રવ્ય ભક્તિને માટે સ્થાપન કરવું ( અથવા સ્થાપવું-પ્રભુને દ્રવ્ય પણ ચઢાવવું ॥ તે અગ્ર પૂજાથી ઉત્પન્ન થયેલું નિર્માલ્ય દ્રવ્ય તથા જે દ્રવ્ય અસતિ ભોગથી નષ્ટ થયેલું (પશુ પક્ષી વિગેરેના ભક્ષણથી બગડી ગયેલું) તથા લોકને વિષે માનનો નાશ કરનારૂં એવું દ્રવ્ય ચૈત્યદ્રવ્યમાં ન સ્થાપવું ॥ ઉત્તમ ગુણ અને હર્ષને ઉત્પન્ન કરનાર એવું યે દ્રવ્ય તે વખતે એક અથવા અનેક પ્રધાન પુરૂષોએ **इणं कण्यं** (પ્રાયઃ અર્પણ કર્યું હોય) તેને ધીર પુરૂષો **देवद्रव्य** કહે છે. ॥ એ દેવદ્રવ્યનું નામ મંગલદ્રવ્ય-નિધિદ્રવ્ય-અને શાશ્વત દ્રવ્ય એ સર્વ એક અર્થસૂચક શબ્દો છે. તે દેવદ્રવ્યને નિશ્ચય આશાતનાનો ત્યાગ કરવા પૂર્વક યતના વડે સ્થાપવું.॥ જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શનાદિ

ગુણોના પ્રભાવક એવા તે દેવદ્રવ્યને વૃદ્ધિ પમાડતો જીવ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે. ॥ જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શનાદિ ગુણોના પ્રભાવક એવા તે દેવદ્રવ્યને રક્ષણ કરનારો જીવ પરિત્તસંસારી (અલ્પસંસારી) કહ્યો છે ॥ જીન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન કર્શનાદિ ગુણોના પ્રભાવક એવા તે દેવદ્રવ્યની ઉપેક્ષા કરતો—અનાદર કરતો જીવ દુર્લભ-બોધી થાય છે. ॥ જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન-દર્શનાદિ ગુણના પ્રભાવક એવા તે દેવદ્રવ્યને ભક્ષણ કરનારો જીવ અનન્ત સંસારી કહ્યો છે. ॥૯૧-૧૦૦॥

જીન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શનાદિ ગુણના પ્રભાવક એવા તે દેવદ્રવ્યનો દ્રોહ કરતો જીવ દુઃખ અને દરિદ્રતા પ્રાપ્ત કરે છે.॥ જીનેશ્વરની આજ્ઞા રહિત દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારા જે કોઈ જીવો તે અજ્ઞાની જીવો મોહવડે મૂઢ થયા છતા ભવસમુદ્રમાં ડૂબે છે. ॥ ચૈત્યદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને પણ જેઓ વિમૂઢ મનવાળા જીવો ભક્ષણ કરે છે, તેઓ તિર્યંચગતિમાં ભમે છે, અને સદા અજ્ઞાની-પણું પામે છે.॥ જે શ્રાવક દેવદ્રવ્યનું ભક્ષણ કરે અને ભક્ષણ કરનારની ઉપેક્ષા કરે તે શ્રાવક બુદ્ધિહીન થાય અને પાપ કર્મવડે લેપાય છે.॥ (કારણ કે) દેવદ્રવ્યનો વિનાશ કરે, મુનિઘાત કરે, શાસનનો ઉડ્ડાહ કરે, અને સાધ્વીના ચોથા વ્રતનો ભંગ કરે તે સમ્યક્ત્વના મૂળમાં અગ્નિ લગાડે છે.॥ ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર અને વિનાશ કરનારની ઉપેક્ષા કરવાવાળો એમ બન્ને પ્રકારનો મુનિ અનન્તસંસારી થાય એમ કહ્યું છે.॥ મોહિત મતિવાળો જે જીવ ચૈત્યદ્રવ્યને

અથવા સાધારણ દ્રવ્યને વિણસે છે, તે ધર્મ જાણતો નથી, અથવા તો તેણે નરકાયુષ્ય બાંધેલું છે એમ જાણવું. ॥ લેશ માત્ર પણ દેવદ્રવ્યથી બનેલું સ્થાન (ઉપાશ્રય), અથવા દેવ. દ્રવ્યનું ભક્ષણ એ સર્વથા સાધુએ ત્યાગ કરવું. અને જો તેવા સ્થાને નિવાસ કરે તો પ્રાયશ્ચિત લેવું. ॥ છ લઘુ છ ગુરૂ અને ભિન્ન માસ એમ દરેક દિવસે દિવસે યાવત્ કલ્પ વિહારાદિકને કલ્પમાં નિષ્ઠાગત (સંપૂર્ણ) કહેલ છે. ॥ આ-દાનનું[1] (આપી દીધેલા દેવદ્રવ્યનું) ભક્ષણ કરે, અથવા દેવને માટે સ્વીકારેલું ધન આપે નહિં, અથવા દેવદ્રવ્યનો નાશ કરનારની ઉપેક્ષા કરે તે પણ સંસારમાં ભ્રમણ કરે. ॥ ૧૦૧–૧૧૦ ॥

ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવની આરાધનાથી બારમા અચ્યુત સ્વર્ગ સુધી જીવ ઉત્પન્ન થાય, અને ઉત્કૃષ્ટ ભાવ સ્તવવડે તો અન્ત-મુંહૂર્ત્ત માત્રમાં નિર્વાણ–મોક્ષ પામે. ॥ તે કારણથી સર્વ પ્રકારની પ્રથમ પૂજા (દ્રવ્યપૂજા) ગૃહસ્થોને કહી છે, અને સર્વ પ્રકારવાળી બીજી પૂજા (ભાવપૂજા) સિદ્ધાન્તની વિધિ-પૂર્વક સાધુને કહી છે. ॥ (તે સર્વ પ્રકારી ભાવપૂજાનું દિગ્દર્શન આ પ્રમાણે—) ચાર જીનમુદ્રાને વિષે શ્રેષ્ટ પ્રીતિ, અનુદ્ધરા (અત્યન્ત) ભક્તિ, અને આશાતના વર્જવાવડે પ્રભુની આજ્ઞા પ્રમાણે ઉત્કૃષ્ટયતના. ॥ પ્રભુની ભક્તિપૂર્વક પ્રજ્ઞાપની ભાષા[2]

---

૧ પ્રતિમાના અંગ પરિભોગમાં આવતું દ્રવ્ય તે આદાનદ્રવ્ય-ઈત્યગ્રે ૧૬૩મી ગાથામાં.

૨ પ્રભુની ભક્તિ કરવાનો ઉપદેશ આપવો તે ભક્તિ પ્રજ્ઞાપની-ભાષા.

તેમજ તેઓની અવિધિનિન્હવણી[1] અને શંસયનો નાશ કરનારી એવી ભાષા પ્રવચનાનુરાગી મુનિ બોલે. ।। તથા શ્રી જીનેશ્વરોએ અનુબંધહિંસા–હેતુહિંસા–અને સ્વરૂપહિંસા એ ત્રણ પ્રકારની હિંસા કહી છે તેને પ્રવચનજ્ઞાતા મુનિ નિશ્ચય વ્યવહારના ભેદપૂર્વક બોલે.।। તથા જ્યાં ગીતાર્થના વચનને અનુસરતી, માર્ગસનાથ ( માર્ગને અનુસરતી ) અને નિત્ય ધ્યાનયોગવાળી તેમજ તપ સંયમ અને યોગવાળી (અથવા તપ સંયમના યોગવાળી) ક્રિયા પ્રવર્તે છે. ।। તેવા મુનિ મહાત્માઓને સર્વ પ્રકારવાળી ભાવસ્તવથી જીન પૂજા હોય છે, અને યતિની ક્રિયામાં सयरित्ता દ્રવ્યથી રહિત તથા અથવા જો તે વિધિઓ કરવામાં અશક્તિ હોય તો તેમાં (યતિક્રિયામાં) રહેલા સુખ અને ફળની અનુમોદનાવડે (ભાવસ્તવપૂજા હોય છે).।। સંયમ માર્ગમાં સંપૂર્ણ નહિં પ્રવર્તેલા એવા વિરતાવિરત (દેશવિરત) શ્રાવકોને એ ઉપરોક્ત દ્રવ્યસ્તવ નિશ્ચય કૂવાના દ્રષ્ટાન્તે યુક્ત છે, અને સંસારને પાતળો કરનાર છે. ।। દ્રવ્યસ્તવ એ ભાવસ્તવના હેતુરૂપ છે, અહિં હેતુ શબ્દથી સ્થલ–ગામ–અને કૂવાનાં દ્રષ્ટાન્ત જાણવાં, અને તે દ્રષ્ટાન્તો નો ઉપનય આ પ્રમાણે જાણવો. ।। પ્રથમ દ્રવ્યપૂજા છ કાયના વધથી ઉત્પન્ન થયેલી છે, પરન્તુ પાછળથી તો વિશુદ્ધ પુન્યફળવાળી છે ઈત્યાદિ ભાષાકુશીલોની મૃષા ભાષા[2] જાણવી ( અર્થાત્ એ દ્રષ્ટાન્તોનો એવો ભાવ

૧ અવિધિનો લોપ–નાશ થાય તે અવિધિનિન્હવણી ભાષા.

૨ આવું બોલનારા ખોટી પરૂપણા કરનાર છે.

ઉતારે છે તે મૃષા છે.) ॥ ૧૧૧-૧૨૦ ॥

જે કારણથી (દ્રવ્યપૂજા તો) પ્હેલી અને પછી પણ શુભ અને સ્થિર યોગની અનુકૂળતાવાળીજ કહી છે. જેમ સાધુને આચારના વિષયમાં થતી હિંસા તે અહિંસા છે, અને તે અહિંસા (પ્હેલી કે પછી પણ) થતી નથી અર્થાત્ અહિંસાજ કાયમ રહે છે. ॥ તથા ગૃહ વ્યાપારનો ત્યાગ કરવારૂપ ગુણથી અને સર્વસ્થાને મૈત્રી ભાવથી સમ્યગ્ દ્રષ્ટિ જીવોને તે પણ નિશ્ચય ભાવપૂજા છે (એ પ્રમાણે સંયત-દેશસંયત અને અસંયત એ ત્રણેને ભાવપૂજા હોય એમ કહ્યું.) ॥ તે કારણથી જીનેન્દ્રપૂજામાં (પ્હેલાં કે પછી) કદી પણ હિંસાભાવ હોતો નથી, અધ્યાત્મયોગવાળી[1] શ્રી જીનેન્દ્રપૂજા તો હંમેશાં કલ્યાણકારી જ છે. ॥ (હવે ગુણસ્થાનોમાં ક્રિયા પ્રાપ્તિ કહે છે-) અવિરતસમ્યગ્દ્રષ્ટિ જીવોને પ્હેલી સમ્યકત્વમૂલ પ્રથમ પદવાળી (અર્થાત્ સમ્યક્ત્વ ક્રિયા)[2] ક્રિયા હોય છે, અને ત્યારબાદ આગળ સર્વ ગુણ સ્થાનોમાં યથાયોગ્ય ક્રિયા[3] (ગુણસ્થાન ઉચિત) ક્રિયા હોય છે. ॥ જે ગુણ સ્થાને જેવી દ્રવ્ય[4] ક્રિયા છે, તેટલી તેટલી

---

૧ અધ્યાત્મયોગરૂપ ભાવપૂજાના કારણરૂપ દ્રવ્યપૂજારૂપ જીનેન્દ્રપૂજા ઇતિ ભાવઃ

૨ દેવદર્શન દેવપૂજા ગુરૂભક્તિ ઇત્યાદિ કાર્યો સમ્યકૃત્વની ક્રિયા છે.

૩ દ્રવ્યપૂજા તથા ભાવપૂજારૂપ યથાયોગ્ય ક્રિયા.

૪ દ્રવ્યક્રિયા એટલે દ્રવ્યસ્તવ-દ્રવ્યપૂજા.

આગળ આગળના ગુણસ્થાનમાં નિશ્ચયે[1] દેખેલી છે, તેમજ ભાવસ્તવની પણ પરમ પ્રવૃત્તિ સર્વ ગુણસ્થાનોમાં દેખેલી[2] છે. ॥ પુનઃ હંમેશાં સાલંબન ધ્યાનથીજ નિરાલંબન ધ્યાન હોય છે, આ વિષયમાં બહુ કહેવા વડે શું ? શ્રી જીનેન્દ્રની પૂજા શાશ્વત સુખ (મોક્ષ સુખ) આપનારી છે.॥ જો તીર્થંકર ભગવંતને શ્રદ્ધાવડે તીર્થંકરપણેજ સર્દહીએ તો નિશ્ચય ચારે નિક્ષેપા એકત્વપણેજ[3] થયા જાણવા. ॥ માટે જે જીવે અમૂઢ[4] ભક્તિવડે આશાતનાનો ત્યાગ કર્યો, આજ્ઞાનું આરાધન કર્યું, અને દેવદ્રવ્યનો ત્યાગ કર્યો તે ઉત્કૃષ્ટ ભવ્ય આત્મા જાણવો. ॥ તથા ધ્યાનના ભેદ માટે જયાં જયાં નિક્ષેપા કહ્યા[5]

---

૧ ખરેખર.

૨ આ ગાથાનું તાત્પર્ય એ છે કે-દ્રવ્યસ્તવ એ ભાવસ્તવનું કારણ છે, માટે કારણરૂપ દ્રવ્યસ્તવ અને કાર્યરૂપ ભાવસ્તવ એ બન્ને ભાવ કારણ કાર્યરૂપે તે તે પ્રમાણમાં વ્યક્ત અવ્યક્ત સ્વરૂપે યથાયોગ્યપણે સર્વગુણસ્થાનોમાં રહયા છે, (આ ગાથાનો વિશેષ ગંભીર ભાવ શ્રી ગીતાર્થગમ્ય છે).

૩ અર્થાત્ ચાર નિક્ષેપા ભિન્ન ભિન્ન પદાર્થમાં ભિન્ન ભિન્ન કાળે અવતારાય છે, તે ચારે નિક્ષેપા એકજ પદાર્થમાં (તીર્થંકરમાં અથવા પોતાના આત્મદ્રવ્યમાં) સમકાળે અવતરે.

૪ જ્ઞાનપૂર્વક કરેલી

૫ અર્થાત જેમ સાલંબન ધ્યાન માટે દ્રવ્ય સ્થાપના અને નામનિક્ષેપ તથા નિરાલંબન ધ્યાન માટે ભાવ નિક્ષેપ ઈત્યાદિ રીતે.

છે તે તે નિક્ષેપા વિશુદ્ધ સમ્યગ્દ્રષ્ટિઓએ સાધવા.[1] ॥ તથા પ્રભુ પૂજાને વિષે સમ્યગ્દ્રષ્ટિ જનોએ ધન–વસ્ત્ર–સ્થાન–મન–વચન–કાયા–અને પૂજાનાં ઉપકરણ એ સાતની એટલે સાત પ્રકારની વિશુદ્ધિ કરવા યોગ્ય છે. ॥૧૨૧–૧૩૦॥

અજ્ઞાનથી જુગુપ્સા (તિરસ્કાર)થી વીણિ વીણિને ભેગુ કરેલું દ્રવ્ય સ્થાપણ ઓળવીને ખરાબ વેપારથી મેળવેલા. એવા દ્રવ્યાદિકનો ત્યાગ કરીને જે દ્રવ્ય ખર્ચવું તે **શુદ્ધ ધન** કહેલું છે. ॥ **વસ્ત્ર** ચાર પ્રકારનું છે—૧ ત્વચાનું વસ્ત્ર (છાલ), ૨ ફળનું વસ્ત્ર (કપાસ વિગેરેનું) ૩ વિકલેન્દ્રિયનું વસ્ત્ર (કોશેટાદિકનું), અને ૪ પંચેન્દ્રિયના લોમનું વસ્ત્ર (ઉન વિગેરેનું) એ ચારમાંથી ત્રીજું અને ચોથું વસ્ત્ર જીનભક્તિમાં ન વાપરવું. ॥ મુહપત્તિ અને પટપત્તિને[2] માટે તો તે ત્રીજા ચોથા ભેદનું વસ્ત્ર કદીપણ ન લેવું, એમાં બીજા ભેદવાળું વસ્ત્ર જે મસૃણ (કોમળ) અને એવું ક્ષૌમાદિ ઘણા ભેદવાળું વસ્ત્ર છે.[3] તે શ્રેયસ્કર છે.॥ **નન્નં** (પારકું નહિ) ક્રિતભાવાદિ વડે (ખરીદીમાં મૂલ્ય પ્રમાણે ખરીદેલું) શુદ્ધ, પ્રધાન, અને સ્વભાવેજ ઉજવલ એવું જ વસ્ત્ર સર્વથા જીન ભક્તિ માટે નિશ્ચયે ઉપયોગમાં લેવું. ॥ (અહિં પાઠાન્તર

---

૧ આરાધવા. ૨ પહેરવાના ધોતિયાથી.

૩ અહિં દૂષ્ય શબ્દ વિશેષણ તરીકે હોવાથી દૂષ્ય એટલે વસ્ત્ર. અથવા બીજી રીતે અર્થ કરીએ તો મશરૂ-દેવદૂષ્ય-અને ક્ષૌમ (રેશમી-અથવા શણનું વસ્ત્ર) આદિ ઘણા ભેદવાળું બીજા પ્રકારનું વસ્ત્ર જીનભક્તિમાં શ્રેયકારી છે.

ગાથા કહે છે—) વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય દ્રવ્યથી ઉત્પન્ન થયેલું વસ્ત્ર નિશ્ચય ભક્તિમાં કલ્પે છે, પરન્તુ પહેલા અને બીજા પ્રકારનું વસ્ત્ર ભક્તિકાર્યમાં કલ્પતું નથી (આ સંબંધિ વધુ ખુલાસો હજી આગળ કહેવાય છે).॥ શ્રુતભાવમાં (આગમમાં) જે શ્રેષ્ઠ વસ્તુ તે સર્વ ઉત્તમ ભક્તિને વિષે ઉપયોગમાં લેવી કહી છે, (જો એમ ન હોય તો) કસ્તૂરિકાદિ ગંધદ્રવ્ય જે મૃગથી ઉત્પન્ન થયેલ છે તે ગ્રહણ કરવા યોગ્ય ન થાય.[1]॥ જે મોર પીંછી વિગેરે (ઉપકરણ) કહ્યું છે, તે દેવલોકમાં દેવ નિર્મિત હોય છે, તો અહિં પણ તેના અભાવથી ભક્તિના સદ્ભાવે મોર પીંછી કરાય છે.[1]॥ જે ચામર વિગેરે સર્વ રજત (રૂપાદિકના) પ્રકારવાળાં ત્યાં હોય છે, પરન્તુ વર્તમાન કાળે તેના અભાવથી (ગાયના) લોમમય શ્રેષ્ઠ ચામર બનાવાય છે (તે પ્રમાણે વિકલેન્દ્રિ પંચેન્દ્રિયના લોમથી ઉત્પન્ન થયેલું વસ્ત્ર પણ જીનભક્તિ માટે ઉપયોગમાં લેવાય છે ઇતિ ભાવ.[1]॥ તથા સ્તિબુક પ્રમાણ જેટલો પણ (બિન્દુમાત્ર–લેશમાત્ર પણ) સ્ત્રી પુરૂષના વેષનો વિપર્યાસ[2] ન કરવો, અને દર્શનાચારની વિશુદ્ધિ માટે આઠ પડવાળો મુખકોશ કરવો.॥(**इति वस्त्र शुद्धिः**) નિર્મળ વિધિ વડે નિર્માણ

---

૧ આ ત્રણે ગાથા પાઠાન્તર ગાથાની વિષયની સિદ્ધિ માટે છે, અને ગાથાનો અંક છાપેલીપ્રતમાં ન હોવાથી અહિં પણ અંક રાખ્યો નથી.

૨ અર્થાત્ સ્ત્રીએ પુરૂષનું કપડું ન પ્હેરવું અને પુરૂષે (જીનપૂજામં) સ્ત્રીનું કપડું ન પ્હેરવું.

કરેલી જમીન કે જે અનાર્યોના સંસર્ગથી ચારે બાજુએ વર્જીત હોય, અને નિઃશકિતાદિ[1] (વા નિશ્રાકૃત આદિ) દોષ વડે રહિત હોય તે **પવિત્રક્ષેત્ર** જાણવું.॥ અમંગલ એવી મનપ્રવૃત્તિના વ્યાપારનો ત્યાગ કરવો તે નિશ્ચય **મનશુદ્ધિ** છે, અને તે મનશુદ્ધિ મિથ્યાત્વ લેશ આદિ દોષ દૂર કર્યાથી હોય છે.॥ પ્રગટ કરેલ આઠ[2] ગુણો વડે ઉચિત પ્રવૃત્તિરૂપ પ્રશસ્તચિત્તના સદ્‌ભાવથી ખેદ[3] આદિ દોષ રહિત અને તદધ્યવસાયવાળી[4] એવી મનઃશુદ્ધિ હોય છે.॥ ગૃહવ્યાપારના ત્યાગની સંજ્ઞાદિક વડે જે પ્રશસ્ત વચન ગુણ, અને પૂજાને અવસરે શ્રી જીનેશ્વરના ગુણકિર્તનરૂપ વચન ગુણ તે **નિશ્ચય વચનશુદ્ધિ** કહેવાય. ॥૧૩૧-૧૪૦॥

આશાતનાનો ત્યાગ કરવાના પ્રયાસથી પ્રગટ થયેલ પ્રશસ્ત ભક્તિના સમૂહવાળો, હાસ્યાદિ મલિનભાવ તથા લોકવિરૂદ્ધાદિ સર્વ જે યોગ તેને ત્યાગ કરવાવાળો; વિધિપૂર્વક કરેલા સ્નાન અને ઉદ્ધર્ત્તના યુક્ત શરીરવાળો, સુંગધિઆદિ વડે લિપ્ત થયેલો, આજ્ઞાવ્યવહારના નિયમ (ની સૂચન રૂપે મસ્તકે કરેલા તિલકવાળો, તેમ કંઠ હૃદય અને ઉદર સ્થાને પણ કરેલા તિલકવાળો, મન વડે સંકલ્પ વિકલ્પ

---

૧ **निस्संकियाइदोसेहिं रहियं** ઇતિમૂળપાઠ (જેમ પડી જમીન અને એક વ્યક્તિના એટલે પારકા કબજાની ન હોવી જોઇએ.)

૨ ઇચ્છા-શુશ્રૂષા ઇત્યાદિ.

૩ ખેદ-અદ્વેષ-ઇત્યાદિ.

૪ પ્રભુપૂજામાં જ એક અધ્યવસાયવાળી.

રહિત થયો છતો શ્રી જીનેશ્વરના ગુણની સ્તુતિપૂર્વક-શ્રદ્ધા પૂર્વક-તથા અનુપમ સુખની તૃપ્તિ વડે વ્યાપ્ત થવા પૂર્વક પૂર્વ દિશા સન્મુખ રહ્યો છતો વિધિપૂર્વક કરેલ સ્નાત્રવાળો ઇન્દ્રિયોના વિષય સમૂહથી રહિત થયો છતો, અપ્રશસ્ત[1] યોગ અને રજ (પાપમલને) ઉપશમાવવાથી કરેલા ભાવ-સ્નાન વાળો થયો છતો શ્રી જીનેન્દ્ર ભગવંતના અનુક્રમે સરખી રીતેં એક સાથે પગના બે અંગુઠા બે જાનુ[2] બે હસ્ત અને બે ખભા તથા મસ્તક-નિલાડ[3]-કંઠ-વૃક્ષઃસ્થલ અને ઉદર એ નવઅંગની પૂજા કરીને ને નવ અંગ પ્રત્યે સ્થાપેલ ચિત્તવાળો દ્રઢ ચિત્તવાળો શ્રેષ્ટ ધ્યાન અને ભકિત સહિત થયેલો નિર્માયી અને નિર્મમત્વ થયો છતો પશ્ચાત્ વિવિધ પ્રકારની પૂજા કરે.ા જીનેન્દ્ર ભગવાનનું પુષ્પાદિ તથા ન્હવણજળ વિગેરે જે નિર્માલ્ય હોય તેને વિધિપૂર્વક ત્યાં સ્થાપન કરવું કે જ્યાં અતિ આશાતના ન થાય.ા જો કે શ્રી જીનેશ્વરના અંગ સ્પર્શવાળી વસ્તુ કદીપણ નિર્માલ્ય ન જ થાય તો પણ (निस्सोकं) શોભારહિત દ્રવ્યલોક ગુણથી[4] વ્યવહાર ગુણ વડે નિર્માલ્ય કહેવાય છે. ા ભક્ષણ-પ્રોલ્લંઘન-નિજાંગપરિભોગ-ભૂતિકર્મ-અને પાંચમું અવિધિ સ્થાપન [5]એ પ્રમાણે પાંચે પ્રકારે નિર્માલ્ય[6] વર્જવાં યોગ્ય છે.ા

---

૧ મનવચન અને કાયયોગ ૨ ઢીંચણ ૩ કપાલ.

૪ દર્શન કરનાર જનોને દેખવામાં શોભારહિત હોવાથી લોક વ્યવહાર વડે તે નિર્માલ્ય કહેવાય.

૫-૬ ભાવાર્થ એ છે કે પ્રભુને જે વસ્તુ ચઢી હોય તે વસ્તુ અગડી જવા જેવી હોય તો તે નિર્માલ્ય ગણાય છે. માટે તે ચઢેલી

ભક્ષણ કરે તો તિર્યંચભવ પ્રાપ્ત થાય, પ્રોલ્લંઘન કરે તો અનાર્ય જાતિમાં ઉત્પન્ન થાય, પરિભોગ કરે તો દૌર્ભાગ્ય થાય, અને ભૂતિકર્મ કરે તો આસુરી (અસુરાદિ દેવોમાં) ઉત્પન્ન થાય. ॥૧૪૧–૧૫૦॥

અવિધિસ્થાપન કરે તો અબોધીલાભ ( સમ્યક્ત્વનો–અથવા અનુત્પત્તિ ) થાય, આ સંબંધમાં દેવકુમર–પુરંદર-કુમર–સામાર્થી–અમરરાજા–અને સમરરાજા એ પાંચ ઉદાહરણ–દ્રષ્ટાન્ત છે.॥ તે કારણથી અતિનિપુણ બુદ્ધિમાનોએ આશાતનાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો, જે કારણથી આશાતનાનો ત્યાગ તે મોક્ષમાર્ગનું મુખ્ય અંગ છે વિધિનું ગ્રહણ, અવિધિનો ત્યાગ, શ્રેષ્ટ ગુણો વડે યુક્ત વૃદ્ધ ( ગુણવૃદ્ધ ) પુરૂષોની સેવા, શાસ્ત્રનું શ્રવણ, બાલજનોનું ( અજ્ઞાનીનું ) વર્જન, અવગુણનો ત્યાગ, આર્યગુણનો ( ઉત્તમ ગુણનો ) પક્ષપાત, અરિહંત પ્રમુખ ૧૩ પદોની બહુમાન પૂર્વક વર્ણ-[૩]સંજવલના ( ચાર પ્રકારનું સદ્‌ભૂત ગુણોત્કીર્ત્તન ) અને કુશલાનુષ્ઠાન કરવું ઇત્યાદિ ગુણોવડે મોક્ષનું અંગ હોય છે ત્યારબાદ મંડપમાં નિસ્સહી પૂર્વક પ્રવેશ કરીને જીનેશ્વર

---

વસ્તુ પુષ્પ–ફળ–ઇત્યાદિ નિર્માલ્ય વસ્તુઓનું શ્રાવકે ભક્ષણ ન કરવું, તેને પગથી કચરવી નહિં, પોતાના શરીર માટે તેનો ઉપયોગ ન કરવો, તથા તે નિર્માલ્ય વસ્તુદ્વારા રક્ષાબંધાદિ ભૂતિકર્મ (કોઇનો રોગ મટાડવા, કોઇનું ભૂત કાઢવું ઇત્યાદિ) ન કરવું, તેમજ તેને જેમ તેમ ગમે ત્યાં ફેંકી દેવું નહિં એ પ્રમાણે પાંચે રીતે નિર્માલ્યનો ઉપયોગ ન કરવો.

૧ આગળ ૨૫૭મી ગાથાનો અર્થ વાંચો.

સન્મુખ પૃથ્વી ઉપર બે જાનુ બે હાથ અને મસ્તક સ્થાપી (પંચાગ પ્રણિપાત રૂપ) ત્રણ નમસ્કાર વિધિપૂર્વક કરે.॥ ત્યાર બાદ હર્ષ વડે ઉલ્લાસ પામતો, અને બાંધેલા મુખ કોશવાળો એવો ગૃહસ્થ મોરપીંછી વડે રાત્રિએ રહેલું નિર્માલ્ય દૂર કરે.॥ તથા જીનભુવનની પ્રમાર્જના પોતે કરે અથવા બીજા પાસે કરાવે, અને ત્યારબાદ શ્રી જીનપ્રતિમાની પૂજા યથાયોગ વિધિપૂર્વક કરે હવે પ્રથમ જો કોઇએ ઉત્તમ વૈભવ વડે (સુંદર) પૂજા નિશ્ચયથી કરી હોય તો તે પૂજાને પણ જેમ વિશેષ શોભે તેવી પૂજા કરવી.॥ વળી એ (પૂર્વકૃત પૂજા દ્રવ્યને) નિર્માલ્ય છે એમ પણ ન કહેવું, કારણ કે નિર્માલ્યના લક્ષણનો તેમાં અભાવ છે. જે કારણથી ભોગ વિનિષ્ટ દ્રવ્યને જ નિર્માલ્ય કહ્યું છે, બીજી રીતે નિર્માલ્યનું લક્ષણ કહ્યું નથી.॥ વળી નિર્માલ્યની પણ [1]દ્રવ્યાન્તરને પ્રાપ્ત થયેલ એવી ધાતુ વિગેરે પ્રશસ્ય દ્રવ્ય છે, તે પણ શ્રી જીનેશ્વરને ઉપયોગી થાય છે અને તે બાલજીવોને અનુચેષ્ટાવાળું [2]થાય છે. ॥૧૫૧–૧૬૦॥

એ કારણથી નિશ્ચય શ્રીજીનેશ્વરોને પુનઃ પણ તે વસ્ત્રયુગલાદિ

---

૧ દ્રવ્યાન્તરને પ્રાપ્ત થયેલ નિર્માલ્ય એટલે-જે આભૂષણાદિક ધાતુ દ્રવ્ય ઘસારાદિકથી નિર્માલ્ય એટલે પ્હેરાવવાને અયોગ્ય થયું હોય પરન્તુ તે ભાંગીને બીજું આભૂષણાદિ ઘડાવ્યું હોય તો તે પુનઃ ઉપયોગી થાય છે, પણ સર્વથા તે નિર્માલ્ય ઉપયોગમાં ન આવે એમ નહિ.

૨ આદરવાવાળુ થાય છે

કુંડલયુગલાદિ આભરણોનું આરોપણ કરાય છે.॥ જે કારણથી વિજય પ્રમુખ દેવોએ એકજ [1]કાષાયિક વસ્ત્રવડે ૧૦૨ જીનેન્દ્ર પ્રતિમાઓને અંગલૂંછન કર્યું છે.॥ ચૈત્યદ્રવ્ય ૩ પ્રકારે છેઃ— ૧ પૂજાદ્રવ્ય, ૨ નિર્માલ્યદ્રવ્ય, ૩ કલ્પિતદ્રવ્ય. તેમાં જે આદાન—આમદાનીથી ગ્રામ વગેરેની આવક વિગેરે તે **પૂજા-દ્રવ્ય** કહેવાય, કે જે પ્રભુના અંગ ઉપર ઉપયોગી થાય છે.॥ તથા અક્ષત—ફળ—બલિ—નૈવેદ્ય—વસ્ત્ર વિગેરે (સંબંધિ) જે દ્રવ્યનો સમૂહ છે તે **નિર્માલ્ય દ્રવ્ય** કહેવાય, કે જે જીન-ભુવનના કાર્યમાં ઉપયોગી થાય છે.॥ પુનઃ વિભૂષણાદિ વડે ( આભૂષણાદિ દ્વારા ) [2]દ્રવ્યાન્તર નિર્માપિત (દ્રવ્યાન્તરપણે પરિણમેલ—અન્ય દ્રવ્યરૂપે થયેલ ) જે નિર્માલ્ય તે પણ નિશ્ચય શ્રી જીનેશ્વરના અંગના ઉપભોગમાં આવે છે, બીજી રીતે ( તે નિર્માલ્ય ) ઉપયોગમાં આવે નહિ માટે તે નિર્માલ્ય દ્રવ્ય ભજનાવાળું (જીનેશ્વરના અંગે ઉપભોગમાં આવે પણ ખરૂં અને ન પણ આવે એવું ) જાણવું.॥ ઋદ્ધિ યુક્ત અને સહિત એવા શ્રાવકોએ અથવા પોતાના આત્મા વડે એ પોતે શ્રી જીનેન્દ્ર ભક્તિને માટે જે કંઇ આચરેલું હોય તે સર્વ ઉપયોગી ( જીનેન્દ્રના કાર્યમાં આવે એમ ) જાણવું.॥

---

૧ જલાર્દ્ર અંગને લૂછવાના આદિ ( અંગલુણું ) વસ્ત્રનું નામ અથવા ગંધકષાય છે જે સિદ્ધાન્તના પારિભાષિક શબ્દ છે.

૨ અર્થાત્ આભૂષણાદિકની શોભાથી આલ્હાદ પામનારા દર્શન કરનાર જીવોના ચિત્તને આલ્હાદ ઉપજાવનારૂં થાય છે (માટે તે નિર્માલ્ય નથી ઇતિભાવઃ )

ઉત્તમ સાધનવડે પ્રાયઃ ભાવ પણ ઉત્તમ થાય છે. અને એ સજ્જનોને તે સાધનોનો બીજો કોઈ પ્રધાન ઉપયોગ નથી (અર્થાત્ ઉત્તમ સાધનોનો ઉપયોગ ઉત્તમ ભાવ માટે જ છે.ાા (હવે પુષ્પ પૂજા દર્શાવે છે) [૧]ગ્રંથિમ–[૨]વેઢિમ–[૩]પૂરિમ–[૪]સંઘાતિમ–એ પ્રમાણે પુષ્પના ભેદથી ચાર પ્રકારની પુષ્પ પૂજા છે. તથા માળા–મુગુટ–[૫]શેખર–પુષ્પગૃહઆદિ–રત્નો–સ્નાન–વિલેપન–આભરણ–વસ્ત્ર–ફળ–ગંધ––ધૂપ–અને પુષ્પ એ દ્રવ્યોથી શ્રી જીનેશ્વરની અંગપૂજા કરવી, તેમાં આ (આગળ કહેવાશે તે) વિધિ જાણવો.ાા (હવે તે વિધિ કહે છે)–[૬]વસ્ત્રવડે મુખ બાંધીને અથવા યથા સમાધિ પ્રમાણે તે પૂજા ને અવસરે શરીરે થતી કંડૂ–ચળઆદિકનો ત્યાગ કરવો. ાા૧૬૧–૧૭૦ાા

એ [૭]પ્રમાણે શરીરને ખંજવાલવાનું વર્જવું, તથા શ્લેષ્માદિ વર્જવું, અથવા જગબંધુ જીનેશ્વરની પૂજા કરતો એવો બુદ્ધિમાન જીવ મૌનપણે રહે અથવા મૌનપણે વચન બોલે.ાા એ [૮]પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ છે તે પ્રમાણે કરનારને જેમ

---

૧ ગુંથીને હારબંધ કરેલ.

૨ પ્રથમ ગુંથીને પુનઃવીટીને દડા સરખાં કરેલ અર્થાત્ ફુલના દડા.

૩ લાકડાની સળીઓમાં પુષ્પ ભરાવીને આંગી કરે છે તે.

૪ એકઠાં કરેલાં. ૫ મુકુટ વિશેષ.

૬–૭ આ બે ગાથા પ્રથમ ગયેલી ૫૭મી ગાથા અને ૫૮મી ગાથા છે.

૮ આ ગાથાથી શરૂથતી ૧૭૪મી સુધીની ૩ ગાથાઓ પૂર્વે

અવજ્ઞા થતી નથી તેમ મૂળ પ્રતિમાજીની વિશેષ પૂજા કરવામાં પણ (બીજી પ્રતિમાઓની) અવજ્ઞા થતી નથી.।। જીનચૈત્યની તથા જીન પ્રતિમાની પૂજા તે જીનેશ્વરોને માટે કરતા નથી પરન્તુ સમ્યગ્દ્રષ્ટિ જીવો પોતાને શુભ ભાવના ઉત્પન્ન કરવા માટે કરે છે, અને જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી તેઓ પોતાના બોધ માટે કરે છે. અથવા બોધ પામેલા જીવોની પૂજા પોતાની શુભ ભાવના માટે છે, અને બોધ નહિ પામેલા જીવોની પૂજા પોતાને બોધ (સમ્યક્ત્વ) ઉત્પન્ન કરવા માટે છે.।। કેટલાએક જીવો જીન ભુવનવડે, કેટલાએક પ્રશાન્ત રૂપવાળી પ્રતિમા વડે, કેટલાક પૂજાના અતિશયપણાથી, અને કેટલાક જીવો ઉપદેશથી બોધ પામે છે.।। ભૃંગાર (કળશ), લોમહસ્તક (મોરપીંછી), અંગલુછણાં વડે પ્રતિમાની પૂજા તથા સકિથ (દાઢા)ની પૂજા એક સરખી રીતે કહી છે.।। નિર્વાણ [૧]પામેલા જીનેન્દ્ર ભગવંતોની સકિથઓ (હાડ દંત દાઢા વિગેરે અંગો) ત્રણે લોકમાં દેવલોકના–દેવોના દાબડાઓમાં હોય છે, અને તે સ્નાત્ર જળાદિ વડે પરસ્પર સંલગ્ન થઇ છતી એક બીજીને સ્પર્શ કરનારી હોય છે.।। વળી ત્રણે

---

ગયેલી ૬૯–૭૦–૭૧ મા નંબરવાળી છે, ત્યાં બરાબર ચાલુ સંબંધમાં છે, અને અહિં એ ત્રણ ગાથાઓ હોવાથી સંબંધ ત્રુટે છે.

૧ અહિંથી જે ગાથાઓ ૧૮૩ સુધીની છે તે ગાથાઓ "પ્રતિમાઓ તદ્દન અલગ અલગ સ્થાપન કરેલી હોવી જોઇએ, પરન્તુ એક બીજાના સ્પર્શવાળી અથવા એક વસ્તુ ઉપર ઘણી પ્રતિમાઓ સંલગ્ન ન હોવી જોઇએ" એ વિષયનું ખંડન કરવા માટેની છે.

ક્ષેત્રમાં પૂર્વધર કાળ વિહિત ( પૂર્વધરના વખતની યા પૂર્વધર પ્રતિષ્ઠિત ) પ્રતિમાઓ છે તે [1]ક્ષેત્રાખ્યા–[2]વૃત્તાખ્યા–અને [3]મહાખ્યા એ ત્રણે પ્રકારની જોયેલી છે.॥ વળી જીન પ્રતિમા માલાધર વિગેરે પ્રતિમાઓના ધૂપનજલાદિ સ્પર્શવડે સ્પર્શેલી હોય છે. જેમ પુસ્તકનાં પાન વિગેરેને પણ ઉપર્યુપરિ સ્પર્શનાદિક હોય છે.॥ તે કારણ માટે ચતુર્વિંશતિવૃત્તકાદિ વડે (સ્પર્શવાળી) પ્રતિમાઓ કરાવવામાં કોઇ દોષ દેખાતો નથી, ગ્રંથોમાં અદ્રશ્યજ્ઞાન થવાથી ( તદ્ વિધિવાળાં સિદ્ધાન્ત જો કે નથી તો પણ ) આચરણાની યુક્તિથી ( પરંપરા માન્ય હોવાથી ચોવીસ પટ્ટાદિ કરાવવામાં દોષ નથી–ઇતિ ભાવઃ ).॥ કોઇક ભક્તિમાન શ્રાવક શ્રી જીનેશ્વરની ઋદ્ધિના દર્શનાર્થે પ્રગટ કરેલ પ્રાતિહાર્યવાળી અને દેવોના આગમન વડે શોભિત એવી એક જીન પ્રતિમા પણ ભરાવે. ॥૧૭૧–૧૮૦॥

પુનઃદર્શન જ્ઞાન ચારિત્રની આરાધનાને કાર્ય–માટે કોઇક ત્રણ જીન પ્રતિમા (એક જ પટ્ટાદિક ઉપર) ભરાવે, અને પંચ પરમેષ્ઠિના નમસ્કારમાં ઉદ્યમવાળો કોઇક શ્રાવક પાંચ જીન પ્રતિમા ભરાવે છે.॥ પુનઃકલ્યાણક સંબંધિ તપશ્ચર્યાના મહિમામાં ઉદ્યમવાળો (અર્થાત્ પંચકલ્યાણકનો તપ કરનારો) કોઇ શ્રાવક ભરતક્ષેત્રમાં રહેલો હોવાથી બહુમાનની

---

૧ એક પટ્ટાદિમાં ૨૪ પ્રતિમાની ક્ષેત્રાખ્યા સ્થાપના.

૨ એક છૂટી પ્રતિમાની સ્થાપના વ્યક્ત્યાખ્ય.

૩ એક પટ્ટાદિકમાં ૧૭૦ પ્રતિમાની સ્થાપના મહાખ્યા (ઇતિ પ્રતિષ્ઠાત્રયં ષોડશક પ્રકરણે).

વિશેષતા પૂર્વક (એક પટ્ટાદિકમાં) ૨૪ જીન પ્રતિમા ભરાવે છે. ॥ ઉત્કૃષ્ટથી ૧૭૦ જીનેશ્વર આ મનુષ્યલોકમાં વિચરે છે, એવી ભકિત વડે કોઇ ધનાઢય શ્રાવક (એક પટ્ટમાં) ૧૭૦ બિંબ પણ ભરાવે.॥ (માટે જીનપ્રતિમાઓ ઉપર્યુપરિ સંલગ્નભાવે વા સ્પર્શીને પરસ્પર એક પટ્ટાદિક ઉપર રહી હોય તે વિધિપૂર્વક છે). (હવે પૂજા વિધિનો ચાલુ વિષય કહે છે– )ગીત–નાટક–વાજીંત્ર–લવણોત્તારણ–જળ–આરતિ ઇત્યાદિ તથા દીપક વિગેરે જે જે કૃત્ય છે તે સર્વ અગ્ર-પૂજામાં અવતરે છે–ગણાય છે.॥ પ્રથમ આરતિ ઉતારીને પશ્ચાત્ મંગલ દીપક કરવો. તે આરતિ તથા દીપકને ચાર-વાર અને છવાર વિધિપૂર્વક નીચે નમાવવો.॥ જીનેન્દ્ર પૂજા પંચોપચાર યુક્ત અથવા અષ્ટોપચાર યુક્ત તેમ ઋદ્ધિ વિશેષ વડે સર્વોપચાર યુકત પણ જાણવી.॥ તેમાં પંચોપચારી પૂજા પુષ્પ–અક્ષત–ગન્ધ–ધૂપ–અને દીપક વડે થાય છે, તથા તેમાં નૈવેધ–જળ–અને ફળ સહિત કરતાં અષ્ટોપચારી પૂજા થાય છે.॥ તથા સ્નાન–અર્ચન–આભૂષણ–વસ્ત્ર–સ્તવન–ફલ–બલિ –દીપક વિગેરે તથા નાટક ગીત અને આરતિ વિગેરેથી **સર્વોપચારી પૂજા** થાય છે.॥ તથા સ્વયમાનેયન (પોતે પૂજા કરવી) તે પ્હેલી પૂજા (કાયપૂજા), બીજા પાસે આજ્ઞાપનેન (પૂજા કરાવવા વડે) બીજી પૂજા (વચનપૂજા), અને મન વડે અનુમોદનાદિ પ્રાપ્ત કરવા વડે ત્રીજી પૂજા (**મનપૂજા**). ॥ તથા પુષ્પ–આમિષ–(આહાર ફલાદિ ભોજન વસ્તુ)–સ્તુતિ–અને પ્રતિપત્તિ એ ભેદ વડે ચાર પ્રકારની પૂજા પણ કહી છે, તે યથા શકિત પવિત્ર આત્માના સદ્ભાવથી પૂજા કરવી. ॥૧૮૧–૧૯૦॥

અથવા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની જીનેન્દ્ર પૂજા છે, ત્યાં દ્રવ્ય પૂજાને વિષે (જીનેન્દ્ર પૂજાની સામગ્રી અથવા પંચોપચારી ઇત્યાદિ) ઉપચાર–ચંદનાદિ સામગ્રીવાળા જીનપૂજા તે દ્રવ્યપૂજા અને શ્રી જીનેશ્વરની આજ્ઞા પાળવી તે ભાવપૂજા શ્રદ્ધાળુ એવો શ્રાવક શકિતને અનુસારે વિધિ વડે ઉત્તમ એવા શ્રેષ્ટ અનુષ્ઠાનનેજ નિશ્ચય સેવે, અને જો દ્રવ્યાદિ દોષવડે હણાયલો[1] હોય તો પણ તેમાં પક્ષપાત તો અવશ્ય રાખે. ॥ આસન્નસિદ્ધિ[2] જીવોને સદાકાળ નિશ્ચય વિધિમાર્ગનો પરિણામ હોય છે, અભવ્ય જીવોને વિધિનો ત્યાગ હોય છે, અને દૂર ભવ્ય જીવોને અવિધસહિત ભક્તિ હોય છે. ॥ પુનઃ ફળને અનુસારે યથાર્થ નામવાળી ત્રણ પૂજા છે તેમાં પ્હેલી વિઘ્નોપશામિની,[3] બીજી અભ્યુદયપ્રસાધની[4] અને ત્રીજી નિવૃત્તિકરણી[5] નામની જીનેન્દ્રપૂજા છે. ॥ તથા સૂત્રાનુસારે વિધિપૂર્વક જીનભવનમાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવી યાત્રા કરવી અને પૂજાદિ કરવી તે ભાવસ્તવનું કારણ હોવાથી **द्रव्यस्तव** જાણવું. ॥ જો કે હંમેશાં તો આ સંપૂર્ણ પૂજા ન કરી શકાય તો પણ નિરન્તર અક્ષત દીપક આદિના દાનવડે તો તે હંમેશ પૂજા કરવી.॥ જેમ મહાસમુદ્રમાં એક પણ જળબિંદુ નાખ્યું હોય તો તે અક્ષય

---

૧ અર્થાત્ નિર્ધન હોય.

૨ અલ્પસંસારી કે જેનો મોક્ષ થોડા ભવમાં છે તે.

૩ કાયયોગની પ્રાધાન્યતાવાળી–વિઘ્નને ઉપશમાવનારી.

૪ અભ્યુદયકારી. આ પૂજા વચન યોગની મુખ્યતાવાળી છે.

૫ મોક્ષ આપનારી. એ પૂજા મનયોગની મુખ્યતાવાળી છે (ઇતિ ષોડશક પ્રકરણે).

થાય છે, એ પ્રમાણે વીતરાગની કરેલી પૂજા પણ અક્ષય થાય છે.॥ એ ઉપર કહેલાં બીજ (કારણો) વડે આ સંસારરૂપી ગહન વનમાં દુઃખ નહિં પામીને અને અત્યંત વિશાળ પંચેન્દ્રિયના ભોગ અનુભવીને સર્વ જીવો સિદ્ધિ પામે છે.॥ પ્રભુપૂજા વડે ચિત્તની શાંતિ થાય છે ચિત્તની શાન્તિ વડે ઉત્તમ ધ્યાન થાય છે, અને ઉત્તમ ધ્યાનવડે મોક્ષ થાય છે, તથા મોક્ષવડે નિરાબાધ સુખ પ્રાપ્ત થાય છે.॥ પ્રભુ પૂજાને વિષે વિષયનો વિશેષ ત્યાગ થવાથી વીતરાગ ભાવ સ્ફુરાયમાન થાય છે, અને તેમ થવાથી આત્મા અહિંસક ભાવમાં વર્તે છે, માટે પૂજામાં હિંસા નથી. ॥૧૯૧–૨૦૦॥

વળી જ્યાં અહિંસક ભાવ હોય ત્યાં શુભયોગનું કારણ કહ્યું છે, તેમજ અનુબંધ હિંસા તથા હેતુ હિંસાથી રહિતપણે વર્તે છે માટે પૂજામાં હિંસા નથી.॥ આ ભોગથી અને અનાભોગથી દ્રવ્યસ્તવ બે પ્રકારે કહ્યો છે, તેમાં પણ એ બન્ને ભેદ નિવૃત્ત અને પ્રવૃત્તિ રૂપ ભેદ વડે દ્રવ્યસ્તવ ચાર પ્રકારનો જાણવો.॥ દેવના ગુણનું પરિજ્ઞાન થવાથી તદ્ભાવાનુગત ( દેવગુણમાં એકત્વ થયેલ ) તથા ઉત્તમ વિધિ વડે પરમ આદરપૂર્વક શ્રી જીનેન્દ્રની પૂજા કરવાથી **આભોગ-દ્રવ્યસ્તવ** કહેવાય.॥ એ પૂજાથી સર્વ કર્મને નાશ કરવાવાળો ચારિત્રપ્રાપ્તિનો લાભ શીઘ્ર થાય છે તે કારણથી એ દ્રવ્ય-સ્તવમાં સમ્યગ્‌દૃષ્ટિઓએ સમ્યક્‌પ્રકારે પ્રવર્તવું. ॥ પૂજાની વિધિ રહિત તથા જીનેન્દ્રમાં રહેલા ગુણનું પરિજ્ઞાન[1] નહિં હોવાથી શુભપરિણામથી [2]રહિત. તે **અનાભોગ દ્રવ્યસ્તવ**

---

૧ જ્ઞાન ૨ સારાપરિણામ.

જાણવો પુનઃ એ અનાભોગ દ્રવ્યસ્તવ પણ ગુણસ્થાનનું સ્થાનપણું હોવાથી તેમ શુભ શુભતર ભાવની વિશુદ્ધિમાં કારણરૂપ હોવાથી અને તે હેતુથી બોધિબીજનો[1] લાભ હોવાથી નિશ્ચય ગુણકારી જ છે. જેમ જેમ અક્રિયારૂપ[2] ભાવ ગુણવડે વૃદ્ધિ પામતો હોય છે, તેમ તેમ તે સ્થાને ભાવ-સ્તવ પણ તે કારણથી વૃદ્ધિ પામે છે, તે યાવત્ અયોગિ ગુણસ્થાનને વિષે (સંપૂર્ણ) ભાવસ્તવ હોય છે, અને સક્રિય ગુણસ્થાનમાં દ્રવ્યસ્તવ (પણ) હોય છે.।। વળી અશુભ કર્મના અત્યંત ક્ષયવડે આગમૈષિતભદ્ર[3] એવા ધન્ય પુરૂષોને જીનેન્દ્રના ગુણ ન જાણ્યા હોય તો પણ નિશ્ચય જીનેન્દ્ર-પૂજાના વિષયમાં પ્રીતિ ઉછળે છે. ।। અને ભારી કર્મવાળા એવા ભવાભિનંદિ જીવોને રોગીઓને નિશ્ચયે મરણ નજીક આવતાં પથ્યને વિષે દ્વેષ ઉપજે છે તેમ જીનેન્દ્રપૂજાના વિષયમાં દ્વેષ ઉપજે છે. ।। એ કારણથી નિશ્ચયે તત્ત્વજ્ઞજીવ જીન પ્રતિમા પ્રત્યે અથવા જીનેન્દ્રના ધર્મ પ્રત્યે અશુભ કર્મનો નાશ કરવા સંબંધિ ભયથી લેશમાત્ર પણ દ્વેષ હોય તો તે વર્જીત કરે. ।। ૨૦૧–૨૧૦ ।।

અથવા શ્રીજીનેન્દ્રની આજ્ઞા આદર અને પરિહાર વડે બે પ્રકારની જાણવી. તેમાં શુભકૃત્યોનો આદર અને

---

* રથયાત્રાદિ મહોત્સવ પ્રસંગે હાટ–દુકાનોમાં રહેલા ખાદ્ય પદાર્થો પ્રભુની દૃષ્ટિમાં આવ્યા છતાં પણ તે પદાર્થોનો ઉપભોગ કલ્પે છે, કારણ કે તે અશક્યપરિહાર્ય છે.

૧ સમ્યક્દર્શન. ૨ દ્રવ્યક્રિયાનો અભાવ

૩ ભાવીમાં–ભવિષ્યમાં જેનું કલ્યાણ અવશ્ય થવાનું છે તે આગમૈષિતભદ્ર જીવ કહેવાય.

નિષેધકૃત્યોનો ત્યાગ જાણવો. જે કારણથી નિષેધકૃત્યને કરવામાં અબોધિપણું થાય છે, અને તે નિષેધકૃત્યને નહિ કરવામાં બોધિબીજ પ્રગટ કરે છે. એ પ્રમાણે શ્રીજીનેન્દ્ર-ભક્તિમાં અવિધિનો ત્યાગ તે ઘણા ફળવાળો છે. ॥ આરંભ સમારંભમાં આશક્ત, છ કાયના વધથી વિરક્ત નહિ થયેલ તથા સંસાર રૂપ અટવીમાં ભૂલા પડેલા ગૃહસ્થોને દ્રવ્યસ્તવ નિશ્ચયે આલંબન રૂપ છે. ॥ ત્રણે સંધ્યાએ જીનેન્દ્ર પૂજા કરનાર જીવ સમ્યકત્વને શુદ્ધ કરે છે, અને શ્રેણિક રાજાની પેઠે તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કરે છે.॥ જે જીવ દોષ રહિત એવા જીનેન્દ્રભગવાનની ત્રણ સંધ્યા પૂજા કરે તે ત્રીજે સાતમે અથવા આઠમે ભવે મોક્ષ પામે.॥ એ પ્રમાણે સર્વ આદરપૂર્વક ઈન્દ્રોવડે ભગવંત પૂજાવા છતાં પણ નિશ્ચયે (સંપૂર્ણ) પૂજ્યા ન કહેવાય, જે કારણથી ભગવંત તો અનન્ત ગુણવાળા છે ઈન્દ્રને રૂપો બનાવવાની જેટલી વૈક્રિય શક્તિ છે તેટલી શકિતથી સંપૂર્ણ રૂપો બનાવીને પણ આખી જીંદગી સુધી ભક્તિવડે પૂજે તોપણ તે ઇન્દ્ર ભગવંતને પૂજવા સમર્થ નથી.॥ આતમસ્વભાવવડે કરેલી પૂજા ગુણ-સ્થાનના ગુણને ઉત્પન્ન કરનારી છે, કારણકે જીવ જેમ જેમ સ્વભાવધર્મમાં-આત્મધર્મમાં પ્રવેશ કરે તેમ તેમ તે જીનેન્દ્ર-પૂજા વધારેને વધારે અવિતથ-સત્ય-યથાર્થ થતી જાય છે એમ જાણવું.॥ શ્રીજીનેન્દ્રપૂજા શુભયોગના પ્રવાહની નીક છે, ક્ષયોપશમ ગુણોની નિસરણી-સીડી છે, અનુચિત્ત પ્રવૃતિઓને નાશ કરનારી અને ઉચિત પ્રવૃત્તિઓની પૃથ્વી (ભૂમિ) રૂપ છે.॥ જેમ વીતરાગભાવ આત્માનું અવલોકન કરવાને ઉત્કૃષ્ટ

નિમિત્ત છે, તેમ પ્રતિમાનું પ્રતિબિંબ-રૂપ (આત્મગુણના અવલોકન માટે) આરીસા સરખું જાણવું ॥ ૨૧૧-૨૨૦ ॥

વળી શુભ કર્મને ઉપાર્જન કરનારી દ્રવ્યપૂજા મુદ્રા ભેદ તથા અવસ્થા ભેદવડે પણ કરાય છે, જે કારણથી આત્મગવેષી જનોને તે દ્રવ્યપૂજા અવશ્ય કરવા યોગ્ય છે.॥ ભક્તિ બહુમાન પૂર્વક તે પુનઃ અવિધિત્યાગ અને વિધિનો પક્ષપાત એ બે યુક્ત એક ભેદ વડે ચતુર્ભંગીવાળી[1] વિશુદ્ધ પૂજા વિશુદ્ધસમ્યક્ત્વને સ્થિર કરનારી છે.॥ ત્યાં પૂર્ણ વિધિ બહુમાન એ પ્હેલો ભંગ, બહુમાનને વિષે બીજો ભંગ, પૂર્ણ-વિધિ વડે ત્રીજો ભંગ, અને બંન્નેથી શુન્ય તે ચોથો ભંગ[2] જાણવો.॥ એ પ્રમાણે પૂજાને વિષે પણ રૂપા સરખું ચિત્તનું બહુમાન છે, અને મુદ્રા સરખી સંપૂર્ણ બાહ્યક્રિયા જાણવી.[3]॥ તે બન્નેના સમાયોગથી-મળવાથી અચ્છેદ-સંપૂર્ણ શુદ્ધ રૂપિઆ સરખી ઉત્તમ પૂજા છે, અને ભક્તિયુક્ત પરન્તુ પ્રમાદી જીવની

---

૧-૨-૩-૪ આ ચારે તથા આગળની ૧ મળી પાંચ ગાથાઓમાંનું તાત્પર્ય આ પ્રમાણે છે—

ભંગ ૧ લો—(ભક્તિ-બહુમાન સહિત અવિધિત્યાગ અને વિધિ-પક્ષપાતવાળી પૂજા એટલે) ચિત્તશુદ્ધિ અને વિધિશુદ્ધિવાળીપૂજા શુદ્ધ-રૂપુ અને શુદ્ધશિક્કાવાળા શુદ્ધરૂપીયા સરખી છે.

ભંગ ૨ જો—ચિત્તશુદ્ધિ હોય પણ વિધિશુદ્ધિ ન હોય તો શુદ્ધરૂપાવાળા પણ ખોટા શિક્કાના રૂપીયા સરખી.

ભંગ ૩ જો—ચિત્તશુદ્ધિ નહિં પણ વિધિશુદ્ધ હોય તો રૂપુ ખોટું પણ શિક્કો ખરો એવા રૂપિયા સરખી.

પૂજા બીજા રૂપિઆ સરખી છે. ॥ લાભ આદિના હેતુથી અખંડ ક્રિયા કરતા એવા જીવને પણ ત્રીજી પૂજા જાણવી, તથા બન્ને રહિત ( બહુમાન અને વિધિ એ બન્ને રહિત ) પૂજા તો તત્ત્વદૃષ્ટિએ અપૂજાજ જાણવી. ॥ એ પ્રમાણે અહિં દેશકાળ આશ્રયિ અલ્પ અથવા ઘણો પરન્તુ વિધિ અને બહુમાન સહિત એવો ભાવસ્તવ (પ્રથમ ભંગવાળી પૂજા) કરવા યોગ્ય છે. ॥ તત્વને નહિં જાણુંનારા અને પ્રમત્ત-દશાવાળા અજ્ઞાન જીવો સદ્ભૂત જીનેશ્વર (સાક્ષાત જીનેન્દ્ર) અને તેમની પ્રતિમા એ બેમાં મોટું અન્તર કહે છે તે વચન સત્ય નથી. ॥ સર્વજ્ઞ ભગવંત સર્વભાષા વડે સંગત એવી ભાષા વડે પ્રરૂપણા કરતા છતા પણ જે કારણથી અનુપશામક (મિથ્યાત્વ શાન્ત ન થયેલ એવા) ભવ્યોને તો ગુણભાવમાં (ગુણપણે) થતું નથી. ॥ જેવી જેવી જાતની યોગ્યતાને પામેલા એવા સાક્ષાત અને પરોક્ષ એવા જીવોમાં સરળ જીવોને લેખ છે ગુણ જેમાં એવો જે પત્ર (દસ્તાવેજ વિગેરે) હેતુ એટલે (કરાવવું) અને અહેતુ એટલે (ન કરાવવું) એમ વ્યવહારમાં બે રીતિઓ હોય છે. ॥ ૨૨૧–૨૩૦ ॥

જીનેન્દ્ર તો ૩૪ અતિશય રૂપ ઋદ્ધિ વડે સહિત હોય અને પ્રતિમા તેવી ન હોય એવા વિશેષની (તફાવતની) શંકા કરીને જેઓ (પ્રતિમા ન માનવાનું) કહે તો નામ-જીનેન્દ્રનું અનુષ્ઠાન પણ તેને વિષે નિરર્થક જાણવું જોઇએ.

---

ભંગ ૪ થો—ચિત્તશુદ્ધિ નહિં અને વિધિશુદ્ધ પણ નહિં એવી પૂજા ખોટારૂપાવાળા અને ખોટા શિક્કાવાળા રૂપિયા સરખી સર્વથા ખોટી જાણવી. (પરન્તુ અવસ્થા ભેદે આદરવા યોગ્ય છે જ),

(અર્થાત્ જીનેન્દ્રનું નામ ગ્રહણ પણ નિરર્થક થાય). ॥ વળી બીજી વાત એ છે કે–જૈન સિદ્ધાન્તમાં ૪ પ્રકારનું અનુષ્ઠાન કહયું છે–૧ પ્રીતિયુક્ત, ૨ ભક્તિયુક્ત, ૩ વચનપ્રધાન, અને ૪ અસંગ અનુષ્ઠાન છે. ॥ જે અનુષ્ઠાન કરે તેમાં બાળક આદિને જેમ રત્નમાં તેમ ઋજુસ્વભાવી જીવને અનુષ્ઠાનમાં જે પ્રીતિ સહિત વધે તે **प्रीति अनुष्ठान** કહ્યું છે ॥ [1]જો કે સ્ત્રી અને માતાનું પાલન આદિ કરવું તુલ્ય છે, પરન્તુ સ્ત્રીનું પાલન પ્રેમ–પ્રીતિ ગત છે, અને માતાનું પાલન ભક્તિગત છે તેમ અહિં **भक्ति अनुष्ठान**માં પણ પ્રીતિ અને ભક્તિયુક્ત અનુષ્ઠાનનો ભેદ જાણવો. ॥ પુનઃ જીનેશ્વર–મુનિ અને ચૈત્યની સૂત્ર–સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે વંદના કરે તે **वचनानुष्ठान** નિશ્ચયથી ચારિત્રીને હોય છે. ॥ વળી અભ્યાસના રસથી (વશાથી) ફળની ઈચ્છા વિના અને સૂત્રની વિધિ જાણ્યા વિના જે અનુષ્ઠાન કરે તે નિપુણ બુદ્ધિમાનોએ **असंगानुष्ठान** જાણવું. ॥ કુંભારના ચક્રનું ભ્રમણ પ્રથમ દંડથી હોય છે, ત્યારબાદ દંડના અભાવે પણ ભ્રમણ થાય છે, તેમ વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન એ બેમાં ભેદ જાણવા–કહેવામાં એ [2]દૃષ્ટાન્ત છે. ॥ બાલ આદિ જીવોને

---

૧ પ્રથમ ભક્તિ અનુષ્ઠાનનું સ્વરૂપ દર્શાવ્યા વિના આ ગાથા પ્રીતિ ભક્તિમાં શું વિશેષ છે તે સંબંધિ કહી છે, તો કદાચ વચ્ચે ગાથા ત્રુટક પડી હોય અથવા તો વિશેષતા ઉપરથીજ ભક્તિ અનુષ્ઠાનનું સ્વરૂપ સમજાવવા પ્રથમ કહી હોય તે શ્રીગ્રંથકાર જાણે. ભક્તિ અનુષ્ઠાન એટલે ભક્તિ બહુમાન પૂર્વક અનુષ્ઠાન કરવું તે.

૨ અર્થાત્ પ્રથમ સિદ્ધાન્તની વિધિ પ્રમાણે અનુષ્ઠાન કરતાં

પ્રાયઃ પ્રથમ ભાવના અંશથી (કિંચિત્ ભાવવાળું) અનુષ્ઠાન હોય છે, અને ત્યારબાદ નિશ્ચયે આગળ આગળ વૃદ્ધિ (ભાવવૃદ્ધિ)વાળું અનુષ્ઠાન થાય છે. ॥ તે કારણથી એ ચારે પ્રકારનું અનુષ્ઠાન પણ [1]પહેલા રૂપિઆ સરખું જાણવું, કારણ કે મુનિનું સર્વ અનુષ્ઠાન મોક્ષનું કારણ કહેલું છે. ॥ વળી સમ્યક્ અનુષ્ઠાનના કારણરૂપ એવું (સમ્યગ્ અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવનારૂં) બીજા રૂપિઆ સરખું અનુષ્ઠાન એકાન્તે (સર્વથા) દુષ્ટ નથી, જે કારણથી પૂર્વાચાર્યોએ કહ્યું છે કે– ॥ ૨૩૧–૨૪૦ ॥

અશઠજીવની (ઋજુજીવની) અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ ક્રિયાનું કારણ છે. જેમ અંદરથી નિર્મળ એવું રત્ન સુખે કરીને બાહ્ય મેળનો ત્યાગ કરે છે. ॥ તથા માયામૃષા આદિ દોષની પ્રાપ્તિવાળી ત્રીજા રૂપીઆ સરખી અનુષ્ઠાન ક્રિયા કારિસરૂપીઆના (બનાવટી રૂપીયાના) વ્યાપાર માફક મહા અનર્થ કરનારી છે. ॥ એ (ત્રીજા રૂપિયા સરખી ક્રિયા) પ્રાયઃ અજ્ઞાનથી અશ્રદ્ધાથી કર્મના ભારીપણાથી ભવાભિનંદિ જીવોને હોય છે. ॥ વળી ઉભયહીન (ચોથા રૂપિઆ સરખી) અનુષ્ઠાન ક્રિયા નિશ્ચયથી (અથવા નિયમના) આરાધન વિરાધનવાળી કહી

---

કરતાં એવો અભ્યાસ થઇ જાય કે પછી જે અનુષ્ઠાન થાય તે સ્વાભાવિક રીતે સિદ્ધાન્તની વિધિવાળું હોય અને મોક્ષાભિમુખી હોય.

૧ રૂપિઆનુ દ્રષ્ટાન્ત પૂજાવિધિના પ્રસંગમાં હમણાંજ કહેવાઇ ગયું છે તે ચાર પ્રકારના રૂપિઆ આ પ્રમાણે—૧ શુદ્ધ રૂપુ શુદ્ધ શિક્કો, ૨ શુદ્ધ રૂપુ અશુદ્ધ–ખોટો શિક્કો, ૩ ખોટુ રૂપુ શુદ્ધ શિક્કો અને ૪ ખોટુ રૂપુ ખોટો શિક્કો.

છે. (કારણ કે) વિષયાભ્યાસના[1] ગુણથી કોઈ વખતે પણ સુખનું કારણ થાય છે.॥ જેમ કોઈ શ્રાવકનો પુત્ર ઘણીવાર જીનપ્રતિમાના દર્શનગુણ વડે પુણ્યકાર્ય ન કરવા છતાં પણ મરણ પામીને મત્સ્યનાભવમાં સમ્યકૂત્વ પામ્યો.॥ પુનઃ ભવ્ય જીવોને છેલ્લા પુગ્દલ પરાવર્તમાં છેલ્લા (યથાપ્રવૃત્ત) કરણમાં પ્રાયઃ વિના પ્રયાસે સમ્યકૂત્વ ગુણોપયોગવાળાને ( સમ્યકૂત્વ સન્મુખ થયેલાઓને તે વચનાનુષ્ઠાન) હોય છે.॥ તે કારણ માટે શ્રીજીનભક્તિને વિષે વચનાનુષ્ઠાન જ ગુણનું કારણ છે, પરન્તુ તે અનુષ્ઠાન અનાશાતનાપ્રભવ (અશાતના રહિત) કર્યું છતું ફળયુક્ત થાય છે. ॥ (તે અશાતનાઓ આ પ્રમાણે–) જીન-ચૈત્યમાં મૂત્ર–વિષ્ઠા–જળાદિકનું પીવું–પગરખાં પ્હેરવાં–ખાવું, સૂવું, સ્રીસંગ કરવો, તંબોળખાવું, થૂકવું, જુગાર રમવો, જૂ વિગેરે જોવી, વિકથા કરવી, પલાંઠી વાળવી, પગ પસારવા, પરસ્પર વિવાદ કરવો, હાસ્ય કરવું મત્સરિકા કરવી, (ઈર્ષ્યા કેળવવી), સિંહાસનાદિકનો ઉપયોગ કરવો, કેશ શરીરની વિભૂષા કરવી, છત્ર રાખવું, ખડ્ગ રાખવું, મુકુટ પ્હેરવો, ચામર ધરાવવું, ધરણ (અપકારીને તથા દેવાદારને પકડવો), સ્રી સાથે હાસ્યરસ કરવો, તથા ખિડ્ડપ્રસંગ (ક્રિડા–રમત), મુખકોષ ન બાંધવો, મેલું શરીર–વસ્ત્ર પ્હેરવું, જીન પૂજા કરતાં મનને એકાગ્ર ન કરવું, સચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરવો, અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો, એક સાડી ઉત્તરપટ

---

૧ જ્ઞાન અને વિધિ વિના પણ સ્વભાવિક ટેવ રૂપ અભ્યાસ ગુણથી હોય છે.

ન કરવું, જીન દષ્ટિએ અંજલિ ન જોડવી, જીનેશ્વરને દેખવા છતાં અપૂજા (નમસ્કારરૂપ પૂજન) ન કરવી, અથવા, અનિષ્ટ કુસુમ વડે પૂજા કરવી, તથા અનાદર કરવો, જીનેન્દ્ર દ્વેષીને ન નિવારવો, ચૈત્યદ્રવ્યની ઉપેક્ષા કરવી, છતી શક્તિએ વાહન રાખવું, પ્રથમ ચૈત્યવંદનાદિ (કરવું) એ પ્રમાણે જીનભુવનમાં રહેલાઓનો એ ૪૦ આશાતનાઓ જાણવી ॥ ૨૪૧–૨૫૪ ॥

તે કારણ માટે સર્વપ્રકારે શ્રીજીનેન્દ્રની આશાતના વર્જવી, એજ સમ્યગૂદૃષ્ટિ જીવોનો ઉત્તમ વિધિપક્ષ જાણવો. ॥ ભક્તિ–બહુમાન–વર્ણસંજ્વલના[1]–આશાતનાદિનો ત્યાગ-પ્રત્યનિકના સંગનો ત્યાગ છતે સામર્થ્યે પ્રત્યનિક સામે નિગ્રહ કરવો–વિધિમાર્ગનું જોડવું–સમ્યક્પ્રકારે સ્થાપન તથા અવિધિનો ત્યાગ અને વિધિની સેવા એ શ્રદ્ધાના ૮ ગુણયુક્ત હોય તે સંપૂર્ણ વિધિવાળો જાણવો. ॥ જેમ અતિવિશુદ્ધ એવું થોડું પથ્ય રાખ્યું હોય તોપણ રોગ રહિત કરે છે, તેમ વિધિ વડે કરેલું અનુષ્ઠાન અતિશય ફળ આપે છે ॥

---

૧ વર્ણસંજ્વલના એટલે સદ્‌ભૂત ગુણોત્કીર્ત્તન અર્થાત્ છતા ગુણનું વર્ણન–પ્રશંસા કરવી. તે વર્ણસંજ્વલના ચાર પ્રકારની છે. ૧ ભવ્યજીવો આગળ વર્ણન–પ્રશંસા કરે તે **वर्णवादी**, ૨ અવર્ણવાદીનો નિગ્રહ કરે તે **अवर्णवादीप्रतिहन्ता**, ૩ વર્ણવાદ બોલનાર પ્રત્યે ઉપકાર કરવો ઉત્તેજન આપવું તે **वर्णवादी-अनुबृंहयित्ता**, અને ૪ જેના પોતે વર્ણવાદ બોલે છે તેની સેવા કરનારો થાય તે **आत्मवृद्धिसेवी**. ઈતિ શ્રી ઠાણાંગ સૂત્રે.

જે કારણ માટે આ અનુષ્ઠાનમાં સમ્યગ્દૃષ્ટિ જીવને અનુબંધ[1] હિંસા (જેમ) થતી નથી તેમ અવિધિ વડે વિચિત્ર ફળવાળી એવી હેતુપયોગ[2] હિંસા હોય છે. ॥ તથા દુષ્ટાનુયોગ (સાવદ્યયોગ)નો નાશ કરનારી, તથા સમ્કક્ત્વ તત્ત્વરૂપ ફળને ઉત્પન્ન કરનારી કરણી–ક્રિયા તે સ્વરૂપહિંસા[3] છે, અને જે જે સ્વરૂપહિંસા તે તત્ત્વદૃષ્ટિએ) અહિંસા જ છે અને તે ગુણશ્રેણિમાં પ્રાપ્ત થએલા કર્મદલિકોનો નાશ કરનારી છે. ॥ ૨૫૫–૨૬૦ ॥

ચારિત્રયુક્ત એવા ભવ્ય જીવોની નિશ્ચયગત અથવા વ્યવહારગત એવી તથા મનને ઉલ્લાસ પમાડનારી જે ધર્મક્રિયામાં થતી) હિંસા તે તત્ત્વથી અહિંસા જ કહી છે. ॥ અને અહિં યોગક્રિયા[4] તથા ફળની વંચનાવાળી ક્રિયામાં ચારગતિમાં ભ્રમણ કરવાના કારણવાળી ક્રિયા હોવાથી તે (સ્વરૂપે) અહિંસા હોય તોપણ હિંસા છે. ॥ એ પ્રમાણે સર્વ સ્થાને દ્રવ્યસ્તવ ભાવસ્તવનું આદરવું ( વિધિપૂર્વક અને હિંસા રહિત ) હોય છે, અને ચારિત્રાદિકના સદનુષ્ટાનમાં તો વિશેષ કરીને દ્રવ્યસ્તવ ભાવસ્તવનો સ્વીકાર (વિધિપૂર્વક અને અહિંસા સ્વરૂપ જ) જાણવો. ॥ જીત–ધર્મ–કલ્પ–ભક્તિ–સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ અને જીન પ્રતિમાની પૂજા તે અલ્પ સંસાર કરનારી જાણવી (અથવા અલ્પસંસાર

---

૧–૨–૩ એ પ્રમાણે અહિં ગર્ભિત રીતે અનુબંધહિંસા–હેતૂપયોગહિંસા - અને સ્વરૂપહિંસા એ ત્રણ પ્રકારની હિંસાનું સ્વરૂપ પણ કહ્યું.

૪ એ પ્રમાણે અહિં યોગવંચના–ક્રિયાવંચના - અને ફળવંચના એમ ત્રણ પ્રકારની વંચના દર્શાવી.

કરનારી એવી જીન પ્રતિમાની પૂજા જીત (આચાર) છે, ધર્મ છે, કલ્પ છે, ભક્તિ છે, અને સર્વસ્થાને ઉચિત પ્રવૃત્તિ વાળી છે.॥ ચૈત્ય-પ્રતિમાનું રૂપ-અને જીનેન્દ્રની આજ્ઞા સંસાર પાતળો કરનારી આરોગ્ય કરનારી તથા બોધીલાભ (સમ્યક્ત્વ) ઉત્પન્ન કરનારી અને અમૃતક્રિયા[1] સરખી અમિત (ઘણું) ફળ આપનારી છે.॥ દ્રવ્યસ્તવ ભાવસ્તવ ઇત્યાદિ ભેદથી શુભયોગ અને શુભફળોના સંપૂર્ણ પૂજા શબ્દના પર્યાયો છે.॥ છેલ્લો પુગ્દલપરાવર્ત્ત પ્રાપ્ત થતાં જીવને વિષે જ્યારે માર્ગાનુસારી ક્રિયા ફળવતી થાય છે ત્યારે તે પરમપુન્ય ફળવાળી થાય છે.॥ અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે તો તે બોધિ ઉત્પન્ન કરનારી પરમ ક્રિયા મનને અતિ આલ્હાદજનક અને અત્યંત કરૂણાનિધિ (દયાના ભંડાર) સરખી હોય છે.॥ પુનઃ ચારિત્ર ભાવ પ્રાપ્ત થતાં તો તે ક્રિયા કલ્યાણ ફળવાળી, આત્મભાવમાં ઉત્કૃષ્ટ, ઉત્તમ, સિદ્ધાન્તના સારવાળી, અને ભાવસ્તવ નામથી નિર્માણ થયેલી હોય છે.॥ ગુણવંત (ગુણસ્થાનવર્તી) જીવો જે જે ગુણમાં (ગુણસ્થાનમાં) જેટલો યોગ પ્રયુંજે છે, (તેટલા યોગવાળી તે ક્રિયા ) અભ્યસ્તયોગયુક્ત[2] અને ઉત્તમોત્તમ ગુણ સમુહથી અદ્દભૂત-આશ્ચર્યકૃત્ હોય છે ॥૨૬૧-૨૭૦॥

---

૧. વિષક્રિયા-ગરલક્રિયા-અનનુષ્ઠાનક્રિયા-તધ્ધેતુક્રિયા-અને સર્વોત્કૃષ્ટ અમૃતક્રિયા એ પાંચ ક્રિયામાંની છેલ્લી અમૃતક્રિયા તન્મયચિત્ત રૂપ અને શીઘ્ર ફલદાયી જાણવી.

૨. એકજ ક્રિયામાં વારંવાર પરિશિલન કરેલ યોગ તે અભ્યસ્ત યોગ.

યથોક્ત (શાસ્ત્રોક્ત) આજ્ઞામાં તત્પર એવા મુનિઓને ભાવના વડે (અનિત્યાદિ ભાવનાઓવડે) ભાવસ્તવ હોય છે, અને ગૃહસ્થોને પહેલો દ્રવ્યસ્તવ પણ હોય છે, અને ભાવસ્તવ દેશથી હોય છે. ॥ ઉગ્રવિહાર પણું તે ભાવાર્ચન, અને જીનપૂજા તે દ્રવ્યાર્ચન કહેવાય. ભાવાર્ચનથી ભ્રષ્ટ થયેલ જીવે દ્રવ્યાર્ચનમાં ઉદ્યમવાળા થવું.॥ પરન્તુ સાધુનો વેષ ધારણ કરનાર એવો જે મુનિ કેવળ વેષ માત્ર વડે આ-જીવિકા કરવામાં તત્પર છે, તેને દ્રવ્યસ્તવ ઉચિત નથી, કારણ કે શાસનની નિંદા થાય છે.॥ તે લિંગધારીઓએ સામાચારી–કલ્પ–માર્ગ–પ્રવચનપ્રભાવનાદિ–અને ઉત્તમ સમ્ય-ક્ત્વરત્ન એ સર્વ અત્યંત રીતે લૂંટયું છે વિરાધ્યું છે એમ જાણવું.॥ જો શુદ્ધ એવા યતિલિંગને આચરવા સમર્થ ન હોય અને પૂજાની આકાંક્ષાવાળો હોય તો ગૃહસ્થલિંગને ગ્રહણ કરે, કારણ કે લિંગધારી મુનિ પૂજવા યોગ્ય હોતો નથી.॥ જો દ્રવ્યલિંગીઓએ જીન ચૈત્યે ગ્રહણ કર્યું હોય તો (જીન ચૈત્ય) અવદ્ય[1] (સાવદ્ય) જાણવું, અને સાધુ તેના ઉદ્ધારને માટે (તે ચૈત્ય પુનઃ ગ્રહણ કરવાનો) ઉપદેશ ન આપે અપાવે.॥ ચૈત્યવાસી વિશિષ્ઠ જો કે જીનાલય છે તો પણ તે સાવદ્ય છે, તે કારણ માટે કમળપ્રભાચાર્યે આ સંબંધમાં દ્રષ્ટાંત આપ્યું છે.॥ (તે આ પ્રમાણે–) જે જીન ભક્તિ અનાર્યલિંગીઓના (લિંગધારીઓના) સાવદ્યોવડે (સાવદ્ય વ્યાપારો વડે) કરાય છે તે પ્રતિમા અને પ્રાસાદ વિગેરે (ની ભક્તિ) બોધિ રૂપી ચન્દનવૃક્ષને (બાળવામાં)

---

૧ પાપવાળુ.

અગ્નિ સરખી છે.॥ (ઇતિ કમલ પ્રભાચાર્યોક્ત દ્રષ્ટાન્તઃ) જેમ વિષ અંશ માત્ર હોય તો પણ ઘાત કરનાર છે, તેમ લિંગિકૃત દ્રવ્ય પૂજા પોતાના ગુણોનો નાશ કરે છે, બોધિ હણે છે, તે કારણથી લિંગિઓએ કદીપણ દ્રવ્યપૂજા ન કરવી.॥ જો લિંગધારી દ્રવ્યપૂજાનો રસિક હોય તો ગૃહસ્થલિંગનો સંચય કરે, કારણ કે સિદ્ધાન્તમાં પૂજા કરનાર દ્રવ્યલિંગીને દેવભોજી કહ્યો છે. ॥૨૭૧-૨૮૦॥.

તે કારણથી શાસનની નિન્દા ટાળવાને અર્થે જીનાજ્ઞાના પરિપાલનરૂપ શુદ્ધ ભાવ પૂજાજ કરવી. ॥ આશાતનાની જો પ્રવૃત્તિ થતી હોય, અને જે પ્રવૃત્તિ અથવા પ્રતિપત્તિ-ભક્તિ જીનાજ્ઞાના ભંગને માટે થતી હોય તો તે ભક્તિપણ સંસાર વધારવાવાળી અભક્તિજ જાણવી.॥ ન વિધિએ કરેલી સર્વોપચારી પૂજા સર્વ મંગલ કરનારી બોધિફલ આપનારી અજ્ઞાન રૂપ અંધકારને હણનારી, તથા લાખો ગુણને ( આધારરૂપ ) પૃથ્વી સરખી છે. ॥ યોગાતીત ( અયોગી ) અને અતિશય ગુણવાળા ( એવા જીનેન્દ્રો )ના જ્ઞાન વિજ્ઞાન શરીર અને રૂપ તથા પરાક્રમ અને બળ ત્રણ ભુવનથી પણ અધિક વર્ણવાય છે-કહેવાય છે.॥ તેવા જીનેન્દ્રોની સ્થાપના ભવ્યજીવોને અત્યંત ગુણકારી કહી છે. અને સર્વસ્થાને નિશ્ચયે દેવાદિકો વડે પણ તે સ્થાપના પૂજ્ય ગુણવાળી છે.॥ જો જીનેન્દ્રનું ગુણસમૃદ્ધ (ગુણરૂપ ઋદ્ધિ યુક્ત) એવું નામ પણ લોકના ભવરૂપી ભયનો વિનાશ કરનાર છે તો જીનેન્દ્રની પ્રતિમા સર્વ લોકને અધ્યાત્મનું મહાત્મ્ય (આત્મગુણ પ્રગટ) કેમ ન કરે? ॥ તથા જે નામ ગ્રહણ કરે છે તે

નામગ્રહણમાં પણ તથા પ્રકારના રૂપવાળી કે રૂપ વિનાની અમુક પ્રમાણવાળી જીનેન્દ્રોની પ્રતિમાજ તેના દ્રવ્ય-પર્યાયો વડે સ્મરણ કરાય છે અને તેની મુક્તિ થાય છે (અથવા તે મૂર્તિજ છે). ॥ ગૃહિજીન છદ્મસ્થ મુનિ જીન અથવા બીજા ભેદવાળા જીનેશ્વરોની જ્યાં તેમની પ્રતિમા છે, ત્યાં સર્વ ઋદ્ધિગુણસહિત અર્હન્‌જીનેશ્વર નામ યુક્ત જીનેશ્વર છે-( અથવા બીજી રીતે અર્થ કરતાં ) જ્યાં સમસ્ત ઋદ્ધિ ગુણ સહિત અરિહંત જીનેશ્વર નામ યુક્ત જીનેશ્વર છે ત્યાં ગૃહસ્થજીન, છદ્મસ્થમુનિજીન, અથવા બીજા ભેદવાળા જીનેશ્વરોની તે પ્રતિમા છે ( અર્થાત્ જ્યાં નામ ત્યાં પ્રતિમા અને જ્યાં પ્રતિમા ત્યાં નામ જીનેશ્વરનું ગ્રહણ થાય છે.)॥ શ્રી જીનેન્દ્ર ભગવંત સંસારમાં ભ્રમણ કરતા હોય છે તે વખતે પણ બીજું ત્રીજું ગુણસ્થાન-ક્ષુલ્લકભવ સૂક્ષ્મ-સાધારણ વનસ્પતિ[1] આદિ (અથવા ક્ષુલ્લકભવયુક્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ આદિ ) દુષ્ટ ભાવોને સ્પર્શતા નથી. ॥ ૨૮૧-૨૮૯ ॥

## ॥ अभव्यजीवोए नहि स्पर्शेला भाव ॥

જેમ અભવ્ય જીવોએ આગળ કહેવાતા ભાવો સ્પર્શ્યાનથી તે ભાવો ઈન્દ્ર પણું-અનુત્તરદેવપણું-૬૩ શલાકા

---

૧. અવ્યવહાર નિગોદમાં જો કે તીર્થંકરનો જીવ અનાદિ કાળથી વર્તતો હોય છે પરન્તુ બીજા અવ્યવહારી જીવો કરતાં કંઇક વિશેષતા યુક્ત હોય છે, એ પ્રમાણે એકેન્દ્રિયાદિ દરેક ભાવમાં પણ કંઇક પ્રશસ્ત એકેન્દ્રિયત્વાદિવાળા હોય છે-ઇત્યાદિ ભાવાર્થ ષટ્પુરૂષ ચરિત્રમાં કહ્યો છે.

પુરૂષપણું-નારદપણું-કેવલિ અથવા ગણધરને હાથે દીક્ષા-તીર્થંકરનું સંવત્સરી દાન-શાસનદેવીપણું-શાસનદેવપણું-લોકાન્તિકદેવનું સ્વામીપણું-ત્રાયસ્ત્રિશત્ દેવપણું-પરમાધામીપણું-યુગલિક મનુષ્યપણું-સંભિન્નશ્રોત લબ્ધિ-પૂર્વધર લબ્ધિ-આહારકલબ્ધિ - પુલાકલબ્ધિ - મતિજ્ઞાનાદિકઉત્તમલબ્ધિ-સુપાત્રદાન-સમાધિમરણ-ચારણદ્વિકપણું (વિદ્યાચારણ-જંઘાચારણપણું-) મધુઆશ્રવલબ્ધિ-સર્પિરાશ્રવલબ્ધિ-ક્ષીરાશ્રવલબ્ધિ અક્ષીણમહાનસીલબ્ધિ--તીર્થંકર અથવા તીર્થંકરની પ્રતિમાના અંગપરિભોગમાં આવવાના કારણવાળું પૃથ્વિ આદિ ભાવ--એ સર્વ અભવ્યજીવોએ પ્રાપ્ત કર્યા નથી.॥ વળી અભવ્ય જીવો ચૌદરત્નપણું તથા વિમાનનું અધિપતિપણું તથા સમ્યક્ત્વ-જ્ઞાન-સંયમ-તપ આદિ ભાવ તથા ભાવદ્વિક (ઉપશમભાવ--ક્ષાયિકભાવ) પણ પ્રાપ્ત કર્યા નથી.॥ વળી જીનેશ્વરોની અનુભવ સહિત ભકિત (શ્રદ્ધા યુકત ભકિત) સ્વધર્મીવાત્સલ્ય સંવેગપણું અને સંવેગપક્ષીપણું પણ અભવ્યજીવે પ્રાપ્ત કર્યું નથી.॥ વળી અભવ્ય જીવ જીનેશ્વરના પિતામાતા સ્રીપણુ ન પામે જીનેશ્વરને ભિક્ષા નઆપે-તથા યુગપ્રધાનપણું-અચાર્યાદિ[1] ૧૦ પદ-તથા પારમાર્થિક ગુણવાળું આત્મપણું ન પામે.॥ તથા અનુબંધ અહિંસા-હેતુ અહિંસા અને સ્વરૂપ અહિંસા એ ત્રણ પ્રકારની અહિંસા શ્રીજીનેશ્વરોએ કહી છે એ ત્રણ અહિંસાને દ્રવ્યથી કે ભાવથી બન્ને રીતે અભવ્યજીવો સ્પર્શતા નથી **इति अभव्याप्राप्यभावाः॥** સમ્યગ્દ્રષ્ટિ જીવને-મુનિને-તથા

---

૧ આચાર્ય ઉપાધ્યાય. તપસ્વી. ગ્લાન. નવદીક્ષિત. સાંભોગીક સામાન્ય સાધુ. કુલ. ગણ. અને સંઘ.

અકષાયીને (વીતરાગને) એ ત્રણે પ્રકારે અહિંસા હોય છે. તથા (મુક્તિમાર્ગમાં) ઉદ્યુક્તને અનુદ્યુક્તને (ઉદ્યમી અનુદ્યમી-અપ્રમાદી પ્રમાદીને-અથવા ઉપયોગી અનુપયોગીને) દ્રવ્યથી[1] અને ભાવથી એમ બન્ને પ્રકારે અહિંસા હોય છે-અથવા ઉદ્યુક્તાનુદ્યુક્ત એટલે દેશવિરતને બન્ને અહિંસા હોય છે. ॥ જીનેન્દ્રપૂજામાં જો કે પ્રસંગજન્ય કાયવધ (જીવહિંસા) છે, તો પણ જીનેન્દ્રપૂજા નિરવદ્ય-નિષ્પાપ છે. જે કારણથી નિસિહિકરણને[2] વિષે સર્વત્ર (સર્વજીવો પ્રત્યે) મૈત્રીભાવ પ્રગટ રીતે વર્તે છે ॥ ૨૯૦-૩૦૦ ॥

શ્રાવકના ચાર ભેદ છે—૧ વિરત, ૨ સર્વથી વિરત, ૩ વિરતાવિરત, ૪ સર્વથી વિરતાવિરત એ ચાર પ્રકારના શ્રાવક છે (સ્વરૂપ આગળની ગાથામાં કહે છે).॥ મિથ્યાત્વી અને એકલો સમ્યગ્દ્રષ્ટિ અવિરતિ અને વિરતાવિરત તેમજ પૂર્ણ ભાવનાવાળો અને સંયમના અભાવવાળો એવા દેશવિરતિ તથા સંપૂર્ણ વિરતીવાળા.॥ તેમાં પ્રથમ ભેદવાળા શ્રાવકોની જે ક્રિયા તે અનુબંધ ભાવજન્ય અહિંસા છે, અને બીજા શ્રાવકભેદવાળાઓની ક્રિયા અધ્યવસાયના વિશેષથી આગળના બીજા બે ભેદવાળી (હેતુ અહિંસા અને સ્વરૂપ-અહિંસાવાળી) છે. ॥ વળી અભિગમન-વંદન-અને નમસ્કાર

---

૧ અહિં સૂત્રની ગતિ ઉત્ક્રમ ( ક્રમરહિત ) પણ હોય છે તે નિયમ પ્રમાણે ઉદ્યુક્તને ભાવ અહિંસા, અને અનુદ્યુક્તને દ્રવ્ય અહિંસા એ અનુક્રમ વિચારવો.

૨ નિસિહિકરણે એટલે નિશિથસૂત્રમાં ( પૂજા કરનારને સર્વ-જીવો પ્રત્યે મૈત્રીભાવ કહ્યો છે ).

એ કૃત્યો તો સાધુઓને પણ પ્રત્યક્ષ–પ્રગટ–સ્પષ્ટ છે. કારણ કે એ કૃત્યોનો સાધુને માટે નિષેધ કર્યો નથી તો નહિં નિષેધ કરેલું કાર્ય અનુમત (સ્વીકારેલુ) ગણાય એ નિયમ છે માટે (સાધુને પણ કરવા યોગ્ય હોવાથી તે અભિગમનાદિ કૃત્યો) નિરવદ્યરૂપ (નિષ્પાપ) છે. ।। અરિહંત–સિદ્ધ–ચૈત્ય-ગુરૂ–શ્રુત–સમ્યક્‌ત્વ–-સાધુવર્ગ–આચાર્ય–-ઉપાધ્યાય–પ્રવચન-- અને સર્વસંઘને વિષે, એ અરિહંતાદિક પ્રત્યે ભક્તિવાળા અને યથાયોગ્ય પૂજા કરતા એવા મનવાળા (સમ્યક્‌ત્વ-સંજ્ઞાવાળા) કે અમના (ભદ્રક મિથ્યાદ્રષ્ટિઓ) તથા શ્રમણપણું અંગીકાર કરનારા એ જીવો સર્વ પરિતસંસારી-અલ્પસંસારી થાય છે. ।। એ પ્રમાણે સિદ્ધાન્તના વચનને પોતાના ચિત્તમાં ધારણ કરનાર મહાસત્ત્વવાળાજીવો અરિહંત-પદના અર્થવાળા....[1]આઠે....નિક્ષેપાદિકને વિષે ભક્તિવાળા થાય છે. ।। જીવને જ્ઞાનાવરણીયનો તથા દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં [1]આઠે ભાગોમાં સર્વસ્થાને લાભ થાય છે.।। પ્રતિમામાં તીર્થંકરના ગુણ નથી. એ પ્રમાણે શંશય નહિ કરતો અને આ તીર્થંકરજ છે એમ જાણીને નમસ્કાર કરતો તે જીવ ઘણી નિર્જરા પામે છે. ।। જેમ સર્વ ગુણો વડે સંપૂર્ણ એવા સિદ્ધો સત્તાએ છે (લોકમાં વિદ્યમાન છે) પરન્તુ વ્યક્ત સ્વરૂપે(પ્રગટ દેખાતા) નથી,તેમ [2]અધ્યાત્મયોગ-

---

૧ શુદ્ધ અને અશુદ્ધ ભેદે ૮ ભાંગા થાય છે તે આ પ્રકરણની ચાલુ દેવતત્ત્વની ૩૩૧મી ગાથામાં કહ્યા છે.

૨ શ્રી આવશ્યક સૂત્રમાં અધ્યાત્મ એટલે ચિત્ત એવો અર્થ કર્યો છે.

વડે દ્રવ્યસિદ્ધરૂપ પ્રતિમા જાણવી[1] (અથવા પ્રતિમા દ્રવ્ય-સિદ્ધરૂપ જાણવી). ॥ ૩૦૧-૩૧૦ ॥

જો એમ ન હોય તો નિશ્ચયે તે પ્રતિમાની ભાવના ભાવતા ભવ્ય જીવોને તથા પ્રકારનું સિદ્ધરૂપપણું નિશ્ચયથી પ્રગટ કેમ કરે છે ? ॥ જો પ્રતિમાનું ધ્યાન કરનારને વિશુદ્ધ હેતુ આત્મભાવની પ્રગુણતા-કુશળતા ઉત્પન્ન કરે છે, તો બીજી સર્વે પ્રતિમાઓ સ્ત્રી વિગેરેની પ્રતિમાઓ પણ ગુણ-કારી હોઇ શકે ( એ પ્રમાણે શંકા થતાં આચાર્ય પૂછે છે કે ) તો તેથી શું (કહેવા ઇચ્છો છો ?) ॥ ( ત્યારે શંકાકાર કહે છે કે જો જીનેશ્વરનું કહેલું સાધુલિંગ-સાધુવેષ તેને નમસ્કાર કરનારને પણ ઘણી નિર્જરા થાય છે । અને તે વેષ ગુણ રહિત) તેવી રીતે જોકે ગુણવિહિન[3] એવી પણ સ્ત્રી

---

૧ ભાવાર્થ એ છે કે જેમ સિદ્ધ વિદ્યમાન છે પરંતુ દેખાતા નથી તેમ પ્રતિમામાં પણ અરિહંતના-સિદ્ધનાં ગુણો-વિદ્યમાન છે પરંતુ સ્પષ્ટ ઉપલબ્ધ થતા નથી. કારણ કે ગુણોનો આરોપ કરીને જ પ્રતિમાને પૂજ્ય માનેલી છે માટે.

૨ દ્રવ્યસિદ્ધરૂપ એટલે વિહરમાન અરિહંતરૂપ.

૩ આ ગાથા શ્રી આવશ્યક સૂત્રમાં લિંગધારીઓને વંદના નહિ કરવાના પ્રકરણમાં ( વંદના અધ્યયનમાં ) છે, તેથી ત્યાં **जइविगुणविप्पहीणं, 'दइ अज्झप्पसोहिए** એનો અર્થ જો કે લિંગધારી ગુણ રહિત છે તો પણ તેને અધ્યાત્મશુદ્ધિ વડે-ચિત્તશુદ્ધિ વડે વંદના કરાય, એવો શંકાકારનો આશય છે, પરન્તુ આ સ્થાને તો પ્રતિમાનો અધિકાર ચાલતો હોવાથી **जइवि गुण विप्पहीणा,**

આદિકની સર્વ પ્રતિમાઓને પણ અધ્યાત્મવિશુદ્ધિ વડે-એટલે ચિત્તશુદ્ધિ વડે વંદના કરી શકાય. ॥ (હવે આચાર્ય ઉત્તર આપે છે કે–) તીર્થંકરભગવંતને વિષે તીર્થંકરના સદ્‌ગુણોજ વિદ્યમાન છે (પણ દુર્ગુણ વિદ્યમાન નથી), અને તેમની આ પ્રતિમા છે એવું તેઓનું (પ્રતિમાની પૂજા કરનારનું આધ્યાત્મ (ચિત્ત) હોય છે, અને તે તીર્થંકરમાં સાવદ્ય ક્રિયા હોતી નથી તેથી આ પ્રતિમામાં પણ સાવદ્ય ક્રિયા નથી (પરન્તુ નિરવદ્યક્રિયાવાળી પ્રભુની આ પ્રતિમા છે) એવું પૂજકોનું ચિત્ત હોય છે (જેથી તીર્થંકરની પ્રતિમાની પૂજામાં ગુણ છે) અને તે સિવાયની બીજી પ્રતિમાઓ (નીપૂજામાં) તો નિશ્ચયે સાવદ્ય ક્રિયાઓ સમનુમત (વંદન કરવાથી અનુમોદના કરી) ગણાય છે (કારણકે બીજી સ્ત્રીઆદિકમાં સાવદ્યગુણો છે જેથી તે સ્ત્રીઆદિકની પ્રતિમાઓમાં પણ પૂજકનું ચિત્ત આ સાવદ્યગુણવાળી પ્રતિમા છે એવું રહે છે જેથી અવગુણકારી છે–ઇતિભાવાર્થઃ[1]) ॥ જેમ પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી તેમ ઈતર નિરવદ્યક્રિયા પણ નથી તો તેના (તે નિરવદ્યક્રિયાના અભાવે ફળ (પુન્યફળ) પણ નથી, અને જો કહો કે ફળ છે તો તે અહેતુક છે (અર્થાત્ ફળનું કારણ

---

**वंदइ अज्झप्पसोहीए** એટલે "જો કે સ્ત્રીઆદિકની સર્વ પ્રતિમા ગુણહીન છે તોપણ ચિત્તની શુદ્ધિ વડે (ગુણવાળી) જાણીને વંદાય" એવા ભાવમાં શંકાકારના પક્ષ તરીકે અર્થ ઉતાર્યો છે. આ પ્રકરણના મૂળપાઠમાં **गुणविप्पहीणा** એવા છે તે સ્ત્રીલિંગે પ્રથમાના બહુવચનમાં કર્મણિ પ્રયોગે છે.

૧-૨-૩ એ ત્રણ ગાથાઓ ચાલુ ગ્રન્થમાં કિંચિત્ અશુદ્ધ છે.

નહિ છતાં ફળ છે તો નિર્હેતુકફળની પ્રાપ્તિ માનતાં જીવનો મોક્ષપણ અકસ્માત રીતે હેતુવિના થાય એમ માનવું પડે) એ શંકાકારનું કથન છે.[૨] ॥ (હવે આંચાર્ય ઉત્તર આપે છે કે)–(એ રીતે પ્રતિમાને વિષે બન્ને ક્રિયાનો અભાવ છે) એમ માન્ય રાખીએ છીએ તોપણ મનની વિશુદ્ધિ વડે ફળ તો છેજ, અને તે મનની વિશુદ્ધિનું કારણ પણ પ્રતિમાજ છે. ॥ ("તો એ પ્રમાણે મનની વિશુદ્ધિ વડે કેવળલિંગ પણ શુભ ફળદાયક થાય" એ પ્રમાણે શંકાકારે કહ્યે છતે આચાર્ય કહે છે કે–) જો કે જેવી પ્રતિમા છે તેવું મુનિ-ગુણસંકલ્પનું કારણ લિંગ (દ્રવ્યલિંગ) છે, (પરન્તુ તફાવત એ છે કે) દ્રવ્યલિંગમાં બન્ને ભાવ (સાવદ્ય અને નિરવદ્ય) હોય છે, અને પ્રતિમામાં તો તે બન્ને ભાવ નથી (માટે દ્રષ્ટાન્ત દ્રષ્ટાન્તિક અહિં વિધર્મ ભાવવાળાં છે) ॥[૩] (૨૧૭મી ગાથામાં કહેલા ભાવાર્થ પ્રમાણે વિચારતાં પ્રતિમા નિરવદ્ય કર્મથી પણ રહિત છે તો "તે નિરવદ્ય કર્મવાળી આ પ્રતિમા છે" એવા શુભ સંકલ્પનો અભાવ થાય અને તેથી શુભફળનો પણ અભાવ થાય છે એ પ્રમાણે જો શંકાકાર કહેતો હોય તો આચાર્ય પ્રત્યુત્તર આપે છે કે— ) ગુણો તો નિશ્ચય સાક્ષાત જીનમાંજ છે, પરંતુ પ્રતિમામાં અધ્યારોપ કરીને જે શુભ ગુણોને જ (પૂજક) મનમાં સ્થાપે છે (તેથી શુભફળ થાય છે) પરન્તુ અવિદ્યમાન ગુણવાળાને (આમાં સદ્‌ગુણ નથી પણ દુર્ગુણ છે

---

માટે આ લખેલો અર્થ આવશ્યક સૂત્રની ગાથાઓના શબ્દ પ્રમાણે લખ્યો છે ॥ ૩૧૮ ॥

એમ) જાણતો છતો કયા ગુણને મનમાં સ્થાપી (તે લિંગીને અથવા સ્ત્રી આદિકની પ્રતિમાને) નમસ્કાર કરે? ॥ જેમ ભાંડ આદિકે કરેલ સાધુવેષને (સમ્યક્ સાધુ) જાણતો છતો નમસ્કાર કરે તો તેને દોષ છે તો નિ:શૂકપરિણામવાળાને પણ દ્રવ્યલિંગીને જાણીને વંદના કરવામાં નિશ્ચયે દોષ છે. ॥ એ પ્રમાણે (જીનપ્રતિમા પૂજનિક હોવાથી) જીનપ્રતિમા અને જીનનું અંગ જે અસ્થિ આદિ જે સ્થાને (સ્વર્ગમાં) છે તે સ્થાને દેવો અપ્સરાઓ સાથે નિશ્ચયે ક્રીડા પણ કરતા નથી ॥ ૩૧૧–૩૨૦ ॥

જો જીનેન્દ્રના પ્રતિકની (દાઢાદિક અવયવની) આશાતનાનો પણ ત્યાગ કરવો જોઈએ તો સાક્ષાત જીનેશ્વરોની આશાતના ત્યાગની તો વાતજ શું? જીનેન્દ્રની આશાતનારૂપ પાપ તો પાપી પુરુષોજ કરે. ॥ લક્ષણયુક્ત, ચિત્તને પ્રસાદ પમાડનારી (પ્રસન્ન કરનારી), અને સમસ્ત અલંકારવાળી એવી પ્રતિમા જેવી રીતે મનને અલ્હાદ પમાડે છે તેવી રીતે નિર્જરા (**णिज्जरिसो**) કરે છે એમ પણ જાણવું. ॥ અજીનને વિષે જીનરૂપપણાનું (અજીનને જીન કહેવા રૂપ) મિથ્યાત્વ, પ્રરૂપીને જેઓ અવસાન કરે છે (મૃત્યુ પામે છે વા ધર્મધ્વંસ કરે છે) તેઓએ સિદ્ધાન્તના વચનને પણ અસાર કર્યું છે (અસત્ય કહ્યું છે). ॥ જે કારણથી ગણધરનું વચન, જીનનીપ્રતિમા તે જીન અને જીનેન્દ્ર છે અને સાક્ષાત અરિહંત છે એ પ્રમાણે જાણીને તેમની આગળ આરાધના કરવી કહેલી છે. ॥ અધ્યાત્મયોગથી (એટલે મનોયોગથી) સાવદ્યક્રિયા અને નિરવદ્ય-

ક્રિયા એમ બન્ને ક્રિયા થાય છે, તેમાં મિથ્યાદ્રષ્ટિને સાવદ્ય-ક્રિયા અને બીજા જીવોને નિરવદ્યક્રિયા હોય છે. ॥ પાણી ગાળવું, દાન દેવું, વિનય કરવો, ઈત્યાદિ ઉપચાર ભેદે ધર્મીજીવોને તથા આહાર, વિહાર, વ્યવહાર, નદીસંતરણ (નદી ઉતરવી) ઇત્યાદિ કાર્યમાં પ્રવર્તેલા (ધર્મીજીવો)ને (જીનવરની આજ્ઞા એજ ઉત્તમ છે). ॥ (કારણ કે) શાસ્ત્રમાં સર્વસ્થાને આજ્ઞાવિનયને મોક્ષનું પરમ અંગ વિધિના પરમાર્થનો સાર જાણનારા પરમગુરૂઓએ કહ્યું છે. ॥ **चैत्य** શબ્દ એટલે જીનેન્દ્રની પ્રતિમાના અર્થમાં રૂઢ થયેલ કહ્યો છે પરન્તુ **चैत्य** શબ્દનો નિરૂક્તિ અર્થ જ્ઞાન રૂપે તો કયાંય પણ કર્યો નથી. ॥ **चिति** સમ્યક્જ્ઞાન–સંજ્ઞી–સમ્યક્ત્વ–જ્ઞાન એ ચિતિ શબ્દના અર્થ છે **चिनोति** એટલે પુષ્ટિ પમાડે તે ચિતિ એ પ્રમાણે ચિતિ શબ્દને વિષે અર્થ છે. ॥ તે કારણથી ચૈત્યનો વિનય જે જીવ સમ્યક્પ્રકારે પ્રશસ્ત મનથી પ્રયોજે અને ચૈત્યના અંગની (જીનપ્રતિમાદિકની) આશાતનાની વર્જના કરે (વર્જે) તો પરમગુણનું કારણ છે (પરમગુણ પ્રગટ થાય છે) ॥ ૩૨૧–૩૩૦ ॥

(ચૈત્યના–પ્રતિમાના) નામાદિક ચાર નિક્ષેપા શુદ્ધ અને અશુદ્ધભેદે આઠ પ્રકારના થાય છે, ત્યાં પ્રથમ[1] પદમાં ચાર પ્રકારનો વિનય છે તેમજ બે રીતે જે [2]ચાર પ્રકારનો

---

૧ પ્રથમપદે એટલે અરિહંતપદના (અહિં પ્રતિમા અથવા દેવતત્ત્વનો અધિકાર હોવાથી).

૨ બે પ્રકારે ચારભેદ એટલે શુદ્ધાશુદ્ધપદવડે આઠ ભેદ અહિં નિક્ષેપાનો શુદ્ધાશુદ્ધભેદ શ્રી બહુશ્રુતથી સમજવા યોગ્ય છે.

વિનય તે જ અરિહંતાદિ પદનો કરવો જોઈએ.।। તે કારણ માટે વૃદ્ધિ પામેલું જીનદ્રવ્ય–ચૈત્યદ્રવ્ય નિશ્ચયે ભક્તિવડે વિધિપૂર્વક વૃદ્ધિ પમાડયું હોય તો જીનપદરૂપ[1] છે અને નિશ્ચયે દર્શનાદિકનું[2] પ્રભાવક છે. ।। જે કારણ માટે ચૈત્ય-દ્રવ્યની આશાતનાનો દોષ સિદ્ધાંતમાં ઘણો કહ્યો છે. તેમ જાણીને મહાત્મા ( ધર્મીશ્રાવક ) તે દ્રવ્યનું યથાશક્તિ રક્ષણ કરે. ।। સંકાશ શ્રાવક[3]–વિજયતસ્કર–ધનશ્રી અને ધન-દેવ નામના શ્રાવકો અનુક્રમે ભક્ષણ–ઉપેક્ષા–દ્રોહ–અને વૃદ્ધિ વિગેરે વડે ( પ્રસિદ્ધ ) થયા છે. ।। જીવોને શરીરનું સર્વ-કષ્ટ [4]ઉચ્છૂફળની પેઠે નિષ્ફળ છે, પરન્તુ તે જીનપ્રતિમાની ભક્તિ વડે ( **सुन्नं** એટલે ) સર્વ સફલ છે. ।।૩૩૧–૩૩૫।।

## इति प्रथमं देवतत्त्वम्

---

૧. જીનપદની પ્રાપ્તિમાં કારણરુપ છે.

૨. શાસન વિગેરેની પ્રભાવનાનું કારણ છે.

૩. આ સર્વ દષ્ટાંતો **द्रव्यसप्ततिका** આદિ ગ્રંથથી જાણવાં.

૪. અહિં ઉચ્છૂફળ તે ઇક્ષુફળ છે, અર્થાત્ ઇક્ષુ એટલે શેલડી એજ ફળ તે ઇક્ષુફળ અર્થાત્ શેલડીનો સાંઠો ( પણ શેલડીનો રસ નહિં. )

## ॥ अथ गुरुतत्त्व ॥

હવે સુગુરૂનો ઉપદેશ (અર્થાત્ સુગુરુ કેવા હોય તે) કહેવાય છે. સદ્‌ગુરૂ નિક્ષેપાદિકવડે ચાર પ્રકારના છે, તેમાં નામાદિ નિક્ષેપથી તેમજ દ્રવ્યાદિ નિક્ષેપથી (બે બે પ્રકારના મળી) ચાર પ્રકારનાં જાણવા. ॥ કેવળ નામ માત્ર વડે ગુરુ કહેવાય તે **नामगुरु**, અને અક્ષ તથા પ્રતિમાદિક રૂપે જે સ્થપાય છે તે **स्थापनागुरु**. સાધુનો વેષ ધારણ કરવા વડે **द्रव्यगुरु**, અને સંજવલન કષાયયુક્ત[1] **भावगुरु**, કહેવાય.॥ યથાર્થ યોગયુક્ત[2] ગુરૂના એ ચારે નિક્ષેપા સત્ય છે, અને અયથાર્થ પણેયુક્ત ગુરૂના એ ચારે નિક્ષેપા અસત્ય છે. પુનઃ વેષપ્રમાણથી દ્રવ્યાદિ ભેદવડે એ ચારે નિક્ષેપા ભજનાએ[3] જાણવા અથવા વિચારવા. ॥ તથા ગુણ વડે

---

૧ અહિં ભાવગુરૂમાં કષાયની મુખ્યતાએ ભાવનિક્ષેપ થાય નહિં માટે "સં૦ કષાયયુક્ત"નો અર્થ અનંતાનુબંધિઆદિ ૧૨ કષાય રહિત તે **भावगुरु** એમ જાણવું.

૨ સંયમાનુષ્ઠાનરૂપ યોગ.

૩ કેવળ વેષધારી તે દ્રવ્યગુરૂ (વર્જનિય), સાધુના ગુણસહિત સાધુવેષ ધારણ કરનાર તે ભાવગુરૂ અથવા સાધુના વેષની અપેક્ષાએ દ્રવ્યગુરૂ, અને ગુણની અપેક્ષાએ ભાવગુરૂ ઈત્યાદિ રીતે. જેથી વેષની અપેક્ષા વિચારતાં ભાવગુરૂની ભજના જાણવી.

અભ્યન્તર ભાવમાં વર્તતા ગુરૂ જાણવા. અનગાર-નિર્ગ્રંથ સાધુ-મુનિ-ઈત્યાદિ ગુરૂના એકાર્થવાચક શબ્દ જાણવા. અને પ્રસન્ન ચિત્તવાળા ઈત્યાદિ ગુણોના વિધાન રૂપ ગુરૂની ઉપમાઓ જાણવી. ॥ પોતાના શરીરને વિષે પણ ઈચ્છા રહિત, બાહ્યપરિગ્રહ અને અભ્યન્તર પરિગ્રહ રહિત, અને ચારિત્રના રક્ષણ માટેજ કેવળ ધર્મોપકરણ માત્રને ધારણ કરનારા ગુરૂ હોય છે. ॥ પાંચે ઈન્દ્રિયોને દમન કરવામાં રક્ત, જીનેશ્વરપ્રરૂપિત સિદ્ધાન્તનો પરમાર્થ જાણવાવાળા, પાંચસમિતિવાળા અને ત્રણ ગુપ્તિવાળા એવા ગુરુઓ મને શરણરુપ થાઓ. ॥ તે સુગુરુ શ્રદ્ધા-ક્રિયા-ઉપદેશ અને લિંગ એ ચાર વડે ઓળખી શકાય છે. આત્માને નહિં ગોપવતા (આત્મવીર્યને યથાશકિત ફેરવતા) એવા સુગુરુ સર્વત્ર ઉત્તમ શીલવાળા અને ઉત્તમ ચારિત્રવાળા હોય છે. ॥ પાર્શ્વસ્થ-અવસન્ન-કુશીલ-તથા સંશક્ત-અને યથાછંદ એ પાંચ પ્રકારના સાધુ શ્રીજૈન સિદ્ધાંતમાં અવંદનીક કહ્યા છે ॥ તે પાર્શ્વસ્થ બે પ્રકારે છે-૧ સર્વ પાર્શ્વસ્થ, ૨ દેશ પાર્શ્વસ્થ, સર્વક્રિયામાં જ્ઞાન દર્શન અને ચારિત્રના પાર્શ્વમાં[૧] (જ્ઞાનાદિમાત્રમાં નહિ પણ માર્ગના પડખે) ચાલે તે **સર્વપાર્શ્વસ્થ** જાણવો.॥ તથા શય્યાતરપિંડ[૨]-અભિહૃતપિંડ[૩]

---

૧ પાર્શ્વ એટલે ચારિત્રનો ગર્ભ માર્ગ નહિ પરન્તુ માર્ગની પાસે-બાજુમાં ચાલનાર.

૨ જેના મકાનમાં રહ્યા હોય તેનાં આહારાદિ લેવાં તે.

૩ સાધુના સ્થાનપર સ્હામો આવેલ આહારાદિ.

—રાજપિંડ[1]—નિ અને અગ્રપિંડ[2] લાવેલો વિના કારણે ભોગવે તે સાધુ નિશ્ચય **દેશપાર્શ્વસ્થ** જાણવો. ॥ ૧-૧૦ ॥

તથા વિના કારણે કુળનિશ્રાએ[3] વિચરે, વિના કારણે સ્થાપનાકુલમાં[4] પ્રવેશ કરે, શંખડી[5] જોવા જાય, તેમજ સંસ્તવના પણ કરે (તે દેશ પાર્શ્વસ્થ છે). ॥ તથા અવસન્ન સાધુ[6] પણ સર્વથી અને દેશથી એમ બે પ્રકારે છે, ત્યાં ઋતુબદ્ધપીઠ[7] ફલકવાળો તથા સ્થાપનાભોજી[8] હોય તે **સર્વઅવસન્ન** જાણવો. ॥ આવશ્યકમાં, સ્વાધ્યાયમાં, પ્રતિલેખનામાં, ધ્યાનમાં, ભીક્ષામાં ભોજનમાં એટલાં કારણે આવવામાં જવામાં ઉભા રહેવામાં બેસવામાં તુયટ્ટમાં[9]—

---

૧ રાજા પ્રધાન ઇત્યાદિ મોટા અધિકારીઓના ઘરના આહારાદિ.

૨ તુર્ત ઉતરેલા ઉષ્ણ આહારનો કોઇએ પણ ઉપયોગ કર્યા વિના સર્વથી પ્રથમ જઇ ઉપરનો ભાગ ગ્રહણ કરવો તે.

૩ હું અમુક ગચ્છાદિકનો સાધુ છું એમ જણાવ્યાથી આહારાદિ મેળવવા.

૪ જીનેન્દ્ર ભગવંતે અપરિભોગ યોગ્ય જે કુલો (વર્ણ જ્ઞાતિ–ભેદ) સ્થાપ્યા છે તેના નિમિત્તે આહારાદિ ગ્રહણ કરે તે.

૫ ન્યાત વરા વિગેરે જ્યાં ઘણા માણસના સમુદાયનું જમણ થતું હોય તે સંખડી.

૬ **अवसीदति प्रमाद्यति अवसन्नं** (ચારિત્રમાં અવસીદે–પ્રમાદ કરે તે અવસન્ન. અથવા અવસન્ન એટલે શ્રાન્ત–થાકેલો, અર્થાત્ સંયમમાં શિથીલ થયેલ.)

૭ ચોમાસા સિવાયના ૮ માસની **ऋतुबद्ध** સંજ્ઞા છે તે ૮ માસમાં પાટ–બાજઠ આદિ વાપરનારો.

૮ ફુટનોટ નંબર આઠના પ્રમાણે.

૯ સંસ્તારક શયને (અર્થાત શયન કરવામાં).

એ યોગોમાં (શિથિલ હોય). ॥ આવશ્યક આદિ ક્રિયા ન કરે અથવા કરે તો હીનાધિક કરે, તેમજ ગુરૂવચનના બળથી કરે તે **દેશઅવસન્ન** જાણવો. ॥ કાળ વિનય[1] આદિ રહિત તે **જ્ઞાનકુશીલ**, નિઃશંકિતાદિ[2] રહિત તે **દર્શનકુશીલ** અને ત્રીજો **ચારિત્રકુશીલ** એમ કુશીલ સાધુ ત્રણ પ્રકારનો છે. ॥ કૌતુકકર્મવાળો,[3] ભૂતિકર્મવાળો,[4] પ્રશ્નાપ્રશ્ન વાળો,[5] નિમિત્તવાળો[6] આજીવિકાવાળો,[7] કક્કગુરૂતાદિ[8] લક્ષણવાળો[9] અને વિદ્યામંત્રાદિ વડે આજીવિકાવાળો (સાધુ પણું નિભાવનાર

---

૧ **काले विणए बहुमाणे** ઇત્યાદિ આઠ જ્ઞાનાચાર.

૨ **निस्संकिय निक्कंखिय** ઈત્યાદિ આઠ દર્શનાચાર.

૩ હાથચાલાકી વિગેરે પ્રયોગોથી આશ્ચર્યકારી ક્રિયાઓ કરી કુતુહલ કરવું તે (ઇત્યાદિ અનેક અર્થ ભિન્ન ભિન્ન ગ્રંથોમાં લખ્યાં છે.) અથવા પરના સૌભાગ્યાદિ નિમિત્તે સ્નાનાદિ કરાવવું ઇત્યાદિ.

૪ મંત્રેલી રાખ ક્ષાર ઈત્યાદિ વડે બીજાના વ્યાધિ વિગેરે દૂર કરવા તે.

૫ સ્વપ્નવિદ્યાદિ વડે બીજાઓને લાભાલાભ કહેવા,

૬ નિમિત્ત એટલે ભૂતકાળના અને ભાવીકાળના બનાવ કહેવા.

૭ જાતિ આદિ પ્રગટ કરવી (આહરાર્થે) તે. જાતિ-કુલ-ગણ-કર્મ-શિલ્પ-તપ-જ્ઞાન એ સાત પ્રકારે આ જીવ કહેવાય.

૮ **कक्क** એટલે કલ્ક, અર્થાત્ પ્રસૂતિ આદિ રોગોમાં ક્ષારપાતન અથવા શરીરની ઉવટણા કરવી. અને કરૂકા એટલે શરીરે સ્નાન કરવું તે.

૯ પુરૂષ સ્ત્રી વગેરેનાં હસ્તરેખાદિ મુદ્રાઓ વિગેરે લક્ષણો પ્રગટ કરવાં-કહેવાં.

તે કુશીલ જાણવો.) ॥ તથા પાર્શ્વસ્થાદિકમાં અને સંવેગીઓમાં મળ્યો છતો પણ તેવા પ્રકારનો પ્રીયધર્મવાળો અથવા અપ્રિય ધર્મવાળો થતો નથી (અર્થાત્ કુશીલજ રહે છે. ॥ હવે તે **સંસક્ત**[1] સાધુ દેશથી અને સર્વથી એમ બે પ્રકારે જાણવો, તથા પાંચમો **યથાછંદ**[2] પણ અનેક પ્રકારનો હોય છે એમ જાણવું. ॥ ઉત્સૂત્ર બોલનારો, નહિં ઉપદેશેલું કહેનારો, સ્વછંદપણે વિકલ્પિત વચન બોલનાર–અનનુપાતી[3] એવો જે સાધુ પરના પ્રયોજન સંતોષ :માટેજ પ્રવર્તે છે તે કારણથી તે **યથાછંદ** જાણવો. ॥ એ ઉપર કહેલા પાર્શ્વસ્થાદિ પાંચે પ્રકારના સાધુને વંદના કરનારને કીર્તિ કે નિર્જરા કંઈ પણ થાય નહિ. પરન્તુ કાયકલેશ થાય અને આજ્ઞાવડે[4] ( આજ્ઞાદિ વિરાધનાદોષો ) કર્મબંધ જ થાય. ॥ ૧૧–૨૦ ॥

જેમ લોખંડની શીલા પોતે પણ જળમાં ડૂબે છે, અને સાથે વળગેલા પુરૂષને પણ ડૂબાવે છે તેમ આ આરંભસમારંભવાળા ગુરૂઓ પોતાને અને પરને પણ ડૂબાવે છે.॥

---

૧ જે સમુદાયમાં જાય તેવા રૂપે થઈ જાય અર્થાત્ પાર્શ્વસ્થાદિમાં પ્રાર્શ્વસ્થાદિ સરખો અને સંવેગીમાં સંવેગી સરખો તે **સંસક્ત**.

૨ પોતાને છંદે ચાલનાર તે **યથાછંદ**.

૩ અસંગત વચન બોલનારો અને કરનારો.

૪ અહિં **कायकिलेसं एमेव कुणइ तह कम्मबंधं च** એવો પાઠ આવશ્યકમાં હોવાથી અહિં પાઠ ભેદ છે.

જેમ અશુચિસ્થાનમાં પડેલી ચંપકમાળા[1] મસ્તકે ધારણ ન કરાય, તેમ પાર્શ્વસ્થાદિ સ્થાન (રૂપ અશુચિસ્થાન)માં વર્તતા ગુરૂઓ પણ અહિં અપૂજનીક ગણાય છે।। પકવણ[2] (ચંડાલના) કુળમાં રહેનાર સઓણીપાર શિષ્ય (૧૪ વિદ્યામાં[3] પારંગત શિષ્ય) પણ નિંદ્ય છે તેમ અહિં કુશીલોમાં વસતા સુવિહિત સાધુઓ પણ નિન્દ્ય છે. ।। પોતાનો પરિવાર પૂજનીક થવાના કારણથી અને પાર્શ્વસ્થોની અનુવર્તનાથી ( અનુકૂળતા વિચારીને ) જે સાધુ શુદ્ધ માર્ગને

---

૧ એ ચમ્પકપ્રિયકુમાર ચંપકપુષ્પમાળાને શિર્ષ ઉપર ધારણ કરી અશ્વ ઉપર બેસી કોઇક સ્થાને જાય છે, તેટલામાં ઉદ્ધત એવો તે અશ્વ કાબુમાં ન રહેવાથી ચંપકમાળા અપવિત્ર સ્થાનમાં (વિષ્ઠામાં) પડી, તે ચંપકમાળા ગ્રહણ કરવા ગયો પરન્તુ આતો વિષ્ઠામાં પડી છે એમ જાણી તે છોડીને ચાલ્યો ગયો, પરન્તુ તે ચંપકકુમાર ચંપકમાળા વિના સંતોષ પામતો નથી છતાં પણ વિષ્ઠામાં પડેલી હોવાથી તેનો ત્યાગ કરવો પડ્યો તેમ પાર્શ્વસ્થાદિ સાધુઓ પ્રમાદ સ્થાનમાં પડેલા હોવાથી નિરૂપાયે પણ ત્યાગ કરવા યોગ્ય છે (ઈત્યાવશ્યકે વન્દનાધ્યયને).

૨ પકવણ એટલે ગર્હિત–નિન્દ્ય–અધમ.

૩ શકુનિ એટલે ૧૪ વિદ્યાસ્થાનો તે ૬ અંગ ૪ વેદ–મિમાંસા–ન્યાય–પુરાણ અને ધર્મશાસ્ત્ર એ ૧૪ વિદ્યાસ્થાનો તેને પાર પામેલો તે **શકુનિપારગ.** તેનું દ્રષ્ટાન્ત આ પ્રમાણે.

એક પિતાને પાંચ પુત્રો શકુનિપરગ હતા તે બ્રાહ્મણ હતા તેમાંનો ૧ બ્રાહ્મણ પુત્ર કોઇ દાસી સાથે સંબંધવાળો થયો, તે દાસી મદિરા પીએ છે પણ બ્રાહ્મણ પુત્ર પીતો નથી તેથી દાસીએ તેને

પ્રરૂપે તે સાધુને દુર્લભબોધિ જાણવો. ॥ જો કે પોતાના આત્માવડે વિશુદ્ધ હોય તો પણ કુશીલનો સંગ અને કુશીલનો પક્ષપાત પોતાની પૂજા થવાના કારણથી ત્યાગ ન કરે તો તે સાધુને દુર્લભબોધી જાણવો. ॥ કેટલાએક એમ કહેછે કે શ્રાવકોની આગળ (સાધુ ધર્મનો) સૂક્ષ્મ વિચાર ન કહેવાય, તો તે અસત્ય છે, કારણકે અંગ આદિક શાસ્ત્રમાં તે શ્રાવકોનું વર્ણન આ પ્રમાણે સંભળાય છે. ॥ શ્રાવકો લબ્ધ અર્થવાળા, ગૃહિત અર્થવાળા, પૂછેલ અર્થવાળા, નિશ્ચયે કરેલ અર્થવાળા, જીવાજીવના જ્ઞાતા અને સિદ્ધાન્તથી-ધર્મથી ન ચળાયમાન થાય એવા હોય છે. ॥

---

સ્નેહમાં લોભાવી આગ્રહથી પ્રથમ છાની મદિરા પીવાડી, ત્યારબાદ તે ધીરે ધીરે તે પ્રગટ રીતે મદિરા પીવા અને માંસ પણ ખાવા લાગ્યો તેથી તેના પિતાએ ઘરમાંથી તેને કાઢી મૂકયો તે ચાંડાળોની સાથે ભમવા લાગ્યો. અને ઘેરથી કાઢી મૂકેલો તે ગામબ્હાર એક ઝુંપડીમાં રહે છે, ત્યાં બીજો ભાઇ ભાઈના સ્નેહથી તેની પાસે આવ જા કરે છે અને કંઇક આપી આવે છે, તે વાત જાણતાં તે બ્રાહ્મણે બીજા પુત્રને પણ ઘરમાંથી કાઢયો, ત્યારબાદ ત્રીજો પુત્ર પણ સ્નેહથી તે ગામ બહાર ઝુંપડીથી અલગે ઉભો રહી વાર્તાલાપ કરી કંઇક આપી આવે છે તે વાત જાણતાં ત્રીજા પુત્રને પણ ઘરમાંથી કાઢયો, ત્યારબાદ ચોથો પુત્ર ત્યાં જતો નથી પરન્તુ બીજાઓ દ્વારા કંઇક ચીજો મોકલાવે છે તેમ જાણતાં પિતાએ ચોથા પુત્રને પણ રજા આપી, અને પાંચમો પુત્ર તેઓનો લેશ પણ પરિચય રાખતો નથી તેથી ન્યાયાલયમાં જઇ પિતાએ પોતાની સર્વ મિલ્કત પાંચમા પુત્રને સોંપી. આ દ્રષ્ટાન્તમાં ચાંડાળો તે પાર્શ્વસ્થાદિ જાણવા, પિતા તે આચાર્ય જાણવા, અને પાંચ પુત્રો તે પાંચ સાધુ જાણવા.

આહારની તૃષ્ણામાં લુબ્ધ થયેલા એવા જે સાધુએ સમ્યક્ પ્રકારના અર્થોને પૂછતા એવા તે શ્રાવકોને ઉન્માર્ગનો ઉપદેશ કરે છે તે સાધુએ ધર્મને પણ ઓળખ્યો નથી.॥ આહારની પ્રશંસામાં ધર્મીજનોની નિન્દા કરતા એવા તે સાધુએ તે શ્રાવકોની સદ્ગતિનો નાશ કરે છે, અને ઘણા લોકને દુર્ગતિમાં લઇ જાય છે.॥ કાચા પાણીનું પીવું, પુષ્પ–ફળ–અનેષણીય આહાર–અને ગૃહસ્થનાં કાર્યો અવિરત જનો સેવે છે, છતાં વિશેષ એજ છે કે આ અવિરતજનો સાધુ વેષને વિટંબણા કરનારા છે.॥ ૨૧–૩૦ ॥

જેઓ ઘરમાં રહેવાને જ આશક્ત છે, છકાયના શત્રુ છે, એવા અસંયતી સાધુએ અવિરત જ છે, પરન્તુ વિશેષ એટલો જ કે તે અસંયતિઓએ એક ઘર છોડી બીજું કર્યું છે.॥ એષણાના ૪૨ દોષનું જેઓ રક્ષણ કરતા નથી તથા ધાત્રીપિંડ[1] શચ્યાતરપિંડ[2] અને વિગય ને વારંવાર ખાય છે, તેમજ સન્નિધિ[3] આહારને વાપરે છે.॥ સૂર્ય

---

૧ ધાત્રી એટલે બાળકને ધાવન વિગેરે કરાવનારી પાંચ પ્રકારની ધાવમાતા તેના સરખાં આચરણોથી ગૃહસ્થોને પ્રીય થઇ આહારાદિ ગ્રહણ કરવા તે **ધાત્રીપિંડ.**

૨ ઉપાશ્રયના અથવા વસતિના સ્વામિનો આહારાદિ ગ્રહણ કરવો તે.

૩ પ્રથમ અધિક આહાર લાવીને બીજા વખતના પરિભોગ માટે રાખી મૂકે તે રાખી મૂકેલો આહાર કરવો તે **સન્નિધિ** દોષ.

પ્રમાણ[1] આહાર કરનાર, સાધુ ભિક્ષા વિનાનો આહાર ખાય, મંડલીમાં બેસી ભોજન ન કરે, અને આળસુ એવો તે સાધુ ભિક્ષા માટે પણ પર્યટન ન કરે. ॥ ક્લીબ (નપુંસક–અસમર્થ) સાધુ લોચ ન કરે, પ્રતિમામાં (અભિગ્રહમાં) લજ્જા ધરે, શરીરનો મેલ કાઢે, પગરખાં પ્હેરી ચાલે, અને વિના કારણે કટિપટ્ટ (ચોલપટ્ટ) બાંધે. ॥ આખી રાત સુઇ રહે, અતિશયે કરીને જડ જેવો સ્વાધ્યાય આદિ કરે નહિ પ્રમાર્જન કરતો પ્રવેશ ન કરે, અને નિસિહિ આવસ્સહિ પણ ન કહે. ॥ સર્વ અથવા થોડી ઉપધિની પડિલેહણા ન કરે, સ્વાધ્યાય ન કરે, હંમેશાં દુર્ધ્યાનમાં રક્ત રહે, તથા પ્રતિલેખના પ્રમાર્જનાના આચાર વિનાનો હોય. ॥ નીચે કહેલા પાંચે મુનિવરોમાંના એવા તે કુશીલીઆઓ નીચા દરજ્જાના છે માટે ધર્માર્થી ભવ્યોએ તેઓનો સંગ ન કરવો. ॥ આચાર્ય –ઉપાધ્યાય–પ્રવર્તક–સ્થવિર–અને સાધુ એ પાંચે જે ગચ્છમાં અનાચારવાળા હોય તે ગચ્છ અહિં છોડવા યોગ્ય છે. ॥ જે ગચ્છમાં ઉન્માર્ગની દેશનામાં રક્ત થયેલા આચાર્યાદિકો ગુણી પુરૂષો પ્રત્યે દ્વેષ ધરે છે તે ગચ્છ દુષ્ટગચ્છ છે, માટે સંયમની ઇચ્છાવાળાએ તે છોડવા યોગ્ય છે. ॥ વ્રતછક્ક[2]–કાયછક્ક[3]–અકલ્પ[4]–ગૃહસ્થનું ભાજન–પલંગ–નિષદ્યા – સ્નાન

---

૧ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આહાર વાપરનાર એવો સાધુ તે **सूरप्पमाणभोइ** કહેવાય.

૨ પ્રાણાતિપાતાદિ વિરમણથી રાત્રિભોજન વિરમણ પર્યંતનું રક્ષણ.

૩ છકાય જીવોનું રક્ષણ.

૪ **शिक्षक स्थापना कल्पादि रहित.**

અને શોભાનો ત્યાગ એ ૧૮ દોષવર્જન છે. (એ દોષ). ॥ ૩૧-૪૦ ॥

જે ગચ્છમાં સાધુવેષ ધરનારાઓ એ ૧૮ દોષ[1] સેવે છે તે નિશ્ચયે ગચ્છ નથી પરન્તુ ધર્મરૂપી ધનનું હરણ કરનારી તે પલ્લિ ( ચોરોનું ગામ ) છે એમ જાણવું. ॥ સંખડી[2] વિગેરે કાર્યમાં જેઓ રસયુક્ત આહાર ( સરસ-આહાર ) ગ્રહણ કરે છે, અને આહારને અર્થે વણીમક એવા તે સ્તુતિ કરે છે તે નિશ્ચયે મુનિઓ નથી. ॥ જ્યોતિષ્ નિમિત્ત અક્ષર અને ભૂતિકર્મ આદિ વિદ્યાઓ આત્માર્થિક (પોતાના) સુખને માટે પ્રયોજે છે તે મુનિઓ નથી પણ ધર્મપિશાચો છે. ॥ લોકમાં રાજાની આજ્ઞાનો ભંગ કરતાં નિશ્ચયે એકવારજ દંડ થાય છે, પરન્તુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરતાં તો અનન્ત વાર દંડ પામે છે. ॥ જે ગચ્છમાં નિત્ય વિવેક શૂન્ય એવા મુનિઓ ક્રય વિક્રયાદિ કરે છે, તે ગચ્છને ગુણરૂપી સમુદ્રમાં ઝેર સરખો જાણી દૂરથીજ ત્યાગ કરવો. ॥ જે ગચ્છમાં વિવિધ રંગવાળાં અતિશ્વેત અને શબ્દવાળાં[4] અને ધૂપવડે વાસિત એવાં વસ્ત્ર પહેરાય

---

૧ ઉપર જે ૧૮ અદોષ કહ્યા તેથી વિપરીત આચરણરૂપ ૧૮ દોષ જાણવા.

૨ ઘણા માણસનો જ્યાં જમણવાર થતો હોય તે **संखडि**

૩ આહાર જેની પાસેથી લેવાનો છે તે જે ધર્મનો ગુરૂનો ઇત્યાદિનો રાગી હોય તે ધર્માદિકની પ્રશંસા કરી ખુશ કરવા રૂપ ચાટુ-વચનો બોલે તે **वनीमक** અથવા **वनीपक** કહેવાય.

૪ કડકડતાં.

છે તે ગચ્છ મૂળ ગુણથી પણ રહિત જાણવો. ॥ જે ગચ્છમાં ઘઢારેલા, મઢારેલા, પંડુરવર્ણીવસ્ત્રવાળા, દવદવચરી[1] પ્રમત્તમનવાળા, અભિમાનીની પેઠે ઉદ્દામ–પ્રચંડ, અને દુષ્ટ હસ્તિની પેઠે નિરંકુશ, વિકથાદિકમાં તત્પર, કુતુહલવાળા, ક્રૂર, નિમ્મેરા,[2] અને નિર્લજ્જ એવા સાધુ હોય છે તે ગચ્છને ગુણથી ભ્રષ્ટ થયેલો ગચ્છ જાણવો. ॥ જે ગચ્છમાં અન્યસ્તિત[3]વૃષભોની માફક જ્યાં સ્ત્રીઓની આગળ ગાયન કરે છે, જે ગચ્છમાં સાધુઓ જયાર મયાર[4] બોલે છે અને પોતે આળ[5] આપે છે તથા જે ગચ્છમાં સાધ્વીઓ પાસેથી પાત્ર તથા વિવિધ ઉપકરણોનો લઈ સાધુઓ તે પાત્રો તથા ઉપકરણોનો પરિભોગ કરે છે તો હે ગૌતમ! તે ગચ્છ કેવા પ્રકારનો? અર્થાત્ તેવા ગચ્છને ગચ્છ શી રીતે કહેવાય? ॥ ૪૧–૫૦ ॥

જે ગચ્છમાં સાધુઓ પ્રમાદ વિનાના હોઈને અગ્નિ-સ્પર્શ સરખો અથવા વિષ સરખો સાધ્વીઓનો સંસર્ગ છોડે છે (તે ગચ્છ છે) કારણ કે સાધ્વીઓના સંસર્ગવાળો સાધુ નિશ્ચયે શીઘ્ર અપકીર્તિ પામે છે. ॥ હે ગૌતમ! જે ગચ્છમાં સાધુઓ પારકા હિરણ્યને[6] તથા સુવર્ણને પણ સ્પર્શતા નથી, તેમજ કારણે પ્રાપ્ત થતાં (પ્રાપ્ત દ્રવ્યને) પણ સ્પર્શતા નથી તે ગચ્છને નિશ્ચયે હું ગચ્છ કહું છું. ॥

---

૧ અતિ ઉતાવળથી શીઘ્ર શીઘ્ર ચાલનારો.

૨ મેરા એટલે મર્યાદા અર્થાત્ મુનિ માર્ગની મર્યાદા રહિત.

૩ નાથ્યાવિનાના ૪ જકારમકાર, યદ્વાતદ્વા

૫ તું આવી છે. તું તેવી છે ઇત્યાદિ આળ

૬ હિરણ્ય એ રૂપું ચાંદી અથવા ઘાટ ઘડેલું સોનું.

જે ગચ્છમાં સાધુઓ પંડકજનની[1] માફક ધનવડે (ધન ખર્ચીને) નાના નાના બાળકોને ગ્રહણ કરે છે, અને પ્રવચનમાર્ગની–શાસ્ત્રમાર્ગની પ્રરૂપણા કરે છે, તે ગચ્છમાં આત્મહિત ક્યાંથી પ્રવર્તે ? ।। આત્મમનાલોચિત વચનવાળો (પોતાના મનથી વિચાર કરેલા એટલે મનકલ્પિત વચનવાળો) એવો સાધુ બીજાઓને તપ વડે આલોચના (તપ કરવારૂપ આલોચના) આપે છે, તે સાધુ મુગ્ધ (ભોળા) લોકને લૂંટે છે, અને અધર્મવડે તેમનું ધન (ધર્મરૂપી ધન) ગ્રહણ કરે છે. ।। બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા એવા જે સાધુઓ બ્રહ્મચારી જનોને પાયમાં (પગે) પાડે છે (સાધુઓને પણ નમસ્કાર કરાવે છે) તે સાધુઓ ટુંટમુંટ[2] થાય છે અને તેઓને બોધિબીજ પણ દુર્લભ હોય છે. ।। શિષ્યના ઉદરાદિ સ્ફોટનાર્થે (ઉદરાદિ ભરવાને[3]) ભૃત્યપણું (સેવકપણું) કરે, લોભને માટે ગૃહસ્થની સ્તવના કરે, જીનપ્રતિમાનો ક્રયવિક્રય (ખરીદ વેચાણ) કરે, ઉચ્ચાટન પ્રમુખ ક્ષુદ્ર કરણો (ઉચ્ચાટનાદિ મલિન વિદ્યાઓ) કરે, સન્નિધિ[4] તથા આધાકર્મ[5] આચરે, જળ ફળ પુષ્પ વિગેરે સર્વ સચિત્તનો ઉપભોગ કરે, નિત્ય બે ત્રણવાર ભોજન કરે, વિગય વાપરે, લવિંગાદિ તંબોલ ખાય, જેમ તેમ પ્રતિલેખના કરેલું અથવા નહિં પ્રતિલેખના કરેલું તથા પ્રમાણ રહિત અને સકર્ણિક[5]

---

૧ નપુંસકની માફક ૨ હાથપગે અપંગ

૩ **સ્ફોટન** શબ્દનો ફોડવું અને વિકાશ એ બન્ને અર્થ થાય છે.

૪ બીજી વખતે વાપરવા માટે આહાર પ્રથમ વધારે લાવી રાખી મૂકે.

૫ પોતાને ઉદ્દેશીને આહાર થયેલો હોય તે આચરે.

૫ કોર–કિનારીવાળાં.

એવાં દુકુલાદિ[1] વસ્ત્ર વાપરે, શય્યા પગરખાં વાહન હથિયાર તુંબડા વિગેરેનાં પાત્ર ઈત્યાદિ આચરે, પ્રતિમાનું રક્ષણ કરે પૂજા કરે, મહિમા સહિત જીનની સ્તવના અને શ્રવણાદિ કરે (અર્થાત્ મોટા ઉત્સવાદિ કરે અને ઉત્સવમાંના ગાનતાન વિગેરે પ્રેમરાગથી સાંભળે ), આલોકતપ ( આ લોકના સુખને અર્થે લૌકિક તપ ) કરાવે, લઘુહસ્તાદિકરણ[2] કરે, મસ્તકે અને મુખે ક્ષુરમુંડન કરાવે ( હજામત કરાવે ), કાર્ય પડે ત્યારે રજોહરણ અને મુખવસ્ત્રિકા ધારણ કરે, એકાકી ભ્રમણ કરે, સ્વચ્છંદચેષ્ટા કરે, ગીતગાન કરે, ચૈત્યમાં અને મઠમાં નિવાસ કરે, પૂજાનો આરંભ વિગેરે કરે, નિત્યવાસ કરે (નિત્ય એક સ્થાને પડયો રહે), દેવદ્રવ્યાદિકનો ઉપભોગ કરે, જીન ચૈત્ય તથા ધર્મશાળા આદિ બંધાવે, સ્નાન કરે, શરીરનું ઉવટ્ટણક ( ઉદ્વર્તના ) કરે, વિભૂષાદિ વ્યાપાર કરે, સુગંધિ તેલ અત્તર વિગેરેનો સંગ્રહ રાખે, કાલ આચરે ( મુહૂર્ત્તાદિનો વ્યવહાર આચરે, ગૃહસ્થોને આપે), ગામ ઉપર અને કુલપ્રત્યે મમત્વ રાખે, સ્ત્રીનું નૃત્ય દેખે, સ્ત્રીનો પ્રસંગ કરે, નરકગતિના કારણરૂપ એવા જ્યોતિષ્–નિમિત્ત–મંત્ર–ચિકિત્સા (વૈદ્યક) અને યોગ[3] વિગેરેના વ્યવહાર કરે, મિથ્યાત્વનું રાગથી સેવન કરે અથવા મિથ્યાત્વદૃષ્ટિ રાજાની સેવા કરે, નીચ પુરુષોને પણ

---

૧ રેશમી વિગેરે.

૨ હાથચાલાકીના જાદુઇ પ્રયોગ કરવા તે લઘુહસ્તકરણ–લઘુલાઘવી કળા કહેવાય.

૩ યોગચૂર્ણાદિના પ્રયોગ.

પાપ કરવામાં સ્હાય કરનાર હોય, સુવિહિત સાધુઓ ઉપર દ્વેષ રાખે, સાધુઓ પાસે ધર્મકર્મોનો પ્રતિષેધ કરે (સાધુઓ પાસે ધર્મ નથી રહ્યો એમ પ્રરૂપે), શાસનની પ્રભાવના થતી હોય તેમાં પણ ઇર્ષ્યા કરે, લકુટાદિવડે ક્લેશ કરે (દંડાદંડી કરે), કુલનીતિ અને કુલમર્યાદાનો ભંગ વિગેરે અનેક દોષોનું પ્રરૂપણ કરે, શ્રાપ વિગેરે આપવાનો ભય દેખાડે, ઈત્યાદિ કાર્યોમાં પ્રવર્તે, તથા સ્ત્રીના હાથનો સ્પર્શ કરે સ્ત્રી સાથે અબંભ સેવે ધન આપે, વર્તન કરે, ધન-વડે નીચકુલનો પણ શિષ્ય ગ્રહણ કરે, અવિધિએ કરેલા અનુષ્ઠાનમાં પ્રભાવના, દર્શનના પ્રવાહને ચલાવે અપ્રવચ-નોક્ત ( સિદ્ધાંતમાં નહિ કહેલા એવા ) તપની પ્રરૂપણા અને તે તપની ઉજમણાવિધિ પણ કરે, મત સ્થાપવાને જીનપૂજાની[1] પ્રરૂપણા કરે, મરેલાનું દ્રવ્ય જિનેશ્વરના દાનમાં આપે, ધનને અર્થે ગૃહસ્થોની આગળ અંગઆદિ[2] પ્રવ-ચનની પ્રરૂપણા કરે, સર્વલોકને સર્વપાપમાં પ્રવૃત્તિ કરા-વનાર એવાં મુહૂર્ત આપે, ઉપાશ્રયમાં અથવા ગૃહસ્થને ઘેર ખાજાં વિગેરે પકવાન્ન તથા પાક (મેથીપાક-સુંઠીપાક ઇત્યાદિ પાક)કરે, જક્ષ વિગેરે ગોત્રદેવની પૂજા કરવી તથા પૂજા કરાવવી ઈત્યાદિ મિથ્યાત્વ પ્રવૃત્તિ કરે, સમ્યક્ત્વાદિકનો નિષેધ કરે, અથવા મૂલ્ય લઈને તે (જક્ષ આદિ દેવ દેવી)નું ગ્રહણ-વેચાણ કરે, જેઓએ પોતે ગુરૂ તરીકે માન્યા છે તેવા

---

૧ સાધુ પણ જીનપૂજા કરી શકે એવી પ્રરૂપણા કરે.

૨ અર્થાત્ ધનની પ્રાપ્તિ માટે નિમિત્તશાસ્ત્રો વાંચે-સંભળાવે.

હીનાચારી ગુરૂઓનાં પણ નંદિ[1]–બલિપીઠ[2] ઈત્યાદિ કરે, અને વ્યાખ્યાનની અંદર સ્ત્રીઓ પોતાના ગુણ (ગુહલિઓ) ગાય (તેથી કૃતકૃત્યતા માને, તથા જે ગચ્છમાં સાધુઓ એકલી સ્ત્રીઓ આગળ વ્યાખ્યાન વાંચે છે, અને સાધ્વીઓ પુરૂષ આગળ વ્યાખ્યાન વાંચે છે, તે સાધુઓ અમેરા[3] (મર્યાદા વિનાના) નાટકીઆઓના ટોળા સરખા જાણવા. ॥ ૫૧–૭૨ ॥

અથવા કરેલ શંગારવાળી અને કરેલ કટાક્ષવાળી એવી સાધ્વીઓ સાધુઓની સભામાં આગળ બેસે છે, અથવા ભોજનવેળાએ આગળ બેસે છે તે સ્ત્રી રાજ્ય[4] છે પણ ગચ્છ નથી. ॥ એ પ્રમાણે લોકને વિષે ઘણા પ્રકારનાં સાવદ્ય આચરણો અને જીનેશ્વરે નિષેધ કરેલ કાર્યોને તથા નિન્દ્ય કાર્યોરૂપ કુમાર્ગને જે સાધુઓ સેવે છે, પોતે કરે છે અને બીજા પાસે કરાવે છે તે અધર્મી સાધુઓ છે. ॥ આ લોક અને પરલોકને પણ હણનાર અને શાસનની કીર્તિનો ઘાત કરનાર એવા તે કુદષ્ટિઓને ( લિંગધારીઓને ) જૈનદર્શન ક્યાંથી ? તેમનો સાધુ વેષ શું ? અને તેમને નમન વંદનાદિ શું ? ॥ વળી અજ્ઞાનીઓ એમ કહે છે કે તીર્થંકરોનો આ વેષ

---

૧ ત્રિગડાગઢની રચના કરવી.

૨ સમવસરણમાં બલિદેવાદિને આપે છે. સ્તૂપ આદિ.

૩ **जत्थमेरा** એ પદમાં **अमेरा** પદ છુટું કરીને મર્યાદા રહિત એવો અર્થ અધિકારને અનુસારે કરવાનો છે.

૪ ( **अज्जा अचारियाओ इत्थिरज्जं न तं गच्छं** અર્થાત્ ) જે ગચ્છમાં ન નિવારી શકાય (આજ્ઞા ન માને એવી) સાધ્વીઓ છે તે સ્ત્રીરાજ્ય છે પણ ગચ્છ નથી, ઇતિ વચનાત.

(સાધુનો વેષ માત્ર) પણ નમસ્કાર કરવા યોગ્ય છે (અને આચાર ભલે ન હોય), તેમ બોલનારાઓને વારંવાર ધિક્કાર છે, મસ્તકને શૂળ સરખાં આ તેમના વચનનો કોની આગળ પોકાર કરીએ! (અર્થાત્ કોને કહીએ?).॥ વળી તે બાલ-જનો (લિંગધારીઓ) લોકોની આગળ એમ કહે છે કે સામગ્રીના[1] અભાવે અમે શું કરીએ? અને આ કાળ પણ વક્રજડનોજ[2] છે.॥ (વળી તેઓ કહે છે કે-) દુઃષમકાળમાં (આ પાંચમા આરામાં) વિધિમાર્ગ દુર્લભ છે, માટે તે (આ) પાંચમા આરામાં વિધિમાર્ગ કરવા જઇએ તો ઉલટો તીર્થનો-શાસનનો વિચ્છેદ થાય માટે જેવો સમય તેવું ચાલવું. ॥ પૂર્વકાળમાં થયેલા અને શાસ્ત્રમાં કહેલા એવા પૂર્ણ વિધિવાળા સાધુ અને શ્રાવકો (આજકાલ) કયાં રહ્યા છે? કારણ કે તે પૂર્વકાળે તો તેઓ મુક્તિમાં જનારા હતા, અને હવે તો મોક્ષ માર્ગનો વિચ્છેદ થયો છે.॥ વળી આ કાળમાં ધૈર્ય સંઘયણ અને બળની હાનિ શ્રી જીનેશ્વરોએ કહી છે, તો પછી શુભઅશુભનો[3] ભેદ કોનામાં, અને એ તો નિશ્ચય કદાગ્રહ છે, અથવા શુભાશુભનો ભેદ શું? અને નિશ્ચયે એવો આગ્રહ કોને હોય! ॥ ૭૩-૮૦ ॥

માટે ઘણા લોકોએ પ્રવૃત્તિ પમાડેલો[4] એવો ધર્મ

---

૧ બળ-સંઘયણ ઇત્યાદિ સામગ્રીના.

૨ અર્થાત્ આ કાળ વક્રજડનો છે તેથી આ કાળે સાધુ ઉત્કૃષ્ટ આચાર પાળી શકે નહિ.

૩. આ શુદ્ધ સાધુ અને આ પતિત સાધુ એવો શુભાશુભ ભેદ.

૪. આદરેલો.

તેજ લોકના પ્રવાહ[1] પ્રમાણે કરવો, જો પોતાનું મન નિર્મળ હોય તો સર્વસ્થાને[2] પ્રત્યક્ષફળ હોય છે. ॥ એવા પ્રકારનાં દુર્વચનો બોલનારા (તે લિંગધારીઓ) પોતે પ્રમાદ કરતા છતા ભવ સમુદ્રમાં ડૂબે છે, અને બીજાઓને પણ ડૂબાવે છે.॥ વળી પ્રવચનના નામ ગ્રહણથી[3] વ્યાખ્યાનમાં જે સાધુઓ કામના વિષયવાળુ (કામોદ્દીપક) હાસ્યકારી અને વિસ્મયકારી વિકથાઓ વિગેરે નિશ્ચય ભોળા બાળજનોની આગળ કરે છે તેમજ હંમેશાં બાહ્યગ્રન્થિ (ધન-પૈસા વિગેરે પરિગ્રહ) અને અભ્યન્તરગ્રન્થિ ( મિથ્યાત્વ-કષાય-આદિ ) ધારણ કરે છે, અને વળી લોકોને સમજાવે છે કે આ વિષમકાળમાં સાધુઓને ( સાધુપણું પાળી શકે એવી ) સામગ્રી મળવી દુર્લભ છે.॥ વળી જો કોઈપણ રીતે જે ગચ્છમાં સાધુઓ ચારિત્રમાં કુશીલ થયા હોય પરન્તુ જો આચાર્ય શુદ્ધધર્મમાં રહેલ હોય તો તેવા ગચ્છને ગચ્છ કહેવો.॥ અને જે ગચ્છમાં મુનિઓ સંયમ રહિત હોય અને જો આચાર્ય પણ કુમાર્ગ સેવી-સંયમ રહિત હોય તો ભવ્યજનોએ તે ગચ્છને ચંડાલના કુળની પેઠે ત્યાગ કરવો.॥ એવો ગચ્છ ચંડાલના પાડામાં-વસતિમાં રહેલા નિર્મળ જળથી ભરેલા પાણીવાળા કુવા સરખો નિંદનીય છે, માટે ઉત્તમ સાધુઓએ તે ગચ્છનો સંગ મન વચન કાયાથી ત્યાગ કરવો.॥ વળી જે આચાર્ય પોતાના શરીરના સુખને અર્થે આધાકર્મી અને

---

૧. ઘણા લોક જે વિધિએ કરતા હોય તે વિધિએ.

૨. લિંગીઓના ગચ્છમાં અને સંવેગીના ગચ્છમાં-સર્વે ગચ્છમાં.

૩. સિદ્ધાંત વાંચવાના બ્હાનાથી.

અનેષણીય આહાર વાપરે તો સંયમની ઇચ્છાવાળા સાધુ-ઓએ તે આચાર્યનો ત્યાગ કરવો.॥ જે ગચ્છમાં આચાર્ય સાધ્વીઓના પરિચયવાળો હોય, અને સર્વદ્રવ્યનો સંગ્રહ કરવાવાળો હોય તથા ઉન્માર્ગનો પક્ષ કરવાવાળો હોય તો તે આચાર્યને–ગચ્છને અનાર્યમિથ્યાની[1] પેઠે છોડવો.॥ જો ગચ્છ મૂળ ગુણથી રહિત હોય તો તે ગચ્છ વિદ્યાવાળો હોય કે લબ્ધિવાળો હોય કે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો હોય તો પણ તે ગચ્છને ત્યાગવો. ॥ ૮૧–૯૦ ॥

જે મુનિઓએ પોતાની નિશ્રાએ વસ્ત્ર ઉપકરણ પાત્રો વિગેરે, દ્રવ્યને અથવા ધનને–પરિગ્રહને ગૃહસ્થીને ઘેર રાખેલો છે તે મુનિ નહિ પણ કિણી[2] જાણવા. ॥ જે મુનિઓ ગૃહસ્થોને શાસ્ત્ર સંભળાવી તેઓની પાસેથી ધનની આશા રાખે છે તે જ્ઞાનનો વિક્રય કરનારા અને મિથ્યાદ્રષ્ટિ સરખા જાણવા પણ મુનિઓ ન જાણવા. ॥ વળી અલ્પ અપરાધના સ્થાને અભિમાન દર્પસહિત જે આચાર્ય મહાદંડ કરે છે, તેવા ધૂમધામગૃહિત[3] ( ધામધૂમના આડંબરવાળા ) આચાર્યને સર્પવત્ દૂરથી હંમેશાં ત્યાગ કરવો. ॥ પોતાની આજ્ઞાના ભંગ વડે જે આચાર્ય પોતાના પ્રકૃષ્ટ–શ્રેષ્ઠ ગુણને અસાર કરે છે તે સુવિહિત મુનિઓ ઉપરના દ્વેષથી ઉત્પન્ન

---

૧ અજ્ઞાની એવો દુષ્ટ

૨ કિણ એટલે ગુમડું, કિણી–એટલે ગુમડાવાળા એટલે અસાર ચારિત્ર રૂપિ દેહવાળા રોગી:

૩ ધૂમ અને ધામ શબ્દનો અર્થ આગળની ગાથામાં કહે છે.

થયેલ પ્રચંડ ક્રોધ સ્વભાવરૂપ ધૂમ[1] કહેવાય. ॥ તથા ઘામ એટલે ગારવની[2] રસિકતા, તથા પોતાની પૂજા સત્કાર રૂપ સમુદ્રનો ઉત્કર્ષ તેને લોકમાં વ્યવહાર દેખાડવાના ગર્વવડે ગુણોનું ન્યક્કરણ (ગુણોને તુચ્છ કરવા) તે. (ધામ કહેવાય). ॥ જેમ કોઇ શરણાગત જીવોને હણે તેમ ગચ્છની સારણા વારણા નહિ કરનારો એવો આચાર્ય પણ જે કારણથી શિષ્યોને હણે છે એમ સૂત્ર–સિદ્ધાન્તમાં કહ્યું છે. ॥ અને તે આચાર્યને ઉન્માર્ગમાં પ્રવેશ કરેલ, ઉન્માર્ગનો પ્રરૂપક, ઉન્માર્ગપ્રરૂપકને સ્હાય કરનાર, અને સુવિહિત સાધુનો એવો શત્રુ કહ્યો છે. ॥ જે આચાર્યો લૌકિક કાર્યોમાં રક્ત છે, ધનના અર્થી છે, ભક્તલોકની સ્તવના કરનારા છે, અને સુવિહિત જનોને અકલ્યાણ કરનારા છે તે આચાર્યો પાખંડી અને કુશીલીયા છે. ॥ અગીતાર્થ અને કુશીલ સાધુનો સંસર્ગ હું મન વચન કાયાએ ત્યાગ કરૂં છું, કારણકે જેમ રસ્તામાં ચોર તેમ મોક્ષમાર્ગમાં તે સાધુઓ મને વિઘ્નરૂપ છે. ॥ જે ગચ્છમાં આચાર્ય વિગેરે ઉપર કહ્યા પ્રમાણે (અસંયમી) હોય તેવા ગચ્છને સંયમની ઈચ્છાવાળાએ કિંપાક ફલ સરખો જાણીને ત્યાગ કરવો. ॥ ૯૧–૧૦૦ ॥

વ્યાધિ ઉત્તમ છે, મૃત્યુ શ્રેષ્ટ છે, દ્રરિદ્રતા પ્રાપ્ત થવી સારી, અરણ્યમાં વાસ કરવો સારો પરન્તુ કુશીલ–અના-

---

૧ સંયમ માર્ગીઓ ઉપર દ્વેષ રૂપી અગ્નિથી પોતાના ચારિત્ર રૂપ કાષ્ટને બાળીને જેઓ ઇર્ષ્યારૂપ ધૂમાડો ઉત્પન્ન કરે છે તે ધૂમ્ર ઈર્ષ્યા.

૨ રસ–ઋદ્ધિ શાતારૂપ ગારવની,

ચારીનો સંગ સારો નહિં. ।। હીનાચાર પણ સારો પરન્તુ કુશીલીઆઓનો સંગ કલ્યાણકારી નથી, જે કારણથી હીનાચારી તો અલ્પગુણનો-અથવા પોતાનો જ નાશ કરે પરન્તુ કુશીલીનો સંગમ તો (પોતાનો અને પરનો) સર્વનો નાશ કરે. ।। જેમ આમ્ર વૃક્ષનાં અને લીંબડાનાં બન્નેનાં મૂળ ભેગાં થયાં હોય તો સંસર્ગ દોષવડે આમ્રવૃક્ષ નાશ પામીને લીંબડાપણું પામે છે ( આમ્રવૃક્ષ પોતે લિંબડા વૃક્ષ રૂપે થાય છે.) ।। જે માણસ જેવા સાથે મિત્રાચારી કરે તે માણસ શીઘ્ર તેવા પ્રકારનો થઈ જાય છે, જેમ પુષ્પોની સાથે રહેનારાં તેલ પણ પુષ્પો સરખી ગંધવાળાં થઈ જાય છે. ।। અહિં પ્રશ્ન—વૈડૂર્ય નામનો મણિ ( ઉત્તમ જાતિનો નીલમ મણિ ) દીર્ઘકાળ સુધી પણ કાચના મણિ સાથે (........મિશ્ર) રહ્યો છતો પણ પોતાના પ્રધાન ગુણ-વડે પોતે કાચરૂપ થતો નથી. ।। પુનઃ જો તમને સંસર્ગ એજ પ્રમાણ છે તો શેલડીની વાડીમાં નલસ્તંભ[1] દીર્ઘ કાળ સુધી રહ્યો પણ મધુર રસવાળો કેમ થતો નથી. ।। આચાર્ય ઉત્તર આપે છે કે—લોકમાં ભાવુક[2] અને અભાવુક[3] એમ બે પ્રકારનાં દ્રવ્ય છે, અને તેમાં વૈડૂર્ય મણિ બીજાં દ્રવ્યોવડે અભાવનાવાળો[4] છે. ।। અને અનાદિ અનન્ત એવો

---

૧ નલ—નડ એ તૃણ વનસ્પતિ વિશેષ છે, તેનો સાંઠો.

૨ સંસર્ગથી સ્વભાવ પરાવૃત્તિવાળું.

૩ સંસર્ગથી પણ સ્વભાવ ન ફરે એવું.

૪ સ્વભાવ નહિ ત્યાગનારો.

આ જીવ તો સંસારમાં તે ભાવના વડે ભાવિત થાય છે, તેથી મેલનદોષના[1] પ્રભાવે તે આત્મા તેવી ભાવનાવાળો થઈ જાય છે. ॥ જેમ મીઠું જળ અનુક્રમે સમુદ્રના જળમાં ભળ્યું છતું મેલનદોષના[2] પ્રભાવે ખારાશપણું પામે છે, એ પ્રમાણે નિશ્ચયે સુશીલવંત જીવ દુઃશીલની સાથે મળ્યો છતો મેલનદોષના[3] પ્રભાવે ગુણનો વિનાશ પામે છે. ॥ ૧૦૧–૧૧૦ ॥

સર્વ તીર્થંકરોએ હીનાચારીઓની સાથે–આલાપ[4]–સંલાપ[5]–વિશ્વાસ–સ્તવના અને પ્રસંગનો નિષેધ કર્યો છે. ॥ ઉત્સૂત્રાચરણ[6] કરતો જીવ અતિ ચિક્કણા કર્મ બાંધે છે, સંસાર વધારે છે, અને માયામૃષા[7] આચરે છે. ॥ જો ગ્રહણ[8] કરીએ તો વ્રતનો લોપ થાય છે, અને ન ગ્રહણ કરીએ તો શરીરનો નાશ થાય છે. અને પાર્શ્વસ્થનો સંગમ પણ વ્રતના લોપવાળો છે, તે કરતાં સંગ ન કરવો ઉત્તમ છે. ॥ એવા પ્રકારના કુશીલ એવા સાધુપિશાચોને જેઓ

---

૧–૨–૩ સંગદોષના પ્રભાવે.

૪ એકવાર બોલવું. ૯ વારંવાર બોલવું.

૫ સૂત્રોક્ત વિધિમાર્ગથી વિપરીત આચરણ.

૬ કપટ સહિત અસત્યવાદ.

૭ અર્થાત ચારિત્ર પાળવા અસમર્થ કોઇ સાધુ કહે છે કે જો પાર્શ્વસ્થાદિપણું ગ્રહણ કરતાં વ્રતલોપ થાય છે, અને ન ગ્રહણ કરતાં આ શરીર અસમર્થ હોવાથી નાશ પામે છે તેને માટે આ ઉપદેશ છે.

ભક્તિપૂર્વક વંદના નમસ્કાર કરે છે તે મહાપાપવાળા છે.॥ તે કુશીલ સાધુઓને ગુરૂબુદ્ધિએ ધર્મ છે એમ જાણીને તેઓ પાસે કરેલું પ્રત્યાખ્યાન વિગેરે ધર્માનુષ્ઠાન નિષ્ફળ છે અને પ્રાયશ્ચિત કરવા યોગ્ય છે. ॥ ( તે કરેલા અનુષ્ઠાનનું પ્રાયશ્ચિત આ પ્રમાણે— ) મમત્વબુદ્ધિએ[1] મિથ્યાત્વ હોય તેને ગુરૂકાર્યમાં ષટલઘુકપ્રાયશ્ચિત, અને લઘુકાર્યમાં ૫ માસ પ્રાયશ્ચિત, અહિં સ્વસ્થાન તે ધર્મસ્વસ્થાન છે.॥ (હવે સંઘ–કુસંઘનું સ્વરૂપ કહે છે–) દુઃશીલ એવા દ્રવ્યલિંગી સાધુઓનો પક્ષ કરનાર, ઉન્માર્ગ અને અવિધિનો રાગી, વિધિપક્ષમાં ઇર્ષ્યા કરનાર એવો જે લોકસમૂહ તે સંઘ નથી અને તેવો સંઘ પ્રમાણ નથી. જે સંઘના સ્વરૂપથી અજાણ પુરૂષો હોય તેઓ જ ઉન્માર્ગની પ્રરૂપણા કરનાર એવા ઘણા લોકને જોઇને તેને સંઘ કહે છે. ॥ સુખશીલીઆ અને સ્વચ્છન્દચારી લોકો મુક્તિમાર્ગના શત્રુ છે, અને આજ્ઞાભ્રષ્ટ એવા ઘણા લોક હોય તેને સંઘ ન કહેવો. ॥ દેવદ્રવ્યાદિના ભક્ષણમાં તત્પર તથા ઉન્માર્ગનો પક્ષ કરનાર, અને સાધુઓનો દ્વેષ કરનાર લોકને સંઘ ન કહેવો. ॥ ૧૧૧–૧૨૦ ॥

અધર્મ અનીતિ અને અનાચાર સેવનારા તથા ધર્મની નીતિથી પ્રતિકૂળ સાધુ વિગેરે[2] ચારે ઘણા હોય તો પણ સંઘ ન કહેવો. ॥ જીનેશ્વરનો સંઘ તો માતાપિતા સરખો

---

૧ આ પ્રાયશ્ચિત્ત સંબંધિ બે ગાથાઓમાં પ્રાયશ્ચિત્ત સંબંધિ પારિભાષિક શબ્દો આવેલા છે તે શ્રી બહુશ્રુતથી સમજવા યોગ્ય છે.

૨ સાધુ-સાધ્વી–શ્રાવક-શ્રાવિકા.

અને મોક્ષરુપી મ્હેલના સ્તંભ સરખો હોય છે, અને જીને-શ્વરની આજ્ઞાથી બહાર વર્તનારો સંઘ તો સર્પ સરખો ભયંકર છે.॥ જેઓ રાગ અથવા દ્વેષ વડે અસંઘને સંઘ કહે છે, તેઓને છેદપ્રાયશ્ચિત[૧] અથવા મુહૂર્તપ્રાયશ્ચિત હોય છે.॥ સંઘનું નામ ધરાવીને જેઓ અવ્યવહાર (સંઘને અનુચિત વ્યવહાર) કરનારા છે, તે પક્ષિના ફૂટેલા ઇંડા સરખા અસાર છે.॥ તેવા સંઘનું બહુમાન કરે, અને ધર્મ છે એમ જાણીને ભક્તિપૂર્વક આહાર વસ્ત્ર વિગેરે આપે છે. ખરેખર કાગડાઓની તૃપ્તિ વિષ્ટાવડેજ હોય. ॥ સંઘના સમાગમમાં મલેલા જે સાધુઓ ગારવવડે અને સ્હાયવડે કાર્યો કરે છે તે સંઘાત છે પણ સંઘ[૨] નથી. ॥ કારણ કે આજ્ઞાના ભંગમાં પ્રવર્તતાની (સાધુઓની અથવા શ્રાવકોની) સ્હાયમાં જેઓ વર્તે છે તેઓ મન વચન કાયાવડે સમાન દોષવાળા કહ્યા છે.॥ આજ્ઞાભંગ જોઈને પણ જેઓ[૩] મધ્ય-સ્થ થયા છતા મૌન રહે છે, તેઓને અવિધિની અનુમો-દના હોવાથી તેઓનો પણ વ્રતભંગ થાય છે.॥ જે સાધુઓ ધનરક્ષણ આદિ કાર્ય કરે છે તેઓનું પણ શ્રમણપણું ભ્રષ્ટ છે, અને તેઓ ભ્રષ્ટવ્રતવાળા છે.॥ ધનવાન પુરૂષની વિરુદ્ધ વર્ત્યા હોય તો તે બિચારો શું કરવાનો હતો પરંતુ સુક્ષ્મ

---

૧ આ ટિપ્પણ પૃષ્ટ ૭૮ ની ૧ નંબરની ટિપ્પણ પ્રમાણે જાણી લેવી.

૨ તાત્પર્ય એ છે કે સાધુઓના શિથિલાચારમાં જે સંઘની સ્હાય હોય છે, અને તેવી સંઘની સ્હાય વડે તે સાધુઓ શિથિલાચાર આચરે છે તેવો સંઘ સંઘ નથી પણ સંઘાત (અસ્થિ સંઘાત એટલે હાડનો સમૂહ) છે. **सेसो पुण अट्ठिसंघाओ** ઇતિ વચનાત્.

૩ સાધુ શ્રાવકો.

પણ ભગવાનની આજ્ઞાનું લેશમાત્ર પણ ઉલ્લંઘન કરવું તે અનન્ત દુ:ખનું કારણ છે. ॥ ૧૨૧– ૧૩૦॥

તીર્થંકરની આરાધનામાં તત્પર અને શ્રુતધર્મ તથા સંઘની ભક્તિવાળા એવા જીવે આજ્ઞાથી ભ્રષ્ટ થયેલા જનને અનુસષ્ટી–ઉપદેશ સર્વથા નહિં દેવા યોગ્ય છે. ॥ ગર્ભપ્રવેશ (પુર્નજન્મ) પણ સારો છે, નરકમાં નિવાસ કરવા રૂપ પાસ પણ કલ્યાણકારી છે, પરન્તુ જીનાજ્ઞાનો લોપ કરનાર સંઘમાં વસવું સારૂં નથી.॥ કેટલાએક[1] એમ કહે છે કે પાર્શ્વસ્થાદિ સાધુનું દર્શન અને જીનેન્દ્ર ભગવંતની આશાતના એ બે કરે તો તે વડે અનન્ત સંસાર થાય છે.॥ જે કારણથી જીનેન્દ્ર ભગવંત સાવદ્યમાં રક્ત (સાવદ્ય ક્રિયાના રાગી) નથી, ગ્રન્થિવાળા (પરિગ્રહવાળા) નથી, વિભૂષાવાળા[2] નથી, લોક પ્રચારનો (લોકપ્રવાહનો) પક્ષ કરનારા કે સ્વચ્છંદ પણે વચનવાળા નથી.॥ વળી તે કદીપણ પરવૃત્તિએ વ્યવહાર કરનારા (બીજાના ચિત્તને અનુકૂળ વ્યવહારવાળા) નથી, તે કારણ માટે કુશીલનુંલિંગ–સાધુવેષ વિટંબનાનું કારણ છે.॥ એમ જાણીને ડાહ્યા પુરૂષો આજીવિકા માટે મુનિના ચિન્હ આદિ રૂપ તે દ્રવ્યલિંગ-માત્રને આ જીન વેષ છે એમ કદિ પણ કહેતા નથી.॥ અને કેટલાએક તો બાળજીવોને (સ્થૂલ દ્રષ્ટિવાળા મનુષ્યોને) હર્ષ ઉત્પન્ન કરે એવો કોઇ બીજી નવીન જાતનો વેષ કે જે ઉદ્ભટ અને પંડુરવર્ણી વસ્ત્રાદિરહિત અને સુવિહિત

૧. અહિંથી પુન ગુર્વાભાસનું સ્વરૂપ પણ મિશ્રિતપણે ચાલે છે અને કુશીલનું પણ સ્વરૂપ કહેવાય છે. ૨ શોભા.

મુનિઓના વેષના આભાસ સરખો ધારણ કરે છે. ।। તે (ગુર્વાભાસ) મુનિઓ ઉપકરણોને રંગે છે, મલિનતાવાળાં કરે છે, સારસ[1] વા બગલાની પેઠે ગતિ ધારણ કરે છે (બગની પેઠે ધીરી ચાલથી ચાલે છે), અને સુવિહિત સાધુની ભ્રાન્તિ ઉપજાવવાને માટે ધર્મની માયા રૂપે પલ્લા[2] ધારણ કરે છે.।। લોકનું ચિત્ત આકર્ષવાને વૈરાગ્યમય વ્યાખ્યાન વિગેરે કરે છે, અને આ ઉત્તમ સાધુ છે એમ લોકને બોધ થવા માટે પોતાના દોષ પ્રગટ કરે છે.।। જ્યાં શ્રુતજ્ઞાન ગ્રહણ કરાય છે તેને આ પ્રમાદી છે, દોષવાળો છે, એમ કહે છે, અને જે આચાર્ય તે ઉપાધ્યાયના દોષોને **कयण-जाहेण** (છુપી રીતે શ્રુતને ગ્રહણ કરે) પ્રગટ કરે છે. ।। ૧૩૧–૧૪૦ ।।

જ્ઞાન ભંડારની વૃદ્ધિ માટે દ્રવ્ય વિગેરે ગ્રહણ કરે છે, અને ગ્રહણ કરાવે છે અને બાહ્ય લોકને (તત્ત્વથી અજ્ઞાત લોકને) બહારથી ક્રિયાનો આટોપ (ડોળ) દેખાડે છે.।। સાધુસમુદાયમાં[3] પણ અન્યોન્ય (પરસ્પર) વિસંવાદ ચાલે છે, પોતપોતાના ઉત્કર્ષ વડે (અભિમાન વડે) પરસ્પર મળતા નથી, અને પરસ્પર સમાચારીનો વિરોધ કરે છે, (એક બીજાની સમાચારીને ખોટી કહે છે).।। સર્વે વ્યાખ્યાન કરવામાં તત્પર હોય છે, અને સર્વે સ્ત્રીજનોને ઉપદેશ આપવાના આચારવાળા હોય છે. યથાચ્છંદની પેઠે બોલનારા હોય છે, અને

---

૧. પક્ષી વિશેષ ૨. વસ્ત્ર વિશેષ.

૩. સુવિહિત સાધુ સમુદાયથી અન્ય સાધુ સમુદાયો માટે આ વચનો છે.

કહે છે કે ધર્મ શું પરની સાક્ષીએ[1] થાય છે! (અર્થાત્ ધર્મ તો આત્મસાક્ષીએ છે). ॥ મંડલિમાં ભોજન કરવું ઇત્યાદિ વ્યવહારથી પરાઙ્ગમુખ, પરસ્પર સંબંધ વિનાના, શબ્દ કરનારા (રાત્રે બોલનારા[2]) ઝંઝકારી (જે રીતે સમુદાયમાં ભેદ પડે તે રીત આચરનારા) તુમંતુમા (તું તાથી ટુંકારીને બોલાવનારા), અને પાપાગ્નિથી તપ્ત થયેલા અથવ પાપથી સંતોષ વાળા (એવા ગુર્વાભાસ મુનિઓ હોય છે).॥ શિથિલ આલંબનના કારણથી સ્થાન અને વિહાર વડે સર્વ પ્રમાદાચાર કરે છે, પોતાનો લેશ ગુણ પણ ભક્તજનોની આગળ મોટા મેરૂ સરખો કહે છે.॥ ધર્મકથાઓ ભણે છે, અને ઘેરઘેર તે કથાઓ કહેતા ફરે છે, તથા અમુક કારણ છે એમ કારણ જણાવીને વધારે ઉપકરણો રાખે છે.॥ સર્વ સ્થાને એકાકી ભ્રમણ કરે છે, દીક્ષાપર્યાયની ગણત્રી[3] નહિં કરીને સર્વે અહમિન્દ્ર[4] ધર્મવાળા રહે છે; અને પોતાના નિયમોનો–મહાવ્રતોનો પરાભવ કરે છે–હારે છે. ॥ પોતાને કાર્ય હોય તે વખતે મૃદુ વચન બોલનારા, અને કાર્ય થઈ રહ્યા બાદ કઠોર વચન બોલનારા, અતિમૂઢ અને

---

૧. અર્થાત્ અમો અમારા આત્માને અર્થે જે થોડું કરીશું તે પણ કલ્યાણકારી છે, એ વચનથી પોતાના શિથિલાચારના પોષણને અર્થે કહે છે માટે અહિતકાર છે.

૨ રાત્રે મોટે શબ્દ બોલવું એ ૧૬મું અસમાધિસ્થાન છે.

૩–૪ દીક્ષા પર્યાય પ્રમાણે નાના મ્હોટાની મર્યાદા નહિ રાખીને સર્વે મોટા-ગુરૂ બનવા ન્હાય છે.

ગુપ્ત હૃદયવાળા, અને ચુનો તથા કનક (કાથા)ની પેઠે રંગ[1] કરનારા હોય છે.॥ જેઓ સાંપ્રત-વર્તમાનકાળમાં પણ પોતાને વિષે ચારિત્રધર્મનું સ્થાપન કરનારા છે, તેઓને વિષય કષાયરૂપી અગ્નિની જ્વાળાથી બળેલા જાણવા.॥ કારણ કે શ્રીજીનેશ્વરોએ સંજ્વલન કષાયના ઉદયથીજ[2] ચારિત્રધર્મ કહ્યો છે, અને તે મુનિઓ તો પ્રાયઃ અભિન્નગ્રંથીપ્રદેશવાળા[3] હોય એમ જાણવું ॥ ૧૪૧–૧૫૦ ॥

વાયુથી ભરેલી બસ્તિની[4] પેઠે પોતાના ઉત્કર્ષ (અભિમાન) વડે જેમ તેમ બોલે છે, અને ગીતાર્થની સેવા કરતો નથી તે બસ્તિની પેઠે અદર્શનીય છે.॥ સ્તબ્ધ (માનમાં અક્કડ), અને નિર્વિજ્ઞાની એવો તે સાધુ જીનેન્દ્ર ધર્મને નહિ જાણતો છતો પરાભવ પામે છે, જગતને તૃણ સરખું માને છે, અને કોઇને પણ પોતાની તુલ્ય જાણતો નથી.॥ ગૃહસ્થ લોકને ઘણું માન આપે છે, અને ગૃહસ્થો

---

૧. ભગવા રંગના કપડાં પ્હેરી ફરનાર પ્રત્યે આ શીક્ષા સંભવે છે. કારણ કે મુનિના વસ્ત્ર શ્વેતવર્ણી હોય, વર્તમાનમાં પીતવર્ણી વસ્ત્ર કારણે ગીતાર્થકૃત વ્યવહાર છે માટે માન્ય છે.

૨ અર્થાત્ ચારિત્રનો પ્રારંભ કેવળ સંજ્વલન કષાયના ઉદયથી છે માટે.

૩ મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાનમાં અનાદિ ભાવથી વર્તતા છે, અને એકવાર પણ સમ્યક્પ્રાપ્તી વિનાના છે.

૪ બસ્તિ એટલે ચામડાની મશક અને ગુદાની અંદરનો ભાગ. એવા બે અર્થ છે, અહિં જેમ તેમ બોલવાનું અને અદર્શનીયપણાનું વિશેષણ હોવાથી ગુદાનો અર્થ ઘટી શકે છે.

આ સંયમસહિત વર્તે છે એમ કહે છે, અને તેવા સાધુઓ ઉત્તમ જ્ઞાનવાળા ગુરૂઓની આજ્ઞા માનતા નથી. ॥ ગામ-દેશ-કુલ-શ્રાવક-અને શ્રાવિકાઓને એ સર્વને મમત્વ-ભાવવાળા કરે છે અર્થાત્ મમત્વમાં[1] પ્રવર્તાવે છે, તથા વસતિ-ઉપાશ્રય ઘર અને ચન્દ્રવાદિક તથા નંદિધનાદિકની[2] વૃદ્ધિ કરે છે. ॥ પોતે સાધુ મનાવીને બીજાઓ પાસે સાધુ બુદ્ધિએ વંદના નમસ્કારાદિ કરાવે છે, અને શિથિલાચારવાળા છતાં પણ તે સાધુઓ પોતે તો કોઈને વંદના કરતા નથી. ॥ લોકમાં તો એવા પ્રકારના સાધુવાદ-પ્રશંસા થાય છે કે આ સાધુઓ ધર્મરક્ત છે, ધર્મોપદેશક છે, અને મનોહર છે, પરન્તુ તે સર્વે સાધુઓ અધર્મી અમર્યાદ અને નાટકીયાના ટોળા સરખા છે. ॥ અસાધુઓ સાધુઓની પેઠે પૂજાય છે તે આ ૧૦ મું આશ્ચર્ય છે, તે આશ્ચર્યના પ્રભાવથી ( આ ક્ષેત્રમાં ) દુકાળ દ્રારિદ્ર અને ભયના સમૂહ ઉત્પન્ન થાય છે. ॥ જે સાધુઓ સંકિલષ્ટ ચિત્તવાળા છે, માયાસ્થાનમાં નિત્ય તત્પર રહે છે, અને આજીવિકાના ભયવડે ગ્રસ્ત થયેલા છે તે મૂઢ મુનિઓ સાધુઓ ન હોય. ॥ મૂળ ગુણથી રહિત છકાયના શત્રુ, વિશેષતઃ અસંયમી, ગુણવંત મુનિઓ ઉપર દ્વેષવાળા ધૃષ્ટ અનાચારી અથવા ધિક્સ્થાનીય એટલે ઉત્તમ સમાચારીથી ભ્રષ્ટ થયેલા અથવા પાપાચાર્ય તે નિયકિમાં (મા યામાં) તત્પર, ભક્તલોકની સ્તવના કરવામાં નિપુણ, છાની રીતે

---

૧ અર્થાત્ પોતાનેજ કેવળ સાધુ-ગુરૂ માને બીજાને ન માને એવા મમત્વમાં નાખે છે.

૨ નાણુ વિગેરે માંડીને ધનની વૃદ્ધિ કરનાર.

સર્વ પરિગ્રહનો સંગ્રહ કરનારા, સર્વ વસ્તુના ઉપભોગમાં–આહારમાં તત્પર, તથા જેઓ શુદ્ધ અને ઉત્તમ સાધુ ધર્મને અંગપર (આત્મામાં) ધારણ કરતા નથી તેમ પ્રશંસા પણ કરતા નથી, એવા તેઓ શ્રદ્ધાગુણથી રહિત, પ્રમાદમાં તત્પર, ગૃહસ્થની આગળ સ્વાધ્યાય કરનારા, અન્યોઅન્ય લઢનારા, અને જેઓ શિષ્યાદિકની અર્થે ક્લેશ વિવાદની ઉદીરણા કરે છે, ઈત્યાદિ ઘણું કહેવા વડે શું! એવા તે સાધુઓ બાલજીવોને (અજ્ઞાન જીવોને) રમણિક–પ્રીય લાગે છે, પરન્તુ દક્ષ–નિપુણ જનોને તો એ સાધુઓ વિરાધક છે, અને છાના પાપના દ્રહ (જળાશય વિશેષ) સરખા છે. ॥ ૧૫૧–૧૬૩ ॥

એવા સાધુઓની આગળ વંદન નમસ્કાર કરવા અને ગુરૂબુદ્ધિએ યોગ ઉપધાન આદિ કરવાં, તે સર્વ નિષ્ફલ છે, અને પ્રાયશ્ચિત લેવા યોગ્ય છે. ॥ જે કારણથી છેદને વિષે (છેદ ગ્રંથોમાં કહ્યું છે કે) આસ્તિક્ય–શ્રદ્ધા રહિત એવા તીર્થિ અથવા લિંગીની પાસે જે ધર્મકૃત્ય કર્યું હોય તેનું પ્રાયશ્ચિત ચતુર્ગરૂ જેટલું છે. ॥ સુખશીલીયા સાધુઓને કૃતિકર્મ (દ્વાદશાવર્તવંદન) કરવું, અને પ્રશંસા કરવી તે કર્મબંધને માટે છે, અને તે સાધુનાં જે જે પ્રમાદસ્થાનો છે તે પ્રમાદસ્થાને ઉત્તેજન આપ્યું ગણાય છે. ॥ એ પ્રમાણે જાણીને કલ્યાણની ઈચ્છાવાળો જીવ કુશીલ સાધુઓનો સંસર્ગ સ્તવના અને સહવાસને સર્વ ઉપાયથી ત્યાગ કરે. ॥ મુગ્ધજનોને મોહ ઉત્પન્ન કરનારી જેવી ક્રિયા નિન્હવ અને અભવ્યોની છે, નિશ્ચયે તેવીજ ક્રિયા માયાવી છદ્મસ્થ સાધુઓની છે એમ

જાણવું. ॥ પુનઃ જીનેન્દ્રોએ તો નિશ્ચયથી નિરવદ્ય ધર્મ કહ્યો છે, એવું વચન બોલતા અને (તેમ બોલવાથી) તીર્થંકરાદિકની વિધિમાર્ગવાળી ભક્તિને ગોપવતા, તથા અલ્પમતિવડે શાસનની હેલના કરતા, અને તત્ત્વમાર્ગને નહિ પામતા એવા તે સાધુઓ મુગ્ધ-ભોળા જીવોને અજ્ઞાન કષ્ટનું સ્વરૂપ દેખાડે છે. (અજ્ઞાન કષ્ટમાં પાડે છે). ॥ તેવા સાધુઓ પણ દર્શન નહિ કરવા યોગ્ય, જીનશાસનથી બહાર મિથ્યાત્વરૂપ દારિદ્રયવાળા પાપીષ્ઠ અને સર્વથી અધમ જાણવા. ॥ ૧૬૪-૧૭૧ ॥

## इति कुगुरु गुर्व्वाभास पार्श्वस्थादि स्वरुपाधिकारः

## ॥ अथ सुगुरुस्वरुपम् ॥

હવે તેમના ગચ્છ અને સંઘ સહિત સુગુરૂનું સ્વરૂપ કહું છું કે જેમાં અન્તર્મુહૂર્ત્ત માત્ર સહવાસ કરવાથી પણ મહાલાભ થાય છે.॥ સુગુરૂનો ગચ્છ પણ મહા પ્રભાવશાળી હોય છે, તે ગચ્છમાં વસતા સાધુને ઘણી નિર્જરા થાય છે, અને સારણા[1] વારણા ચોયણા ઈત્યાદિ નિર્દોષ–દોષ રહિત આચારો વડે પ્રતિપત્તિ (ભક્તિ–દ્રઢ શ્રદ્ધા) થાય છે.॥ શ્રાવકોને આ ગુરૂ આપણા અને આ ગુરૂ પારકા એમ કદી પણ ન હોય, કારણ કે જીનેન્દ્રાગમરૂપી રત્નના ભંડારવાળા તે સર્વે ગુરૂઓજ કહ્યા છે.॥ વર્તમાન દુઃષમકાળમાં ધર્મના અર્થી સુગુરૂ અને સુશ્રાવકો દુર્લભ છે, પરંતુ રાગદ્વેષવાળા નામ ગુરૂ અને નામ શ્રાવક ઘણા છે.॥ શ્રી જીનેન્દ્રના માર્ગમાં નામ આદિ ચાર પ્રકારના ગુરૂ કહ્યા છે, તે ચારમાં નામ–સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ પ્રકારના ગુરૂ વડે કંઈ પરમાર્થ–પ્રયોજન નથી[2].॥ (પરન્તુ ભાવ ગુરૂવડે

---

૧. સારણા-સંભારી આપવું, વારણા-અકાર્યથી નિવારણ કરવું, ચોયણા સંયમ વિધિમાં પ્રેરણા, પડિચોયણા, વારંવાર પ્રેરણા.

૨. એ ભિન્ન ભિન્ન પદાર્થોમાં ઘટતા નિક્ષેપા આશ્રયિ કહ્યું છે, અન્યથા અભિન્ન નિક્ષેપ આશ્રયિ તો ચારે નિક્ષેપા પૂજ્ય થાય છે.

પ્રયોજન છે તે ભાવગુરૂ આ પ્રમાણે-) શુદ્ધ ચારિત્રવાળા, ઉત્તમ દર્શન-સમ્યક્ત્વવાળા, તત્ત્વનો માર્ગ પ્રરૂપવામાં તત્પર, મૂળગુણ અને ઉત્તમગુણરૂપી રત્નોવડે અલંકૃત એવો જે સંયત-મુનિ તે ભાવસાધુ-ભાવગુરૂ કહેવાય.।। ( એજ ભાવગુરૂ ) દ્રવ્યથી (બાહ્ય લક્ષણોથી) ત્રણ પ્રકારે કહ્યા છે—૧ મુદ્રાથી[1], ૨ ઉપકરણથી, અને ૩ ઉપદેશ વિગેરેથી. એ ત્રણે પ્રકારવડે શાસન અભિમુખ-સન્મુખ થયેલા લોકોને શુદ્ધ વ્યવહાર ઉત્પન્ન કરનાર છે.।। શાંત આકારવાળા, પ્રશાન્ત ચિત્તવાળા, દમન કરેલી ઇન્દ્રિયોવાળા, ધૈર્યવાળા, તેમજ પરિષહાદિકવડે ઉત્પન્ન થયેલ ક્રોધાદિકના કારણમાં વચન લક્ષ્મીને (વચનને) ન પલટાવે (અર્થાત્ અસત્ય ન બોલે) એવા (ભાવગુરૂ) હોય છે.।। ઈર્યાસમિતિ-ભાષાસમિતિ-એષણા સમિતિ-આદાનસમિતિ અને પારિષ્ઠાપનસમિતિ એ પાંચ પ્રકારની સમિતિવાળા. એ પાંચ સમિતિ તે ચારિત્રમાં જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવામાં છે, અને અશુભ યોગની નિવૃત્તિ કરવારૂપ ત્રણ પ્રકારની ગુપ્તિવાળા ( એવા ભાવગુરૂ હોય છે).।। ત્યાં આલંબન-કાળ-માર્ગણા-અને જયણા એ ચાર પ્રકારે ઈર્યાસમિતિ છે, તેમાં પણ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ ત્રણ પ્રકારનાં આલંબન છે.।।૧-૧૦।।

તથા કાળ **ઇર્યાસમિતિ** તે દિવસને વિષે કહી છે, અને ઉન્માર્ગ વર્જન આડો અવળો માર્ગ છોડી ધોરી રસ્તે

---

૧. આકૃતિથી-પરિમિત અને પ્રમાણવાળાં ઉપકરણોથી-અને મોક્ષમાર્ગાભિમુખી ઉપદેશથી ભાવગુરૂ ઓળખાય છે.- વિશેષ અર્થ ઉપદેશરત્નાકરથી જાણવો.

ચાલવું તે) **માર્ગસમિતિ** છે. તથા **જયણાસમિતિ** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અને ભાવથી ચાર પ્રકારની છે.॥ તથા ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-ભય-મૌખર્ય-અને વિકથા એ આઠ સ્થાનોને ઉપયોગપણે સંયત-સાધુ પરિવર્જન કરે (તે ભાવથી[1] જયણાસમિતિ જાણવી) પુનઃ અસાવદ્ય-પ્રમાણસર-અવસરોચિત-એવી ભાષા બોલે તે **ભાષાસમિતિ** વાળા (ભાવગુરૂ કહેવાય).॥ (હવે એષણા સમિતિના ૩ ભેદ આ પ્રમાણે-) આહારના સંબંધમાં **ગ્રાસૈષણા** ઉપધિના સંબંધમાં **ગ્રહણૈષણા** અને શય્યાદિકના સંબંધમાં **પરિભોગૈષણા** એ પ્રમાણે એ ત્રણે એષણાને શુદ્ધ કરવી.॥ તથા ઓઘ-ઉપધિ[2] (સંક્ષિપ્ત-અલ્પ ઉપધિ) અને ઉપગ્રહઉપધિ[3] તથા પાત્ર એ બન્ને પ્રકારના[4] ઉપકરણને ગ્રહણ કરતો તથા સ્થાપન કરતો એવો મુનિ વિધિપૂર્વક નિક્ષેપ (લેવું મૂકવું) કરે.॥ વડીનીતિ-લઘુનીતિ-શ્લેષ્મ-નાસિકામલ-શરીરનો મેલ-આહાર-ઉપધિ-અને શરીરને અથવા તેવા પ્રકારના બીજા કોઇ પદાર્થને વિધિપૂર્વક ત્યાગ કરે તે **પરિષ્ઠાપનસમિતિ**).॥

---

૧. અહિં દ્રવ્યાદિક ત્રણ જયણાસમિતિ કહી નથી તે આ પ્રમાણે—દ્રવ્યથી સચિત્તાચિત્ત દ્રવ્ય સંબંધિ, ક્ષેત્રથી અમુક ગામ નગર યા માર્ગ સંબંધિ, કાળથી દિવસે અને રાત્રે પણ જયણા ઇર્યાસમિતિ પાળવી તે દ્રવ્યાદિ જયણા ઇર્યાસમિતિ જાણવી.

૨. હંમેશને માટે રાખવાની ઉપધિ.

૩. કારણ પડયે જે ઉપધિ ગ્રહણ કરવી પડે તે.

૪. બે પ્રકારની ઉપધિ અને પાત્ર.

મન, વચન અને કાયાને સંરંભ[1] સમારંભ[2] અને આરંભમાંથી[3] જયણાપૂર્વક નિવર્તે તે સાધુ (મનઆદિ ત્રણ ગુપ્તિવાળા કહેવાય).॥ (સાધુનાં ૧૪ ઉપકરણ કહે છે–) પાત્ર–પાત્રબન્ધ[4]-પાયઠ્ઠવણી[5]–પાયકેસરિકા[6]–પડલા[7] – રજસ્ત્રાણ[8] –ગુચ્છોએ[9] –પાત્રનિર્યોગત્રણ[10]– પ્રચ્છાદક[11]– રજોહરણ – મુહપત્તિ–માત્રક[13]–અને ચોલપટ્ટ[14].॥ દ્રવ્યાદિ વિશેષ ભેદ સહિત, જ્ઞાત અજ્ઞાત અને દુર્વિદગ્ધ એ ત્રણ પ્રકારના પુરૂષોને લાભ થાય તે રીતે ત્રણ પ્રકારે પ્રવચનનો વિશુદ્ધ અને તત્ત્વ માર્ગ પ્રરૂપે છે (તે ભાવગુરૂ કહેવાય).॥ ૧૧–૨૦ ॥

---

૧. મનોગત હિંસા સંકલ્પ તે **સંરંભ.**

૨. વચનાદિકે સંતાપ ઉપજાવવો તે **સમારંભ,**

૩. કાયવડે હણવું તે **આરંભ** અથવા સંકલ્પથી–સંતાપથી–ઘાતથી પણ એ ૩ ભેદ જાણવા. ૪. ઝોળી.

૫. પાત્ર સ્થાપનિકા–જેમ કામળીનાં કકડામાં પાત્ર સ્થપાય છે તે.

૬. પાત્રકેસરિકા–પાત્ર પ્રમાર્જવાની નાની ચરવળી–પૂજણી.

૭. પાત્ર ઉપર ઢાંકવાનાં કપડાં.

૮. પાત્ર ઉપર પડતી રજના નિવારણ માટે જે વીટણું બંધાય છે તે પાત્રવીંટન.

૯. પાત્ર ઉપર વીંટણુ અને તે વીંટણુ ઉપર કંબલનો કકડો રખાય છે તે.

૧૦. એ સાત વસ્તુઓ પાત્ર સંબંધિ હોવાથી **પાત્રનિર્યોગ** કહેવાય.

૧૧. બે સૂત્રના અને ૧ ઉનનો એમ ત્રણ પ્રચ્છાદ–કકડા.

૧૨. ઓઘો. ૧૩. પાત્રવિશેષ. ૧૪. કેડે પહેરવાનું વસ્ત્ર.

ઈત્યાદિ ગુણુવાળો સાધુ તે દ્રવ્યથી સાધુ કહેવાય, અને અન્ત્યકષાયથી ( સંજ્વલન કષાયોદયથી ) મૂળગુણ અને ઉત્તરગુણમાં શુદ્ધ હોય તે **ભાવગુરુ** કહેવાય. ।। અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ગુણસ્થાનમાં રહેલો, પંચમહાવ્રતયુક્ત, ચરણકરણના (ચારિત્રના અને ક્રિયાના) ઇત્યાદિકના સેંકડો ગુણસમૂહ સહિત અને જ્ઞાનવડે બળવાન ( તે ઉત્તમ સાધુ–ભાવગુરૂ કહેવાય). ।। પ્રાણિવધનો ત્યાગ–મૃષાવાદનો ત્યાગ–અદત્તત્યાગ–મૈથુનત્યાગ–અને પરિગ્રહત્યાગ એ સાધુનાં પાંચ પ્રકારનાં મહાવ્રત છે.।। પૃથ્વી–જળ–અગ્નિ–વાયુ–વનસ્પતિ–દ્વીન્દ્રિય–ત્રીન્દ્રિય–ચતુરિન્દ્રિય–અને પંચેન્દ્રિય એ ૯ પ્રકારના જીવને મન વચન અને કાયાએ ત્રણ વડે ગુણતાં ૨૭ ભેદ થાય છે. ।। પુનઃ કરવું–કરાવવું અનુમોદવું એ ત્રણ કરણ વડે ગુણતાં ૮૧ થાય, પુનઃ એ ૮૧ ને ત્રણ કાળ વડે ગુણતાં ૨૪૩ થાય. ।। ( એ ૨૪૩ પ્રકારની અહિંસા રૂપ ) જયણા ધર્મને ઉત્પન્ન કરનારી છે જયણા ધર્મનું રક્ષણ કરનારી છે, જયણા તપની વૃદ્ધિ કરનારી છે, અને જયણા એકાન્ત સુખ આપનારી છે. ।। સુવર્ણનાં અને રત્નનાં પગથીઆંવાળું, હજારો થંભ વડે ઊંચું, એવું જો જીનચૈત્ય કરાવે તો તે કરતાં પણ તપ સંયમ અધિક છે.।। વળી જો અહિંસા ધર્મને જાણ્યો હોય તો જીવના ભેદનો સંગ્રહ પણ ( જાણ્યો હોય તે જીવભેદ સંગ્રહ આ પ્રમાણે—) ચેતનાયુક્ત જીવ તે જીવનો ૧ ભેદ છે, અને સંસારી તથા સિદ્ધ એમ જીવના ૨ ભેદ છે. ।। તથા ત્રસ અને સ્થાવર એ પણ (સંસારી જીવના) બે ભેદ

છે, સ્ત્રી પુરૂષ–અને નપુંસક એ ભેદથી જીવ ૩ પ્રકારના છે, મનુષ્ય–તિર્યંચ–નારક અને દેવ એ પ્રમાણે અથવા તો અવેદક[1] ભેદસહિત જીવ ચારપ્રકારના છે. ।। એકેન્દ્રિય–દ્વીન્દ્રિય–ત્રીન્દ્રિય–ચતુરિન્દ્રિય–અને પંચેન્દ્રિય એ પ્રમાણે ૫ પ્રકારના અને અનીન્દ્રિય (સિદ્ધ) સહિત ૬ પ્રકારના છે, તથા પૃથ્વી–જળ–અગ્નિ વનસ્પતિ–પવન અને ત્રસ અને અકાય (સિદ્ધ) એમ ૭ પ્રકારના જીવ છે. ।। ૨૧–૩૦ ।।

અંડજ[3]–રસજ[4]–જરાયુજ[5] – સંવેદિમ[6] – પોતજ[7]–સમ્મૂર્ચ્છિમ–ઉદ્ભિજ[8]–અને ઔપપાતિક[9] એ ભેદ વડે ૮ પ્રકારના જીવ છે.।। ૫ સ્થાવર અને ૪ ત્રસ એમ ૯ પ્રકારના જીવ છે, અથવા નપુંસક નારક–પુરૂષદેવ–સ્ત્રીદેવ–ત્રણવેદવાળા તિર્યંચ–અને ત્રણવેદવાળા મનુષ્ય એ સહિત કરતાં પણ ૯ પ્રકારના જીવ છે.।। પૃથ્વિ આદિ આઠ, અસંજ્ઞિ પંચેન્દ્રિય, સંજ્ઞિપંચે૦ એ ૧૦ ભેદ છે, અને સિદ્ધ સહિત ૧૧ ભેદ છે, તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા સહિત ૧૨[2] પ્રકારના જીવભેદો થાય. ।। એ ૧૨ ભેદોમાં અશરીરી (સિદ્ધ) યુક્ત કરે તો ૧૩ ભેદ થાય, તથા એકેન્દ્રિ સૂક્ષ્મ–એકેન્દ્રિય બાદર–દ્વીન્દ્રિય–ત્રી૦–ચતુ૦–સન્નિપંચે૦ – અસ૦ પંચે૦ – એ

---

૧ ત્રણ વેદવાળાની સાથે એક અવેદક એટલે સિદ્ધ સહિત કરવાથી.

૨ ૭ કાયના અપર્યાપ્ત અને પર્યાપ્ત ગણતાં ૧૨ ભેદ થાય–ઇતિદ્રવ્યલોકઃ

૩ ઇંડાથી ઉત્પન્ન થનાર. ૪ રસથી ઉત્પન્ન થનાર.

૫ ઓરવાળા જીવો. ૬ પરસેવાથી ઉત્પન્ન થનાર.

૭ હાથી વિ. ૮ જમીન ભેદીને ઉ. ૯ દેવનારક.

સાતે અપર્યાપ્તા અને પર્યાપ્તા ગણતાં ૧૪ ભેદ પણ થાય.॥ એ ૧૪માં સિદ્ધ સહિત ૧૫ ભેદ થાય, અંડજ આદિ ૮ પ્રકારના પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં ૧૬ ભેદ, અને સિદ્ધ સહિત કરતાં ૧૭ ભેદ થાય છે. ॥ પૂર્વોક્ત ૯ જીવભેદને પર્યાપ્ત અપર્યાપ્ત ભેદથી દ્વિગુણ કરે તો ૧૮ ભેદ થાય તેમાં સિદ્ધ સહિત જીવના ૧૯ ભેદ થાય છે. ॥ પૃથ્વી આદિ ૧૦ પ્રકારને પર્યા૦ અપર્યા૦થી ગણતાં ૨૦ ભેદ થાય, તેમાં સિદ્ધ સહિત કરતાં જીવના ૨૧ ભેદ થાય.॥ પૃથ્વી–જળ––અગ્નિ–વાયુ–સાધારણવનસ્પતિ અને સૂક્ષ્મ–બાદર બે ભેદે ગણતાં ૧૦ ભેદ તેમાં પ્રત્યેક વનસ્પતિ મેળવતાં ૧૧ ભેદ અને દ્વી૦ ત્રી૦ ચતુ૦ સ૦ અસ૦ મેળવતાં ૧૬ ભેદને પર્યાપ્તા પર્યાપ્ત વડે ગણતાં ૩૨ ભેદ થાય.॥ તથા ૭ નારક –૧૦ ભવનપતિ–૮ વ્યન્તર–૫ જ્યોતિષી–૧૨ કલ્પ–૯–ગ્રૈવેયક –અને ૫ અનુત્તર એ ૫૬ વૈક્રિયને (દેવોને) ગણીને ત્યાર-બાદ તેમાં મનુષ્ય અને તિર્યંચ એકત્ર કરે તો ૫૮ ભેદ થાય તેને પણ પર્યા૦ અપર્યા૦ ભેદે ગણતાં સર્વ જીવ ૧૧૬ ભેદે થાય. ॥ ૩૧–૪૦ ॥

પ્રથમ જે ૩૨ જીવભેદ કહ્યા તેમાંથી સન્નિ અને અસન્નિ એ બે ભેદ બાદ કરતાં બાકીના ૩૦ ભેદ સહિત કરે તો ૧૪૬ ભેદ થાય તેને ભવ્ય–અભવ્ય–દૂરભવ્ય અને આસન્નભવ્ય એ ચાર ભેદે ગુણે તો સંસારી જીવોના ૫૮૪ ભેદ થાય છે. ॥ એ સર્વ જીવભેદોને જે સાધુ પોતાના આત્માની પેઠે રક્ષણ કરે તેને સિદ્ધાંતના જ્ઞાતા અને દ્રવ્યથી તેમજ ભાવથી ઉભય પ્રકારે સાધુ કહેલો છે. ॥

સંજ્ઞિજીવોને ૧૦ પ્રાણ છે, તથા અસન્નિ ચતુ૦ ત્રી૦ દ્વી૦ ને એકેક ન્યૂન પ્રાણ છે ( અનુક્રમે ૯–૮–૭–૬ પ્રાણ છે ), એકેન્દ્રિયને ૪ પ્રાણ છે, એ પ્રમાણે ૪૪ પ્રાણની રક્ષા કરતો સાધુ ચારિત્રધારી કહેવાય છે. ॥ પૃથ્વી–જળ–અગ્નિ–વાયુ–વન૦–દ્વિ૦–ત્રી૦–ચતુ૦–પંચે૦–અને અજીવ એ (દશપદ)માં પ્રેક્ષણ[1]–ઉત્પ્રેક્ષણ–[2]–પ્રમાર્જન–અને પરિષ્ઠાપન તથા મન વિગેરે ત્રણ (મન–વ૦–કાયા) એ ૭ મેળવતાં ૧૭ પ્રકારનો અસંયમ છે તેને ત્યાગ કરે.॥ અથવા ૫ મહાવ્રતનું ગ્રહણ, ૪ કષાયનો રોધ, ૫ ઇન્દ્રિયનો રોધ અને ૩ ગુપ્તિ એ પ્રમાણે સંયમના ૧૭ ભેદ પણ કહે છે.॥ એ પ્રમાણે પ્હેલા મહાવ્રતને એવી રીતે પાળે કે જેથી જીવને મરણાન્તે પણ મનથી પીડા ન કરે તે ગચ્છ કહેવાય.॥ સંકલ્પાદિ[3] ત્રણ પ્રકારને મન આદિ ૩ યોગ તથા કરણ[4] તેમજ ૪ ક્રોધાદિ વડે ગુણતાં ૧૦૮ પરિણામ (સંયમના ભેદ થાય છે) ॥ **इति प्रथमं महाव्रतम्** ॥ ( હવે બીજું મહાવ્રત કહે છે ) જે મુનિઓ યાવજ્જીવ સુધી પોતે અસત્ય બોલે નહિ, બીજા પાસે બોલાવે નહિં, અને બોલતાને અનુમોદન આપે નહિ તેજ નિશ્ચયે મુનિ કહેવાય.॥ ભાષા ચાર પ્રકારની છે–૧ સત્ય,[5] ૨ મૃષા, ૩ સત્ય-

---

૧. પડિલેહણા ૨. પડિલેહણાનોજ ભેદ છે.

૩. સંકલ્પ–સમારંભ–અને સારંભ જેનો અર્થ પ્રથમ ફુટનોટમાં ચાલુ ૧૭મી ગાથાના સંબંધમાં કહ્યો છે.

૪. કરવું–કરાવવું–અનુમોદવું.

૫. એ ચાર મૂળ ભેદ તથા ૪૨ ઉત્તરભેદનું સ્વરૂપ ગ્રન્થાન્તરોથી જાણવું.

મૃષા, ૪ અસત્યામૃષાએ ચારમાંથી પ્હેલી અને ચોથી ભાષા બોલવી, તથા બે ભાષાઓ ન બોલવી ॥ ૪૧–૫૦ ॥

કારણ પડયે તો ચારે ભાષા બોલવી પરન્તુ પ્રાણીનો ઘાત થાય એવી ન બોલવી, તેમજ (પ્રાણીનો ઘાત કરનારી એવી) સત્યભાષા પણ સંયમરૂપી આત્માનો ઘાત કરનારી છે માટે ન બોલવી.॥ જનપદસત્ય–સમ્મતસત્ય–સ્થાપનાસત્ય–નામસત્ય – રૂપસત્ય – પ્રાતિત્યસત્ય–વ્યવહારસત્ય–ભાવસત્ય–યોગસત્ય–અને ઉપમાસત્ય એ ૧૦ પ્રકારની સત્યભાષા છે. ॥ ક્રોધથી–માનથી–માયાથી–લોભથી–પ્રેમથી–દ્વેષથી–હાસ્યથી–ભયથી–અભ્યાખ્યાનથી–અને ૧૦મી ઉપઘાતથી એ ૧૦ મૃષાભાષા ન બોલવી. ॥ ઉત્પન્ન–વિગત–ઉત્પન્નવિગત–જીવ–અજીવ–જીવાજીવ–અનંત–પ્રત્યેક-અદ્ધા–અને અદ્ધાદ્ધા એ ૧૦ મિશ્રભાષા છે. ॥ આમન્ત્રણ–આજ્ઞાપન–યાચના–પૃચ્છના–પ્રજ્ઞાપના–પ્રત્યાખ્યાની –ઇચ્છાનુલોમા–અનભિગૃહિત-અભિગૃહિત-શંસયકારી-વ્યાકૃતા-અને અવ્યાકૃતા એ ૧૨ પ્રકારની અસત્યામૃષા ભાષા પ્રવૃત્તિધર છે(વ્યવહાર ભાષા છે.)॥ત્રણકાળ[1]-૩ વચન[2]–૩ લિંગ[3]-પરોક્ષ[4]-પ્રત્યક્ષ[5]-ઉપનીય[6]-

---

૧ ભૂત ભવિષ્ય–વર્તમાન ૨ એકવચન-દ્વીવચન–બહુવચન

૩ સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંલ્લિંગ.

૪ દ્રષ્ટિ પ્રાપ્ત નહિ તે પરોક્ષ

૫ દ્રષ્ટિ સમક્ષનું ૬ ગુણોપનયરૂપ જેમકે આ રૂપવાન છે.

વિપર્યય[1]-અવભાવ[2]-અપનીત[3]-અધ્યાત્મ[4]એ ૧૬ મું. એ ૧૬ વચનવડે[5] યોગ્ય અયોગ્યની સમ્યક્ પરીક્ષા [6] થયે ગુરૂના નિર્દેશમાં (આજ્ઞામાં) રહેલો મુનિ સિદ્ધાન્તનો સાર કહે.॥ જે મુનિ હેતુવાદ[7]નિશ્ચય વ્યવહાર વિગેરે સાતનય યુક્ત એવો ઉપદેશ જો આપે (તો આરાધક છે નહિંતર) બીજો મુનિ (નયયુક્ત ઉપદેશ નહિ આપનાર મુનિ) સિદ્ધાન્તનો વિરાધક જાણવો. ॥ **इति द्वितीयं महाव्रतम्** ॥ (હવે ત્રીજું મહાવ્રત કહે છે.) સ્વામિઅદત્ત[8] -જીવ અદત્ત[9] -તીર્થંકર અદત્ત[10]-અને ગુરૂઅદત્ત[11] એ ચાર પ્રકારના અદત્તને દ્રવ્યાદિ ચાર ભેદે મનથી પણ ઈચ્છે નહિં. ॥ ૫૧-૬૦ ॥

---

૧ અપનીતોપનીત-આ દુઃશીલ છે પણ રૂપવાન છે (પ્રથમ અવગુણને પછી ગુણવાળું)

૨ ઉપનીતાપનીત-આ રૂપવાન છે પરન્તુ દુઃશીલ છે (પ્રથમ ગુણ ને પછી અવગુણવાળું)

૩ અપનીત-આ દુઃશીલ છે.

૪ ઇષ્ટ અર્થને ગોપવવાની ઈચ્છાવાળાને શીઘ્ર તેનો જ અર્થ કહેવો તે **અધ્યાત્મ** વચન

૫ એ ૧૬ વચનો પ્રશ્નવ્યાકરણમાં છે ત્યાં ઉપનીતાદિ ચાર વચનનો ક્રમ ઉપનીત-અપનીત-ઉપનીતાપનીત અપનીતોપનીત એ રીતે છે, અને આ ગાથાનો ક્રમ ભિન્ન છે.

૬ અર્થાત્ શાસ્ત્રનાં વચનમાં દરેક વચન આ ૧૬ પ્રકારે વિચારતાં બરાબર આવડે ત્યારે જ સિદ્ધાન્ત વાંચવાનો અધિકારી ગણાય.

૭ હેતુ હેત્વાભાસ વિગેરે ન્યાયની પરિપાટી,

૮ વસ્તુના માલિકે નહિં આપેલી

૯ એ વસ્તુની પોતાની સંમતિ ન હોય અને ગ્રહણ કરવી.

૧૦ તીર્થંકરે નિષેધ કરેલી, ૧૧ ગુરૂએ નિવારણ કરેલી.

વિશુદ્ધ નયવાળાઓને સર્વ વસ્તુ પ્રત્યે સંકલ્પ તે **संरंभ**, પરિતાપ-સંતાપ ઉપજાવવો તે **समारंभ** અને ઉપદ્રવ કરવાથી-વિનાશથી **आरंभ** કહ્યો[૧] છે.॥ **इति तृतियं महाव्रतम्** ॥ (હવે ચોથું મહાવ્રત કહે છે)—મન, વચન, કાયા એ ત્રણ યોગે કરવું કરાવવું ને અનુમોદન એ ત્રણ કરણવડે દેવસંબંધી-ઔદારિકસંબંધિ ૯-૯ ભેદ ગણતાં ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય છે, એ ૧૮ ભેદે બ્રહ્મચર્ય પાળતો સાધુ ત્રણે કાળમાં સ્ત્રીની ઈચ્છા ન કરે.॥ સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત એ બે ભેદમાં ૨૪ પ્રકારનો કામ છે, ત્યાં સંપ્રાપ્ત કામ ૧૪ પ્રકારનો છે, અને અસંપ્રાપ્ત કામ ૧૦ પ્રકારનો છે. ॥ તેમાં ૧૦ પ્રકારનો **असंप्राप्त**[૨] કામ આ પ્રમાણે-ઈચ્છા[૩]-ચિન્તા[૪]-શ્રદ્ધા[૫]-સ્મરણ[૬]-વિક્લવ[૭]

---

૧ અહિં આ ગાથાનું છેલ્લું ચરણ **सव्वनयाणं विशुद्धाणं** એ પ્રમાણે શ્રી ભગવ૦માં વ્યવહારસૂત્રમાં આલોચના પ્રસંગ માટે વિશુદ્ધ ગણાવ્યા છે (અન્યથા અન્તિમ નયો વિશુદ્ધ નયો છે) છે. માટે અહિં પાઠભેદ છે. અહિં પ્રથમના ત્રણ નયોને શ્રી આરંભાદિ ક્રિયાના વર્ણનમાં વૃત્તિને વિષે.

૨ સ્ત્રી પુરૂષનો વચન અથવા કાયાથી સંબંધ થયા વિના જે મનોગત દશાઓ તે **असंप्राप्तकाम**.

૩ સ્ત્રીનો અભિલાષ માત્ર તે **इच्छा**.

૪ સ્ત્રીની રૂપ આદિ સૌંદર્યતા વિચારવી તે **चिन्ता**.

૫ સ્ત્રીના સંગમનો અભિલાષ કરવો તે **श्रद्धा**.

૬ સ્ત્રીનું રૂપ ચિત્ર આદિ દેખીને સંભારવી-હર્ષ માનવો તે **स्मरण**.

૭ સ્ત્રીના વિરહના દુઃખથી હાસ્યાદિ વિનોદ રહિત ઉદ્વેગ કરવો તે **विक्लवता**.

–લજ્જાનાશ[1]–પ્રમાદ[2]–ઉન્માદ[3]–તદ્ભાવ[4] અને ૧૦મું મરણ છે. તથા હવે **संप्राप्त**[5] કામ પણ સંક્ષેપમાં કહું છું–દ્રષ્ટિ-સંપાત[6] – દ્રષ્ટિસેવા[7] – સંભાષણા[8] – હાસ્ય[9] – લલિત[10] –ઉપગૂહન[11]–દંતનિપાત[12]-નખનિપાત[13]-ચુંબન[14]–આલિં-

---

૧ ગુરૂ આદિ પાસે પણ રાગી સ્ત્રીના ગુણાદિ કહેવા તે **लज्जानाश.**

૨ સ્ત્રીની પ્રાપ્તિ માટેજ સર્વ ઉદ્યમ કરવો તે **प्रमाद.**

૩ સ્ત્રીમાં ચિત્ત એકાગ્ર થતાં બીજું આલજાલ બોલવું–બેભાન થવું તે **उन्माद.**

૪ સ્તંભાદિકને પણ સ્ત્રીનીબુદ્ધિએ આલિંગનાદિ કરવું તે **तद्भावमरण** પ્રસિદ્ધ છે. ( કેટલાક શાસ્ત્રજ્ઞો નિશ્ચેષ્ટ અવસ્થાને પણ અહિં **मरण** કહે છે.)

૫ સ્ત્રીપુરૂષનો સંબંધથતાં જે દશાઓ થાય છે તે **संप्राप्तकाम.**

૬ સ્ત્રીનાં સ્તનાદિ જોવાં તે **दृष्टिसंपात.**

૭ સ્ત્રી પુરૂષે હાવભાવપૂર્વક દૃષ્ટિએ દૃષ્ટિ મેળવવી સામસામું જોઈ રહેવું તે **दृष्टिसेवा.**

૮ અવસર મળ્યે કામકથા કરવી તે **संभाषण.**

૯ **हास्य** પ્રસિદ્ધ છે.

૧૦ બાજી–ચોસર–ઇત્યાદિ રમવું તે **ललित.**

૧૧ ગાઢ આલિંગન તે **उपगूहन.**

૧૨ દંતનિપાત–દાંતથી છેદવાનો કામવિધિ (બચકાં ભરવાં તે )

૧૩ નખથી છેદ કરવા (નખથી શરીર વલૂરવું) તે **नखनिपात.**

૧૪ **चुंबन** પ્રસિદ્ધ છે.

ગન[1] –આદાન[2] –હસ્ત[3] –સેવન[4] –અને અનંગક્રીડા[5] . ॥ ઈત્યાદિ ભેદવાળું મૈથુન કાર્ય કદી પણ ઈચ્છે નહિં. તથા ૯ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ દરેક પ્રકારના પ્રાણીઓની સાથે સર્વ પ્રકારના સંગથી સાચવે. (તે ૯ ગુપ્તિઓ આ પ્રમાણે) ૧ વસતિ[6]--૨ કથા[7] --૩ નિષદ્યા[8] --ઇન્દ્રિય[9]– કુડ્યન્તર[10] –પૂર્વક્રીલિત[11]–પ્રણીત[12]–અતિમાત્રાહાર[13] અને ભૂષણ[14]એ બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ (નવવાડ) છે.॥ જો કોઈ ક્રોડ ગમે સોનૈયાનું દાન આપે, અથવા સુવર્ણનું જીનભુવન કરાવે, તો પણ તેને તેટલું પુણ્ય નથી થતું કે જેટલું બ્રહ્મચર્યથી પુણ્ય થાય છે.॥ શીલવ્રત એ કુળનું આભરણ છે, શીલ-વ્રત એ સર્વ રૂપમાં ઉત્તમ રૂપ છે, શીલ એજ નિશ્ચયે પંડિતપણું છે, અને શીલ એજ નિરૂપમ ધર્મ છે.॥૬૧–૭૦॥

---

૧ કિંચિત્ સ્પર્શ તે **आलिंगन.**

૨ સ્તનાદિ ગ્રહણ તે **आदान.** ૩ કામનાં આસન તે **करण.**

૪ મૈથુન ક્રીડા તે **सेवन.**

૫ અસભ્ય (મૈથુન સિવાયની) કુચેષ્ટા તે **अनंगक्रीडा.**

૬ સ્ત્રી અને નપુંસક તથા તિર્યંચની વસતિમાં ન રહેવું તે.

૭ સ્ત્રી કથા ન કરવી. ૮ સ્ત્રીના આસન ઉપર ન બેસવું.

૯ સ્ત્રીનાં અંગોપાંગ ન જોવાં.

૧૦ એક ભીત્તિને આંતરે સ્ત્રી રહેતી હોય ત્યાં ન રહેવું.

૧૧ પૂર્વકૃત કામક્રીડા ન સંભારવી,

૧૨ સ્નિગ્ધ માદક આહાર ન કરવો.

૧૩ અધિક આહાર ન કરવો. ૧૪ શરીરવિભૂષા ન કરવી.

શીલ એ ઉત્તમ ધન છે, શીલ તે પરમ કલ્યાણકારી છે, શીલ સદ્દગતિનું કારણ છે, અને શીલ એ આચારરૂપી નિધિનું સ્થાન છે. ।। જો કે કોઈ એક સ્થાને રહેનાર હોય, મૌનવ્રતવાળો હોય, મુંડ થયેલ હોય, વલ્કલી (છાલ પ્હેરનારો) હોય, અથવા તપસ્વી હોય પરંતુ જો અબ્રહ્મની ઈચ્છા (વિષયની ઈચ્છા) રાખતો હોય તો તેવો બ્રહ્મા પણ મને રૂચતો નથી.।। સ્ત્રીઓની યોનિમાં ૯ લાખ ગર્ભજ[1] જીવો હોય છે, એક બે અથવા ત્રણ અને વધારેમાં વધારે ગર્ભપૃથક્ત્વ[2] ( ૯ ગર્ભજજીવો ) પુત્રરૂપે ઉત્પન્ન થાય છે. ।। સ્ત્રીઓની યોનિમાં દ્વીન્દ્રિય[3] જીવો અસંખ્ય ઉત્પન્ન થાય છે, અને ચવે છે, તેમજ સમ્મૂચ્છિંમ[4] પણ અસંખ્ય ઉત્પન્ન થઈ મરણ પામે છે. ।। સ્ત્રીના ઋતુકાલ વખતે તો તે સર્વે જીવો પાપોનું પાત્ર છે, અને (યોનિ તે) જીવોનું ભવન છે, તે કારણથી જે ધીર પુરૂષો છે તેઓ પ્રધાન એવા બ્રહ્મચર્યવ્રતને ધારણ કરે છે.।। સ્ત્રીના

---

૧ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્ય.

૨ અહિં છાપેલી પ્રતમાં **गब्भपुहुत्तं** શબ્દ છે, અને સંબો॰ ધસપ્તતિકા વિગેરેમાં **इत्थीजोणीए संभवंति बेइंदिया उ जे जीवा इक्को व दो व तिन्न व लक्ख पुहुत्तं च उक्कोसं** ।। માટે ઉત્કૃષ્ટ, ૯ લાખ (અર્થ) ઉચિત છે.

૩ દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવો નહિ પણ દ્વીન્દ્રિયો કહ્યા છે.

૪ સમ્મૂચ્છિંમમનુષ્ય.

સંભોગ વખતે રૂની નલિકાનાયોગપ્રયોગ દ્રષ્ટાન્તના સદ્ભાવથી તે સર્વે જીવોનો સમકાળે વિનાશ થાય છે. ॥ જીનેશ્વરોએ શીલવ્રતને સર્વવ્રતોને શોભાવનાર કહ્યું છે, એ વિષયરૂપ હલાહલ વિષવડે જેઓ ચળાયમાન થયા નથી તે મહાધૈર્યવંત છે. ॥ આત્માનું કલ્યાણ કરનાર એવા સુવિહિત મુનિઓને સ્ત્રીનો સંગ તથા સ્ત્રીનું રૂપ દેખવું પણ નિષેધ કરેલ છે, કારણકે બ્રહ્મચર્યવ્રત શરીરનું ઉત્તમ આભૂષણ છે. ॥ જેમ કુકડીના બચ્ચાને કુબલથી (મંજારીથી-બિલાડીથી) હંમેશાં ભય રહે છે, તેમ નિશ્ચયે બ્રહ્મચારી મુનિને સ્ત્રીના સંગથી મહાભય હોય છે. ॥ પુરૂષના આસન ઉપર સ્ત્રી ૩ પ્રહર સુધી ન બેસે, અને સ્ત્રીનાઆસનને પુરૂષ અન્તર્મૂહૂર્ત સુધી વર્જીત કરે (ન બેસે) ॥૭૧–૮૦ ॥

અબ્રહ્મચર્ય ઘોર અને પરિણામે ભયંકર છે, અને નિશ્ચયે ભયંકર છે, તે કારણથી નિર્ગ્રન્થો મૈથુનનો સંસર્ગ વર્જે. ॥ પાત્ર–ઉપકરણ–તથા શરીર વિગેરેમાં અને ગામ દેશ તથા સંઘનેવિષે જે કદીપણ મમત્વભાવ ન કરે તે શ્રમણના ગુણવાળો મુનિ છે. ॥ દ્રવ્યાદિ ( દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ એ ) એ ચારે પ્રકારના પરિગ્રહમાં જે પ્રતિબંધ–રાગ ન કરે તથા વંદન પૂજા સત્કારમાં તથા માન અને અપમાનમાં જે સમાનવૃત્તિવાળો હોય તે સાધુ કહેવાય.॥ ચાર પ્રકારના અશન આદિ ( અશન–પાન–ખાદિમ–સ્વાદિમ )માં સર્વમાં દ્રવ્યાદિ ચાર પ્રકારે ( દ્ર૦ ક્ષે૦ કા૦ ભા૦થી )જે સંનિંધિપ્રબંધ (સંગ્રહ કરી રાખવાની ઈચ્છા) કારણ પડયે પણ ન કરે તે સાધુ કહેવાય. ॥ નિત્ય સ્વાધ્યાયમાં રક્ત

રહે, શુભધ્યાનવાળા હોય, ઈત્યાદિ ગુણવાળા સાધુઓ જે ગચ્છમાં નિયતવિહાર કરે છે તે મુનિ ગચ્છ છે, અને સુવિહિત છે.॥ જે ગચ્છમાં આચાર્ય ઉપાધ્યાય સ્થવિર પ્રવર્તક અને મુનિ એ પાંચે રાત્નિક (જ્ઞાનદર્શન ચારિત્રરૂપ રત્નવાળા) હોય, અને ગુણવડે વિભૂષિત હોય તે ગચ્છ કહેવાય.॥ દુઃષમ કાળવડે દોષિત થયેલા અમારા સરખા જીવો તે ક્યાં! અહો જો જીનાગમ ન હોય તો અમારા જેવા અનાથોનું શું થાત! ॥ જો ગચ્છમાં પ્રવચન રત્નના નિધાન એવા આચાર્યો નાયક હોય (તે જ ગચ્છ કહેવાય) અને સાંપ્રતકાળે પણ જે કારણથી સર્વ ધર્મ તે આચાર્યના અધિષ્ઠાનવાળો[1] છે.॥ શ્રી તીર્થંકરો તો માર્ગ દર્શાવીને ક્યારનાએ અજરામર પણું પામ્યા છે, માટે વર્તમાન કાળમાં તો સર્વ શાસન આચાર્યોજ ધારણ કરે છે.॥ પ્રતિરૂપ આદિ ૧૪ ગુણ,[2] ક્ષાન્તિ ૧૦ પ્રકારનો ધર્મ અને ૧૨ ભાવનાઓ એ આચાર્યના ૩૬ ગુણ છે. ॥ ૮૧–૯૦ ॥

પાંચ ઇન્દ્રિયોનો સંવર કરનાર, તથા ૯ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, તથા ચાર કષાયના ત્યાગી એ ૧૮ ગુણ સહિત તથા મહાવ્રત યુક્ત, ૫ પ્રકારના આચાર પાળવામાં સમર્થ, ૫ સમિતિવાળા અને ૩

---

૧ અર્થાત્ આચાર્યને આધારે સર્વ ધર્મ વર્તમાન કાળમાં પ્રવર્તે છે.

૨ પ્રતિરુપ–તેજસ્વી–યુગપ્રધાનઆગમવંત–મધુરવચન–ગંભીર–ધૈર્ય–ઉપદેશપરાયણ–અપરિશ્રાવી–સૌમ્ય – સંગ્રહશીલ – અભિગ્રહમતિ અવિકથ્ય–અચપલ–પ્રશાન્તચિત્ત.

ગુપ્તિવાળા એ પ્રમાણે ૩૬ ગુણ સહિત આચાર્ય હોય છે.।। વિધિપૂર્વક અંગીકાર કરેલ ચારિત્રવાળા, ગીતાર્થ, વાત્સલ્ય ગુણવાળા, સુશીલ, ગુરૂકુલવાસને સેવ્યો હોય અને અણુયત્તિપર ( અનુવર્તનામાં તત્પર ) એવા ગુરૂ કહ્યા છે.।। ઉત્તમ દેશ કુલ જાતિ અને રૂપવાળો, સંઘયણવાળો, ધૈર્યવંત, અનાશંસી (નિરિચ્છ), અવિકથાવાળો, માયારહિત, સ્થિરપરિપાટીવાળો[૧], ગૃહિતવચનવાળો,[૨] પર્ષદાજીતનાર, નિદ્રા જીતનાર, મધ્યસ્થ, દેશકાળ ભાવને જાણનાર, શીઘ્રપ્રાપ્ત બુદ્ધિવાળો, અનેક પ્રકારના દેશોની ભાષા જાણનાર, પંચ પ્રકારના આચારમાં યુક્ત, સૂત્ર–અર્થ–અને સૂત્રાર્થની વિધિને જાણનાર, ઉદાહરણ–હેતુ–ઉપનય–અને નયમાં નિપુણ, ગ્રહણ કરવામાં કુશલ, સ્વસિદ્ધાન્ત અને પર સિદ્ધાન્તને જાણનાર, ગંભીર, દીપ્તિમાન્, ઉપદ્રવરહિત, સૌમ્ય ઇત્યાદિ સેંકડો ગુણ સહિત એવા પ્રવચનનો ઉપદેશ આપનારા–સુગુરૂ–આચાર્ય હોય છે.।। ગણિસંપદા ૮ પ્રકારની છે, પુનઃ તે દરેક ગણિસંપદા ચાર ચાર પ્રકારની છે ( તેથી ૩૨ ) અને ૪ પ્રકારની વિનયપ્રવૃત્તિ એ ૩૬ ગુણ આચાર્યના છે.।। દર્શન–જ્ઞાન–ચારિત્ર એ પ્રત્યેકના આઠ આઠ ભેદવાળા ( તેથી ૨૪ ) અને ૧૨ પ્રકારના તપ એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.।। આચાર વિગેરે ૮, તેમજ ૧૦ પ્રકારનો સ્થિતકલ્પ, બારપ્રકારનો તપ, અને ૬ પ્રકારે

---

૧ અતિ પરિચિત સુત્ર અર્થવાળા ( અતિ અભ્યાસથી સ્થિર થઇ છે અનુયોગરૂપ પરિપાટી જેની તે સ્થિરપરિપાટી )

૨ ઉપાદેય વચનવાળા, અથવા અસ્ખલિત આજ્ઞાવાળા.

આવશ્યક એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥૯૧-૧૦૦॥

૧૮ પાપસ્થાનનો ત્યાગ, સાધુની ૧૨ પ્રતિમા ધારણ કરનાર, અને ૬ મહાવ્રતની રક્ષામાં ધીર એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૨૨ પરિસહ સહન કરનાર, ૧૪ ભૂતગ્રામ (જીવ ભેદ)ના રક્ષક, એ પ્રમાણે શ્રી જીનેન્દ્રોએ આચાર્યના ૩૬ ગુણ કહ્યા છે.॥ સારણાદિ ૪ શિક્ષા, દાનાદિક ૪ ધર્મ, ચાર ધ્યાન તે પણ એકેક ચાર ચાર પ્રકારનું ધ્યાન, અને ૧૨ ભાવના એ સર્વનો ઉપદેશ આપવામાં તત્પર છે તેથી આચાર્યના એ ૩૬ ગુણ છે. ॥ ૫ ચારિત્ર, ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ આચાર, ૫ સમ્યક્ત્વ, ૫ સ્વાધ્યાય, અને પાંચ વ્યવહાર તથા ૧ સંવેગ એ ૩૬ વડે અલંકૃત શરીરવાળા હોવાથી આચાર્યના એ ૩૬ ગુણ છે.॥ ૫ ઈન્દ્રિય, ૫ વિષય. ૫ પ્રમાદ, ૫ આશ્રવ, ૫ નિદ્રા, ૫ દુષ્ટ ભાવના એ ૩૦નો ત્યાગ કરવાવાળા, અને છ કાય જીવની જયણામાં તત્પર એ ૩૬ ગુણ આચાર્યના છે. ॥ ૬ લેશ્યા, ૬ આવશ્યક, ૬ દ્રવ્ય, ૬ વચન, ૬ દોષ તેમજ ૬ ભાષાને જ્ઞાનગુણ વડે જાણે તે આચાર્યના ૩૬ ગુણ છે. ॥ ૭ પિંડેષણા, ૭ પાનૈષણા, ૭ ભય, ૭ સુખ, અને ૮ મદનાં સ્થાન એ પ્રમાણે સદાકાળ આચાર્યના ૩૬ ગુણ જાણવા.॥ દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણ આચારના ૮-૮-૮ આચાર, ૮ ગુરૂના ગુણ અને ચાર શુદ્ધિ સહિત એ ૩૬ ગુણયુક્ત આચાર્ય છે.॥ ૮ અષ્ટાંગયોગ, ૮ સિદ્ધિ, ૮ દૃષ્ટિ, ૮ કર્મ જાણનાર, અને દ્રવ્યાદિ ચારઅનુયોગ ધરનાર એ ૩૬ ગુણ આચાર્યના છે.॥ ૯ પાપનિદાનનું નિવારણ કરનાર, ૯ બ્રહ્મ-

ગુપ્તિ ધરનાર, ૯ કલ્પવિહાર કરનાર, અને ૯ તત્ત્વના જ્ઞાની એ ૩૬ ગુણ સહિત આચાર્ય છે. ॥ ૧૦૧–૧૧૦ ॥

૧૦ ઉપઘાત, ૧૦ અસંવર, ૧૦ સંકલેશ, અને હાસ્યાદિ ૬ નો ત્યાગ કરેલ એ ૩૬ ગુણવાળા આચાર્ય જીનશાસન પ્રવર્તાવનાર છે.॥ ૧૦ સમાચારી, ૧૦ સમાધિસ્થાન, એ વીસનો ઉપદેશ આપે અને ૧૬ કષાયથી રહિત હોય એ ૩૬ ગુણ સહિત આચાર્ય હોય છે. ॥ સમાધિનાં ચાર સ્થાનના દરેકના ચાર ભેદ હોવાથી ૧૬ સમાધિસ્થાન, ૧૦ અશન-વિશુદ્ધિ (પિંડવિશુદ્ધિ), અને ૧૦ પ્રતિસેવા રહિત એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧૦ મુનિધર્મ, ૧૦ વિનય, ૧૦ વેયાવચ્ચ, અને ૬ અકલ્પ રહિત એ પ્રમાણે ૩૬ ગુણ સહિત આચાર્ય હોય છે.॥ ૧૦ રૂચિ–૨ શિક્ષા–દૃષ્ટિવાદ સહિત ૧૨ અંગ–અને ૧૨ઉપાંગ એ પ્રમાણે આચાર્યના ગુણની સંખ્યા ૩૬ છે.॥ ૧૧ ગૃહસ્થપ્રતિમા–૧૨ ગૃહસ્થનાં વ્રત–૧૩ ક્રિયાસ્થાન–એ સર્વને જાણતા તથા વર્જતા ( એટલે ગૃ૦પ્રતિમા અને ગૃ૦વ્રતને જાણતા અને ૧૩ ક્રિયાસ્થાનને વર્જતા ) એવા આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧૦ પ્રકારનું પ્રાયશ્ચિત–૧૨ ઉપયોગ–અને ૧૪ ઉપકરણને વિધિપૂર્વક અંગીકાર કરતા આચાર્ય ૩૬ ગુણવાળા છે.॥ ભાવના–તપ –અને સાધુની પ્રતિમા એ દરેકના ૧૨–૧૨–૧૨ ભેદ હોવાથી બારને ત્રણે ગુણવા, એ પ્રમાણે ૩૬ ગુણવાળા આચાર્યને ગુરૂબુદ્ધિએ નમસ્કાર કરવા યોગ્ય છે. ॥ અંડસૂક્ષ્મ વિગેરે આઠ સૂક્ષ્મ, તથા ૧૪ ગુણસ્થાન, અને ૧૫ પ્રતિરૂપ વિગેરે એ ૩૬ ગુણ શ્રી આચાર્યના છે.॥ ૩ ગારવ–૩ શલ્ય–૧૫–

સંજ્ઞા-અને ૧૫ યોગ-એ ૩૬ ગુણને જે હંમેશાં જાણે તે આચાર્ય કહેવાય. ॥૧૧૧-૧૨૦॥

૧૬ ઉદ્દગમદોષ-અને ૧૬ ઉત્પાદનાદિ દોષ અને ૪ દ્રવ્ય અભિગ્રહ એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧૬ વચન-૧૭ સંયમ-અને ૩ વિરાધના એ ૩૬ ગુણવડે અલંકૃત શરીરવાળા આચાર્ય હોય છે.॥ ચારિત્રને અયોગ્ય એવા ૧૮ પ્રકારના પુરૂષને ચારિત્ર ન આપે અને ૧૮ પાપસ્થાનનો ત્યાગ કરે એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧૮ પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરે, અને ૧૮ હજાર શિલાંગરથના વહનમાં વૃષભ સરખા હોય, એ આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧ મિથ્યાત્વ-૨૦ અસમાધિસ્થાન-૫ મંડલિના દોષ-અને ૧૦ એષણાના દોષ ( એ સર્વનો ત્યાગ કરે ) તે આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૨૧ સબલ દોષ-૧૫ શિક્ષાશીલનાં સ્થાન-એ પ્રમાણે સદ્ગુણના સમૂહવાળા આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧ મિથ્યાત્વ-૩ વેદ-૬ હાસ્યાદિ-અને ૪ કષાય એ ૧૪ અભ્યન્તર ગ્રન્થિ અને ૨૨ પરિષહ એ ૩૬ ગુણ આચાર્યના છે ( અહિં ગ્રંથિનો ત્યાગ જાણવો અને પરિષહ સહન કરવાનો આદર જાણવો ).॥ સાધુના ૨૭ ગુણ-અને અશનાદિકની ૯ કોટિએ વિશુદ્ધિ એ પ્રમાણે આચાર્યના એ ૩૬ ગુણ સદાકાળ હોય છે.॥ ૨૫ પડિલેહણા-૬ કાય વિરાધનાનો ત્યાગ-અને ૫ વેદિકાદિકની શુદ્ધિ એ ૩૬ ગુણવાળા આચાર્ય છે. ॥ ૧૨૧-૧૩૦ ॥

૩૨ યોગસંગ્રહના ગુણવડે સહિત, અને ૪ પ્રકારના ભાવવડે એટલે આચરણા-સંભાષણા-વાસના-અને પ્રવર્તના

વડે સહિત એ ૩૬ ગુણ આચાર્યના છે.॥ લબ્ધિના ૨૮ ભેદ તથા પ્રભાવક પુરૂષના ૮ ભેદ એ પ્રમાણે હંમેશાં ગુરૂના ૩૬ ગુણ જાણવા.॥ ૨૯ પાપસૂત્રના પ્રસંગ રહિત, અને ૭ વિશુદ્ધિના ગુણવાળા એ પ્રમાણે આચાર્યના હંમેશાં ૩૬ ગુણ જાણવા.॥ ૬ અન્તરંગ શત્રુ અને ૩૦ મોહનીયનાં સ્થાન (નો ત્યાગ) તે નિપુણ બુદ્ધિવાળાઓએ આચાર્યના ૩૬ ગુણ જાણવા.॥ ૩૧ સિદ્ધના ગુણ અને ૫ જ્ઞાન એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણને હંમેશાં હૃદયમાં ધારણ કરવા.॥ દેવાદિકના ૪ ઉપસર્ગ વિશુદ્ધમનથી હંમેશાં સહન કરે, અને જીવના ૩૨ ભેદ જાણે, એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ છે.॥ તથા ૪ વિકથા અને વંદનાના ૩૨ દોષનો હંમેશાં ત્યાગ કરે, એ સ્વભાવથીજ આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૩૩ આશાતનાનો ત્યાગ અને ૩ વીર્યાચારનું અગોપન એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણ સત્ય રીતે કહ્યા છે.॥ પાંચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓવડે ભાવિત તથા ૧૧ અંગને ધારણ કરનાર એ આચાર્યના ૩૬ ગુણ છે.॥ ૧૨ અંગને ધારણ કરનાર તથા ૧૦ પયન્ના–૬ છેદ–૪ મૂળસૂત્ર–૧ નંદીસૂત્ર–અને ૧ અનુયોગદ્વાર સૂત્રના જ્ઞાનને રાગદ્વેષ રહિતપણે ધારણ કરનાર એ આચાર્યના ૩૬ ગુણ છે. ॥ ૧૩૧–૧૪૦ ॥

જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–અને વીર્યાચાર એ પાંચ આચારને કરવું–કરાવવું–અને અનુમોદવું એ ત્રણ કરણ ભેદે ગણતાં ૧૫ આચારના ભેદ તથા ૧૦ પ્રકારની સમાચારીમાં કુશળ–તથા ૫ સમિતિ અને ૫ સ્વાધ્યાય સહિત અને ૧ અપ્રમત્તતા ૩૫ ગુણવડે આચાર્ય હંમેશાં ૩૬ ગુણ ઉપા-

ર્જન કરે છે.॥ ૮ પ્રવચન માતા—૮ સુખદુઃખની શય્યા—૩ પ્રકારનું સત્ય—૬ ભાષા—૨ ધ્યાન—૭ વિભંગ—અને ૨ ધર્મ એ આચાર્યના ૩૬ ગુણ છે.॥ ઈત્યાદિ અનેક સેંકડો ગુણના સમૂહવડે સહિત અને સુવિહિત મુનિઓને હિતકારી એવા અતિ પ્રશસ્ત આચાર્ય ગચ્છને વિષે મેઢી સરખા કહ્યા છે.॥ ॥ **इति आचार्यगुण षट्त्रिंशिकाः** ॥ દ્રવ્યથી અને ભાવથી મૂળ ગુણ અને ઉત્તરગુણવડે વિશુદ્ધ, શાસનનો ઉત્કર્ષ કરનાર, અને સારણા વિગેરેમાં ઉદ્યમવંત એવા ગીતાર્થ ગુરૂ હોય છે.॥ તે આચાર્ય શ્રી જીન શાસનરૂપી પ્રાસાદને પીઠ સમાન અને પ્રાકાર (ગઢ) સમાન કહ્યા છે. અને તેવા આચાર્યોની કુતીર્થિઓવડે કોઇ પણ રીતે લઘુતા થઈ શક્તી નથી.॥ જે શ્રી જીનેન્દ્રના ધર્મને પ્રગટ કરે છે, તે ભાવઆચાર્ય શ્રી તીર્થંકર તુલ્ય કહ્યા છે. પરન્તુ જે આચાર્ય જીનેન્દ્ર-મતનું ઉલ્લંઘન કરે છે, તે કાપુરૂષ ( કાયર પુરૂષ—પામર ) છે, પણ સત્પુરૂષ નથી.॥ તીર્થભાવને પ્રાપ્ત થયેલ એવા તીર્થંકર ભીક્ષાર્થે જતા નથી તેમ આચાર્ય પણ વસ્ત્ર અશન આદિકની ભીક્ષાર્થે જાય નહિં.॥ સિદ્ધાન્તને વિષે જેટલો (અથવા જે કાળે જેટલો સિદ્ધાન્તનો) સાર વર્તે છે તેટલો સર્વ સાર પ્રાપ્ત કરે, અને શ્રી અરિહંતની પેઠે નિઃશંસયપણે સર્વ શુદ્ધ સિદ્ધાન્તના રહસ્યને યથાર્થ કહેનાર એવા આચાર્ય હોય છે.॥ જેમ અરિહંત ભગવંત સમવસરણમાં પર્ષદા-ઓની મધ્યે રહ્યા છતા પ્હેલે પ્રહરે વ્યાખ્યાન કરે છે, ત્યાં આચાર્ય પણ તેવીજ રીતે બીજું વ્યાખ્યાન આપે છે પણ બીજે સ્થાને નહિં.॥ ૧૪૧—૧૫૦ ॥

જેમ તીર્થંકરની આજ્ઞા ઉલ્લંઘન કરવા યોગ્ય નથી તેમ આચાર્યની આજ્ઞા પણ ઉલ્લંઘન કરવા યોગ્ય નથી. તથા જેમ તીર્થંકર ભગવંત મંડલીમાં ભોજન કરતા નથી તેમ આચાર્ય પણ મંડલિમાં ભોજન કરતા નથી.॥ જેમ તીર્થંકર સર્વને પૂજ્ય છે, તેમ આચાર્ય પણ સર્વ પૂજ્ય છે. તથા પરિષહના સમૂહમાં જેમ તીર્થંકર ભગવંત નિર્ભય છે, તેમ ધર્મ કાર્યમાં આચાર્ય પણ નિર્ભય છે.॥ તેમજ (તીર્થંકર ભગવંત જેમ લોકનું કાર્ય ન ચિંતવે તેમ) આચાર્ય લોકનું કાર્ય ન ચિંતવે, વિકથા ન કરે, સંલાપ ન કરે, અને નિઃસંગપણામાં તત્પર એવા આચાર્ય ધ્યાનમાં એકાકી થયા છતા ધર્મ ધ્યાનમાં રહે.॥ એ પ્રમાણે સિદ્ધાન્તમાં આચાર્યના ૯ કલ્પ તીર્થંકર તુલ્ય કહ્યા છે, તેવા આચાર્યની આજ્ઞામાં વર્તવું તે ધર્મની પ્રભાવના છે.॥ શ્રી જીનેન્દ્ર ભગવંતની આજ્ઞાએ તપ, આજ્ઞાએ સંયમ, અને આજ્ઞાએ દાનાદિક ધર્મો છે, અને આજ્ઞા રહિત એવો જે મુનિધર્મ તે અસાર કહ્યો છે.॥ જેમ ફોતરાં ખાંડવાં, મડદાને શણગારવું, અને શૂન્ય અરણ્યમાં રૂદન કરવું, એ સર્વ નિરર્થક તેમ આજ્ઞા રહિત અનુષ્ઠાન પણ નિરર્થક છે. ॥ આજ્ઞાભંગ કરનાર જો કે વિશુદ્ધ આહાર કરે, અને ધર્મોપદેશ ઈત્યાદિ કરે તોપણ તેનું તે સર્વ અનુષ્ઠાન નિષ્ફળ છે.॥ સર્વે પણ જનો અરિહંત તે દેવ, સુગુરૂ તે ગુરૂ, એમ નામ માત્રથી કહે છે, પરન્તુ પુણ્ય રહિત એવા તે જનો તેનું શુદ્ધ સ્વરૂપ જાણી શક્તા નથી.॥ વર્તમાનકાળના દોષથી તેમની સેવાનો પ્રસંગ તો દૂર રહ્યો, પરન્તુ તેમનું શુદ્ધ સ્વરૂપ જાણવું તે પણ લોકમાં દુર્લભ છે.॥ તેઓ ધન્ય

છે, તેઓ કૃતપુણ્ય છે, તેઓ કૃતાર્થ છે, અને તેઓનો જન્મ પણ સુજીવિત (સુજન્મ) છે કે જેઓએ સુગુરૂનું સ્વરૂપ જાણ્યું છે, તેમને વંદના કરે છે, અને તેમનું ધ્યાન કરે છે. ॥ ૧૫૧-૧૬૦ ॥

જે ગચ્છમાં દેવેન્દ્રોએ પૂજીત એવા ઋષભદેવાદિ તીર્થંકરોની આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી તેવા ભાવાચાર્યની નાયકતાવાળા ગચ્છને ગચ્છ જાણવો.॥ જે ગચ્છમાં દાંત રહિત થયેલા વૃદ્ધ સાધુઓ પણ સાધ્વીઓ સાથે આલાપ સંલાપ કરતા નથી, અને સ્ત્રીનાં અંગ ઉપાંગાદિ ચિંતવતા નથી તે ગચ્છ કહેવાય.॥ જે ગચ્છમાં પૃથ્વી-(પાણી)-અગ્નિ-પવન-વનસ્પતિ અને ત્રસ એ વિવિધ પ્રકારના જીવોને મરણાન્તે પણ મન માત્રથી પીડા કરતા નથી તે ગચ્છ કહેવાય.॥ જે ગચ્છમાં એવા આચાર્ય અને એવા ઉપાધ્યાય હોય તે ગચ્છ શ્રી જીનેન્દ્રશાસનરૂપી પ્રાસાદના સ્તંભમાં ઉપર રહેલી વેદિકા (ઉદ્‌ગતવેદિકા[1]) સરખો જાણવો.॥ શાંત-પ્રસન્ન મુખવાળા-વિધિવડે સર્વને ભણાવવામાં કુશળ-આચાર્યના વચનને પાળવામાં તત્પર-ઉત્તમ કાર્ય કરનાર-૨૫ ગુણસહિત -વિશેષતઃ સત્ય કાર્યવાળા-સત્ય વચનવાળા-સંઘ વિગેરેના કાર્યમાં તત્પર-અને દ્રઢ પ્રતિજ્ઞાવાળા (એવા ઉપાધ્યાય) હોય છે.॥ ૧૧ અંગ તથા ૧૪ પૂર્વ પોતે ભણે અને બીજાને ભણાવે તે ૨૫ ગુણવાળા ઉપાધ્યાય કહેવાય.॥ ૧૧ અંગનું

---

૧. જેના ઉપર પાટડાના છેડાઓ ગોઠવાય છે તે સ્તંભની ઉપરની કુંભી.

જ્ઞાન ધારણ કરનાર, ૧૨ ઉપાંગને ભણનાર, તથા ૧ ચરણ-સિત્તરિ અને ૧ કરણ સિત્તરિ ધારણ કરનાર તથા ધારણ કરાવનાર એવા જે મુનિ તે ઉપાધ્યાય ૨૫ ગુણવાળા જાણવા.।। જ્ઞાનની ૧૪ આશાતના પોતે કરે નહિં, બીજાની પાસે કરાવે નહિ; અને સુવર્ણના ૧૧ ગુણ કહે, એ પ્રમાણે ઉપાધ્યાયના ૨૫ ગુણ છે.।। ૧૩ ક્રિયાસ્થાન (નો ત્યાગ)–૬ દ્રવ્ય –અને ૬ કાય એ ૨૫ ગુણ અથવા ૧૪ ગુણસ્થાન અને શ્રાવકની ૧૧ પ્રતિમા (નું વ્યાખ્યાન કરનાર) એ ૨૫ ગુણ એમ બે રીતે ૨૫ ગુણ ઉપાધ્યાયના છે. ।। ૧૬૧–૧૭૦ ।।

હંમેશાં પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ ધારણ કરે તે ઉપાધ્યાયના ૨૫ ગુણ છે, તથા ૨૫ અશુભ ભાવનાઓનો પોતે ત્યાગ કરે અને બીજાને ત્યાગ કરાવે તે પણ ઉપાધ્યાયના ૨૫ ગુણ છે. ।। પ્રજ્ઞાપનીયભાષાવડે[1] પૂજાના ૮ ભેદ તથા પૂજાના ૧૭ ભેદની પ્રરૂપણા કરે, તે ૨૫ ગુણ ઉપાધ્યાયના છે, તથા ૪ પ્રતિપત્તિ ભેદ અને પૂજાના ૨૧ ભેદ પ્રરૂપે તે પણ ૨૫ ગુણ ઉપાધ્યાયના છે.।। ઈન્દ્રિયોના ત્રણ સહિત વીસ એટલે ૨૩ વિષયો છે તે પણ શુભ વિષયો ૧ રાગ વડે ગ્રહણનકરે, અને અશુભ વિષયોને ૧ દ્વેષથી ગ્રહણ ન કરે તે ૨૫ ગુણ ઉપાધ્યાયના છે. ।। નિશ્ચયે ૨૧ ભેદ મિથ્યાત્વના છે, તેની પ્રરૂપણા ૪ પ્રકારના સંઘમાં કરે માટે ઉપાધ્યાયના હંમેશાં ૨૫ ગુણ હોય છે.।। ૧૪ ભૂત-

---

૧ **विनीतविर्नयोपदेशदाने या भाषा सा प्रज्ञापनी** વિનયવાન શિષ્યને ઉપદેશ આપવામાં જે ભાષા બોલાય તે **प्रज्ञापनी भाषा.**

ગ્રામ (એટલે જીવ ભેદ), અને જાણવું આદરવું તથા પાળવું એ ત્રણથી થતા ૮ ભાંગા તથા અંગપૂજા અગ્રપૂજા અને ભાવપૂજા એ ૩ પૂજા સહિત ઉપાધ્યાયના ૨૫ ભેદ ( ૨૫ ગુણ ) થાય છે. ॥ તથા ૮ અનન્ત, ૮ પુદ્ગલપરાવર્ત, અને ૯ નિદાનને પ્રરૂપનાર તે ઉપાધ્યાયના ૨૫ ગુણ છે. તેમજ ૯ તત્ત્વ–૯ ક્ષેત્ર–અને ૭ નય એ ૨૫ ગુણ ઉપાધ્યાયના છે.॥ ૪ નિક્ષેપા–૪ અનુયોગ ૪ ધર્મકથા–અને ૪ વિકથા (નો ત્યાગ)–૪ દાનાદિ ધર્મ (ની પ્રરૂપણા) અને ૫ કરણ (ના પ્રરૂપક) એ ૨૫ ગુણ ઉપાધ્યાયના છે. ॥ ૫ જ્ઞાન–૫ વ્યવહાર–૫ સમ્યક્ત્વ–૫ પ્રવચનનાં અંગ–અને ૫ પ્રમાદ એ પાંચેના પાંચ પાંચ ભેદ હોવાથી ૨૫ ભેદની પ્રરૂપણા કરનાર તે ઉપાધ્યાયના ૨૫ ગુણ છે. ॥ ૧૨ વ્રત–૧૦ રૂચિ–અને ૩ વિધિવાદ–એ ૨૫ ગુણ તથા ૩ હિંસા–૩ અહિંસા–અને કાયોત્સર્ગના ૧૯ દોષ એ ૨૫ ગુણ ઉપાધ્યાયના છે.॥ ૮ આત્મા–૮ પ્રવચનમાતા–અને મદનાં ૮ સ્થાન એ ત્રણના આઠ આઠ ભેદ હોવાથી ૨૪ અને ૧ શ્રદ્ધા મળી ૨૫ ગુણ ઉપાધ્યાયના છે, તથા શ્રાવકના ૨૧ ગુણ અને ૪ વૃત્તિપવર્તન એ ૨૫ ગુણ ઉપા૦ના છે, તથા ૩ અતત્ત્વ–૩ તત્ત્વ –૩ ગારવ–૩ શલ્ય–૬ લેશ્યા–અને ૩ દંડ તથા ૪ કારણ એ ૨૫ ગુણ ઉપાધ્યાયના છે. ॥ ૧૭૧–૧૮૧ ॥

અરિહંત ( તીર્થંકર )પદની ઉપાર્જનાનાં ૨૦ સ્થાન, અને ૫ આચાર એ ૨૫ ગુણ તથા અરિહંતના ૧૨ ગુણ –સિદ્ધના ૮ ગુણ–અને ૫ પ્રકારની ભક્તિ એ ૨૫ ઉપાધ્યાયના ગુણ છે. ॥ સિદ્ધના ૧૫ ભેદ અને ૧૦ ત્રિક

સહિત ૨૫ ગુણુ ઉપાધ્યાયના છે, તથા ૧૬ આગાર અને ૯ પ્રકારના સંસારી જીવ સહિત ૨૫ ગુણુ ઉપાધ્યાયના છે.॥ આશનાદિકના ૧૦ દોષ, ઉત્પાદનાદિ ૧૬ દોષ, એ ૨૫ ગુણુ[1] ઉપાધ્યાયના છે.॥ ઈત્યાદિ ગુણુ સહિત વિશુદ્ધ જીનાગમની પ્રરૂપણામાં કુશલ અને નયમાં નિપુણ એવા ઉપાધ્યાય પરમાત્માને ઓળખાવે છે અથવા સ્વપરને (સ્વ અને પરને) ઓળખાવે છે.॥ સમ્યક્ત્વ–જ્ઞાન–ચારિત્ર સહિત, સૂત્ર –અર્થ–અને સૂત્રાર્થની વિધિને જાણનાર તથા આચાર્યપદને યોગ્ય એવા ઉપાધ્યાય સૂત્ર ભણે છે અને ભણાવે છે. ॥ ઉપાધ્યાય સ્થિર (દ્રઢ) સંઘયણુયુક્ત, ઉત્તમજાતિવાન, ઉત્તમકુલવાન, જીતેન્દ્રિય, ભદ્ર, અંગોપાંગની વિકલતા રહિત, નિરોગી, અને વાચના આપવામાં કુશળ હોય છે. ॥ ગુરૂએ આપેલા પરમમન્ત્રવાળા, દીક્ષા–વડીદીક્ષા–અને પ્રતિષ્ઠા વિગેરેમાં કુશળ ઇત્યાદિ લાખો ગમે ગુણયુક્ત ઉપાધ્યાય કહ્યા છે.॥ વળી સ્થિર કરવાથી સ્થવિર કહેવાય છે, કારણ કે સંયમ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવાના વ્યાપારવાળો થયે છતે જે સાધુ બળ હોવા છતાં જે ક્રિયામાં સીદાતો (દુર્બલ મનવાળો) થતો હોય તો તેને સ્થિર કરે છે માટે માટે સ્થવિર કહેવાય છે.॥ સમ્યક્ત્વ–જ્ઞાન–ચારિત્ર વિગેરેમાં, વસ્ત્ર વિગેરેમાં અને વિહારમાં એ સર્વમાં સ્હાય કરીને સંયમમાં સ્થિર કરે (તે સ્થવિર કહેવાય) ॥ ૧૮૨–૧૯૦ ॥

તપ–સંયમ–અને યોગમાં જે સાધુ જેને યોગ્ય હોય (એટલે જેવા તપ વિગેરેને યોગ્ય હોય) તે સાધુને તેમાં

---

૧ અહિં ૨૫ ગુણ કહેવાના છે, અને ગાથામાં ૨૬ ગુણ કહ્યા છે.

પ્રવર્તાવે અને અશુભ કાર્યથી નિવારે તે **प्रवर्तक** ગણની ચિંતાવાળો કહ્યો છે.॥ આચાર્યે ( પ્રવર્તકને ) તેવા પ્રકારના કાર્યમાં નિયુક્ત કર્યે છતે સંઘને પણ વાત્સલ્ય પ્રભાવના વિગેરે કાર્યમાં પ્રવર્તાવે તે મહત્વના કાર્ય કરનાર એવા **प्रवर्तक** કહેવાય. ॥ સંપૂર્ણ યોગોને વહન કરેલા હોય, તથા કાલ-ગ્રહણ વિગેરે (યોગના) અનુષ્ઠાનવાળો હોય, અને ગચ્છમાં સાધુઓને યથાયોગ્ય યોગમાં ઉદ્યમ કરે અને કરાવે તેવા મુનિ **गणि** કહેવાય છે.॥ ઉઠ્ઠાવણા, પ્રભાવના, અને ક્ષેત્ર ઉપધિ માર્ગણામાં અવિષાદી (ખેદ રહિત) હોય સૂત્ર અર્થ અને સૂત્રાર્થની વિધિના જાણનાર હોય, અને ગુણવડે પ્રસિદ્ધ હોય એવા મુનિ **गणि** કહેવાય છે.॥ એ પાંચે પદમાં રહેલા પદસ્થો પર્યાયમાં લઘુ હોય તો પણ અવમરાત્નિક[1] છે, માટે દીક્ષા પર્યાયમાં મોટા એવા સામાન્ય સાધુઓએ તે પદસ્થો વંદન કરવા યોગ્ય છે.॥ અહિં (ઉપરની ગાથામાં સામાન્ય સાધુ કહ્યા) તે "**सामान्य**" એ શબ્દ સાધુઓને ગુરૂ-એ આપેલા પદ માત્રની (પદવીની) વિવક્ષાને અંગે જાણવું, અને તે પણ સામાન્ય સાધુઓ ( જો કે સામાન્ય છે તો પણ ) ગુણરૂપી રત્નના કરંડીઆ સરખા જાણવા.॥ વળી જે ગચ્છમાં આ ઉપરોક્ત પાંચ પ્રકારના મુનિઓ પણ નથી, તે ગચ્છ તો ભવ્ય પ્રાણિઓના સમ્યક્ત્વરૂપી રત્નને હરણ કરવામાં પલ્લિ ( ચોરના ગામ ) સરખો છે, અને સંસા-રમાં ભ્રમણ કરનારો છે.॥ વળી જે ગચ્છમાં જો સામાન્ય

૧ દીક્ષા પર્યાયમાં લઘુ હોય પરંતુ જ્ઞાનાદિ રત્નત્રયીમાં અધિક હોય તો તે મુનિ **अवमरात्निक** કહેવાય.

મુનિઓ ગુણવાન નથી હોતા–થતા તેવા ગચ્છમાં સુવિહિત સાધુઓએ મુહૂર્ત્ત માત્ર પણ ન રહેવું. ॥ ૬ મહાવ્રતનું પાલન, ૬ કાયની રક્ષા ૫ ઈન્દ્રિયનો સંયમ, ૧ લોભનો નિગ્રહ, ૧ ક્ષમા, ૧ ભાવવિશુદ્ધિ, ૧ પ્રતિલેખનાદિ ક્રિયાની વિશુદ્ધિ, ૧ સંયમયોગસહિતપણું, ૩ અકુશળ યોગનો એટલે સાવદ્ય મન વચન કાયાના વ્યાપારનો ત્યાગ, ૧ શીત વિગેરે પીડાઓની સહનશીલતા, ૧ મરણ–ઉપસર્ગનું સહન કરવું એ ૨૭ ગુણ અથવા બીજા પણ અનેક પ્રકારે ૨૭ ગુણો વડે વિભૂષિત એવો સાધુ જીનપ્રસાદમાં (જીનેન્દ્ર પ્રવચન રૂપી પ્રસાદમાં) પ્રવેશ કરવાને દ્વાર સરખો અને મનોહર ગુણના સમૂહ રૂપ છે ॥ ૧૯૧–૨૦૧ ॥

ઉરગના સરખા,[1] પર્વતના સરખા,[2] જવલન (અગ્નિ) ના સરખા,[3] સમુદ્રના સરખા,[4] આકાશતળના સરખા,[5]

---

૧ બીજાએ કરેલા સ્થાનમાં રહેવાપણું હોય, આહારમાં આશક્તિ ન હોય અને સંયમમાં એક ચિત્ત હોય તે ઉરગના સરખા કહેવાય.

૨ પરિષહ રૂપી ભયંકર પવનોથી પણ ચલાયમાન થાય નહિ તે ગિરિના સરખા કહેવાય.

૩ તપરૂપી તેજ છે પ્રધાન જેઓને અને સૂત્ર અને અર્થમાં અતૃપ્તિવાળા હોય દોષવાળા આહારમાં પ્રવૃત્તિ કરનાર ન હોય તે જવલન સરખા કહેવાય.

૪ સમુદ્ર જેવા ગંભીર હોય, જ્ઞાનરૂપી ખજાનાવાળા અને પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરનાર હોય તે સમુદ્ર સરખા કહેવાય.

૫ બધે ઠેકાણે આલંબન રહિતપણું હોય, તે આકાશતળ સરખા કહેવાય.

વૃક્ષોના સમુદાય સરખા,[૬] ભમરાના સરખા,[૭] મૃગના સરખા,[૮] પૃથ્વીના સરખા,[૯] કમળના સરખા,[૧૦] સૂર્યના સરખા[૧૧] અને પવનના સરખા[૧૨] એવા જે હોય તે મુનિ કહેવાય.॥ ભાવથી સાધુઓએ વિષાદિ સરખા,[૧૩] તિનિસ ( નેતર )ના સરખા,[૧૪] પવનના સરખા, વઞ્જુલ ( વેતસ )ના સરખા,[૧૫] કરણિકાર સરખા,[૧૬] ઉત્પળના સરખા,[૧૭] ભમરાનું સરખાં

૬ મોક્ષફળના અર્થી વાસી અને ચંદનમાં સમાન અધ્યવસાય વાળા હોય તે વૃક્ષના સમુદાય સરખા હોય.

૭ અનિયત વૃત્તિપણું હોય તે ભ્રમર સરખા કહેવાય.

૮ સંસારના ભયથી ખેદવાળા હોય તે મૃગ સરખા કહેવાય.

૯ સર્વખેદ ને ( દુઃખ ) સહન કરવાપણું હોય તે પૃથ્વી સરખા કહેવાય.

૧૦ કામ અને ભોગથી ઉત્પન્ન થવા છતાં તે બન્નેથી દુર રહેનાર હોય તે કમળ સરખા કહેવાય.

૧૧ ધર્માસ્તિકાયાદિને વિશેષે કરીને પ્રકાશ કરવાપણું હોય તે સૂર્ય સરખા કહેવાય.

૧૨ વિહારાદિમાં જેઓને પ્રતિબંધાદિ ન હોય પવન સરખા જાણવા.

૧૩ વિષમાં સર્વરસોનો અંતરભાવનો અધિકાર કરીને કહ્યું છે.

૧૪ માનના ત્યાગથી નમ્રપણાએ કરીને.

૧૫ છાલના સમુદાય સરખા ક્રોધાદિ વિષથી પરાભવ પામેલા જીવોને તેને દુર કરવા વડે કરીને એવી રીતે સંભળાય છે કે નિશ્ચયે કરીને વેતસને પ્રાપ્ત કરી સર્પો નિર્વિષ થાય છે.

૧૬ કર્ણિકાના પુષ્પની માફક પ્રગટથી અશુચિગંધની અપેક્ષાએ કરીને અને નિર્ગંધવડે.

૧૭ ઉત્પળ સરખા (સફેદ કમળ) પ્રકૃતિ (સ્વભાવ) એ સફેદ-

ઉદુંરૂના સરખા,[1] નટના સરખા,[2] કુર્કુટના સરખા[3] અને આદર્શ સરખા[4]. આવા પ્રકારે શ્રમણે થવું જોઈએ.* ॥ પાંચ મહાવ્રતની ૨૫ ભાવના વડે ભાવિત, અને દ્રવ્ય તથા ભાવ ( સાધુત્વ ) યુક્ત એ ૨૭ ગુણ સાધુના છે. તથા ૨૫ અશુભ ભાવનાનો ત્યાગ તથા ૧ રાગ અને ૧ દ્વેષનો ત્યાગ એ પણ ૨૭ સાધુના ગુણ છે.॥ ૧૦ શ્રમણધર્મ–૯ બ્રહ્મ-ચર્યગુપ્તિ–અને ૮ પ્રવચનમાતા એ સર્વને ધારણ કરે તે હંમેશાં મુનિપણાના વ્યવહારમાં ઉદ્યુક્ત ( તત્પર ) એવા સાધુના ૨૭ ગુણ છે.॥ તથા બે શુભધ્યાનના ૪–૪ ભેદ છે માટે ૮ શુભધ્યાન, તથા જ્ઞાનાદિક ૩, તેમજ મૈત્રિ આદિ ભાવનાના ચાર ચાર ભેદ હોવાથી ૧૬ મૈત્રી (આદિ ભાવના) એ ૨૭ ગુણને સાધુ હંમેશાં ધારણ કરે છે. ॥ અશુભ બે ધ્યાનના ચાર ચાર ભેદરૂપ ૮ અશુભધ્યાન, તથા ૧૬ કષાય, અને જ્ઞાનાદિ ત્રિકની વિરાધના એ સર્વનો ત્યાગ એ ૨૭ ગુણ સાધુના છે.॥ ૭ પિંડેષણા, ૭ પાનૈષણા, ૬ અશુભ-ભાષા, અને ૭ સપ્તૈકને યથાયોગ્ય નિત્ય ધારણ કરે અને ત્યાગ કરે તે સાધુના ૨૭ ગુણ છે.॥ ૧૦ સત્ય વચન અને સંયમના ૧૭ ભેદ એ મોક્ષના ઉત્તમ અર્થી એવા મુનિના સાધુના ૨૭ ગુણ છે.॥ બાહ્ય અને અભ્યન્તર ભેદે ૧૨

---

પણું હોવા વડે અને સુગંધીપણું હોવાથી.

૧ ઉપયુકત દેશકાળમાં ફરવાવડે કરીને ( વિહારાદિ કરવામાં ).

૨ તે તે પ્રયોજનોને વિશે તે તે વેષ કરવા વડે કરીને.

૩ સંવિભાગ રચના વડે કરીને કુકડો જેમ નિશ્ચયથી આહાર મેળવીને પગથી છુટો કરીને બીજા કુકડાની સાથે ખાવાવડે.

૪ નિર્મલતાવડે તરૂણાદિની અનુવૃત્તિના પ્રતિબીંબ ભાવથી.

* દશવૈ૦ નિ૦ પ્ર૦

પ્રકારનો તપ, ૧૪ પ્રકારનો કામ, અને અસંયમનો નિગ્રહ એ સાધુના ૨૭ ભેદ-ગુણ છે. ॥ ૨૦૨-૨૧૦ ॥

એષણાના ૧૦ દોષ, ઉત્પાદનાદિ ૧૬ દોષ (એ ૨૬ દોષનો ત્યાગ) તથા ૧ અગૃદ્ધિભાવ (અલોલુપતા) એ ૨૭ ગુણ સાધુના છે.॥ ૧૬ ઉદ્દગમદોષ-૫ આશ્રવ-અને ૫ મંડલિના દોષ એ સર્વનો ત્યાગ તથા સંયમમાં મન સહિત એ ૨૭ ગુણ ઉત્તમ ભાવ સાધુના છે.॥ ૧૫ શિક્ષા સ્થાન અને ૧૨ ભિક્ષુ પ્રતિમા એ ૨૭ સાધુના ગુણ છે, તથા વસતિદોષ-પ્રમાદ-અને મદ એ ત્રણે આઠ આઠ પ્રકારના ગણતાં ૨૪ અને ૩ ગારવ સહિત કરીએ તો ૨૭ સાધુના ગુણ થાય છે.॥ ૧૦ વિનય, ૫ વરણ (ગ્રહણ), અને અસત્યામૃષાભાષાના ૧૨ ભેદ એ ૨૭ ગુણ સાધુના છે, તથા અંગ ઉપાંગ અને અભિગ્રહ (ના અનુક્રમે ૧૧-૧૨-૪ ભેદ ગણતાં) એ ૨૭ સાધુના ગુણ છે.॥ ઇચ્છા વિગેરે ૧૦ પ્રકારની સમાચારી, તથા આવશ્યકઆદિ ૧૦, ૨ શિક્ષા, અને પં સ્વાધ્યાય એ ૨૭ ગુણ સાધુના છે. ॥ ૧૮ હજાર શિલાંગરથના ધરનાર અને ૯ અશુભ નિયાણાનો ત્યાગ એ ૨૭ સાધુના ગુણ છે.॥ ૩ અપ્રશસ્ત લેશ્યાનો ત્યાગ, ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય, ૩ શલ્ય (નો ત્યાગ) અને ૩ દંડ (નો ત્યાગ) એ ૨૭ ગુણ સાધુના છે.॥ ૮ પડિલેહણા, ૮ ગોચરી, અને ૮ દ્રષ્ટિ એ ત્રણે આઠ આઠ ગણવાથી ૨૪ અને ૩ પ્રશસ્ત લેશ્યા એ ૨૭ ગુણ સાધુ હંમેશાં ધારણ કરે.॥ ૧૨ ભાવના તથા ૪ સુખશય્યા એ ૧૬ ધારણ કરે અને ૭ ભય તથા ૪ દુઃખશય્યાનો ત્યાગ કરે તે ૨૭ ગુણ મુનિવરોના-

સાધુ મહાત્માઓના છે.॥ ૧૦ પ્રત્યાખ્યાન, ૧૧ વિગતિ (નો ત્યાગ),[1] અને ૬ આવશ્યક એ સાધુના ૨૭ ગુણ છે; તથા દેવાદિકના ૪ ઉપસર્ગ, ક્ષુધાદિ ૨૨ પરિષહ; અને ધૃતિ એ સાધુના ૨૭ ગુણ છે.॥ ૨૧૧-૨૨૦ ॥

૧ જીનકલ્પ-૧ સ્થવિર કલ્પ-એ બે પ્રકાર તથા અચેલ આદિ ૧૦ કલ્પ-૫ ચારિત્ર-અને ૧૦ પ્રાયશ્ચિત એ ૨૭ ગુણ સાધુના છે.॥ ૨૦ અસમાધિસ્થાન, અને ૭ વિભંગ એ ૨૭ સ્થાનનું સાધુએ મનથી પણ ધ્યાન ન કરવું (તે સાધુના ૨૭ ગુણ કહેવાય).॥ ૨૧ સબલદોષ, કરવું તથા અનુમોદવું એ ૨, તથા ૪ અસંવર એ ૨૭ ગુણોને (એટલે દોષોને) મુનિએ મનથી પણ ન ચિંતવવા તે સાધુના ૨૭ ગુણ કહેવાય.॥ પૃથ્વી-જળ-અગ્નિ-વાયુ-વનસ્પતિ-મૃગ અથવા શ્વાન-રાસભ-કૂકડો-ચકર-દીપક-સુવર્ણ-મોતી- હંસ-કમળ-પોત-શ્રીફલ-વાંસ-શંખ-તુંબક-ચન્દન-ગુરૂ-મેઘ-અને ચન્દ્ર -વૃષભ-ગજેન્દ્ર-તથા મૃગેન્દ્ર એ વસ્તુઓ સરખા તથા સૂર્ય સરખા તેજસ્વી એ ૨૭ ગુણ યુક્ત સાધુ હંમેશાં હોય છે.॥ ઈત્યાદિ અનેક ગુણના સમૂહવડે સમાપ્ત કર્યો છે આઠ પ્રકારનો કર્મસમૂહ જેણે એવા તે મુનિઓને ત્રણ કાળ આત્મહર્ષ (પોતાના ચિત્તના ઉલ્લાસ) વડે પ્રણામ કરીએ.॥ મુનિ મહાત્માઓ ગીતાર્થ, સંવિગ્ન, શલ્ય રહિત, ગારવના સંબંધનો ત્યાગ કરેલ, જીનેન્દ્ર મતનો ઉદ્યોત કરનાર અને

---

૧. નરક સ્થાવર પાંચ વિકલેન્દ્રિ ત્રણ સંજ્ઞિ-અસંજ્ઞિ તિર્યંચ પંચેન્દ્રિ આ અગીયાર કુગતિમાં ન જવું.

સમ્યક્ત્વના પ્રભાવક હોય છે.॥ વળી મુનિઓ ઉત્સર્ગમાં રક્ત હોય અને કારણથી બીજા પદને (એટલે અપવાદને) સેવનારા પણ હોય, તેમાં પણ મૂળગુણને વિષે નહિ, અને ઉત્તરગુણને વિષે પણ કદાચિત્ (અપવાદ સેવે પરંતુ નિત્ય નહિં).॥ પ્રવ્રજ્યાને પ્રાપ્ત થયેલ નવદીક્ષિત શિષ્યને સમ્યક્ પરીક્ષા[1] કરીને (પ્રવર્તાવનાર), તથા કુલવંત અને ગૃહસ્થાવાસમાં પણ આશક્તિ રહિત એવા મુનિઓ ચારિત્રમાં કલ્યાણ કરનારા હોય છે.॥ ૫ વ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૩ જ્ઞાનાદિક, ૧૨ તપ, ૪ ક્રોધાદિનિગ્રહ, એ ચારિત્રના ૭૦ ભેદ (તે **चरणसित्तरि** [2]કહેવાય). ॥ ૨૨૧–૨૩૦ ॥

૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પ્રતિમા, ૫ ઈન્દ્રિયનિગ્રહ, ૨૫ પડિલેહણા, ૩ ગુપ્તિ, અને ૪ અભિગ્રહ એ ક્રિયાના ૭૦ ભેદ કહેવાય (તે **करणसित्तरि**[3] કહે

---

૧. ભગવન્ત હરીભદ્રસૂરિજી મહારાજે પોતાના બનાવેલ પંચવસ્તુક નામના ગ્રન્થમાં પરીક્ષા બતાવી છે તે ભવ્ય આત્માઓએ જોઈ લેવું અને તેમાં પોતે ૭ મહીનાનો કાળ કહે છે જીવના પરિણામ વિશેષની અપેક્ષાએ અને મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના કથન પ્રમાણે દીક્ષા પહેલાં પણ પ્રાયઃ ૭ મહીના પરીક્ષાનો સમય છે.

૨. યાવજ્જીવ સતત પાલનરૂપ ધર્મ તે ચારિત્રના ૭૦ ભેદરૂપ **चरणसित्तरि** છે.

૩. ચારિત્રમાં અમુક અમુક વખતે કરવાની ક્રિયાના ૭૦ ભેદ તે **करणसित्तरि** (એ બાહુલ્યતાએ જાણવું)

વાય.॥ ૭ માસ સુધીની (પ્હેલી ૧ માસની બીજી ૨ માસની ઇત્યાદિ રીતે) સાત પ્રતિમા, ત્યારબાદ પ્હેલી (એટલે આઠમી) પ્રતિમા ૭ રાત્રિ દિવસની એ પ્રમાણે બીજી સાત રાત્રિ દિવસની, ત્રીજી સાત રાત્રી દિવસની એ ૧૦ પ્રતિમા. ત્યારબાદ ૧૧ મી એક અહોરાત્રિની, અને ૧૨મી એક-રાત્રિની એ પ્રમાણે સાધુની ૧૨ પ્રતિમાએ જાણવી.॥ ત્યાં પ્હેલી સાધુ પ્રતિમા ૧ માસની, ત્યારબાદ એકેક માસ વધતાં યાવત્ સાતમી પ્રતિમા ૭ માસની, આઠમી નવમી અને દશમી પ્રતિમા ૭ રાત્રિ દિવસની અગિઆરમી ૧ અહોરાત્રિની, અને ૧૨ મી ૧ એકરાત્રિની જાણવી.॥ મુનિ ઇર્યાસમિતિમાં સદાકાળ યત્ન કરે, ભોજન પાન વિગેરે જોઇને વાપરે, તથા વસ્તુને ગ્રહણ કરવા મૂકવામાં અને દુગંછા કરવામાં સંયમવાળા થાય, સમાધિવાળા થાય, અને મન વચનાદિથી સંયમી હોય એમ પાંચ પ્રકારે સંયમી હોય.॥ મુનિ હાસ્યરહિત ભાષણ કરે, વિચારીને ભાષણ કરે, તથા ક્રોધ લોભ અને ભય રહિત સત્ય ભાષણ કરે એ ૫ ગુણવાળા હોય. તથા મુનિ સદીર્ઘરાત્ર (યાવજ્જીવ) હંમેશાં સમુપ્રેક્ષિત (સમ્યક્ પ્રકારે વસ્તુઓ જોઇ પડીલેહીને ઉપ-યોગમાં લેનાર) હોય અને મૃષાવાદને હંમેશાં ત્યાગ કર-નાર હોય.॥ વળી મુનિ પોતે અવગ્રહની યાચના કરે પુનઃ અવગ્રહ માગેલો હોય તો સાધુની પાસે અવગ્રહ માગે, અનુજ્ઞાપિત (ગુરૂએ આજ્ઞા આપ્યા બાદ) પાન, ભોજન કરે, અને તે પણ સાધર્મિકનો અવગ્રહ યાચીને (એ પાંચ

ગુણ અવગ્રહ ભેદે કહ્યા).॥ તથા મુનિ આહારની ગુપ્તિ-વાળા (સાવદ્ય આહાર નહિં કરનાર અને નિરવદ્ય આહાર પણ ગૃહસ્થની દ્રષ્ટિએ નહિં કરનાર) હોય, પોતાના શરીરની શુશ્રુષા ન કરે, સ્રીનું ધ્યાન ન કરે, સ્રીની અથવા ગૃહસ્થની સ્તવના ન કરે, વળી જ્ઞાત તત્ત્વવાળા એવા મુનિ ક્ષુદ્રવધ (એકેન્દ્રિયાદિનો વધ) ન કરે, એવા (પાંચ ગુણવાળા) ધર્માનુપ્રેક્ષી (ધર્મ ભાવનાવાળા) મુનિ નિરન્તર બ્રહ્મચર્યનું પાલન કરે.॥ જે મુનિ મનોજ્ઞ અથવા અમનોજ્ઞ શબ્દ રૂપ રસ ગંધ પ્રાપ્ત થયે અથવા સ્પર્શ પ્રાપ્ત થયે (સમભાવી રહે અને) ગૃહસ્થ ઉપર પ્રદ્વેષ ન કરે, તે મુનિ પંડિત કહેવાય, તેમજ દાન્ત વિરક્ત અને અપરિગ્રહી કહેવાય.॥ કન્દર્પ ભાવના–દેવભાવના–કિલ્બિષીભાવના–આભિયોગભાવના આસુરીભાવના–અને સંમોહભાવના એ પાંચ અપ્રશસ્ત ભાવનાના દરેકના પાંચ પાંચ ભેદ હોવાથી ૨૫ અપ્રશસ્ત ભાવના છે.॥ તેથી ૩ કરણ અને ૩ યોગવડે સમ્યક્ સમા-ધિવાળો મુનિ પ્રશસ્તભાવના ભાવે અને (તે ૨૫) અપ્રશસ્ત ભાવનાનો ત્યાગ કરે. ॥ ૨૩૧–૨૪૦ ॥

# ॥ अथ ५ निर्ग्रन्थनुं स्वरुप ॥

પુલાક–બકુશ–કુશીલ–નિર્ગ્રન્થ–અને સ્નાતક એ ૫ પ્રકારના નિર્ગ્રન્થ ( એટલે સાધુ ) કહ્યા છે, તથા તે પાંચેમાં દરેક નિર્ગ્રન્થ બે બે પ્રકારે છે.॥ "પુલાક" એ શબ્દવડે અસાર ધાન્ય કહેવાય છે. અર્થાત્ જેનું ચારિત્ર અસાર ધાન્ય સરખું હોય તે **पुलाक** કહેવાય, તે લબ્ધિપુલાક અને અને સેવાપુલાક એમ બે પ્રકારના છે.॥ જે લબ્ધિ વડે સંઘ વિગેરેના કાર્યપ્રસંગે ચક્રવર્તિના સૈન્યને પણ ચૂર્ણ કરે તે **लब्धिपुलाक** જાણવો.॥ આસેવના પુલાક પાંચ પ્રકારે છે. જ્ઞાનાસેવનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક, અને યથાસૂક્ષ્મપુલાક એ પાંચ **आसेवना पुलाक** છે.॥ તથા ઉપકરણ બકુશ અને શરીર બકુશ **बकुशमुनि** ૨ પ્રકારે છે, પુનઃ તે એકેક બકુશ પણ આભોગ–અનાભોગ–સંવૃત–અસંવૃત –અને સૂક્ષ્મ એ ભેદથી પાંચ પાંચ પ્રકારે છે ॥ **कुशिलमुनि** પણ પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ એમ બે પ્રકારના છે, પુનઃ તે પણ દરેક જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–અને યથાસૂક્ષ્મ એ ભેદથી પાંચ પાંચ પ્રકારે છે.॥ ( અહિં ( અહિં " નિર્ગ્રન્થ " એ શબ્દમાં ) " ગ્રન્થ " એટલે મિથ્યાત્વ આદિ મોહ રૂપી ધન, તે ધનથી જે બહાર નિકળ્યો તે **निर्ग्रन्थ** કહેવાય તે ઉપશામક અને ક્ષપક એમ બે પ્રકારે

છે, પુનઃ તે પણ દરેક નિર્ગ્રન્થ ( નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે ) પાંચ પાંચ પ્રકારે છે.॥ પ્રથમ–અપ્રથમ–ચરિમ–અચરિમ–અને યથાસૂક્ષ્મ ( એ પાંચ પાંચ પ્રકારે નિર્ગ્રન્થના એ ભેદ જાણવા ). અહિં ૧ મિથ્યાત્વ–૩ વેદ–૬ હાસ્યાદિ–અને ક્રોધાદિ ૪ કષાય એ ૧૪ પ્રકારની ગ્રન્થિ ( અભ્યન્તર ગ્રન્થિ ) કહેવાય.॥ તથા શુદ્ધ ધ્યાન રૂપી જળથી વિશુદ્ધ થયેલ અને કર્મરૂપી મલનો અત્યંત ક્ષય થવાથી **स्नातक** કહેવાય, તે પુનઃ સયોગી અને અયોગી એમ બે પ્રકારના કહ્યા છે,॥ તે દરેક ભેદ પણ અચ્છવી–અસબલ–અકર્માંશ–અપરિશ્રાવી–અને શુદ્ધ જ્ઞાનદર્શનધારી એ પાંચ ભેદે અરિહંત ( સયોગી અને અયોગી ) છે.॥ ૨૪૧–૨૫૦ ॥

( એ પાંચ પ્રકારના સાધુઓમાં ) પ્હેલા ૩ પ્રકારના મુનિ પ્હેલા બે પ્રકારના ચારિત્રમાં ( સામાં૦ છેદો૦માં ) વર્તે છે, અને ચારે કષાયમાં વર્તે છે, અને નિર્ગ્રન્થ તથા સ્નાતકતો યથાખ્યાત ચારિત્રમાં વર્તે છે.॥ એ પાંચમા પુલાક મુનિ મૂળગુણ અને ઉત્તરગુણની પ્રતિસેવા સેવનાર હોય છે, બકુશમુનિ ઉત્તરગુણની પ્રતિસેવા સેવનાર અને બાકીના ૩ મુનિ પ્રતિ સેવના રહિત હોય છે.॥ સામાયિક–છેદોપસ્થાપન-પરિહારવિશુદ્ધિ–સૂક્ષ્મસંપરાય–અને યથાખ્યાત એ ૫ ચારિત્ર છે. ત્યાં **चय** ( એટલે કર્મના સંચય )ને રિક્ત કરે ( ખાલી કરે તે **चारित्र** કહેવાય.॥ તેમાં સામાયિક ચારિત્ર **इत्वर** અને **यावत्कथिक** એમ બે પ્રકારનું જાણવું, તેમાં પહેલું **इत्वरकालिन** ચારિત્ર પ્હેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં હોય છે, અને **यावत्कथिक** ચારિત્ર મધ્યના ૨૨ તીર્થંકરના

સમયમાં તથા મહાવિદેહમાં હંમેશાં હોય છે. **સામાયિક** કર્યે છતે ચતુર્યામ ( ચાર મહાવ્રત ) રૂપી અતિ ઉત્તમ ધર્મને મન વચન કાયા વડે સ્પર્શે છે, માટે નિશ્ચયે તે સામાયિક ચારિત્ર કહેવાય. ॥ **છેદોપસ્થાપન** ચારિત્ર સાતિ-ચાર અને નિરતિચાર એમ બે પ્રકારે છે, આ ચારિત્ર મધ્યમ ૨૨ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહમાં હોય નહિં.॥ પોતાના પૂર્વપર્યાયનો ( એટલે પ્રથમ ગ્રહણ કરેલ ચાર મહાવ્રતરૂપ ચારિત્ર પર્યાયનો છેદ કરીને જે મુનિ આત્માને પંચયામ ( પંચમહાવ્રત ) ધર્મમાં સ્થાપે તે નિશ્ચયથી છેદોપસ્થાપન ચારિત્ર કહેવાય. ત્રીજું **પરિહાર-વિશુદ્ધિ** ચારિત્ર નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક એમ બે પ્રકારે છે, આ ચારિત્ર ૯ મુનિના ગચ્છ વડે સેવાય છે.॥ જે સાધુ પંચ મહાવ્રતરૂપી અનુત્તર–શ્રેષ્ઠ ધર્મને ત્રિવિધે ( મન વચન કાયાએ ) સ્પર્શીને [૧]પરિહરે તે નિશ્ચય પરિહાર-વિશુદ્ધ સાધુ કહેવાય.॥ **સૂક્ષ્મસંપરાય** ચારિત્ર સંકિલશ્યમાણ[૨] અને વિશુદ્ધિમાન[૩] એમ ૨ પ્રકારનું છે, અને એ ચારિત્ર શ્રેણિ ઉપર ચઢેલા સકષાયી ( સરાગી ) મુનિને હોય છે.॥ ૨૫૧–૨૬૦ ॥

---

૧. અહિં પરિહરે એટલે સેવે એવો અર્થ છે. અથવા " પરિ-હાર " એ શબ્દનો " ગુરૂ પાસે ત્યાગ " એવો પણ અર્થ છે, કારણ કે આકલ્પ પૂર્ણ થયે ગુરૂ પાસે ત્યાગ કરવાનો હોય છે. ( એટલે પુનઃ ગચ્છમાં આવવાનું અથવા જીન કલ્પમાં પ્રવેશ કરવાનો હોય છે)

૨. શ્રેણિથી પડતા જીવને. ૩. શ્રેણિ ઉપર ચઢતા જીવને.

લોભના અણુને (સૂક્ષ્મ લોભને) વેદતો જે ઉપશમક અથવા ક્ષપક સાધુ હોય તે (નું ચારિત્ર તે) સૂક્ષ્મસંપરાય ચારિત્ર યથાખ્યાત ચારિત્રથી કંઈક ન્યુન[1] છે. ।। તથા યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થપણાનું અને કેવલિપણાનું એમ બે પ્રકારનું છે, ત્યાં એ પહેલા ચારિત્રમાં (ઉપશમ યથાખ્યાતમાં) ચઢવા પડવાની ભજના છે, અને બીજામાં (ક્ષાયિક યથાખ્યાતમાં કેવલિ યથાખ્યાતમાં) પડવાનું હોય નહિં. ।। મોહનીય કર્મ સર્વથા ઉપશાન્ત થયે અને ક્ષય પામ્યે નિશ્ચયે છદ્મસ્થ અને સર્વજ્ઞ એ બન્ને યથાખ્યાત ચારિત્રી થાય છે. ।। ( હવે ૫ નિર્ગ્રંથમાં ૩૬ માર્ગણાઓ કહે છે-) પ્રજ્ઞાપન–વેદ–રાગ–કલ્પ–ચારિત્ર–પ્રતિસેવા–જ્ઞાન–તીર્થ–લિંગ–શરીર–ક્ષેત્ર–કાળ–ગતિ–સ્થિતિ--સંયમ-નિકર્ષ--યોગ-ઉપયોગ–કષાય–લેશ્યા–પરિણામ–બંધન–વેદ-કર્મોદીરણા-ઉપસંપદાદાન–સંજ્ઞા–આહાર–ભવ–આકર્ષ–કાળ–અન્તર–સમુદ્ઘાત – ક્ષેત્ર-સ્પર્શના–ભાવ–પરિણામ–અને અલ્પબહુત્વ એ પાંચ નિર્ગ્રંથનાં ૩૬ દ્વાર છે. ।। એ ( પાંચ પ્રકારના ) ચારિત્રોમાં સર્વે અતિચાર સંજ્વલન કષાયોના ઉદયથી હોય છે, અને શેષ ૧૨ કષાયોના ઉદયથી તો મૂલચ્છેદ ( મહાવ્રતનો પણ નાશ ) થાય છે. ।। ૧૬ ઉદ્ગમદોષ, ૧૬ ઉત્પાદનાદિ દોષ, એષણાના ૧૦ દોષ, તથા ગ્રાસેષણાના ૫ દોષ મળી (ગોચરી સંબંધિ) ૪૭ દોષ છે. ।। આધાકર્મ–ઔદ્દેશિક–પૂતિકર્મ–મિશ્રજાત–સ્થાપના –પ્રાભૃતિક–પ્રાદુષ્કરણ–ક્રીત–પ્રામિત્ય–પરિવર્તના–અભિહૃત–ઉદ્ભિન્ન – માલોપહૃત–આચ્છેદ્ય–અનિઃસૃષ્ટ-

1. સૂક્ષ્મલોભની સત્તા હોવાથી.

અને અધ્યવપૂરક એ ૧૬ પિંડોદ્ગમ (આહાર સંબંધિ ઉદ્ગમ) દોષ છે. ॥ ૨૬૧-૨૭૦ ॥

ધાત્રીદોષ-દૂતીદોષ-નિમિત્તદોષ-આજીવકદોષ-વનિપકદોષ-ચિકિત્સાદોષ-તથા ક્રોધ-માન-માયા-લોભ એ ૧૦ દોષ, તેમજ પૂર્વસંસ્તવ, પશ્ચાત્સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ અને ૧૬ મો મૂલકર્મ એ ૧૬ **उत्पादनादि** દોષ છે. ॥ શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત અને છર્દિત, એ ૧૦ દોષ **एषणाना** છે.॥ સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ, એ ૫ **ग्रासेषणा दोष** છે. વળી આ ઉપકરણ-આહાર-અને પાણી એ ત્રણ સંબંધિ છે, તેમાં પણ પ્હેલી સંયોજના નામની ગ્રાસેષણા બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારની છે. ॥ (તથા પાંચમી કારણ નામની ગ્રાસેષણા આ પ્રમાણે-) વેદના-વૈયાવૃત્ય-ઈર્યાસ્થાન-સંયમસ્થાન-પ્રાણવૃત્તિ-અને છઠ્ઠું કારણ ધર્મચિન્તા (એ ૬ કારણે ગ્રાસેષણા છે). ॥ તથા આતંક-ઉપસર્ગ-બ્રહ્મચર્યગુપ્તિતિક્ષા-પ્રાણિદયા-તપહેતુ-અને શરીર વિચ્છેદ (એ ૬ કારણે ગ્રાસેષણા નથી). ॥ સંસૃષ્ઠ-અસંસૃષ્ઠ-ઉધ્ધૃત-અલ્પલેપ-ઉદ્ગૃહિત-પ્રગૃહિત-અને સાતમી ઉજ્ઝિતધર્મા એ ૭ **पिंडैषणा** છે. તથા ૭ પાનૈષણા પણ એ પ્રમાણે જાણવી પરન્તુ ભિન્નતા એ છે કે ચોથી અલ્પલેપ નામની પાનૈષણા સૌવીર (કાજી ઓસમણ) જળ વિગેરે અલેપ જળવાળી છે.॥ એ પ્રમાણે ૧૯૨ પિંડૈષણા વિગેરેના દોષ ભેદ વર્જીને જે સાધુ હંમેશાં આહારાદિકને આસક્તિથી રહિત ગ્રહણ કરી ભોજન કરે તે સાધુ કહેવાય. ॥ ઋજુગતિ-પ્રત્યાગતિ-

ગોમૂત્રિકા ગતિ–પતંગવિધિ–પેટાગતિ–અર્ધપેટાગતિ–અભ્ય-ન્તર સંબુકા ગતિ,–અને બાહ્યશંબુકા ગતિ ( એ ૮ ગોચર-ચર્યાની ભ્રમણ રીતિ) છે. ॥ ૨૭૧–૨૮૦ ॥

યથાચિન્તતાવગ્રહ–સ્વપરાવગ્રહ–સ્વ અવગ્રહ–પર અવ-ગ્રહ–સૈકાવગ્રહ–સાગારિસંસ્તારકાવગ્રહ–અને સંસ્કૃતાવગ્રહ એ પ્રમાણે ૭ અવગ્રહ છે (અહિં એ ૭ અવગ્રહ પ્રતિમા છે એમ જાણવું ). ॥ સ્થાન–નૈષેધિકી–ઉચ્ચારાદિ–શબ્દ–રૂપ–પરક્રિયા–અને અન્યોન્યક્રિયા સંબંધિ એ સાત સપ્તૈકક[1] આચારાંગમાં છે.॥ રાજા–શ્રેષ્ઠિ–સ્ત્રી–પુરુષ–પરપ્રવિચાર–સ્વ-પ્રવિચાર–અપ્રવિચાર–દેવ–દારિદ્ર અને શ્રાવકપણું એ ૯ નિદાન[2] (પાયનિયાણાં) છે. ॥ ઉદ્દગમ–ઉત્પાદનાદિ–એષણા–પરિકર્મ–પરિહાર–જ્ઞાન–દર્શન–ચારિત્ર–સંરક્ષણ–અને અપ્રી-તિક એ ૧૦ ઉપઘાત[3] છે. ॥ અર્થક્રિયા–અનર્થક્રિયા–હિંસા–અકસ્માત–દષ્ટિકી–મૃષાવાદિકી–અદત્તક્રિયા–અધ્યાત્મક્રિયા–માનક્રિયા–અમિત્રક્રિયા–માયા–લોભ–અને ઈર્યાપથિકીક્રિયા (એ ૧૩ ક્રિયાસ્થાનો છે ).॥ ઈત્યાદિ અનેક ગુણના સમૂહવડે સહિત અને સારણા વિગેરેમાં મનોહર એવા જે ગચ્છમાં સામાન્ય મુનિઓ પણ એવા પ્રકારના હોય છે ( તે **गच्छ** ) કહેવાય.॥ એવા પ્રકારનો જીનઆજ્ઞામાં વર્તનારો મુનિસમુદાય તે **गच्छ**

---

૧. આચારાંગ સુત્રમાં એ સાત નામવાળાં અધ્યયનો છે તે પ્રત્યેક અધ્યયનનું નામ **स्थान सप्तैकक** ઇત્યાદિ છે.

૨. હું તપના પ્રભાવે રાજા ઈત્યાદિ થાઉં એવી ઇચ્છા તે નિદાન.

૩. અકલ્પનીય પિંડ વિગેરે ગ્રહણ કરતાં સંયમનો અથવા આત્મ-ગુણનો ઉપઘાત થાય છે માટે ઉપઘાતના એ ૧૦ ભેદ કહ્યા છે.

કહેવાય અને અન્ય ગચ્છ તો પામરના ગચ્છ સરખા તથા નાટકીયાના ટોળા સરખા જાણવા.ાા એક સાધુ એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકા હોય પરન્તુ જો જીનેન્દ્રની આજ્ઞાયુક્ત હોય તો **સંઘ** છે, નહિતર બીજા આજ્ઞા બહારના સાધુ આદિ સંઘ નથી પણ હાડકાંનો સંઘાત[1] છે. ાા નિર્મળ જ્ઞાનાદિક વડે પ્રધાન દર્શનયુક્ત અને ચારિત્ર ગુણયુક્ત એવા પ્રકારનો સંઘ શ્રી તીર્થંકર ભગવંતને પણ પૂજ્ય[2] કહેવાય છે. ાા જ્ઞાનદર્શન અને ચારિત્ર ગુણ વડે વિભૂષિત સાધુ-ઓનો સર્વ સમુદાય ગુણનો સંઘાત ( સમૂહ ) હોવાના કારણથી **સંઘ**[3] કહેવાય છે. ાા ૨૮૧–૨૯૦ ાા

વિશુદ્ધ વ્યવહારનું અવલંબન કરતો અને શ્રી જીને-શ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન નહિં કરનારો એવો એક પણ મનુષ્ય નીતિવાદી (ન્યાયશીલ) હોય તો તે એક પુરૂષ પણ **ભાવસંઘ** છે. ાા ચતુર્વર્ણ સંઘ તે **તીર્થ** અને સંઘ તે પણ એક પક્ષ છે ( અદ્વીતિય પક્ષ છે ) અને તે ચાતુર્વર્ણ સંઘ પણ આચાર્ય સહિત ( ગુરૂ સહિત ) હોય તો **તીર્થ** કહે-વાય. ાા **તીર્થ** એટલે તીર્થ–પ્રવચન–અંગ ઉપાંગસહિત (શ્રુત) જ્ઞાન–અને પ્રથમ ગણધર ( એ ચાર અર્થ છે ). ત્યાં ભાવને જે પ્રગટ કરે તે **તીર્થ** કહેવાય અને તે સિવાય બીજા

---

૧. સમૂહ.

૨. " **ણમોત્થુતિત્થસ્સ** " કહીને પર્ષદામાં બેસે છે માટે સંઘ તીર્થંકરને પણ પૂજ્ય છે.

૩. અર્થાત્ જ્ઞાનાદિક ગુણને ધારણ કરનાર એવા ગુણી પુરૂષોનો સમુદાય તે **સંઘ.**

કુતીર્થી[1] કહેવાય.॥ જે મુનિ સૂત્ર વિરૂદ્ધ ભાષણ કરે, ઉત્સૂત્રવચન સદ્દેહે, તે પ્રમાણે કરે અને બીજા પાસે કરાવે અને તેમ કરવાને મન વચન કાયાથી અનુમોદે તે નિશ્ચયે મિથ્યા દ્દષ્ટિ છે, શ્રાવકોએ પણ સાધુના વેષવાળા તે મુનિનો ત્યાગ કરવો, કારણ કે તેવા મુનિના દર્શનનું પણ ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત કહ્યું છે.॥ દૂષમ કાળવડે દૂષિત થયેલા અરે અમારા સરખા પ્રાણિઓ કયાં ! અહો જો જીનાગમ ન હોત તો અનાથ એવા અમારૂં શું થાત !॥ અહો આ કાળમાં પોતાના અર્થે (અથવા પોતાના માટે ધન તથા) વિષયોવડે વિષમય (ઝેરરૂપ) એવી દેશના આપવાના કાર્યમાં રક્ત થયેલા હીનાચારીઓએ તથા વેષ વિડંબકોએ શાસનને મલિન કરી દીધું છે. ॥ વર્તમાનકાળે કાળના પ્રભાવથી વિચ્છેદ કરેલ (વિનાશ પમાડેલ[1]) ધર્મગ્રંથવાળા અને નાસ્તિકતારૂપ પ્રચંડ વાયુવડે નાશ પામેલ છે જ્ઞાનાદિ રૂપ મેઘ જેનો એવા તથા કલેશ આદિ દોષવાળા એવા કેટલાએક-કંઈક મુનિવેષ રૂપ પાસ-જાળવાળા અસંયમને પણ સંયમ બોલનારા અને બાળજીવોને ( મુગ્ધજનોને ) પ્રીય એવા તે મુનિઓ આત્મોત્કર્ષવડે ( આત્મગર્વવડે ) અતિ ઉદ્દામ-પ્રચંડ હોય છે.॥ જો જીનવચન ( જીનેન્દ્રાગમ ) ન હોત તથા શુદ્ધ પ્રરૂપણાવાળા મુનિઓ અને ગીતાર્થો ન હોત તો

---

૧. ભાવી કાળના જીવોની અયોગ્યતા જાણી વિદ્યાદિકના ગ્રંથ વિચ્છેદ કરનાર શ્રી સુવિહિત મુનિઓ માટે આ વચન નથી, પરન્તુ સુખ્પશીલપણાના કારણથી બેદરકારીપણે ધર્મગ્રંથોનો નાશ કરનાર તથા ધર્મગ્રંથો વેચીને પેટ ભરનારા લિંગધારીઓ માટે આ આક્ષેપ છે.

તે ( લિંગધારી ) મુનિઓનું સ્વરૂપ બીજી કઈ રીતે જાણત ! ॥ ૨૯૧–૩૦૦ ॥

આ દુષમ કાળમાં તો જો આગમમાં કહ્યા પ્રમાણે યથાર્થ પ્રરૂપણા કરે, તે પ્રમાણે સર્દહે અને યથાશક્તિ આચરે તો તેવો સાધુ પણ ત્રણ લોકને વંદનીય છે. ॥ સમ્યક્ત્વરૂપી રત્ન સહિત, ગીતાર્થ, સર્વશાસ્ત્રના અભિપ્રાય –નયમાં કુશલ, ધર્મનેઅર્થે[1] વેષ ધારણ કરનારા, આસ્તિક્ય ( શ્રદ્ધા ) રૂપ આભરણવડે વિભૂષિત સર્વ અંગવાળા, પ્રવચનમાર્ગને અનુસારે ઉત્તમદૃષ્ટિવાળા, દૃષ્ટિવડે પોતાના દોષ દેખનારા, અને શકિત પ્રમાણે અનુષ્ઠાન કરનારા એવા સંવિજ્ઞ મુનિઓ ત્રીજાપક્ષને[2] ( સંવેગપાક્ષિકપણાને ) ધારણ કરનારા છે.॥ ઉત્તમ ચારિત્રવાળો સાધુ શુદ્ધ છે, અને ગુણવાન એવો શ્રાવક પણ શુદ્ધ છે અને સંવિજ્ઞપક્ષની રૂચીવાળો અવસન્નચારિત્ર ક્રિયાવાળો ( શિથિલ ચારિત્રી ) સાધુ પણ શુદ્ધ છે ( કારણ કે તે સંવિજ્ઞપાક્ષિક છે ) ॥ સંજવલન કષાયોના ઉપશામ ભાવ થયે પંચમહાવ્રતધારીઓ પરન્તુ અવસન્ન–શિથિલાચારી થયા હોય તો પણ તેઓ શ્રદ્ધાદિ ગુણો યુકત હોય છે. ॥ તેઓ હૃદયમાં સિદ્ધાન્તના

---

૧. લિંગધારીઓનો સાધુવેષ આજીવિકા માટે છે, અને સુવિહિત સાધુનો વેષ સ્વપરોપકાર રૂપ ધર્મ માટે છે—ઇતિ ભાવ:

૨. અહિં આવા પ્રકારના ઉત્તમ સાધુઓને પણ ત્રીજા પક્ષમાં સંવિજ્ઞપક્ષમાં ગણ્યા છે, તે વિશેષત: અપ્રમત્ત અને ઉગ્રવિહારી સંવિજ્ઞમુનિઓની અપેક્ષાએ સંભવે. ( અહિં ૩૦૨ થી ૩૧૦ સુધીની ૯ ગાથાઓ સંવિજ્ઞપાક્ષિક મુનિની છે ).

મૃષાવાદને અનર્થકારી જાણે છે, જે કારણથી પરને અને પોતાને બોધ કરવા માટે શુદ્ધ પ્રરૂપણા કરે છે.।। ઉત્તમ સાધુનો શુદ્ધ ધર્મ શું છે તે પ્રરૂપે છે, અને પોતાના આચારને સુવિહિત સાધુઓની આગળ નિંદે છે તે સર્વાવમરાત્નિક[1] હોય છે. ।। પોતે ઉત્તમ મુનિઓને વંદના કરે છે, પણ તેઓને વંદાવતો નથી, કૃતિકર્મ ( દ્વાદશાવર્તવંદન ) કરે છે પણ કરાવતો નથી, પોતાનો શિષ્ય બનાવવા માટે દીક્ષા આપતો નથી, પરન્તુ પ્રતિબોધ પમાડી બીજા સુસાધુઓ પાસે સોંપે છે.।। અથવા આત્માર્થી એવા તે મુનિઓ ધર્મીજનોને પોતાને માટે દીક્ષા આપે ( પોતાનો શિષ્ય કરે ) તોપણ તેઓની આગળ સાધુઓનો સર્વ આચાર પ્રરૂપીને સન્માર્ગમાં જોડે છે (તે ત્રીજાપક્ષવાળા–સંવિજ્ઞપાક્ષિક છે ).।। અથવા પુનઃ જેણે મુનિપણાનું તત્ત્વ જાણ્યું નથી એવો જીવ દીક્ષાને ગ્રહણ ન કરી શકે અને તેવા જીવને પોતાનો વિનય કરાવવા માટે દીક્ષા આપે તે યોગ્ય નથી. ।।૩૦૧–૩૧૦।।

અવસન્ન સાધુ ( શિથિલાચારી સાધુ) પોતાને અર્થે દીક્ષા આપે તો પરને અને પોતાને પણ હણે છે, તે દીક્ષા લેનારને દુર્ગતિમાં નાખે છે–ડૂબાવે છે, અને પોતે અધિક ડૂબે છે.।। **ગીત** એટલે કલ્પ (બૃહતકલ્પ) તથા નિશિથ આદિ ( છેદ ) સૂત્રો, તે સૂત્ર અર્થ અને સૂત્રાર્થ તેની વિધિનો જાણનાર તે **ગીતાર્થ** કહેવાય, અને બીજા મુનિઓ **સમવાયધર** અને **અનુયોગધર** કહેવાય. ।। ગીતાર્થ પણ નિશ્ચયે

૧. દીક્ષાપર્યાયમાં લઘુ પણ સમ્યગ્દર્શનાદિ ગુણરૂપી રત્નોવડે ઉત્તમ તે સર્વાવમરાત્નિક.

ગીતાર્થની સેવાભકિત બહુમાનવાળો હોય છે, તથા પર્ષદાના ગુણ નય અને હેતુવાદ ઈત્યાદિ વડે દેશના આપવામાં કુશલ હોય છે. ॥ વિધિવાદને વિષે વિધિધર્મની પ્રરૂપણા કરે છે, પણ અનર્થકારી અવિધિમાર્ગની પ્રરૂપણા એકલો હોય કે લોક સમુદાયમાં રહેલો હોય તેમજ દિવસે કે રાત્રે કદી પણ કરે નહિં.॥ ગીતાર્થ મુનિ પ્રાણાન્તે પણ ઉત્કૃષ્ટ આચારના વિષયને ( સાધુના ઉત્સર્ગ માર્ગને ) મિથ્યાપણે ( વિપરીત ) ન પ્રરૂપે, તથા બાહ્ય કષ્ટ ક્રિયા પણ જો જીનેન્દ્રમાર્ગમાં ( જીનેન્દ્રાગમથી ) પ્રતિકૂળ થતી હોય તો તે પણ રૂચિકર ન થાય.॥ (ઉત્તમ મુનિ) સર્વસ્થાને ઉચિત દ્રષ્ટિ અને ઉચિત પ્રવૃત્તિ આચરે છે, પારકાના દોષ જોઈને તે દોષ પોતાના કર્મસ્વભાવથી ઉત્પન્ન થયા છે એમ જાણે છે. ॥ (ઉત્તમ મુનિ) જો કે અવસન્ન–શિથિલાચારી છે તો પણ દોષોને પ્રગટ સેવનારો હોતો નથી, જે કારણથી ( પ્રગટ દોષ સેવતાં ) પ્રવચનનો દોષ (શાસનની નિન્દા) અને શુદ્ધ (વ્યવહારવાળા) જનોમાં મોહ ઉત્પન્ન થાય છે (એટલે અધર્મની પ્રાપ્તિ થાય છે.) ॥ (ઉત્તમ મુનિ) ગીતાર્થોની આગળ પોતાના આચારો સત્યતાથી કહી દે છે, જે કારણથો ગીતાર્થો તીર્થ સરીખા અને સિદ્ધાન્તમાં યુગપ્રધાન (સરખા) કહ્યા છે. ॥ જે કારણથી જ્ઞાની પુરૂષો માટે એમ દર્શાવ્યું છે કે સારણ વારણ ચોયણ અને પડિચોયણ ઈત્યાદિ કાર્યોમાં ગીતાર્થને મુખ્ય કરવા. ॥ પ્રવચનની–શાસનની પ્રભાવના કરનાર એવો અવસન્ન–શિથિલાચારી સાધુ પણ સારો છે, કારણકે ઉત્તમ સંવેગવાળો

સાધુ ચારિત્રમાં આળસુ થયો હોય તો પણ ચારિત્રમાં રહેલા સાધુઓનો પક્ષકારી છે. ॥ ૩૧૧-૩૨૦ ॥

પરન્તુ જેઓ જ્ઞાનાદિ ગુણ રહિત હોય, આત્મોત્કર્ષી (અભિમાની) હોય અનર્જુ (વક્ર) હોય, માયામાં તત્પર હોય, અને ધર્મના બ્હાને ગૃહસ્થોની સ્તુતિ કરનારા હોય તેવા-ઓનો સંગ ન કરવો.॥ પરમાર્થતત્ત્વવાળા મુનિઓનો યોગ તો ધન્ય પુરૂષોને જ હોય પરન્તુ જો સંવિજ્ઞપક્ષીઓનો યોગ હોય તો પણ ભવ્યજીવોને કલ્યાણકારી છે. ॥ તત્ત્વ-જ્ઞાન-અંગ-ધર્મ-ઇન્દ્રિય-મદ-વિષય-દ્રવ્ય-સંભોગ-યોગ-સંજ્ઞા -દિગૂ-સંયમ-ઋદ્ધિ-વ્રત-વિહાર-વચન- ભાવના - આશ્ચર્ય - લેશ્યા-પર્યાપ્તિ-પ્રાણ-યોનિ-સ્વર મરણ-સમુદ્ઘાત-ચર્યા-અર્હંત્-આદિ-દાન-અવસ્થા-વ્રત-અર્થશ્રુત-નય-વિનય-આકાર-ગર્ભ -ક્ષુધાદિક-વસ્ત્ર-સ્ત્રી-શસ્ત્ર-મિથ્યા-મલ-તનય-ગુણ - ધ્યાન - ષટ્સ્થાન-કામ-વૈયાવૃત્ય-ઉપસર્ગ-તૃણ-ચરણ- લિપિ - બ્રહ્મ - કર્મ-અષ્ટ-(અબ્દ) ભાષા-શય્યા-માનઆદિ-સામાયિક-કરણ -નમસ્કાર-કલ્પ-અંક-લોક-નિગ્રન્થ-ક્ષેત્ર-કલ્પવૃક્ષ-કણ-ગતિ -મુંડ-ભાવ-પ્રમાદ-સ્થાન-અનુષ્ઠાન-મુદ્રા-વ્રત-જપવિધિ- સપ્ત-ભંગી-પ્રમાણ-પ્રાયશ્ચિત-પ્રવૃત્તિ - પ્રવચનકુશળતા-આવશ્યક-હેતુ-વર્ગ-પ્રત્યાખ્યાન-અનુયોગ-અણિમપરમગુણ-મૈત્રી-નિક્ષેપ -દીક્ષા-ધર્મ-સમ્યક્ત્વ-રત્ન-ઉપનય-શમ-યમ-બ્રહ્મ-શિલ્પ-અને પ્રમેય (એ ૧૦૦ સ્થાન જાણનાર ગીતાર્થ હોય છે. ॥ ઈત્યાદિ અનેક સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તના રહસ્ય ગુણના ભંડાર રૂપ, સમ્યક્ત્વની પ્રભાવના કરવામાં પ્રગટ, અને ભવ્યોને કલ્પવૃક્ષ સરખા (ગીતાર્થો જાણવા). ॥ ઘણું કહેવાથી

શું ? તેવા ગીતાર્થ ગુરૂની નિશ્રાએ તો ઉત્તમ સાધુઓ હંમેશાં વિચરે છે, તેની આજ્ઞા ધારણ કરે છે, અને તેમનું વચન પણ સંભારે છે. ॥ જે આચાર્યો–ગીતાર્થો વિધિમાર્ગની પ્રરૂપણા કરે છે તે જીનશાસનના પ્રભાવક સંવિજ્ઞ આચાર્યો આ દુઃષમકાળમાં ચિરકાળ સુધી જયવંત વર્તો. ॥ સમ્યક્ત્વ ધારણ કરનારા એવા કંઈક સાધુઓ આજીવિકાની વિધિવડે દ્રવ્યવેષને (ગુણરહિત સાધુવેષને) ધારણ કરનારા છે, તે ચારિત્ર ગુણહીન સાધુઓ સર્વસ્થાને બીજા પદમાં વર્તનારા જાણવા. ॥ મસ્તકે મુંડ થયેલા, ઉદ્ભટવેષવાળા, વિચિત્ર વેષને ધરનારા, તથા વિદ્યા અંજન ચૂર્ણાદિક તથા કુલમમત્વાદિ-કરતા એવા જે સાધુઓ પોતાને માર્ગ પૂછનાર જીવને સમ્યક્ પ્રકારે માર્ગ કહે છે, અને પ્રવચન મૃષાને ( ઉત્સૂત્ર-વચનને ) દુષ્ટ માનનારા છે તેવા સાધુઓ પણ **सारूपिक**[1] જાણવા. ॥ ૩૨૧–૩૩૧ ॥

અતિ મનોહર એવું જે ચારિત્ર તે જેણે પશ્ચાત્ કર્યું (પોતાની પાછળ પાડયું, અર્થાત્ ચારિત્રથી છૂટો પડયો ) તે **पश्चात्कृत** કહેવાય. અને ચારિત્રને જેણે ફેંકી દીધું અર્થાત્ ગૃહસ્થ થયો, શિખાવાળો (ચોટલીવાળો) તેમજ સ્ત્રી વિનાનો થયો અને ભીક્ષાવૃત્તિ કરે છે તે **उत्क्षिप्त** કહેવાય.॥ તથા શિખાવાળો સ્ત્રીવાળો કૂર્ચવાળો ( દાઢી મૂછવાળો ) થયો તે

૧. રજોહરણ સિવાય સાધુના વેષવાળો, અબ્રહ્મચારી, સ્ત્રીરહિત અને ભીક્ષા માગી આજીવિકા ચલાવનાર એવો ગૃહસ્થ તુલ્ય **सारूपिक** કહેવાય અને પ્રવચનની વિરૂદ્ધ પ્રરૂપણા કરવી તેને દુષ્ટ માને અને પુછનાર મનુષ્યોની આગળ, જિનેશ્વરના માર્ગની શુદ્ધ પ્રરૂપણા કરે.

ગૃહસ્થ સિદ્ધપુત્ર કહેવાય, તે ભીક્ષા માગતો નથી પરન્તુ શિલ્પ આદિ કર્મ કરી આજીવિકા ચલાવે છે.।। કેટલાએક આચાર્યો એમ કહે છે–માને છે કે–પશ્ચાત્કૃત અને સિદ્ધપુત્ર એ બન્ને શિખાવાળા હોય અથવા શિખારહિત પણ હોય તેમજ સ્ત્રીસહિત હોય અને સ્ત્રીરહિત પણ હોય.।। એ સર્વ નામો પણ જો સમ્યક્ત્વ સહિત હોય તો એ નામો જાણવાં, પરન્તુ તેઓનું જો સમ્યક્ત્વ ભ્રષ્ટ થયું હોય અને તેથી સમ્યક્ત્વ ન વર્તતું હોય તો તે સર્વે ગૃહસ્થો જાણવા.।। કોઈક વખતે તેઓને ( સિદ્ધપુત્રાદિકોને ) પણ આલોચના વિગેરે કાર્યમાં યોગ્ય ગણ્યા છે, પરન્તુ જો જ્ઞાનવાળા હોય, સત્ય ભાષણથી ગુણપ્રધાન હોય, અને સ્થાન ( પ્રાયશ્ચિતનાં સ્થાન) જાણનારા હોય (તો તેઓ પ્રાયાશ્ચિતાદિ કાર્યમાં યોગ્ય છે.)।। વળી જો તેઓ કુશીલ થયા હોય, મિથ્યા ઉપદેશ આપનારા, દંભ વડે ધર્મને ઠગનારા અને કુશિલનું લિંગ વેષ ધારણ કરનાર હોય તો તેઓ પણ અદર્શનીય ( નહિ દેખવા યોગ્ય) છે.।। વિધિમાર્ગનો યોગ ધન્યપુરૂષોને થાય છે, વિધિપક્ષના આરાધક તો સદાકાળ ધન્ય છે, વિધિમાર્ગનું બહુમાન કરનારા ધન્ય છે, અને વિધિપક્ષને દૂષણ નહિ આપનારા પણ ધન્ય પુરૂષો છે.।। જેઓ વિધિમાર્ગ આચરે છે, વિધિમાર્ગના રાગી છે, અવિધિનો ત્યાગ કરનાર છે, અને અવિધિ થતાં મિથ્યાદુષ્કૃત કરનારા છે, અને અનુત્કર્ષ ( આત્મોત્કર્ષ–ગર્વ ) નહિ કરનારા છે, તેઓને પ્રવચનમાં સદાકાળ દ્રષ્ટિવાળા કહ્યા છે ( અર્થાત્ શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે ).।। સર્વે આસન્નસિદ્ધિવાળાઓનું તેમજ સર્વે

આસ્તિકવાદિઓનું એ ( વિધિ રાગ આદિ ) લક્ષણ છે, અને અભવ્ય જીવ તથા દૂરભવ્ય જીવોનું તેથી વિપરીત લક્ષણ છે.॥ ૩૩૨–૩૪૦ ॥

સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્ર અને ઉંચી રીતે વિત-રાગની આજ્ઞાનુસાર જેવી રીતે હોય તે પ્રમાણે અનુસરીને જે સ્થાને જીનેશ્વર ભગવંતે કહેલા માર્ગ છે (અર્થાત્ માર્ગ કહ્યા છે) તે માર્ગને વિધિ પ્રમાણે તેવા પ્રકારના ઉત્તમ ભાવથી પૂજવો ( આદરવો ).॥ કેટલાએકનો એવો આદેશ ( પ્રરૂપણા ) છે કે–વર્તમાનકાળમાં દર્શન અને જ્ઞાનવડે તીર્થ (શાસન) પ્રવર્તે છે, અને ચારિત્ર તો વિચ્છેદ પામ્યું છે. એમ બોલનારને પ્રાયશ્ચિત હોય છે.॥ જે કારણથી ભગવંતે આ ક્ષેત્રમાં શ્રી દુપ્પસહસૂરિ સુધી ચારિત્ર રહેવાનું કહ્યું છે, તે ચારિત્ર આજ્ઞાવર્તી જીવોનેજ હોય, માટે વર્તમાન-કાળે ચારિત્ર નથી એમ કહેવું તે મિથ્યામોહ છે. ॥ કાળને ઉચિત જયણામાં વર્તતાં ( એટલે કાળને ઉચિત ચારિત્ર-ધર્મમાં વર્તતાં ) માત્સર્ય રહિત ઉદ્યમવંત અને જનયાત્રા[1] રહિત એવા યતિઓને યતિપણું–ચારિત્ર હંમેશાં હોય છે.॥ જ્યાં બાલ જીવોનો ( અજ્ઞાનીઓનો ) પ્રસંગ નથી, અત્યંત વંચના–ઠગાઈ નથી, બલાત્કાર વિગેરે કરવો કરાવવો નથી અને ગીતાર્થોની સેવા હોય છે. તે ગચ્છમાં હંમેશાં ચારિત્ર હોય છે એમ જાણવું.॥ સર્વે જીનેન્દ્રોનું શાસન બકુશ

૧. લોકસમુદાયની વૃત્તિને અનુસરીને પ્રરૂપણા કરવી તથા પ્રવૃતિ કરવી તે **जनयात्रा** કહેવાય.

કુશીલ સાધુઓ વડે આ પ્રમાણેજ ચાલે છે, પરન્તુ તેમાં કષાયકુશીલ એવા પ્રમાદી સાધુઓ વિશેષ હોય છે.॥ નિર્ગ્રન્થો[1] વિના તીર્થ નહિ, અને નિર્ગ્રન્થો અતીર્થ હોતા નથી.[2] જ્યાંસુધી છકાયવધનો સંયમ-ત્યાગ વર્તે છે ત્યાં સુધી આ પંચમકાળમાં વર્તમાન સમયે પણ અનુસર્જના (તીર્થની હયાતી) છે.॥ એ પ્રમાણે ૮ વિકલ્પ-ભાંગા[3] છે તેમાં પ્હેલા ભાંગાવાળા વર્જવા યોગ્ય છે બીજા ભાંગાવાળા સેવવા યોગ્ય છે, અને ચોથા ભાંગાવાળા પણ હંમેશાં સેવવા યોગ્ય છે.॥ તેઓના અભાવે[4] દુષ્ટવૃષ્ટિના[5] ઉદાહરણ પ્રમાણે સંધિગ્રહણ[6]

---

૧. અહિં નિર્ગ્રન્થો એટલે પાંચ નિર્ગ્રન્થમાંનો ચોથો ભેદ નહિ પણ નિર્ગ્રન્થ એટલે મુનિ એવો સામાન્ય અર્થ ગ્રહણ કરવો.

૨. કહેવાનો ભાવાર્થ એ છે કે-તીર્થ શ્રી દુ:પ્રસહ સૂરિ સુધી રહેવાનું છે, અને તે તીર્થ નિર્ગ્રન્થ-સાધુ વિના ન હોય, અને સાધુ તે તીર્થરૂપજ છે, માટે શ્રી દુપ્રસહસૂરિ સુધી તીર્થરૂપ સાધુઓ અવશ્ય હોય છે એમ શ્રદ્ધા કરવી.

૩. આ ૮ ભંગાની ઉત્પત્તિ ૩૪૧મી ગાથાના ભાવાર્થથી દર્શનાદિ ત્રણની અસ્તિ નાસ્તિથી તીર્થ હયાતીના અનુયોગવાળી છે.

૪. તેઓના એટલે ૧-૨-૪ ભાંગાવાળા મુનિના અભાવે.

૫. જે વૃષ્ટિનું જળ પીવાથી સર્વ નગરલોક ઘેલા થયા પરંતુ રાજાએ અને પ્રધાને તે જળ ન પીવાથી સ્વસ્થ રહ્યા હતા પરન્તુ લોકોએ રાજા પ્રધાનને ઘેલા ગણી સતામણી કરવા લાગ્યા ત્યારે રાજા અને પ્રધાન પણ જાણી જોઇને લોકવૃત્તિ અનુસરીને ઘેલા જેવા થયા પરંતુ ચિત્ત સ્વસ્થ રાખ્યું હતું તે પ્રમાણે લોકવૃત્તિને અનુસારે કદાચ

કરીને ત્રીજા ભાંગાવાળા પણ સેવવા યોગ્ય છે, અને કારણ પ્રાપ્ત થયે તો સર્વે ભાંગા શુદ્ધ છે.॥ દર્શનત્રિક[1] રહિત તે પ્હેલા ભાંગાવાળા, દર્શનત્રિક વડે શુદ્ધ તે બીજા ભાંગાવાળા, ચારિત્ર રહિત તે ચોથા ભાંગાવાળા, અને ત્રીજા ભાંગામાં દર્શનની ભજના જાણવી.॥ અનુક્રમે દ્રવ્ય અને ભાવવડે ચારિત્ર (ઉપરના સેવ્ય ભાંગામાં) જાણવું, બીજા ભાંગાઓમાં દર્શન ગુણ જાણવો અને જ્ઞાનની તો નિશ્ચયે ભજના જાણવી.॥ વુદ્ઢદુવાર ગ્રંથમાં છેદાદિકનો સુવિસ્તાર (અતિ વિસ્તાર) જાણવો, અને ત્યાં સંયમસ્થાનો સંયમશ્રેણિ અને કંડકાષ્ટક પણ જાણવું. ॥ ૩૪૧-૩૫૨ ॥

## इति गुरुस्वरुपवर्णनम् ॥

---

ત્રીજા ભાંગાવાળા સાધુઓને પણ સેવવા પડે તો પણ સંધિગ્રહણ કરીને જ સેવવા.

૬. અહિં **सन्धि** એટલે ભાવસંધિ જાણવી, તે આ પ્રમાણે— આ ગુરૂ સમ્યકૃત્વની પણ ભજનાવાળા છે, એમ વિવેક રાખીને એટલે મનમાં સમજીને પોતાના જ્ઞાન દર્શનાદિ ગુણોને ન ત્રુટે તેવી સાવધાનતા રાખવી તે **भावसन्धि.** પૃષ્ટ ૧૩૮માં ૬ નંબર જોવો.

૧ દર્શનત્રિક એટલે દર્શન જ્ઞાન ચારીત્ર.

## ॥ अथ सम्यक्त्वाधिकारः ॥

સમ્યક્ત્વગુણ સહિત અલ્પ સેવેલા એવા પણ ચારિત્રાદિક સર્વે ધર્મો સફલ થાય છે, પરન્તુ જો સમ્યક્ત્વ ગુણ ન હોય તો તે ચારિત્રાદિ ધર્મો શેલડીના સાંઠા (રસરહિત શેલડીના સાંઠા) સરખા નિષ્ફળ છે.॥ અહિં **દર્શન** એટલે સમ્યક્ત્વ કહેવાય, અને તે તત્ત્વાર્થની (તત્ત્વ ભૂત પદાર્થોની) શ્રદ્ધા રૂપ છે. વળી નિર્મળ અધ્યાત્મગુણના સ્થાન (પ્રથમ સ્થાન) રૂપ તે સમ્યક્ત્વ દર્શનમોહનીય કર્મના વિનાશથી પ્રાપ્ત થાય છે.॥ વળી તે દર્શન ક્ષાયિક આદિ પાંચ પ્રકારનું છે, તેમાં પ્રથમ ઉપશમસમ્યક્ત્વ તે અનાદિ અનન્ત એવાં સંસારમાં અતિ ભ્રમણ કરનાર જીવ પામે છે.॥ પલ્ય[1] અને

---

૧. પલ્ય એટલે ધાન્યનો પાલો-સાટો કે જેમાં એક બે વર્ષના ખર્ચ જેટલું ધાન્ય વાંસની મોટી સાદડીઓના ગોળ સર્કલમાં ભરી ઉપરથી લીપણુ કરી રાખે છે તે પાલામાંથી ઘણું ધાન્ય કાઢે અને થોડું ઉમેરે એ પ્રમાણે વારંવાર કરતાં ધાન્ય ખાલી થવાનો અવસર આવે છે તેમ દર્શન મોહનીય કર્મનો એ પ્રકારે વિનાશ થતાં અથવા સાતકર્મની અન્તઃકોડાકોડિ સાગરોપમ બાકી રહેતાં ગ્રંથીભેદાદિકથી સમ્યક્ત્વ પ્રાપ્તિ થાય છે.

ઉપલ[1] વિગેરેના દ્રષ્ટાન્તથી ( અથવા દ્રષ્ટાન્તવાળા ) યથા-પ્રવૃત્તકરણ વડે કોઈ અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહેલો એવો પંચેન્દ્રિય ભવ્યજીવ તે યથાપ્રવૃત્તકરણવડે સાતે કર્મની ( આયુષ્ય વિના સાતે કર્મની ) સ્થિતિરક્તા ( ખાલી કરે ) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ૧ કોડા-કોડિ સાગરોપમ જેટલી બાકી રહે ( ત્યારે ગ્રંથીભેદ કરીને ઉપશમ સમ્ય૦ પ્રાપ્ત કરે તે દર્શાવે છે- ).।। અહિં **ગ્રન્થિ** એટલે દુર્ભેદ્ય કર્કશ ઘન (નક્કર) રૂઢ (મજબુત) અને ગૂઢ (ગુપિલ) એવી (કાષ્ટાદિકની) ગ્રન્થિ (ગાંઠ) સરખો કર્મથી ઉત્પન્ન થયેલો ગાઢ રાગદ્વેષ રૂપ પરિણામ જાણવો.।। તે ગ્રન્થિને અધ્યાત્મધ્યાનની વિશુદ્ધિ (ચિત્તની વિશુદ્ધિ) વાળા અપૂર્વકરણરૂપ પરિણામ વડે ભેદીને ત્યાં અન્તર્મુહૂર્ત્ત માત્રનું અન્તરકરણ[2] કરે છે. ।। (અને સમ્ય૦ પામે છે) યતઃ

---

૧. પર્વતની નદીઓ પાષાણ પર્વતમાં અફળાઇને અને નદીના જળથી ઘસાઈને સહજે આકારવાળો બને છે તેમ આ યથાપ્રવૃત અન્તઃકોડાકોડિની સ્થિતિ સત્તા પણ અનાદિકાળથી કર્મનિર્જરા કરતાં કોઇ વખત પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે ગ્રંથિભેદાદિકથી સમ્યક્૦ પ્રાપ્તિ થાય છે. ઇત્યાદિ દ્રષ્ટાન્તો શ્રી વિશેષાવશ્યકમાંથી જાણવાં.

૨ સિદ્ધાન્તના અભિપ્રાયથી અપૂર્વકરણમાંજ એટલે અપૂ૦ ક૦ સમાપ્ત થતાં તુર્ત ઉપ૦ સમ્ય૦ પામે અને કર્મગ્રન્થ મતે ત્રીજું અનિવૃતિકરણ પૂર્ણ થયા બાદ ઉપ૦ સમ્ય૦ પામે. અહિં અન્તર-કરણ ઉપશમ સમ્યક્ત્વનો કાળ અથવા તે પહેલાંની તત્સંબંધિ ક્રિયા કાળ પણ ગણાય.

ઉપશમ શ્રેણીને પ્રાપ્ત થયેલા જીવને પણ ઉપશમસમ્યક્ત્વ[1] પ્રાપ્ત થાય છે, અથવા તો જે જીવે પ્રથમ ત્રણ પુંજ નથી કર્યાં અને મિથ્યાત્વ ક્ષય પામ્યું નથી તેવા જીવને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ( એમ સિદ્ધાન્તાદિમાં કહ્યું છે ). ાા જે મિથ્યાત્વ ઉદય પ્રાપ્ત છે તેનો ક્ષય થયે અને જે ઉદય પ્રાપ્ત નથી તેનો ઉદય ન આવ્યે છતે જીવ અન્તર્મુહૂર્ત્ત માત્ર ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ાા (કરણનો ક્રમ આ પ્રમાણે છે–) જ્યાં સુધી ગ્રન્થિ પાસે વર્તે ત્યાં સુધી યથાપ્રવૃત્તકરણ, ગ્રન્થિનો ભેદ કરતી વખતે બીજું અપૂર્વકરણ હોય, અને જીવ સમ્યક્ત્વ પુરસ્કૃત થયે છતે ( એટલે સમ્યક્ત્વ પામ્યો નથી પણ પામવાની તૈયારીમાં અન્તરાલ કાળે ) **अनिवृत्तिकरण** હોય છે. ાા ૧–૧૦ ાા

(ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા બાદ) કંઈપણ આલંબન નહિં પામેલી વેળ જેમ પોતાના મૂળ સ્થાનને છોડતી નથી ( અર્થાત્ મૂળ સ્થાને જ પાછી આવે છે ) તેમ ત્રણપુંજ જેણે નથી કર્યાં અને ઉપ૦ સમ્ય૦ પામ્યો હોય તેવો જીવ પુન: મિથ્યાત્વેજ આવે છે.ાા પુનઃ એ ઉપશમ સમ્યગ્દૃષ્ટિજીવ અન્તરકરણમાં[2] રહ્યો છતો કદાચ કોઇ જીવ દેશવિરતિ પણ પામે છે અને પ્રમત્તાપ્રમત્ત ભાવ પણ પામે છે. ાા ઉપાર્જે છે ).ાા એ કહેલો દ્રવ્ય શ્રુતનો લાભ અભવ્ય જીવને થાય છે, પરન્તુ ભવ્ય જીવને તો નિશ્ચયે સંપૂર્ણ દશપૂર્વ-

---

૧ બીજી ત્રીજી ચોથા અને પાંચમીવાનું (વિશેષતઃ,

૨ ઉપશમ સમ્ય૦ના અનુભવકાળમાંજ.

જો કોઈ ભવ્ય અથવા અભવ્ય જીવ ગ્રન્થિની પાસે આવ્યો હોય છતાં ગ્રન્થિ ભેદ કરે નહિં અને સંખ્યાત અથવા અસંખ્યાત કાળસુધી પણ ત્યાં ગ્રંથિ નજીકજ રહે છે.[1]॥ ચારિત્રના પરિણામથી રહિત (બોધિબીજ રહિત) જીવને વિષે (પણ પ્રથમ) શ્રી જીનેશ્વરની ઋદ્ધિ દેખવાથી દ્રવ્ય શ્રુતનો (દ્રવ્યથી શ્રુત સામાયિકનો) લાભ કે જે (ઉત્કૃષ્ટથી) નવમા ગ્રૈવેયકના સુખના અર્થ–કારણરૂપ છે તે પ્રાપ્ત થાય છે (અર્થાત્ નવમા ગ્રૈવેયકે ઉત્પન્ન થવા યોગ્ય શુભ કર્મ રૂપ (ભાવશ્રુત સામાયિકનો) લાભ થવાથી કોઈક જીવ અન્તર્મુહૂર્ત્તમાં ગ્રન્થિભેદ કરી મોક્ષ પામે છે.॥ **इति उपशम सम्यकत्वम्** ઉપશમ સમ્યકૂત્વથી પતિત થઈને હજી મિથ્યાત્વભાવ નથી પામ્યો તેવા અન્તરકાળમાં વર્તતા જીવને (ઉત્કૃષ્ટથી) ૬ આવલિકા પ્રમાણનું **सास्वादन सम्यक्त्व** પ્રાપ્ત થાય છે.॥ ત્યારબાદ તે સાસ્વાદનથી પડેલો જીવ અવશ્ય મિથ્યાદ્રષ્ટિજ થાય છે. એ સાસ્વાદન તથા ઉપ૦ સમ્ય૦ ઉત્કૃષ્ટથી (એક જીવને સંસારમાં) ૫ વાર પ્રાપ્ત થાય છે.॥ **इति सास्वादन सम्यक्त्वम्** । પૂર્વે અપૂર્વકરણવડે[2] અથવા અન્તકરણવડે[3] જેણે ત્રણ પુંજ કોદ્રવના ઉદાહરણ–દ્રષ્ટાન્ત પ્રમાણે કર્યા છે તેવો જીવ શુદ્ધ પુંજનો વેદક જ્યારે થાય

---

૧. અભવ્ય જીવ અસંખ્ય કાળ સુધી રહી પુનઃ ગ્રંથિથી દૂર ચાલ્યો જાય છે.

૨. સિદ્ધાંતના અભિપ્રાય પ્રમાણે અપૂર્વકરણવડે.

૩. કાર્મગ્રંથિક અભિપ્રાય પ્રમાણે અનિવૃત્તિકરણમાં અન્તરકરણ વડે.

છે, તે વખતે જે મિથ્યાત્વ ઉદયમાં આવેલું છે તે ક્ષય પામે છે અને નહિ ઉદય આવેલું મિથ્યાત્વ ઉપશાન્ત ભાવે વર્તે છે, એ પ્રમાણે મિશ્ર ભાવે પરિણમેલા મિથ્યાત્વને (શુદ્ધ પુંજને) વેદતો જીવને **क्षयोपशम सम्यक्त्व** થાય છે. ॥

**પ્રશ્ન**:—ઉપશમ સમ્યક્ત્વથી ક્ષયોપશમ સમ્ય૦માં શું તફાવત-વિશેષતા છે?

**ઉત્તર**:—મિથ્યાત્વનો ઉપશમ થતાં મિથ્યાત્વ પ્રદેશથી પણ વેદાતું નથી, અને અહિં ક્ષયોપ૦ સમ્ય૦માં તો પ્રદેશથી વેદાય છે એ વિશેષ છે.॥ **इति क्षयोपशम सम्यक्त्वम्** ॥ ૧૧-૨૦ ॥

પુનઃ સર્વ ઉદય આવેલા પરમ પુદ્ગલની અવસ્થાવાળું (એટલે અન્ત્ય સમયે સમ્ય૦ મોહનીયના સર્વપુદ્ગલોના ઉદયવાળું) **वेदकसम्यक्त्व** છે. અને ત્રણે પ્રકારનું દર્શન મોહનીય ક્ષય થતાં **क्षायिक सम्यक्त्व** થાય છે.॥ ઉપશમ સમ્ય૦નો કાળ અન્તર્મુ૦ પ્રમાણ, સાસ્વાદનનો કાળ ૬ આવલિ, વેદકનો કાળ ૧ સમય, ક્ષાયિક સમ્ય૦નો કાળ સાધિક ૩૩ સાગરોપમ,[1] અને ક્ષયોપ૦ સમ્ય૦નો કાળ તેથી દ્વિગુણ (સાધિક +૬૬ સાગરોપમ) છે.॥ (સંસારમાં) વેદક અને ક્ષાયિક સમ્ય૦ ૧ વાર પ્રાપ્ત થાય, ક્ષયોપશમ અસંખ્યવાર પ્રાપ્ત થાય, એમાં ક્ષાયિક સમ્ય૦નો કાળ સિદ્ધ ભાવમાં (સિદ્ધિગતિની અપેક્ષાએ) સાદિ અનન્ત છે.॥ જે જીવોએ એક અન્તર્મુ૦ માત્ર પણ સમ્યક્ત્વનો સ્પર્શ કર્યો હોય તે જીવોને નિશ્ચયે (ઉત્કૃષ્ટથી) અપાર્ધ (દેશોનઅર્ધ)

---

૧. ભવસ્થ જીવની અપેક્ષાએ ૩૩ સાગર.

પુદ્ગલપરાવર્ત્ત સંસારજ બાકી રહે છે.॥ તથા સમ્યક્ત્વ ત્યાગ થયા બાદ પણ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ઉત્કૃષ્ટરસ સહિત થતો નથી.[1] (પુનઃ એ પાંચ સમ્ય૦માં) ઉપશમ સમ્ય૦ પ્રતિપાતિ છે, ક્ષયોપ૦ સમ્ય૦ પણ પ્રતિપાતિ[2] છે, અને ક્ષાયિક સમ્ય૦ અપ્રતિપાતી છે, એ ક્ષાયિક સમ્ય૦વાળો જીવ ત્રણ દર્શન મોહનીય અને ૪ અનન્તાનુબન્ધિ એ સાતના ક્ષયવાળો છે, અને પૂર્વ બદ્ધાયુ હોય તો ત્રણ અથવા ૪ ભવમાં મોક્ષે જનારો હોય છે, પરન્તુ જો (ક્ષાયિ૦ સમ્ય૦ પામ્યા પ્હેલાં) આયુષ્ય ન બાંધ્યું હોય તો તેજ ભવમાં મોક્ષે જાય છે.॥ સમ્યક્ત્વ પ્રાપ્ત થયે (એટલે સમ્યક્ત્વ અવસ્થામાં) તિર્યંચ અને મનુષ્ય વૈમાનિક દેવ સિવાય બીજું આયુષ્ય ન બાંધે, અને દેવ (તથા નારક પણ) સમ્ય૦ અવસ્થામાં મનુષ્ય આયુષ્યજ બાંધે, પરન્તુ જો (સમ્ય૦ પ્હેલાં) આયુષ્ય બંધાયલું હોય તો તે જીવ (સમ્ય૦ સહિત પણ) ચારે ગતિમાં જાય છે.॥ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ પૃથક્ત્વ પલ્યોપમની સ્થિતિનો ક્ષય થયે શ્રાવકપણું (દેશવિરતિ) પ્રાપ્ત થાય, ત્યારબાદ સંખ્યાત સાગરોપમ જેટલી સ્થિતિ ક્ષય થતાં ચારિત્ર પ્રાપ્ત થાય, ત્યારબાદ સંખ્યાત સાગરો૦ ક્ષય થતાં ઉપશમશ્રેણિ, અને

---

૧. સિદ્ધાન્તના અભિપ્રાયથી ઉ૦ સ્થિતિબંધ અને ઉ૦ રસબંધ ન કરે, અને કર્મગ્રન્થાભિપ્રાયે ઉ૦ સ્થિતિબંધ હોય પણ રસબંધ ન હોય.

૨. વેદક સમ્ય૦ અને સાસ્વા૦ સમ્ય૦ પણ ૧ સમયનું તથા ૬ આવલિનું હોવાથી પ્રતિપાતિ છે.

ત્યાર બાદ સં૦ સાગરો૦ ક્ષય થતાં ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય.॥ આખા સંસારચક્રમાં નિશ્ચયે એક જીવને ૪ વાર ઉપશમ-શ્રેણિ થાય છે, પુનઃ એ ઉપશમશ્રેણિ એક ભવમાં બે વાર પ્રાપ્ત થાય, અને ક્ષપકશ્રેણિ ૧ વારજ થાય.॥ શ્રુત સામાયિક–સમ્યક્ત્વ સામાયિક–દેશવિરતિ સામાયિક અને સર્વ-વિરતિ સામાયિક એ ભેદ પ્રમાણે સામાયિક ૪ પ્રકારનું છે, હવે એ ચારે સામાયિકના નાના–અનેક ભવમાં કેટલા આકર્ષ થાય તે કહેવાય છે. ॥ ૨૧–૩૦ ॥

પ્હેલા ૩ સામાયિકના એક ભવમાં હજાર પૃથક્ત્વ આકર્ષ થાય, અને સર્વવિરતિના શતપૃથક્ત્વ આકર્ષ થાય, એ પ્રમાણે એક ભવમાં આકર્ષ થાય તે જાણવા.॥ તથા પ્હેલા ૩ સામાયિકના અનેક ભવમાં અસંખ્યહજાર આકર્ષ થાય, સર્વવિરતિના હજાર પૃથક્ત્વ આકર્ષ થાય, એ પ્રમાણે અનેક ભવમાં એટલા આકર્ષ થાય એમ જાણવું.॥ વર્તમાન કાળે સરાગ સંયમીઓને પણ અરિહંત ભગવંત ઉપરનો રાગ તથા બ્રહ્મચારી એવા સાધુઓ ઉપર જે રાગ તે પ્રશસ્ત રાગ જાણવો (અર્થાત્ વર્તમાનમાં એવો સરાગ સંયમજ છે).॥ અરિહંત એજ દેવ, સુસાધુ એજ ગુરૂ, અને જીને-શ્વરે કહેલો તેજ ધર્મ ઈત્યાદિ જે શુભ ભાવ તેને જગદ્‌ગુરૂ શ્રી જીનેશ્વરો सम्यक्त्व કહે છે.॥ જો સમ્ય ્ત્વ ન ગયું હોય, અને પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય (અર્થાત્ અબ-દ્ધાયુ સમ્યગ્દ્રષ્ટિ) એવો સમ્યક્દ્રષ્ટિ જીવ નિશ્ચયે વિમાન-વાસી દેવોમાંજ ઉત્પન્ન થાય.॥ જો ધર્મ કરી શકાય તો કરવો, અને ન કરી શકાય તો તે ધર્મની શ્રદ્ધા કરવી, કારણ

કે શ્રદ્ધા રાખનારો જીવ અવશ્ય મોક્ષસ્થાનને પ્રાપ્ત કરે છે।। એક ત્રાજવામાં લૌકીક અને લોકોત્તર અનુષ્ઠાનવાળા સર્વ ધર્મો (અર્થાત્ સર્વ ધર્મની ક્રિયાઓ) અને બીજા ત્રાજવામાં નિશ્ચયે સમ્યક્ત્વ રાખ્યું હોય તો પણ એ સમ્યક્ત્વ તેઓની તુલ્યતામાં ન આવે (પરન્તુ અધિક થઈ જાય-ઇતિ ભાવ:)।। શંકા-કાંક્ષા-વિચિકિત્સા- અન્યતીર્થિપ્રશંસા-અને પરતીર્થિઓની સેવા એ સમ્યક્ત્વના ૫ અતિચાર છે.।। ધર્મ હશે કે નહિં ઈત્યાદિ ધર્મ સંબંધિ શંસય તે **શંકા** સર્વથી અને દેશથી એમ બે પ્રકારે છે, અને પરધર્મમાં દયા વિગેરે ગુણના કંઈક અંશ દેખવાથી તે કુધર્મપ્રત્યે જે અભિલાષ થાય તે **કાંક્ષા** કહેવાય.।। ધર્મક્રિયાના ફળનો સંદેહ કરવો, અથવા સાધુ સાધ્વીનાં મલિન શરીર જોઇ દુગંચ્છા કરવી તે **વિચિકિત્સા** તથા અન્ય ધર્મીઓનો પરિચય કરવો અને પ્રસંગ કરવો તે **પ્રશંસા** કહેવાય. ।। ૩૧-૪૦ ।।

અહિં કુદર્શનીઓની-પરધર્મીઓની પ્રશંસા કરવાથી મિથ્યાત્વની દ્રઢતા થાય છે, અતત્ત્વની શ્રદ્ધા થાય છે, અને પ્રવૃત્તિ દોષ (મિથ્યા આચરણમાં પ્રવર્તવા પ્રવર્તાવવારૂપ દોષ) પ્રગટ થાય છે, તેમજ તીવ્ર કર્મ બન્ધ થાય છે.।। જે જીવ બીજા જીવોને મિથ્યાત્ત્વ ઉત્પન્ન કરે છે તે નિમિત્તથી-કારણથી તે જીવ શ્રી જીનેશ્વર ભાષિત બોધિબીજ (સમ્યક્ત્વ ધર્મ) પામતો નથી.।। જે જીવ પતિત જીવોનાં આલંબન ગ્રહણ કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ જાણવો, અને જે સમ્યગ્દ્રષ્ટિ જીવો છે તેઓ સ્વભાવેજ ચઢતા ધર્મવાળા જીવોનાં આલંબન ગ્રહણ કરે છે.।। **લૌકિકમિથ્યાત્વ** દેવ

સંબંધિ અને ગુરૂ સંબંધિ એમ બે પ્રકારે જાણવું, એ પ્રમાણે લોકોત્તરમિથ્યાત્વ પણ દેવગત અને ગુરૂગત એમ બે પ્રકારે જાણવું.॥ એ ચારે પ્રકારના મિથ્યાત્વને જે જીવ ત્રિવિધ ત્રિવિધે ( ૩ યોગ અને ૩ કરણ સહિત ) વર્જે તે જીવને નિષ્કલંક પ્રગટ સમ્યકત્વ (શુદ્ધ સમ્યકત્વ) હોય છે.॥ તથા એ અનન્તરોક્ત–પૂર્વે કહેલા (ચાર પ્રકારના) મિથ્યાત્વને હું સેવું એમ મનથી ન ચિંતવે, અથવા ( બીજો જીવ મિથ્યાત્વ સેવે એવો ઉપદેશ ન કરે–અર્થાત્ ) તું મિથ્યાત્વ કર એવો ઉપદેશ ન આપે અથવા બીજાએ મિથ્યાત્વ સેવ્યું હોય તેને ઠીક કર્યું એમ ન જાણે (તે કરવું કરાવવું અને અનુમોદવું એ ૩ કરણથી મિથ્યાત્વનો ત્યાગ કહેવાય ) ॥ ૪૧–૪૬ ॥

## ॥ મિથ્યાત્વના ૫ ભેદ ॥

અભિગ્રહિક–અનભિગ્રહિક–અભિનિવેષિક–શાંસયિક–અને અનાભોગિક એમ ૫ પ્રકારનું મિથ્યાત્વ છે. ॥ પુનઃ મિથ્યાત્વ સર્વ અનર્થોનું કારણ જાણવું, તેમાં પણ અભિગ્રહિકમિથ્યાત્વ[1] કપિલ[2] વિગેરેનું જાણવું. ॥ તથા અનભિગ્રહિકમિથ્યાત્વ[3] કુદર્શનની દીક્ષાવાળા ( કુદર્શનીઓને ), તથા નથી પ્રાપ્ત કર્યું સમ્યક્ત્વ એવા મનુષ્યો અને તિર્યંચોને બાળથી ગોપાલ સુધીનાઓને ( અર્થાત્ સર્વમનુષ્ય–

---

૧ પરંપરાએ ચાલ્યો આવતો ધર્મ સાચો તે અભિગ્ર૦

૨ અગ્નિના શિષ્યાદિકને

૩ સર્વ ધર્મ સાચા છે અનભિ૦

તિર્યંચોને) જાણવું.॥ તથા અભિનિવેષ મિથ્યાત્વ જીનેન્દ્ર-વચન પ્રાપ્ત થવા છતાં પાછળથી અન્યથા બોલનાર ( અસ-ત્યાગ્રહવાળાને ) પણ કદાગ્રહ ભાવ વર્તતાં હોય છે. ॥ ॥ ૪૭–૫૦ ॥

પુનઃ સૂત્રમાં અર્થમાં અને સૂત્રાર્થમાં ( ઉભયમાં ) જે શંસય થવો તે **सांशयिक** મિથ્યાત્વ બૌદ્ધના પ્રસંગથી સંકિલષ્ટ પરિણામવાળા થયેલ જીનદત્તશ્રાવક[1] વિગેરેને જાણવું.॥ એકેન્દ્રિય વિકલેન્દ્રિય અને સમ્મૂચ્છિંમ જીવોને **अनाभोग**[2] મિથ્યાત્વ હોય છે, કારણ કે એ જીવોને સર્વ વિષયોમાં અજ્ઞાનરૂપ[3] ઉપયોગ સ્ફુરાયમાન હોય છે.॥ એ પાંચે પ્રકારનું મિથ્યાત્વ જીવોને અનાદિઅનન્તકાળવાળું[4] જાણવું, અને તેનો ત્યાગ થયે ભવ્ય જીવોને સમ્યક્ત્વ પ્રગટ થાય છે.॥ **इति मिथ्यात्वपंचकम्**॥ જીવને તીવ્રમિથ્યા-ત્વ જે મહાદોષ ઉત્પન્ન કરે છે તેવો મહાદોષ અગ્નિ, ઝેર, અથવા કાળો સર્પ પણ ઉત્પન્ન કરતો નથી.॥ હે જીવ! તું કષ્ટ કરે છે, આત્માનું દમન કરે છે, અને ધર્મ માટે ધનસંગ્રહ કરે છે, પરન્તુ એક મિથ્યાત્વ રૂપી વિષનો અંશ ત્યાગ કરતો નથી તો તે કારણથી તું ભવસમુદ્રમાં ડૂબે છે.॥

---

૧ તે દ્રષ્ટાન્ત અન્ય ગ્રન્થોદ્વારા જાણી લેવું

૨ ધર્માધર્મ સ્પષ્ટ સંજ્ઞા જેને નથી તેવા જીવોને.

૩ અવ્યક્ત જ્ઞાનરૂપ.

૪ સર્વ અનેક જીવાપેક્ષાએ દરેક મિથ્યાત્વ અનાદિ અનન્ત છે, અથવા પાંચે સમુદયપણે અનાદિ અનન્ત છે. દરેક ભિન્નભિન્ન મિથ્યા૦નો એક જીવની અપેક્ષાએ જુદો જુદો કાળ છે.

તે કારણથી જે જીવોએ મિથ્યાત્વને મહાદોષ રૂપ જાણી મિથ્યાત્વનો સર્વથા ત્યાગ કર્યો છે તેવા સમ્યક્ત્વધારી પુરૂષો ધન્ય છે અને કૃતપુણ્ય (ભાગ્યશાળી) છે.।। મિથ્યાત્વનો ત્યાગ કરીને જે જીવ જીનેન્દ્રની ચૈત્યની અને સાધુની સેવામાં તત્પર થયો છતો આઠ પ્રકારના દર્શનાચારનું પાલન કરે છે તે જીવને સમ્યક્ત્વ છે એમ જાણવું. ।। તે સમ્યક્ત્વની વિશુદ્ધિ માટે ૬૭ સ્થાનો કહ્યાં છે, પ્રવચનને વિષે પરમકુશળ એવો જીવ તે ૬૭માંથી યથાયોગ્ય ધારણ કરવાલાયક ધારણ કરે અને ત્યાગ કરવાયોગ્ય સ્થાનનો ત્યાગ કરે. ।। ૫૧–૫૮ ।।

## ।। સમ્યક્ત્વનાં ૬૭ સ્થાન ।।

૪ સદ્દહણા–૩ લિંગ–૧૦ વિનય–૩ શુદ્ધિ–૫ ગતદોષ (અતિચાર રહિતતા)–૮ પ્રભાવક–૫ ભૂષણ–૫ લક્ષણ સહિત તથા–૬ પ્રકારની જયણા–૬ ગારવ–૬ ભાવનાવડે ભાવિત અને ૬ સ્થાન એ ૬૭ લક્ષણોના ભેદવડે વિશુદ્ધ એવું સમ્યક્ત્વ હોય છે.।। ( ત્યાં ૪ સદ્દહણા કહે છે— ) પરમાર્થ સંસ્તવ (એટલે જીનેન્દ્રોક્ત તત્ત્વની સ્તવના-દેવ ગુરૂ ધર્મની સ્તુતિ) તથા સમ્યક્ પ્રકારે જાણેલા પરમાર્થવાળા મુનિની સેવા કરવી તથા સમ્યક્ત્વથી પતિત થયેલાનો અને અન્યદર્શનીઓના સંગનો ત્યાગ કરવો તે ચાર પ્રકારની સદ્દહણા કહેવાય.।। શ્રેષ્ઠ સિદ્ધાન્ત–આગમની શુશ્રુષા–સેવા, ધર્મસાધન કરવામાં પરમ રાગ, તથા જીનેન્દ્ર અને ગુરૂની વૈયાવચ્ચનો નિયમ કરવો, એ સમ્યક્ત્વનાં ૩ લિંગ છે।। અરિહંતનો–સિદ્ધનો–ચૈત્ય–શ્રુતનો–ધર્મનો– સાધુવર્ગનો – આચા-

ર્યનો–ઉપાધ્યાયનો–પ્રવચનનો–અને સમ્યક્ત્વનો એ ૧૦ પ્રકારનો **વિનય**છે. ॥ ( એ ૧૦ વિનયમાં દર્શનવિનય કહે છે– ) જીનેન્દ્રાદિકની ભક્તિ, પૂજા, વર્ણોજ્વલન[1] અવર્ણ-વાદનો ત્યાગ, અને આશાતનાનો ત્યાગ તે સંક્ષેપથી દર્શન વિનય છે.॥ જેમાં મન વચન અને કાયાની શુદ્ધિ કે જે સમ્યક્ત્વને શુદ્ધ કરનારી છે તે ત્રણ **શુદ્ધિ** કહેવાય. તેમાં શ્રી જીનેન્દ્ર અને જીનેન્દ્રનો ધર્મ એ બે વર્જીને શેષ સર્વ અસાર છે એમ વિચારવું તે **મનશુદ્ધિ** કહેવાય.॥ શ્રી તીર્થંકરના ચરણની આરાધનાવડે જો મારૂં કાર્ય સિદ્ધ થતું નથી તો બીજા કોઈ પણ કાર્ય માટે બીજા દેવની પ્રાર્થના ન કરૂં ઈત્યાદિ વચન તે **વચનશુદ્ધિ** કહેવાય. ॥ છેદાતાં ભેદાતાં પીલાતાં અને અગ્નિમાં બળવા છતાં પણ જીનેશ્વર સિવાય બીજા દેવને જે નમસ્કાર પણ ન કરે તે જીવને **કાયશુદ્ધિ** જાણવી.॥ બહુશ્રુત–ધર્મકથા કહેનાર–વાદવિવાદ કરનાર–નિમિત્તશાસ્ત્રનોજ્ઞાતા–તપસ્વી – વિદ્યાવાન–સિદ્ધિવાળો–અને કવિ એ આઠ પ્રભાવક કહ્યા છે.॥[2] અથવા વિધિની પ્રરૂ-

---

૧ વર્ણોજ્વલના એટલે વર્ણવાદ-પ્રશંસા, અથવા વર્ણસંજ્વલના એવો અર્થ પણ થાય તે અર્થ દેવતત્ત્વની ૨૫૭મો ગાથાના અર્થની ફુટનોટમાં જુઓ.

૨ અહિં ૫ ગતદોષ ( અતિચારના અભાવ )ના ભેદની ગાથા કહી નથી તો તે આ પ્રમાણે **संका , कंख विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु । सम्मत्तस्सइयारा, परिहरिअव्वा पयत्तेणं ॥**

અર્થઃ—શંકા–કાંક્ષા–વિચિકિત્સા–અને કુલિંગીઓની સ્તવના એ પાંચ અતિચાર પ્રયત્નથી વર્જવા ॥

પણા કરનાર, વિધિમાર્ગ આચરનાર, શાસનની પ્રભાવના કરનાર, ધર્મથી પડતાને સ્થિર કરનાર, શુદ્ધ પ્રરૂપક, તે કાળમાં સર્વ સિદ્ધાન્તનો જ્ઞાતા, શાસનની પ્રશંસા કરનાર, અને શાસનની નિંદાનું નિવારણ કરનાર એ આઠ પ્રભાવક પૂર્વે કહેલા આઠ પ્રભાવકોના અભાવે જાણવા.॥ ૫૯–૭૦ ॥

અતિશય રૂપ ઋદ્ધિવાળા, ધર્મકથાકહેનાર, વાદ-વિવાદકરનાર, આચાર્ય, તપસ્વી (ક્ષપક), નૈમિત્તિક, વિદ્યાવાન્, અને રાજાદિકના માનવાળા એ આઠ નિત્ય શાસનની પ્રભાવના કરે છે. ॥ શ્રી જીનશાસનને વિષે કુશળતા, શાસનની પ્રભાવના, તીર્થની સેવા, ધર્મમાં સ્થિરતા અને ભક્તિ એ પાંચ ઉત્તમ ગુણો સમ્યક્ત્વને દીપાવનારા ( હોવાથી **૫ ભૂષણ** ) છે જેના વડે હૃદયમાં રહેલો સમ્યક્ત્વ ગુણ ઓળખાય તે **લક્ષણ** કહેવાય અને તે ઉપશમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા–અને આસ્તિક્ય એમ પાંચ પ્રકારે છે. ॥ અન્યતીર્થિઓને, અન્યતીર્થિઓના દેવાદિકને, અને અન્યતીર્થિએ ગ્રહણ કરેલ ચૈત્યાદિક પ્રત્યે જે ૬ પ્રકારનો વ્યવહાર ન કરે તે ૬ પ્રકારની **જયણા** કહેવાય.॥ (તે ૬ વ્યવહાર આ પ્રમાણે - ) વન્દન, નમસ્કાર, દાન, અને અનુપ્રદાન તે અન્ય તીર્થિઓનું વર્જે તેમજ પ્રથમ ન બોલાવે તો તેની સાથે આલાપ અને સંલાપ ન કરે (તે ૬ પ્રકારની જયણા કહેવાય.॥ પુનઃ રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ, કાન્તારવૃત્તિ, અને ગુરૂનિગ્રહ એ જૈનશાસનમાં ૬ પ્રકારની છીંડી કહી છે ( તે ૬ **आगार** કહેવાય ). ॥ તથા આ સમ્યક્ત્વ તે ચારિત્રધર્મનું મૂળ છે,

દ્વાર તુલ્ય છે, પ્રતિષ્ઠાન ભૂત છે, નિધિરૂપ છે, આધારભૂત છે, અને પાત્રરૂપ છે એમ ભાવવું-વિચારવું તે **૬ ભાવના** કહેવાય.॥ તથા જીવાદિક પદાર્થ અસ્તિરૂપ છે, નિત્ય છે, પુન્યપાપનો કર્તા છે, પુન્યપાપનો ભોક્તા છે, નિશ્ચયથી મોક્ષ અને મોક્ષનો ઉપાય પણ છે એવી શ્રદ્ધા કરવી તે સમ્યક્‌ત્વનાં **૬ સ્થાન** છે. ॥ ૭૧-૭૮ ॥

## ॥ સમ્યક્‌ત્વના અનેક ભેદ ॥

તે સમ્યક્‌ત્વ ૧ પ્રકારનું, ૨ પ્રકારનું, ૩ પ્રકારનું, ૪ પ્રકારનું, અને ૫ પ્રકારનું પણ છે, ત્યાં તીર્થને વિષે (અર્થાત્ જૈનશાસનમાં) રૂચિ માત્ર જ હોય તે ૧ પ્રકારનું સમ્યક્‌ત્વ કહ્યું છે.॥ દ્રવ્યથી અને ભાવથી અથવા વ્યવહારથી અને નિશ્ચયથી એમ બે રીતે બે પ્રકારનું સમ્યક્‌ત્વ છે. તેમાં અજ્ઞાનજીવને[1] દ્રવ્ય સમ્ય૦ અને તત્વજ્ઞાતજીવને[2] ભાવ સમ્ય૦ છે. ॥ જ્ઞાનાદિ ગુણમય આત્માના શુદ્ધ પરિણામ તે **નિશ્ચયસમ્યક્ત્વ**, અને ભક્તિ બહુમાન આદિ લક્ષણ વાળા જીવને વિષે **વ્યવહાર સમ્ય૦** કહેવાય.॥ તથા કારક રોચક અને દીપકના ભેદ વડે સમ્યક્‌ત્વ ૩ પ્રકારનું છે, ત્યાં મુનિને કારક, શ્રેણિકાદિકને રોચક, અને મિથ્યાદ્રષ્ટિને તથા

૧ જીવાદિ નવ પદાર્થોનું જાણપણું ન હોય પરન્તુ પૂર્વે કહેલાં સમ્યકત્વમાં ૬૭ લક્ષણોમાંનાં યથાયોગ્ય લક્ષણો હોય તો તે દ્રવ્ય સમ્ય૦ અથવા વ્યય૦ સમ્ય૦માં ગણી શકાય છે.

૨ તત્ત્વનો જ્ઞાતા હોય અને તે સાથે દર્શનસપ્તકનો ઉપશમાદિ ભાવ થયો હોય તો ભાવ સમ્ય૦ છે.

અભવ્યજીવને પણ ત્રીજું દીપક[1] સમ્યક્ત્વ હોય છે.ા અથવા ક્ષાયિક ક્ષયોપશમ અને ઉપશમ એ પણ ૩ પ્રકારનું સમ્ય૦ છે, ત્યાં દર્શનસપ્તકના ક્ષયથી ક્ષાયિક, તથા ઉદય આવેલ દર્શનમોહના ક્ષયવડે અને અનુદિત દર્શનમોહના ઉપ-શમ વડે ક્ષયોપશમ સમ્ય૦ હોય છે.ા પુનઃ મિથ્યાત્વના (દર્શનસપ્તકના) ઉપશમથી શ્રી સર્વજ્ઞો ઉપશમ સમ્યક્ત્વ કહે છે. અને તે ઉપશમ શ્રેણિમાં અથવા સમ્યક્ત્વના પ્રથમ લાભ વખતે પ્રાપ્ત થાય છે.ા વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારા જીવને કારક સમ્ય૦ શ્રદ્ધામાત્ર કરનારને રોચક, અને જે કારણથી મિથ્યાદ્રષ્ટિ જીવ તત્ત્વને દીપાવે છે–પ્રગટ કરે છે (અર્થાત્ બીજા જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે છે) માટે તે દીપક સમ્ય૦ કહેવાય છે.ા તથા ઉપર કહેલાં–ક્ષાયિકાદિ ત્રણ સમ્યક્ત્વને સાસ્વાદન સહિત ગણતાં ૪ પ્રકારનું સમ્ય૦ થાય છે. એ સાસ્વાદન સમ્ય૦ ઉપશમ સમ્ય૦થી ભ્રષ્ટ થયેલા એવા મિથ્યાત્વપ્રાપ્તિની સન્મુખ થયેલા જીવને હોય છે. ા તથા એ ચાર સમ્ય૦માં વેદક સમ્યક્ત્વ સહિત કરતાં ૫ પ્રકારનું સમ્ય૦ છે. એ વેદક સમ્ય૦ સમ્ય૦ મોહનીયના અન્ત્ય સમયના અનુભવ વખતે હોય છે.ા ઉપર કહેલાં ૫ પ્રકારનાં સમ્યક્ત્વને **निसर्ग**[2] થી અને **उपदेश**[3] એ બે ભેદથી

---

૧ પોતાની અંદર ન હોય અને બીજા જીવોને પ્રાપ્ત કરાવે તે દીપક સમ્યકત્વ કહેવાય.

૨ કંઇપણ પ્રયત્ન વિના ચરમ યથાપ્રવૃત્તકરણના પ્રભાવે કર્મોની સ્થિતિ નદી ગત પાષાણના ન્યાયથી સ્વાભાવિક રીતે ઓછી થઇ જતાં સમ્ય૦ પ્રાપ્તિ થાય તે **निसर्ग** થી.

૩ ગુરૂ વિગેરેના ઉપદેશ આદિ નિમિત્તથી શ્રદ્ધા પરિણામ જાગે તે **उपदेश** થી.

ગણુતાં ૧૦ પ્રકારનાં સમ્ય૦ થાય છે. અથવા સિદ્ધાન્તમાં નિસર્ગ રૂચિ આદિ રૂચિના ભેદથી પણ ૧૦ પ્રકારના સમ્ય૦ કહેલાં છે,॥ (રૂચિ ભેદથી ૧૦ પ્રકારનાં સમ્ય૦ આ પ્રમાણે-) નિસર્ગરૂચિ ઉપદેશરૂચિ–આજ્ઞારૂચિ-સૂત્રરૂચિ–બીજરૂચિ–અભિગમરૂચિ–વિસ્તારરૂચિ–ક્રિયારૂચિ–સંક્ષેપરૂચિ–અને ધર્મરૂચિ (એ ૧૦ પ્રકારના પણ સમ્ય૦ છે). ॥ પ્હેલી ૩ નરક પૃથ્વીઓમાં ક્ષાયિક–ઉપશમ–અને ક્ષયોપશમ એ ત્રણ સમ્ય૦ હોય છે, તેમજ વૈમાનિક અને પંચેન્દ્રિય તિર્યંચોને પણ એ ત્રણ સમ્ય૦ હોય છે. ॥ ૭૯–૯૦ ॥

બાકીના (ચાર પૃથ્વીઓના) નારકોને–તિર્યંચસ્ત્રીઓને અને (વૈમાનિક સિવાય) ત્રણે નિકાયના દેવોને ક્ષાયિક સમ્યક્ત્વ નથી, અને પાંચે સમ્યક્ત્વ તો મનુષ્યોને હોય પણ બીજીઓને ન હોય. ॥ જે મનુષ્ય કોઈ એક પણ દુઃખાર્ત જીવને જીનેન્દ્ર શાસનમાં પ્રતિબોધ પમાડે ને જીવે આ સર્વજીવલોકને[1] વિષે અમારિ પટહ વજડાવ્યો જાણવો. ॥ ઘણા ભવો સુધી સર્વ ગુણ સહિત હજારો ક્રોડ ઉપાય (ભક્તિ આદિ ઉપચાર) કર્યે છતે પણ સમ્યક્ત્વ પમાડનાર જીવનો દુષ્પ્રતિકાર છે (એટલે તેના ઉપકારનો બદલો વળી શકતો નથી).॥ સમ્યક્ત્વ[2] પ્રાપ્ત થયે નરક અને તિર્યંચ

---

૧ કારણ કે જીવ તરફથી સર્વ જીવલોકના જીવોને અભયદાન મળ્યું છે માટે

૨ સમ્યક્ત્વ અવસ્થામાં આત્મા નરક કે તિર્યંચનુ આયુષ્ય બાંધતો નથી સમ્યક્દ્રષ્ટિ મનુષ્ય અથવા તિર્યંચ દેવા આયુષ્ય બાંધે છે સમ્યક્દૃષ્ટિ દેવ અથવા નારકી મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

ગતિના દ્વાર બંધ થયાં જાણવાં, અને દેવલોકનાં તથા મનુષ્યનાં સર્વ સુખ સ્વાધીન થયાં જાણવાં. ॥ પોત પોતાના ધર્મમાં દ્રઢ થયેલા એવા સર્વે લોકસમ્યક્ત્વ સમ્યક્ત્વ એમ કહે છે, પરન્તુ જો એ પ્રમાણે સર્વે ધર્મમાં સમ્યક્ત્વ હોય તો મિથ્યાત્વનો વિસ્તાર કોઈપણ સ્થાને ન હોય.॥ (પરન્તુ) અરિહંત ભગવંત ઉપર નિરૂપચરિતભક્તિ[1] સંજ્વલનનોકષાય[2] મન્દરસવાળો અને મન્દ અનુબંધવાળો થાય ત્યારે શુદ્ધ આત્માને થાય.॥ તથા અઢીદ્વીપમાં રહેલા મૂળગુણ અને ઉત્તરગુણ વડે વિશુદ્ધ એવા ઉત્તમ સાધુ વર્ગને વિષે તથા અઢીદ્વીપમાં રહેલા સમ્યક્ત્વયુક્ત સંઘને વિષે જે ભક્તિ (તે સમ્ય૦ છે).॥ આજ તત્ત્વ છે એવી બુદ્ધિવાળો જીવ શ્રી જીનેન્દ્રના વચનને અનુસરનારો, અને જીનેન્દ્ર વચન એજ તત્ત્વ છે એવી જે બુદ્ધિવાળો, અને બીજે ઠેકાણે પણ જીનેશ્વરના માર્ગને અનુસરનાર મધ્યસ્થ અને તેના પક્ષમાં મિથ્યાભાવનો સર્વથા ત્યાગ કરનાર.॥ તે શુદ્ધ સમ્યક્ત્વધારી કહેવાય, તેણે જ સર્વ ભૂમિ અલંકૃત કરી છે, બાકીના બીજા મમત્વ અને મિથ્યાત્વની વાસનાવાળા જીવો તો પાસ સરખા છે.॥ કુસિદ્ધાન્તોની શ્રુતિઓનું (વચનોનું) મથન કરનાર (નાશ કરનાર) એવું સમ્યક્ત્વ

---

૧ આલોક પરલોકની આશંસાદિ રહિત ભગવંતનું શુદ્ધસ્વરૂપ સમજીને અન્તરંગપ્રેમથી કરેલી ભકિત.

૨ સમ્યક અનુષ્ઠાનવાળી ચારિત્ર પરિણામ રૂપે ભાવપૂજા રૂપ જે નિરૂપચરિત ભકિત તેની અપેક્ષાએ આ વચન છે.

જેના હૃદયમાં અતિ સ્થિર થયું છે, તેવા જીવને જગતનો પ્રકાશ કરનારૂં એવું કેવળજ્ઞાન અને ભવનો નાશ કરનારૂં પરમયથાખ્યાત ચારિત્ર પ્રગટ થાય છે. ॥ ઇન્દ્રપણું સહજે પ્રાપ્ત થાય છે, અને પ્રભુતા પણ સહજે પ્રાપ્ત થાય છે, પરન્તુ એક સમ્યક્ત્વરૂપી દુર્લભરત્ન પ્રાપ્ત થતું નથી.॥ સમય પ્રમાણે ગુરુના ગુણ વડે સહિત એવા તે ગુરુઓને ઓળખીને સંવિગ્ન પક્ષ આદિ ગુણોવડે તેમના વચનની આચરણા સેવવી અંગીકાર કરવી ( અથવા સંવિગ્નપક્ષાદિ ગુણોવડે પ્રવચનની આચરણાવાળા ગુરૂઓ સેવવા યોગ્ય છે )

॥ इति सम्यक्त्वाधिकारः ॥ ૯૧-૧૦૨ ॥

## ॥ अथ श्रावकधर्माधिकारः ॥

પ્રાપ્ત કરેલ છે સમ્યક્દર્શનાદિ ગુણ જેણે, એવો જે મનુષ્ય પ્રતિદિન મુનિવર્ગ પાસેથી સામાચારી સાંભળે તેને નિશ્ચય શ્રાવક કહે છે.॥ જેમ ઉત્તમ કુલવધૂઓને વેશ્યાઓના સ્થાનોમાં જવું નિષિદ્ધ કરેલું છે તેમ શ્રાવકોને હીનાચારી મુનિઓનો પ્રસંગ નિષેધ કરેલો છે.॥ દ્રષ્ટિવિષ સર્પ સારો, હલાહલ નામનું વિષ સારૂં, પરન્તુ હીનાચારી અને અગીતાર્થ એવા મુનિનો પ્રસંગ તે નિશ્ચયથી કલ્યાણકારી નથી.॥ શ્રાવકે હંમેશા સુગુરૂના ચરણકમળને વિષે જૈન સિદ્ધાન્તનું શ્રવણ કરવું, અને અનુકંપાદાન દેવું.॥ વર્તમાનમાં દુઃષમકાળને વિષે ધર્માર્થી એવા સુગુરૂ અને શ્રાવકો દુર્લભ છે, પરન્તુ રાગદ્વેષવાળા નામ ગુરૂ અને નામ શ્રાવકો ઘણા છે.॥ ૧–૫ ॥

## ॥ શ્રાવકના ૨૧ ગુણ ॥

ધર્મરૂપી રત્નને યોગ્ય શ્રાવક ૨૧ ગુણવાળો હોય તે આ પ્રમાણે–ક્ષુદ્ર–તુચ્છતારહિત, રૂપવાન, સ્વભાવથી સૌમ્ય, લોકપ્રિય, અક્રૂર, ભવભીરૂ, અશઠ, દાક્ષિણ્યતાવાળો, લજ્જાવાન, દયાળુ, મધ્યસ્થ, સૌમ્યદ્રષ્ટિ, ગુણરાગી, સત્યવચની અને સત્પક્ષવાળો, અતિદીર્ઘદર્શી, વિશેષજ્ઞ, વૃદ્ધોને અનુ-

સરી ચાલનારો, વિનયવાન, કૃતજ્ઞ, પરહિત કરનાર, અને લબ્ધલક્ષ્ય એ ૨૧ ગુણવાળો શ્રાવક ( ધર્મરત્નને યોગ્ય છે ) **इति २१ गुणः** ॥ તથા વિધિવાદ નયવાદ આગમવાદ અને ચરિતાનુવાદ જાણીને જે હંમેશાં ઉત્તમ શીલવંતોની ભક્તિ કરનાર હોય તે શ્રાવક જાણવો.॥ પ્રતિદિન ચૈત્યવંદન ગુરૂ-વંદન અને અવશ્યકાદિ ક્રિયા કરનાર, પ્રભાતમાં પ્રત્યાખ્યાન કરનાર, અને ચૌદ નિયમ ધારનાર તે શ્રાવક કહેવાય છે. ॥ ૯-૧૦ ॥

( તે ચૌદ નિયમ આ પ્રમાણે— ) સચિત્ત-દ્રવ્ય-વિગય-ઉપાનહ (પગરખાં) તંબોલ-વસ્ત્ર-પુષ્પ-વાહન-શય્યા-વિલેપન-બ્રહ્મચર્ય-દિશિ-સ્નાન-અને ભોજન (એ ૧૪ નો નિયમ કરનાર-શ્રાવક હોય છે).॥ વસતિ ( સ્થાન ), શયન, આસન, ભોજન, પાણી, ઔષધ, વસ્ત્ર, અને પાત્ર વિગેરે-માંથી જો અધિક ધનવાન ન હોય તો પણ થોડામાંથી થોડું પણ આપે.॥ પોતાના સર્વ બળવડે મુનિના તથા ચૈત્યના પ્રત્યનિકોને (શત્રુઓને) તથા અવર્ણવાદ ( નિંદા ) બોલનારને અને જીનશાસનનું અહિત કરનારને નિવારણ કરે.॥ પ્રથમ મુનિ મહારાજને દાન આપીને ત્યારબાદ પોતે વંદન કરીને પ્રત્યાખ્યાન પારે અને જો સુવિહિત મુનિ આદિનો યોગ ન બને તો દિશાવલોકન ( ઘરથી દૂર જઇ ચારે બાજુ કોઈ મુનિ પધારે છે કે નહિં તેવી દષ્ટિ ) કરીને પોતે જમે.॥ સાધુ અને દ્રવ્યલિંગી; એ બેમાં મેરૂ અને સરસવ જેટલો તફાવત છે એમ સમજીને સુપાત્ર દાન દેવામાં

ઉદ્યમવાળો થાય તે સદ્ગુણી શ્રાવક કહેવાય.॥ શ્રી જીનેશ્વરોની[1] આજ્ઞા માને, મિથ્યાત્વનો ત્યાગ કરે, સમ્યકત્વ ધારણ કરે, અને પ્રતિદિન ૬ આવશ્યક ક્રિયામાં ઉદ્યમવાળો હોય તે (તે શ્રાવક કહેવાય).॥ વળી શ્રાવક પર્વને દિવસે પૌષધવ્રત કરે, દાન, શીલ, તપ, અને ભાવના તથા સ્વાધ્યાય, નમસ્કાર, પરોપકાર, અને જયણાયુક્ત હોય.॥ જીનેન્દ્રની પૂજા, જીનેન્દ્રની સ્તુતિ, ગુરૂની સ્તવના, સ્વધર્મીઓનું વાત્સલ્ય, શુદ્ધવ્યવહારની પ્રવૃત્તિ, રથયાત્રા, અને તીર્થયાત્રા ( એ શ્રાવકનાં કર્તવ્ય છે).॥ ઉપશમ, વિવેક, સંવર, ભાષાસમિતિ, ૬ કાયના જીવો ઉપર કરૂણાભાવ, ધર્મીજનની સંગત, ઈન્દ્રિયોનું દમન, અને ચારિત્રનો પરિણામ ( એ શ્રાવકનાં કર્તવ્ય છે).॥ સંઘ ઉપર બહુમાન, પુસ્તક લખાવવું, શાસનની પ્રભાવના કરવી, જીનશાસનને[2] વિષે અનુરાગ કરવો, અને નિત્ય સુગુરૂના વિનયમાં તત્પર રહેવું (એ શ્રાવક કર્તવ્ય છે).॥ ૧૧–૨૦ ॥

ઉત્તમ શ્રાવક પોતાના હૃદયમાં એવી ઈચ્છા રાખે કે આ નવવિધ પરિગ્રહનો ત્યાગ કરી સંયમનો ભાર ગ્રહણ કરી નિદાન[3] રહિત એવી સંલેખણા કયારે કરૂં !॥ વળી શ્રાવક કપૂર ધૂપ અને વસ્ત્ર ઈત્યાદિ દ્રવ્યો વડે પુસ્તકોની

---

૧ આ ૧૬ મી ગાથાથી ૨૦ મી ગાથા સુધીમાં **मन्नहजीणाण** સઝાય ગણાટ છે.

૨ ચાલુ મન્નહજીણાણંની સજ્ઝાયની છેલ્લી ગાથાના ઉત્તરાર્ધમાં અને આ ગાથાના ઉત્તરર્ધમાં પાઠભેદ છે.

૩. નિયાણારહિત.

પૂજા હંમેશાં કરે અને પર્વદિવસે તો વિશેષથી પૂજા કરે.॥ ૧૦૦ (સોનૈયા) જેટલું ધન થાય તો પોતાના ઘરમાં જીનેન્દ્ર પ્રતિમાની સ્થાપના કરવી, ૧૦૦૦ (સોનૈયા) જેટલું ધન થાય તો સિદ્ધાન્ત લખાવવું, અને ૧ લાખ (સોનૈયા) જેટલું ધન થાય તો જીનચૈત્ય કરાવવું. ॥ તથા ૧૦૦૦૦ (દશ હજાર સોનૈયા) જેટલું ધન થાય તો જીર્ણોદ્ધારાદિ કાર્ય કરવાં, ઈત્યાદિ ધર્મકાર્યો જે પોતાની શક્તિ પ્રમાણે કરે તે શ્રાવક કહેવાય.॥ સંવચ્છરી ચોમાસી અને અઠ્ઠાઈની તિથિઓમાં શ્રી જીનેન્દ્રની પૂજા અને તપ વિગેરેમાં સર્વ આદરવાળો થઈ ઉદ્યમ કરે.॥ અષ્ટમી–ચૌદસ–પૂર્ણિમા–અને અમાવાસ્યા એ ચાર તિથિઓમાં ચારિત્ર ધર્મની આરાધના માટે પોસહ વિગેરે કરે.॥ બીજ–પાંચમ–અને અગીઆરસ એ ત્રણ તિથિઓ જ્ઞાનના હેતુવાળી છે માટે એ તિથિઓમાં જ્ઞાનાદિકની પૂજા અત્યંત ભક્તિપૂર્વક કરવી.॥ બાકીની તિથિઓ દર્શનની છે માટે તે દર્શનતિથિઓમાં શ્રી જીનેન્દ્રની ભક્તિ સહિત વિવિધ પ્રકારની વિવિધ પૂજાઓ સમ્યક્ પ્રકારે પ્રતિદિન કરવી.॥ અઠ્ઠાઈના દિવસોમાં જે શ્રાવક હોય તે ભૂત (એકેન્દ્રિયો) તથા ત્રસ જીવોની અમારિ પ્રવર્તાવે, અને જીનેન્દ્રની આજ્ઞા પ્રમાણે નિરવદ્ય (નિર્દોષ) અશન–આહાર વિગેરે કરે.॥ શ્રાવક દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનો સંગ્રહ ન કરે, અને જો સંગ્રહ કરે (પોતાની પાસે રાખે) તો પોતાના ધનનો પ્રસંગ ન થવા દે ( પોતાના ધનથી અલગ રાખે. ॥ ૨૧–૩૦ ॥

પુનઃ શ્રાવક જો દેવદ્રવ્યાદિકની વૃદ્ધિ કરતો વળી

લેખ (ચોપડા વિગેરે) અને ભૃત્યાદિક (નોકર) નો ભેળસેળ ન કરે (પોતાનું કામ તેઓની પાસે ન કરાવે) તેનું સંઘ સમક્ષ રક્ષણ કરે, અને જો નાશ પામે તો મૂળ ધન પાછું આપે.॥ એ પ્રમાણે તે (દેવદ્રવ્યના રક્ષણના) પુન્યથી મહાશ્રાવક તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કરે છે, અને જે જીવ એ વિધિથી વિપરીત પ્રવર્તન કરે છે તે દુર્લભબોધિ થાય છે.॥ તે કારણથી અગ્રેસરી અને કુશલ એવો તે શ્રાવક સર્વત્ર આગમના માર્ગથી પ્રવર્તે અને તેવો શ્રાવક નિશ્ચયથી દર્શનશ્રાવક અને સંઘમાં વૃદ્ધ ગણાય છે. ॥ વિધિપ્રમાણે ક્રિયા કરવી, ગુણી પુરૂષોનો રાગ કરવો, અવિધિનો ત્યાગ, શાસનની પ્રભાવના, અરિહંત તથા સુગુરૂની સેવા એ સર્વ સમ્યક્ત્વનાં લિંગ છે.॥ શ્રાવક દશારપુત્રની (કૃષ્ણની) પેઠે ધર્મ કરવામાં સ્હાયક થાય, શ્રેણિકની પેઠે ધર્મમાં સ્થિર કરવાવાળો થાય, અને અભયકુમારની પેઠે અનુયોગવાળો (ઉપદેશ આપી સમજાવનારો) થાય.॥ શક્તિને અનુસારે સાધર્મીવાત્સલ્ય કરે અને બીજા પાસે કરાવે, તથા દેવદ્રવ્યાદિકનો અનાથ વિગેરેનો, દુઃખી જીવોનો, અને પોતાના સ્વજન કુટુંબ વિગેરે (ના વાત્સલ્ય કરનાર થાય.॥ જેનાથી પોતાની આજીવિકા વિગેરેનો નિષેધ ન થાય અને સર્વ લોકને નિંદનીય ન થાય તેવી રીતે વાત્સલ્ય અને પ્રભાવનાદિ કાર્ય કરવાં. ॥ પ્રવચન સાધર્મી અને લિંગ સાધર્મી એમ બે પ્રકારના સાધર્મી જીવો પુનઃ દ્રવ્યથી અને ભાવથી એમ બે બે પ્રકારના છે, તેમાં પણ જે ભાવ સાધર્મિક છે તે સર્વમાં વિશેષ–અધિક જાણવા. ॥ ઇત્યાદિ ધર્મકાર્યો શ્રાવક સર્વસ્થાને ઉચિત ભક્તિવડે કરે,

અને એ પ્રમાણે કરવાથી જીનશાસનની ઘણી પ્રશંસા થાય છે.॥ શ્રી જીનેશ્વરોના કલ્યાણકની તિથિઓમાં તથા પર્વોમાં અને પર્વ તિથિઓમાં સમ્યક્ પ્રકારે જીનેન્દ્રની ભક્તિ તથા ધર્મ જાગરિકા (રાત્રિ જાગરણ) કરવું.॥ અવિરતિ સમ્યગ્-દ્રષ્ટિ જીવ પણ અભ્યાસથી પ્રવચનની પ્રભાવના માટે અને પૂર્વોક્ત ધર્મવિધિની સુગમપણે પ્રાપ્તિ થવા માટે પોસહ વિગેરે કરે. ॥ ૩૧–૪૧ ॥

॥ इति अविरत सम्यक्त्व श्रावकाचारः ॥

## ॥ अथ श्रावकप्रतिमाऽधिकारः ॥

સર્વ નયોના રહસ્યને પ્રગટ કરનાર એવા શ્રી સર્વજ્ઞ જીનેશ્વરને પ્રણામ કરીને હવે આઠ પ્રકારના શ્રાવકોના ભેદનો વિચાર કહીશ.॥ સમ્યક્ત્વયુક્ત તથા દેશવિરતિ વડે વિરત એમ બે પ્રકારના શ્રાવક કહ્યા છે, (તેમાં દેશવિરતિ શ્રાવકો) મૂળગુણ (પાંચ અણુવ્રત) અને ઉત્તરગુણ ( દિગ્પરિમાણાદિ ) વડે તે દેશવિરત શ્રાવકો દેશથી અને સર્વથી એમ બે પ્રકારના છે.॥ પુનઃ તે દરેક જ્ઞાત અજ્ઞાત બાલ અને ભદ્ર એ ભેદોવડે ચાર ચાર પ્રકારના છે, ( તેથી શ્રાવકના ૮ ભેદ છે ), અથવા તે દેશશ્રાવક અને સર્વશ્રાવક દ્રવ્યાદિ ભેદે ( દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ ભેદે પણ ચાર ચાર પ્રકારના હોવાથી ૮ ભેદ) જાણવા.॥ ત્યાં સ્થૂલપ્રાણાતિપાત વિરમણ ઇત્યાદિ પાંચ વ્રતો વડે ૫ પ્રકારના **મૂલગુણ** કહેવાય, અને શિક્ષાવ્રતાદિ સાતવ્રતો ( એટલે દિગ્પરિમાણાદિ ૩ ગુણવ્રત અને સામાયિકાદિ ૪ શિક્ષાવ્રતો ) તે **ઉત્તરગુણ** કહેવાય.॥ તે દેશથી અને સર્વથી એમ બન્ને પ્રકારના છે, તે પણ ત્રસજીવાદિ સંબંધિ એકાદિક વ્રત ( તે **દેશથી દેશવિરતિ** ), અને તે મૂળગુણ તથા શિક્ષાવ્રત પ્રમુખ વ્રતો અનેક ભાંગા (સ્વસ્વ પ્રાયોગ્ય સર્વ ભાંગા) યુક્ત હોય તે **સર્વથી દેશવિરતિ** કહેવાય. દેશથી અથવા સર્વથી જે જે પ્રત્યાખ્યાન

સર્વ ભાંગાના ગુણ વડે (ચારે[1] ભાંગા સમજીને કરે અથવા ત્રિયોગ ત્રિકરણાદિ ભાંગાના જ્ઞાન પૂર્વક) કરે તે **જ્ઞાનગુણયુક્ત** શ્રાવક કહેવાય. ॥ અને તેવા પ્રકારના વિશેષજ્ઞાન રહિત જે અતિચારોને પણ સમ્યક્ પ્રકારે જાણતો નથી તેવા કેવળ ઉદ્યુક્તભાવવાળા (પ્રત્યાખ્યાન કરવાની અતિરૂચિ માત્રવાળા શ્રાવકો **અજ્ઞાત** વિરત કહેવાય. ॥ સર્વ પ્રત્યાખ્યાન સાર રૂપ છે અને ભવદુઃખનો નાશ કરનાર છે, એમ માને છે, પરન્તુ શુભ આશંસા (આકાંક્ષા)થી ઉત્પન્ન થયેલા આશયવાળા અને પ્રત્યાખ્યાનની રૂચિમાત્રનેજ ધારણ કરનારા એવા શ્રાવકો **બાલવિરત** કહેવાય.॥ સિદ્ધાન્તમાં જે જે કહ્યું છે તે તે ગુરૂએ પણ તેમજ કહ્યું છે એમ જાણીને સર્વ પ્રત્યાખ્યાનાદિ (ક્રિયાકાંડ) કરે તે **મદ્રવિરત** શ્રાવકો કહેવાય.॥ બારવ્રતધારી હોય પણ ગૃહવ્યાપારોમાં આશક્ત હોય તેવા શ્રાવકો **દેશથી શ્રાવક** કહેવાય (અર્થાત્ **દેશથી દેશવિરત** કહેવાય), અને પ્રતિમા તથા અભિગ્રહોમાં રક્ત એવા પાપરૂપી રજ રહિત શ્રાવકો તે **સર્વથી દેશવિરત** કહેવાય. ॥ ૧–૧૦ ॥

શ્રાવકોને પણ જીનેન્દ્ર પૂજા, ગુરૂસેવા, સ્વાધ્યાય, ધ્યાન, સંયમ અને દાન ઈત્યાદિકના અનેક પ્રકારે અભિગ્રહો હોય છે.॥ પુનઃ તે દેશવિરત શ્રાવકો ઉત્કૃષ્ટ–મધ્યમ–અને જઘન્ય ભેદથી ત્રણ પ્રકારના જાણવા. તેમાં પ્રતિમાધર શ્રાવક **ઉત્કૃષ્ટશ્રાવક**, બારવ્રતધારી **મધ્યમશ્રાવક** અને પોતાની ક્રિયામાં

---

૧ એ ચાર ભાંગા આગળ ૧૪ મી ગાથામાંથી જાણવા.

રક્ત, યથાર્થ વિધિમાર્ગવાળો, તથા ભક્તાર્થાદિ (ઉપવાસ એકાશનાદિ) નિયમમાં ઉદ્યમવાળો અને સમ્યક્ત્વ પામેલો એવો જે શ્રાવક એકાદિ વ્રતવાળો હોય તે **જઘન્યશ્રાવક** જાણવો. ॥ દ્રવ્યાદિક ચારભાંગે[1] અથવા જ્ઞાત[2] આદિ સર્વ ભેદે જેવા ભાવથી (જે ભાંગાથી) પ્રત્યાખ્યાન અંગીકાર કર્યું હોય તેવી રીતે પ્રત્યાખ્યાનનો નિર્વાહ કરનાર હોય.॥ સર્વ પ્રકારનાં ઉપધાનમાં રક્ત, સર્વ ક્રિયાઓને વિષે વિધિમાર્ગમાં પરિપૂર્ણ, તથા હંમેશાં જીનેન્દ્ર ધર્મના પરમ તત્ત્વને જાણનારો અને શેષ સર્વ અનર્થકારી છે એમ જાણનારો શ્રાવક હોય.॥ અરિહંતાદિ ૧૦ પદમાં આશંસા (આકાંક્ષા) રહિત ભક્તિ પૂર્વક વર્તનારો હોય, તથા જે કંઈ પ્રત્યાખ્યાન પોતાને પરને અને ઉભયને (હિતકારી) હોય, (તેવું પ્રત્યાખ્યાન કરનારો શ્રાવક હોય.॥ જો સાગાર પ્રત્યાખ્યાન હોય તો કુલ ગણ સંઘ અને પદસ્થ એ ચારની ભક્તિના આગારવાળું પચ્ચખ્ખાણ જો થતું હોય તો કરે, અને નિરાગાર પ્રત્યાખ્યાનમાં પણ અરિહંતાદિકની ભક્તિનો

---

૧ દ્રવ્યથી અમુક અમુક ચીજ, ક્ષેત્રથી અમુક ક્ષેત્રમાં, કાળથી અમુક કાળ સુધી, અને ભાવથી ત્રિયોગ ત્રિકરણની અમુક શુદ્ધિવડે.

૨–૧ પ્રત્યાખ્યાન લેનાર જ્ઞાત આપનાર જ્ઞાત, ૨ પ્રત્યાખ્યાન લેનાર જ્ઞાત આપનાર અજ્ઞાત. ૩ પ્રત્યાખ્યાન લેનાર અજ્ઞાત આપનાર જ્ઞાત, અને ૪ પ્રત્યાખ્યાન લેનાર આપનાર બન્ને અજ્ઞાત એ ચાર ભાંગામાં પહેલો ભાંગો અતિ વિશુદ્ધ છે, બીજો ભાંગો કંઈક શુદ્ધ છે, અને ત્રીજો ચોથો ભાંગો ક્રમે વિશેષ અશુદ્ધ જાણવા.

ત્યાગ ન કરે ( ૧૯મી ગાથામાં કહેલાં ૧૦ પદ આ પ્રમાણે-) અરિહંત-સિદ્ધ-ચૈત્ય-શ્રુત-ધર્મ-સર્વસાધુ - આચાર્ય - ઉપાધ્યાય-પ્રવચન-અને દર્શન એ અરિહંતાદિ ૧૦ પદ છે.॥ તેમાં વિચરતા અને ચાર નિક્ષેપાદિ યુક્ત (સર્વજ્ઞ) તે **અરિહંત** જાણવા, કર્મથી રહિત થયા હોય તે **સિદ્ધ**, પ્રાસાદ અથવા જીનેન્દ્રની પ્રતિમા તે **ચૈત્ય**, સામાયિક આદિ **શ્રુત**, ચારિત્ર ધર્મનો પરિણામ તે **ધર્મ**, તે ધર્મનો આધાર તે **સાધુવર્ગ** કે જે પૂર્વોક્ત દુષ્ટ એવાં આઠ કર્માદિને હણવા માટે તત્પર છે. તથા ( ગણના અધિપતિ ) તથા ( સિદ્ધાન્ત ભણાવનાર તેમજ ) વિશેષ ગુણ અને સંપદાઓ વિગેરે સહિત તે **આચાર્ય** અને **ઉપાધ્યાય** સિદ્ધાન્ત અને સંઘ તે **પ્રવચન**, અને મિથ્યાત્વથી પ્રતિકૂળ ( જે સમ્યકત્વ તે ) **દર્શન** કહેવાય. ॥ ૧૧-૨૧ ॥

વળી જો કે હેતુઓ વડે સાવદ્ય હોય પરન્તુ જેનો અનુબંધ-કર્મબંધ નિરવદ્ય-શુભ હોય ( અથવા સંવર નિર્જરાભિમુખી અનુબંધ હોય ) તો તેવા કાર્યનું પચ્ચખાણ ઉત્તમ શ્રાવકોને ન હોઈ શકે.॥ પરન્તુ આરંભવાળું હોય, અને તે પણ સાવદ્ય અનુબંધવાળું ( પાપ બંધવાળું ) હોય તેવું કાર્ય શ્રાવકને સર્વ સ્થાન કરવા યોગ્ય છે, માટે ઉત્તમ શ્રાવકોને તત્પ્રત્યયિક ( તેનો ત્યાગ કરવાના હેતુવાળું ) પ્રત્યાખ્યાન હોઈ શકે એમ જાણવું.॥ જો કે ગૃહસ્થના સર્વ વ્યાપારથી વિમુખ થયેલા, સચિત્તના ત્યાગી, અને અબ્રહ્મચર્યના ત્યાગી એટલે બ્રહ્મચારી એવા શ્રાવક હોય તો પણ તેઓની અરિહંતાદિ ૧૦ પદની ભક્તિમાં

તત્પરતા તે નિરવદ્ય અનુબન્ધવાળી ( પ્રત્યાખ્યાનને અવ્યાઘાત કરનાર એટલું જ નહિં પણ મહાન લાભકારી ) હોય છે.॥ કુલ ગણ વિગેરેની ભજના ભક્તિવાળું સાગારિક પચ્ચખ્ખાણ હોય ( કરવું ) અને નિરાગારી પચ્ચખ્ખાણની જયણા જાણવી, કારણ કે કાર્ય અકાર્યની ( કરવા યોગ્ય છે કે નહિં કરવા યોગ્ય છે તે સંબંધિ ) વિશેષતા અને તેમાં લાભાલાભ સમજીને જ ( નિરાગારી, પ્રત્યાખ્યાન કરવું ). **इति श्रावकप्रत्याख्यानविधि** ॥ ૨૨–૨૫ ॥

## ॥ શ્રાવકના વિશેષ–૨૧ ગુણ ॥

શ્રાવક નામ આદિ (નામ–સ્થાપના–દ્રવ્ય–અને ભાવ) ભેદે ચાર પ્રકારના છે, તેમાં નામશ્રાવક અને સ્થાપનાશ્રાવક સમજવા સુગમ છે, તથા ૨૧ ગુણવાળો શ્રાવક તે જીનેન્દ્ર સિદ્ધાન્તમાં **દ્રવ્યશ્રાવક** કહ્યો છે.॥ તે ૨૧ ગુણ આ પ્રમાણે–) શાન્ત–દાન્ત– ધીર– અશઠ– ઋજુ– પરહિતાર્થકારી–-અવિધિત્યાગી–ઉદાત્ત–અવંચક ( માયા પ્રપંચ રહિત ),–પાપભીરૂ–શ્રદ્ધાળુ–વિજ્ઞાનવાળો (વિશેષજ્ઞ)–પ્રતિજ્ઞાવાદી (બોલ્યા પ્રમાણે પાળનારો)–અનિંદસુપરીક્ષક (નિન્દા રહિત અને ઉતમ ગુણ પરીક્ષા કરનાર)–આત્મગુણમાં અને પરસિદ્ધાન્તમાં અતિલબ્ધલક્ષ્યવાળો–પરિમિતભાષી–કરણૈક્ય ( મન વચન કાયા એ ત્રણેની એકતાવાળો )–સજ્જનની સેવાકરનાર–વિવેકસુપ્રતિજ્ઞ (વિવેકવાન)–અને ગુરૂના વચનમાં દ્રઢ ચિત્તવાળો (એ ૨૧ ગુણવાળો શ્રાવક) સિદ્ધાન્ત શ્રવણ કરવાને યોગ્ય ગણાય છે. ॥ ૨૬–૨૯ ॥

## ॥ શ્રાવકના માર્ગાનુસારિના ૩૫ ગુણ ॥

વળી શ્રાવક માર્ગાનુસારીના ૩૫ ગુણવાળો, ધર્મક્રિયાવાળો, અને સુગુરૂના ચરણકમળની સેવા કરવાવાળો હોય તે વ્યવહારથી દ્રવ્યશ્રાવક ( અથવા વ્યવહાર શ્રાવક અને દ્રવ્યશ્રાવક ) જાણવો.॥ ( તે ૩૫ માર્ગાનુસારીના ગુણ આ પ્રમાણે–) ૧ ન્યાયથી ઉપાર્જન કરેલ સંપૂર્ણ ધનના સમૂહવાળો, ૨ નિત્ય શિષ્ટાચારની પ્રશંસા કરનાર, ૩ પોતાના કુલ સરખા કુલવાળા અને સરખા આચારવાળા સાથે પોતાનું ગોત્ર વર્જીને અન્યગોત્રમાં વિવાહ કરનાર.॥ ૪ પાપની અનુપેક્ષા કરનાર (પાપથી ડરનાર), ૫ શ્રેષ્ટ દેશના સદાચાર પ્રમાણે ચાલનારો, ૬ કોઈનો પણ અવર્ણવાદ-નિંદા નહિ બોલનાર અને તેમાં પણ ગુરૂજનનો તો વિશેષતઃ અવર્ણવાદ નહિ બોલનાર.॥ ૬ અતિગુપ્ત ઘરમાં નહિં રહેનારો, ૮ સારી સંગત કરનારો, ૯ ઘણાદ્વારવાળા ઘરમાં નહિં વસનારો, ૧૦ સુવિહિત મુનિનો પ્રસંગ કરનાર, ૧૧ માતા-પિતાદિકની ભકિતવાળો.॥ ૧૨ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરનાર, ૧૩ નિંદ્યવ્યાપાર કરવાથી નિવર્તેલો, ૧૪ લાભના પ્રમાણમાં ઉચિત ખર્ચ કરનાર, ૧૫ કદાપિ પણ ઉદ્ભટ વેષ નહિં પહેરનાર.॥ ૧૬ શુશ્રુષા આદિ બુદ્ધિના ( આઠ ) ગુણ સહિત, ૧૭ જીનેન્દ્ર ધર્મને વારંવાર–શ્રવણ કરનારો, ૧૮ અવસરે ભોજન કરવાની રૂચિવાળો, ૧૯ સંતોષી, ૨૦ દાનગુણવાળો.॥ ૨૧ પરસ્પર બાધા ન ઉપજે તેવી રીતે અવસરે એક બીજાને બાધ ન થાય તેવિ રીતે ત્રણ વર્ગની સાધના કરવા (ધર્મ–અર્થ–કામ) રૂપ ત્રણ રત્નને સાધનારો,

૨૨ સાધુ અતિથી અને દીન વિગેરેની ભક્તિ કરનારો, ૨૩ પવિત્ર.॥ ૨૪ કદાગ્રહ રહિત ચિત્તવાળો, ૨૫ સદ્‌ગુણી, ૨૬ ગુણનો પક્ષપાત કરવામાં તત્પર, ૨૭ દેશકાળની ચર્યા પ્રમાણે ચાલનારો, ૨૮ બલાબલને જાણનારો. ॥ ૨૯ નિત્ય અતિદીર્ઘદર્શી, ૩૦ વિશેષ દક્ષ, ૩૧ સર્વત્ર કૃતજ્ઞ, ૩૨ શ્રદ્ધાથી (ભક્તિથી) વૃદ્ધજનોને અને પૂજાકૃત ( નમસ્કાર સેવા સુશ્રુષાદિ) તથા પ્રેષ્ય (સેવક) વિગેરેને પોષણ કરનારો.॥ ૩૩ લોકપ્રિય, ૩૪ લજ્જાળુ, ૩૫ સૌમ્યપ્રકૃતિવાળો, પરોપકારમાં રક્ત, એ માર્ગાનુસારિપણાના ૩૫ ગુણોવડે સહિત તથા કુટુંબવાળો હોય.॥ વળી-શ્રાવક દ્રવ્યાદિ ચાર ભાંગે અથવા દેશથી અને સર્વથી અથવા એક દ્વિકાદિ સંયોગી ભાંગાવડે પ્રત્યાખ્યાન કરવામાં અને કાળ અભિગ્રહ તથા વ્રત આદિ નિયમમાં કુશળ હોય. ॥ ૩૦-૪૦ ॥

વળી બન્ને પ્રકારમાં પણ (સર્વથી અને દેશથી અથવા દ્રવ્ય અને ભાવ પ્રત્યાખ્યાનમાં અથવા અદ્ધા અભિગ્રહ અને વ્રતાદિ નિયમમાં) અતિક્રમ વ્યતિક્રમ અતિચાર તથા વ્યતિકરવડે પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જાણનાર સદ્‌ગુરૂ પાસેથી સિદ્ધાન્તનાં વચન શ્રવણ કરવામાં શુદ્ધ શ્રદ્ધા પૂર્વક તત્પર હોય:॥ ત્યાં ત્રણ કરણ અને ત્રણ યોગ યુક્ત જે પ્રત્યાખ્યાન તે **સર્વથી પ્રત્યાખ્યાન** કહેવાય અને તેથી ઈતર-બીજું **દેશથી** પ્રત્યાખ્યાન કહેવાય. તથા ૧ સાવદ્ય અને સાનુબંધ,[1] ૨ સાવદ્ય અને નિરનુબંધ,[2] ૩ અસાવદ્ય નિર-

---

૧ સામગ્રી સાવદ્ય હોય પણ તે ક્રિયાનું ફળ જો પુણ્યરૂપ

નુબંધ,[3] અને ૪ અસાવદ્ય સાનુબંધ[4] એ ચાર પ્રકારના કાર્યનું યથાયોગ્ય પ્રત્યાખ્યાન કરે. ।। તથા જે શ્રાવકોએ (પંદર) કર્માદાન વિગેરે જે લોકમાં નિંદનીય વ્યાપારો છે તે સર્વનો ત્યાગ કર્યો હોય, તેમજ પોતાના ઘરના વ્યાપાર પણ હંમેશાં જેણે ત્યાગ કર્યા છે, તેવા શ્રાવકોએ પણ શુદ્ધ (નિરવદ્ય) એવા કષ્ટ આદિ સમૂહવડે અરિહંતાદિ ૧૦ પદની ભક્તિ કરવી. જે કારણથી લોકની નિંદા ન થાય, કારણ કે અરિહંતાદિકની ભકિતને અંગે પ્રત્યાખ્યાન સાગારી (આગાર–છૂટ)વાળું જ હોય છે.।। વળી બીજું કારણ એ છે કે બાદર ત્રસ જીવોના રક્ષણનો અધિકારી છે, પરન્તુ સૂક્ષ્મ (ત્રસાદિ) જીવોના પ્રત્યાખ્યાનનો અધિકારી નથી તેથી જો ગૃહવ્યવહારમાં પણ (તેવા પ્રત્યાખ્યાનવાળો પ્રવર્તી શકે છે તો) અરિહંતાદિકની ભક્તિમાં પ્રવર્તે એમાં તો કહેવું જ શું ? ।। ત્રણ કરણ અને ત્રણ યોગે તો હંમેશાં મુનિનું જ પ્રત્યાખ્યાન હોય, અને શ્રાવકોને તો તેવું સર્વથા

---

અથવા સંવર અને નિર્જરાનું કારણ ન હોય તો **સાવદ્ય સાનુબંધ.** ગૃહવ્યાપારાદિ.

૨ ક્રિયા સામગ્રી દેખીતી રીતે સાવદ્ય હોય પરન્તુ તે ક્રિયાનું ફળ જો પુણ્યરૂપ સંવરરૂપ અને નિર્જરારૂપ હોય તો તે કાર્ય **સાવદ્યનિરનુબંધ.** જેમ કે જીનેન્દ્રપૂજાદિ. પૃષ્ઠ ૧૭૦માં ૨નો આંક જુઓ.

૩ ક્રિયા સામગ્રી પણ નિરવદ્ય અને ફળ પણ નિર્જરાદિ રૂપ તે **અસાવદ્ય નિરનુબંધ** જેમકે ધ્યાનાદિ.

૪ જેમકે આર્ત્તધ્યાનાદિ. અથવા ભદ્રક જીવનું ધર્મબુદ્ધિએ ધનોપાર્જનાદિ અશુભચિન્તા.

પ્રત્યાખ્યાન સંસ્તારકને વિષે (સંલેખના સમયે) અથવા તો કોઈક વસ્તુને આશ્રયિ થઈ શકે.॥ તેથી જો કે પૃથ્વીકાય (વિગેરે)નું પ્રત્યાખ્યાન કરેલા શ્રાવકને પણ પ્રતિમા કરાવવામાં દોષ હોતો નથી, પરન્તુ જળ અગ્નિ વાયુ અને વનસ્પતિને સ્થાનોત્સ્થામ ન કરે. ॥ શ્રી જીનેન્દ્ર પૂજાદિકના હેતુમાં શ્રાવક જીનપૂજાને માટે યથાશકિત કંઇપણ અર્પણ કરે. જ્યાં બીજું કંઈ પણ સ્હાયરૂપ ન હોય તો તેવા કાર્યમાં શ્રાવક પ્રત્યાખ્યાન કુશળ ન હોય (અર્થાત્ તે સંબંધિ પ્રત્યાખ્યાન ન કરે.॥ જો કે જીનેન્દ્રપૂજામાં જો કે (દેખીતી રીતે) કાય-વધ–હિંસા છે તોપણ તે આત્માને વિશુદ્ધિનું કારણ છે. જેમ જળગાળવું. ઇત્યાદિ ધર્મની પેઠે તે ક્રિયા આત્માને અતિ નિરવદ્ય અને શુભયોગવાળી છે. ॥ ૪૧–૫૦ ॥

જે કાર્યમાં શુભયોગનીજ માત્ર પ્રવૃત્તિ હોય, અને પાપની નિવૃત્તિ હોય તો તેવું ભક્તિની યુક્તિવાળું કાર્ય અતિ નિરવદ્ય જાણવું પણ સાવદ્ય નહિં.॥ ત્રસજીવોની[1] યત-ના નિત્ય કરવી, પરન્તુ તેમાં પણ જો અનાભોગથી–ઉપયોગ શૂન્યતાથી અજયણા થઈ જાય તો જ્યાં જેવું યોગ્ય પ્રાય-શ્ચિત ઘટતું હોય તેવું યોગ્ય પ્રાયશ્ચિત લેવું.॥ વળી મુનિઓ જો કે ત્રણ કરણ અને ત્રણ યોગથી (સર્વથા સાવદ્ય વ્યાપા-રના ત્યાગરૂપી) યોગવાળા છે તોપણ ત્યાં ભક્તિના કાર્યમાં

૧ શ્રી જીનેન્દ્રાદિકની ભકિતમાં પણ ત્રસની હિંસા અનાભોગથી થાય તો પ્રાયશ્ચિત લેવું પરન્તુ ત્રસની હિંસા બંધ હોવાથી સર્વથા જીનેન્દ્રાદિકની ભકિત ન કરવી તે ઊચિત નથી એવો ભાવાર્થ આ ગાથામાં છે.

ત્રણ કરણ અને ત્રણ યોગથી યુક્ત એવો મુનિ પણ વિધિ અને ફલયુક્ત તેમજ નિષેધાદિને ધારણ કરનાર ભાષા બોલે.॥ શ્રી જીનચૈત્યાદિકને અંગે પૃથ્વી વિગેરેની હિંસા-વધ પણ પરિણામના ભેદે નિપુણ પુરૂષોએ ગુણને માટેજ કહેલ છે.॥ (તેનું દ્રષ્ટાંત-) જેમ પત્થર પણ તીર્થ વિશેષમાં (ડૂબવાના સ્વભાવવાળો છતાં પણ) તરે છે, તથા અન્ય દ્રવ્યના સંયોગે વિસર્જીત કરેલું (ભઠ્ઠીમાં પકાવીને મારેલું) વિષ પણ મારતું નથી પરન્તુ બલની પુષ્ટિ કરે છે, તથા સત્યના પ્રભાવથી નિશ્ચયે અગ્નિ પણ દાહ કરતી નથી પરન્તુ હિતકારી થાય છે, તેમ શુભયોગના નિમિત્તવાળી સમ્યક્ પ્રકારની જે જયણા તેના વડે (જીનેન્દ્ર પૂજા વિગેરેમાં થતો) કાયવધ પણ કલ્યાણકારી હોય છે.॥ બાહ્યગત એવો શુભ પરિણામ પણ શુભફળવાળો છે, પરન્તુ શુભ જે બાહ્ય સંબંધિ પરિણામ વિશેષ છે તે પણ શુભફળને આપનાર થાય છે પણ બીજાઓએ જે વેદમાં કહેલ હિંસા જેમ બ્રાહ્મણોને શુભફલ આપનાર નથી તેમ અનાર્યોને પણ સમજવું.॥ સર્વ પ્રકારના સ્થામ (સ્થાન અથવા બળ) નો અભાવ હોતે છતે જીનેશ્વરની ભાવ આયાતનામાં (ભક્તિ સંબંધિ કાર્યમાં) જીન ચૈત્યાદિકમાં પૃથ્વ્યાદિકનો વધ હોવા છતાં પણ તે જીવોનો (ભક્તિવંતોનો) નિસ્તાર ગુણ (સંસારસમુદ્ર તરી જવા રૂપ) ગુણ રહેલો છે.॥ સાધુનો નિવાસ (ઉપાશ્રય), તીર્થંકર ભગવંતની સ્થાપના (પ્રતિષ્ઠા), અને આગમની વૃદ્ધિ (સિદ્ધાંત લખાવવાં ) ઈત્યાદિ એકેક ભાવ આપતના ભવ્યજીવોને સંસાર સમુદ્ર તરી જવાના ગુણરૂપ છે.॥ સાધુને રહેવા

યોગ્ય નિવાસ બાંધવાથી સદ્ધર્મની દેશના ધર્મક્રિયાની આચરણાનો લાભ થાય છે, તથા તીર્થંકર ભગવાનની સ્થાપના કરવાથી અતિશય મહાગુણોનું આગમન–પ્રાપ્તિ થાય છે. ॥ ૫૧–૬૦ ॥

તથા આગમની પરિવૃદ્ધિ–વિશેષવૃદ્ધિ સ્વાધ્યાય ધ્યાન કરવામાં અતિ ઉપયોગી થાય છે, અને તે સ્વાધ્યાય ધ્યાનથી નિશ્ચયે રાગાદિકનો ક્ષય થાય છે, અને રાગાદિકના ક્ષયથી સદાકાળ સુખવાળો મોક્ષનો લાભ થાય છે. ॥ તે કારણથી અહિં જીનચૈત્યાદિ કરાવવામાં કાયવધ હોવા છતાં પણ જયણાપૂર્વક પ્રવર્તેલા[1] સંવિજ્ઞ જીવનો પરિણામ બહ્યગત શુભ રાગવાળો છે (તે ગુણકારી છે).॥ માટે મુક્તિ પામેલ જીવના શરીર દ્રવ્યની પૂજા અથવા જીનેન્દ્રની પ્રતિમાની પૂજા ભવ્ય જીવોએ સંચિત કરેલા કર્મનો નાશ કરનારી છે, અને તે આરંભ પ્રવૃત્તિવાળી ( એટલે સાવદ્ય ) નથી, પરન્તુ ચિત્તની પ્રસન્નતા–નિર્મલતાવડે સમ્યક્‌ત્વને શુદ્ધ કરનારી છે.॥ જેનો ભાવ નિક્ષેપ શુદ્ધ છે, તે સ્થાને તેનો સ્થાપનાદિ નિક્ષેપ પણ શુભ પ્રબંધવાળો ( આત્મગુણના કારણવાળો ) છે, અને તે પોતાને અર્થે પરને અર્થે અને ઉભયને અર્થે ઈન્દ્રિયોના રાગવડે પ્રતિબંધવાળો છે.॥ નિક્ષેપે કરીને. જે અશુદ્ધ હોય તેના અર્થને છોડીને બીજાઓની ભજના કરવી. તેમજ સાગાર અથવા નિરાગાર જેવી રીતે ( પ્રત્યાખ્યાન ) કર્યું હોય તેવી રીતે તેનો નિર્વાહ કરવો.॥ તથા શિક્ષાવ્રતોને વિષે લીધેલા વ્રતથી કંઇક અધિક ક્ષેત્રાદિકમાં ધર્મકાર્ય ઉપસ્થિત થાય

---

૧ ધર્મી.

તો તે ક્ષેત્રમાં સાધુની પેઠે ઈરિયાપૂર્વક (જયણાપૂર્વક) ત્યાંનું ધર્મકાર્ય કરવું.॥ જે કારણ માટે પ્રતિમા (શ્રાવકની ૧૧ પ્રતિમા) ધરનાર શ્રાવકોને પણ ત્રણ કરણ અને ત્રણ યોગથી કરેલો સાવદ્ય કાર્યનો ત્યાગ તત્સંગત[1] નથી, પરન્તુ બીજા દેશવિરતિ શ્રાવકોને તો ધર્મને અર્થે ત્યાગ કેવી રીતે હોય? (એજ કારણથી) ગ્રહણ કરેલા કર્માદાનના પ્રત્યાખ્યાનવાળો શ્રાવક જીનેન્દ્ર પ્રતિમાનાં આભૂષણ કરે અને કરાવવામાં રક્ત હોય તેમજ વનકર્માદાનનો પ્રત્યાખ્યાની શ્રાવક શ્રી જીનેન્દ્ર પૂજા માટે પુષ્પાદિક પણ વીણી શકે.॥ એ પ્રમાણે ભક્તિ વિગેરે સર્વકાર્યમાં શ્રાવકોને જ્યાંસુધી પોતાની ઈન્દ્રિયોના વિષયને અર્થે (જળ વિગેરેના જીવોને) હણવાનો સંકલ્પ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી કોઈ પણ રીતે (ભક્તિ વિગેરેના કાયવધમાં) દોષનું પોષણ નથી.॥ શ્રાવકોએ ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય પ્રત્યાખ્યાન–વ્રતરૂપી ધનની શક્તિવડે અથવા વ્રત અને ધન એ બન્ને શક્તિવડે જીનેન્દ્રની ભક્તિ આદિ કરવામાં અને ચૈત્યાદિ બનાવવામાં લાભ અને ગેરલાભનો સરખી રીતે–બરાબર વિચાર કરવો. ॥ ૬૧–૭૦ ॥

વળી શ્રાવક દેશકાળ વિગેરેને અનુસરીને જ્ઞાત આદિ ચતુર્ભંગીને[2] અનુસરીને ગૃહકાર્યમાં પણ વિવેક રાખી પ્રત્યાખ્યાન[3] કરે, અને સ્મૃત્યંતર્ધ્યાન[4] વર્જે.॥ એ પ્રમાણે હોતે

---

૧ જીનેન્દ્રાદિકની (સાવદ્ય) ભક્તિ કરવામાં પ્રસંગવાળો નથી.

૨ પ્રત્યાખ્યાન આપનાર જાણ અને લેનાર જાણ ઈત્યાદિ ચાર ભાંગા પૂર્વે કહ્યા છે તે રીતે.

૩ "શ્રાવકે ગૃહકાર્ય સંબંધિ પ્રત્યાખ્યાન પણ વિવેક રાખીને

છતે ઉત્તમ ગુણોવડે ભાવશ્રાવકપણું પ્રાપ્ત થાય છે. અને ગીતાર્થ ભગવન્તો તે **ભાવશ્રાવકનાં લક્ષણો** આ પ્રમાણે કહે છે—કૃતધર્મ ( ધર્મકાર્ય કરનાર ), તથા શીલવાન, ગુણવાન, ઋજુવ્યવહારી (સરળ સ્વભાવે વ્યવહાર પ્રવર્તાવનારો), ગુરૂશુશ્રુષા–સેવા કરનારો, પ્રવચનકુશળ, એ લક્ષણોવાળો નિશ્ચય **ભાવશ્રાવક** છે.॥ તથા જીનમતનો સાર જાણનારા અને સિદ્ધાન્તના જ્ઞાતા એવા મુનિઓ ( એટલે ગીતાર્થો ) જે કારણથો શ્રાવકનાં ભાવગત ૧૭ લિંગ ( ૧૭ ભાવલિંગ આ પ્રમાણે કહે છે— ॥ (શ્રાવકનાં તે ૧૭ ભાવલિંગ આ પ્રમાણે–) સ્ત્રી (ને વશવર્તી ન હોય), ઈન્દ્રિયો (ના વિષયમાં પરાધીન ન થનાર), ધન ( સંબંધિ મમત્વભાવ રહિત ), સંસાર ( ને અસાર જાણનાર ) વિષય ( થી વૈરાગ્ય ભાવવાળો ), આરંભ (કરવામાં પાપભીરૂ), ગૃહ (સંબંધ મમત્વભાવ રહિત), દર્શન (–સમ્યક્ત્વવાન), ગાડર પ્રવાહ (પ્રમાણે નહિં ચાલનાર)

---

કરવું " એમ કહેવાનો ભાવાર્થ એ છે કે ગૃહવાસમાં રહેલો ગૃહસ્થ પોષ્ય વર્ગને પોષણ કરવા વિગેરે કાર્યમાં બંધાયેલો હોવાથી તેમાં લોક નિંદા અને શાસન હીલના ન થાય તેવા રીતે ધર્મ અર્થની અને કામને પરસ્પર બાધા ન પહોચે તેવી રીતે પ્રત્યાખ્યાન કરવું. નહિંતર સર્વથા કુટુંબનો ત્યાગ કરી મુનિ ધર્મ સ્વીકારવો. પરન્તુ શ્રાવકધર્મમાં શિથિલતા ન રાખવી.

૪ મેં શું પ્રત્યાખ્યાન કર્યું છે, અને કયે ભાંગે કેવી રીતે કર્યું છે ઇત્યાદિ ભૂલી ન જાય. પૃષ્ઠ ૧૭૫ માં ૪ નંબરનો આંક જોવો.

આગમપૂર્વક પ્રવૃત્તિ કરનાર, યથાશક્તિએ દાનાદિક ધર્મમાં પ્રવૃત્તિવાળો, વિહ્રિક (એટલે ધર્મ કાર્યમાં લજ્જા ન રાખનાર તથા અરક્તદુષ્ટ (એટલે સંસારી પદાર્થોમાં રાગદ્વેષ રહિત) મધ્યસ્થ, અસંબધ્ધ, પરતું કાર્ય કરવાની ઈચ્છાવાળો (પરગજુ) અને અભોગી, તથા વેશ્યાની માફક ( વેશ્યાએ ભાડે રાખેલા પુરૂષ પ્રત્યે જેમ વેશ્યા અંતરંગ રાગવાળી ન હોય તેમ ) ગૃહવાસનું પાલન કરનાર, એ ૧૭ ગુણવડે સહિત જે ભાવશ્રાવક તેનાં એ ભાવગત લક્ષણ સંક્ષેપથી કહ્યાં.ા વળી બીજાં પણ શ્રાવકનાં (ભાવ શ્રાવકનાં) ભાવલિંગ આ પ્રમાણે છે–૧ ક્રિયા માર્ગાનુસારી હોય, ૨ ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા હોય, ૩ પ્રજ્ઞાપનીયયાત્રા પ્રત્યે ઉદ્યત હોય (શાસ્ત્ર શ્રવણમાં તત્પર હોય), ૪ ક્રિયામાં અપ્રમાદી, ૫ શક્તિ પ્રમાણે અનુષ્ઠાન કરનારો, ૬ ઉત્કૃષ્ટ ગુણાનુરાગી હોય, ૭ ઉત્કૃષ્ટ ગુરૂ વચનની આરાધના કરનાર, ૮ જેના નિમિત્તથી સમ્યકત્વ પામ્યો હોય તેનું બહુમાન કરનાર, ૯ પરજીવોમાં દોષ ન દેખે અને કર્મવાદ નહિ[1] ભાવનારો, ૧૦ મિથ્યાત્વથી મુગ્ધ થયેલા અને તેથી ધર્મમાં શિથિલ થયેલા જીવોને ધર્મમાં સ્થિર કરનાર ઈત્યાદિ ભાવશ્રાવકનાં લિંગ કહ્યાં છે. ॥ ૭૧–૮૧ ॥

ઉત્તમ શ્રાવકોને સુવિહિત સાધુઓ પ્રત્યે આ સાધુ આપણા અને આ સાધુ પારકા એમ ન હોય, કારણ કે

---

૧. એના કર્મનો દોષ તેમાં કોઇ શું કરે ? એવો વિકલ્પ ન કરીને યથાશક્તિ ગુણ ઉત્પન્ન કરવામાં સ્હાયક થાય.

ગુણવંત શ્રાવકો તો કદાચિત્ ગુણરહિત સાધુઓમાં પણ પોતાનો ભાવ રાખે છે. ॥ પંચમંગલ (નમસ્કાર), પ્રતિક્રમણ (ઇરિયાવહિ), શક્રસ્તવ (નમુથ્થુણં), નામસ્તવ (લોગસ્સ), ચૈત્યસ્તવ (અરિહંતચે૦), શ્રુતસ્તવ (પુખ્ખરવરદી૦), અને સિદ્ધસ્તવ (સિદ્ધાણંબુદ્ધાણં૦) એ સૂત્રોના ઉપધાનતપને વિષે ત્યાં વિધિયુક્ત પ્રવર્તે.॥ ઈન્દ્રિયવિજયતપ, યોગવિજય-તપ, અને કષાયવિજયતપ વિગેરે સર્વ તપશ્ચર્યા કરવામાં અત્યંત રતિવાળો, અને પ્રતિમા તથા અભિગ્રહને ધારણ કરનાર એવો શ્રાવક તે તે તપાદિક વિધિમાં અનુક્રમે પરા-ક્રમ–વીર્ય ફોરવનાર હોય.॥ અહિં શિષ્ય વર્ગનો એવો પ્રશ્ન છે કે–વ્રત અને પ્રતિમામાં શું તફાવત છે? તેનો ઉત્તર કહે છે–પ્રતિમા "અન્નથ્થણાભોગેણં અને સહસાગા-રેણં" (ઈત્યાદિ) આગારના આલંબન વિનાની હોય છે, અને વ્રત "રાયાભિયોગેણં" (ઇત્યાદિ) પદ (આગાર) સહિત હોય છે માટે તે વ્રતધર્મ કહેવાય છે, અને તે વ્રત-ધર્મ પુનઃ ઘણાભેદ સહિત હોય છે, કારણ કે જેવા જેવા પ્રકારના આગાર ગ્રહણ કરેલ હોય તેવા તેવા પ્રકારના ભેદ-વાળો વ્રત ધર્મ છે, પરન્તુ પ્રતિમા તો તેવા પ્રકારના બહુ ભેદવાળી નથી.॥ પ્રતિમાધરને તો જો કોઇપણ રીતે એકવાર પણ "રાયાભિયોગ" (ઇત્યાદિ) પદનું (આગારનું) આલં-બન થઈ ગયું હોય તો તેને ચારિત્ર અંગીકાર કરવું પડે અથવા તો યથાયોગ્ય અનશન વ્રત અંગીકાર કરવું પડે. ॥ ૮૨–૮૭ ॥

## ॥ શ્રાવકની ૧૧ પ્રતિમાનું સ્વરૂપ ॥

૧ દર્શનપ્રતિમા–૨ વ્રતપ્રતિમા–૩ સામાયિકપ્રતિમા ૪ પૌષધ પ્રતિમા–૫ પ્રતિમા (કાયોત્સર્ગ) પ્રતિમા–૬ વળી અબ્રહ્મ પ્રતિમા[1]–૭ સચિત્ત પ્રતિમા–૮ આરંભવર્જન પ્રતિમા ૯ પ્રેષ્યવર્જન પ્રતિમા–૧૦ ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા–અને ૧૧મી શ્રમણભૂત પ્રતિમા છે.॥ એ ૧૧ પ્રતિમામાં જે પ્રતિમા જેટલી સંખ્યાના નંબરવાળી છે તે પ્રતિમાના તેટલા માસ (અર્થાત તે પ્રતિમા તેટલા માસની) જાણવી, પુનઃ આગળ આગળની પ્રતિમાઓમાં પૂર્વ પૂર્વ પ્રતિમામાં કહેલી ક્રિયાઓ પણ કરવાની હોય છે.॥ પ્રશમ આદિ ગુણવડે વિશુદ્ધ, અને કદાગ્રહ તથા શંકા આદિ શલ્ય રહિત એવું જે અનઘ (નિર્દોષ) સમ્યક્ત્વ તે **દર્શનપ્રતિમા** પહેલી જાણવી.॥૮૮-૯૦॥

નિશ્ચયે એ ૧૧ શ્રાવકપ્રતિમા ગુણસ્થાનના[2] ભેદથી જાણવી શ્રાવકની પ્રતિમા બાહ્ય અનુષ્ઠાનરૂપ લિંગવડે જાણવી જે કારણથી સમ્યક્ત્વ વિગેરેનું કાર્ય દર્શનના કાર્ય તેની ઉત્પત્તિ તે શરીર વ્યાપારે કરીને કાયક્રિયામાં[3] ( કાયક્રિયા

---

૧. એમાં પહેલી પ્રતિમા વિધિ સ્વરૂપ છે, ત્યારબાદ એ પ્રતિમા વર્જ્ય સ્વરૂપ છે, અને શેષ ૪ પ્રતિમા તથા સ્વરૂપ પ્રતિમા છે. અર્થાત્ વર્જ્ય સ્વરૂપે છે.—ઇતિ પંચા૦ વૃત્તૌ.

૨. ઉત્તરોત્તર ગુણવૃદ્ધિના ભેદથી.

૩. પંચાશક વૃત્તિમાં **प्रतिमा** એટલે **बोन्दि** (શરીર) એ **અર્થ**ના પ્રતિપાદનમાં કાયક્રિયા અને કાયક્રિયાથી થતો અભિવ્યંગ ( એટલે વ્યક્ત ઉપલબ્ધિ ) એ એને પ્રતિમા એટલે બોન્દિ (શરીર) અર્થાત પ્રતિમાવંતનું શરીર કહેલ છે તેનો વિશેષાર્થ ત્યાંથી જાણવો.

વડે) સમ્યક્ પ્રકારે ઓળખી શકાય-જાણી શકાય છે, માટે ત્રણવાર શ્રી જીનેન્દ્ર પૂજાથી પ્હેલી દર્શન પ્રતિમા (સમ્યક્ પ્રકારે જાણી શકાય છે ). ।। શુશ્રુષા, ધર્મનોરાગ, ગુરૂનું તથા દેવનું સમાહિત વૈયાવૃત્ય દેવ ગુર્વાદિના વૈયાવૃત્યનો યથાસમાધિ-સુખપૂર્વક નિયમ એ દર્શન પ્રતિમા ( નું અનુષ્ઠાન રૂપ લિંગ) છે.।। દર્શન પ્રતિમામાં રહેલ શ્રાવકો સમ્યક્ત્વથી પતિત થયેલને નિન્હવોને યથાચ્છંદોને અને કદાગ્રહવડે હણાયલા (અભિનિવેષિક મિથ્યાદ્રષ્ટિ) ઓને મનથી પણ વંદન કરતા નથી.।। इति **प्रथमा दर्शनप्रतिमा.** બીજી પ્રતિમામાં શ્રાવક અણુવ્રતધારી હોય, ત્રીજી પ્રતિમામાં સામાયિક કરનાર હોય, અને (ચોથી પ્રતિમામાં) ચતુર્દશી અષ્ટમી આદિ તિથિદિવસોમાં (ચાર તિથિઓમાં) ચારે પ્રકારના સંપૂર્ણપોસહનું[1] તથા સમ્યક્ત્વનું શ્રાવક પ્રતિપાલન કરે તથા બંધઆદિ[2] અતિચારને વિષે અને અવદ્ય[3] (સાવદ્ય-પાપ) કાર્યોની પ્રતિજ્ઞાવાળો હોય (તે વ્રતાદિપ્રતિમા કહેવાય. ।। તેમજ ચારેપર્વોમાં[4] યતિ થવાના ભાવને ઉત્પન્ન

---

૧. ચાર પ્રકારના પોસહમાં અમુક દેશથી અને અમુક સર્વથી એમ જે વર્તમાન સમાચારી પ્રમાણે અંગીકાર થાય છે તેમ પ્રતિમામાં ચારે પોસહ સર્વથી ઉચરાય છે માટે **संपूर्णपोसह** પંચા૦ વૃ૦માં ગ્રન્થાન્તરના અભિપ્રાયથી કહ્યો છે.

૨. બંધ આદિ અતિચારનો ત્યાગ વ્રત પ્રતિમાને અંગે જાણવો.

૩. અવદ્યનો ત્યાગ સામાયિક તથા પોસહ પ્રતિમાને અંગે જાણવો.

૪. અષ્ટમી ચતુર્દશી પૂર્ણિમા અમાવાસ્યા એ ચાર પર્વ જાણવા.

કરનાર નિર્દોષ અને અતિશુદ્ધ એવી પૌષધ ક્રિયા કરવી તે **ચોથી પૌષધપ્રતિમા** છે.॥ પૌષધ પ્રતિમા વર્જીને શેષ (પૌષધ પ્રતિમાના દિવસો સિવાયના અપર્વ) દિવસોમાં (પ્રતિમાધારી શ્રાવક) સ્નાન ન[1] કરે, વિકટભોજી (પ્રગટઆહારી[2]) હોય, મૌલીકૃત (-કાછડી નહિ બાંધનાર) હોય, દિવસે બ્રહ્મચારી હોય, અને રાત્રે પરિમાણકૃત (અમુક નિયમે અબ્રહ્મનો ત્યાગી) હોય.॥ પૂર્વોક્ત ચાર પ્રતિમામાં કહેલા સર્વ નિયમ સહિત ૫ માસ સુધી ચારેદિશાએ[3] કાયોત્સર્ગનો અભિગ્રહ કરવો તે અહિં **પ્રતિમા પ્રતિમા** જાણવી.॥ એ પ્રમાણે પાંચે પ્રતિમામાં કહેલી ક્રિયાઓ સહિત હોય

---

૧. પરંતુ જીનેન્દ્ર પૂજા માટે સ્નાન કરે, (તે પણ સચિત્ત જળથી સ્નાન કરે એમ સંભવે છે. કારણ કે આઠમી પ્રતિમામાં જ્યાં "આરંભ પોતે ન કરે" એવો અભિગ્રહ છે ત્યાં ઉષ્ણજળથી સ્નાન કરવાનું શ્રી જીનેન્દ્રની પૂજા માટે પ્રતિપાદન કર્યું છે) પરન્તુ દેહના સંસાર માટે તે પ્રતિમાધારી સ્નાન કરી શકે જ નહિ.

૨. દિવસેજ ભોજન કરે અને રાત્રે ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે તે શ્રાવક **વિકટભોજી** કહેવાય અથવા પ્રકાશભોજી પણ કહ્યો છે. (પંચા૦ વૃ૦).

૩. શ્રી પંચાશક વૃત્તિમાં ચતુષ્પથ વિગેરે સ્થાને કહ્યું છે. અને અહિં ચતુર્દિશિ એટલે નગરની ચારે દિશાએ કહ્યું છે.

૪. એક રાત્રિની એટલે સર્વ રાત્રિકી પ્રતિમા-કાયોત્સર્ગ કરીને ઉપસર્ગથી પણ ચળાયમાન ન થાય અને સ્વાધ્યાય ધ્યાન કરે. (એક દિશિમાં એક રાત્રિ કાર્યોત્સર્ગ કરી બીજે દિવસે બીજી દિશિએ એક રાત્રિક કાયોત્સર્ગ કરે એમ સંભવે છે).

પરન્તુ વિશેષમાં એ કે નિશ્ચયે ૬ માસ સુધી રાત્રે પણ અબ્રહ્મચર્યનો ત્યાગ કરે તો તે **બ્રહ્મ પ્રતિમા** (અથવા અ-બ્રહ્મ પ્રતિમા) કહેવાય. ॥ ૯૧-૧૦૦ ॥

શૃંગારિક કથાઓ ઉત્કૃષ્ટ શરીર શોભા અને સ્ત્રીઓની વાર્તાઓને ત્યાગ કરતો જે શ્રાવક એકાન્તથી (એટલે સર્વથા) અબ્રહ્મચર્યનો ત્યાગ કરે તે છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા ૬ માસની જાણવી.॥ વળી યાવજ્જીવસુધી[1] પણ અબ્રહ્મચર્યનો ત્યાગ હોય છે, નિશ્ચયે એ પ્રમાણે ભિન્ન ભિન્ન યોગયુક્ત એવો શ્રાવકધર્મ ઘણા પ્રકારનો હોય છે.॥ એ પૂર્વોક્ત છએ પ્રતિ-માની ક્રિયાવાળો હોય પરન્તુ વિશેષમાં જો નિશ્ચયથી સ-ચિત્તનો પણ સર્વથા ત્યાગ સાત માસ સુધી કરે અને પ્રાસુક (નિરવદ્ય-અચિત્ત) ભોજન કરે તે (સાતમાસના નિયમવાળી સાતમી **સચિત્ત પ્રતિમા** (સચિત્તવર્જન પ્રતિમા) કહેવાય.॥ એ સાતમી પ્રતિમામાં સાત માસ સુધી સચિત્ત આહાર ન કરે અને વિશેષમાં એકે જે જે હેઠળની (દર્શન પ્રતિમાદિ પ્રતિમાઓની) ક્રિયાઓ તે તે સર્વે ક્રિયાઓ ઉપરની પ્રતિ-માઓમાં અવશ્ય જાણવી.॥ પોતે આરંભ કરવાનો ત્યાગ કરે (કરાવવા અનુમોદવાની જયણા કરે), સ્નાન ન કરે છતાં પણ ઉષ્ણજળવડે સ્નાન કરી પૂજા કરવામાં તત્પર હોય તે આઠ માસની આઠમી પ્રતિમા છે.॥ વળી જેને યાવજ્જીવ સુધી પણ સચિત્તનો ત્યાગ હોય તોપણ જીનેન્દ્ર પૂજા કરીને ભોજન કરીશ એવી પ્રતિજ્ઞાવાળો હોય તેને

---

૧ ૬માસ પ્રતિમાપેક્ષાએ અને પ્રતિમા વિના તો યાવજ્જીવ

પણ આ આઠમી પ્રતિમા[1] હોય છે.॥ વળી નવમી પ્રતિમા ૯ માસની છે તેમાં સર્વથા પ્રેષ્ય[2] આરંભનો ત્યાગ કરે, પૂર્વોક્ત આઠે પ્રતિમાની ક્રિયા સહિત હોય, અને જીનેન્દ્ર પૂજા ( જળથી નહિં પણ ) કપૂર અને વાસક્ષેપથી કરે. ॥ વળી દશમી પ્રતિમા ૧૦ માસની છે તેમાં ઉદ્દિષ્ટકૃત[3] આહારનું ભોજન ન કરે, ક્ષુરમુંડન ( હજામત કરાવે એટલે કેશરહિત મસ્તકવાળો ) થાય અથવા શિખા (ચોટલી) પણ રાખે અને પૂર્વોક્ત ક્રિયાઓ સહિત સ્વાધ્યાય ધ્યાન કરે.॥ વળી આ પ્રતિમામાં જે દાટેલો ધન સમૂહ હોય તે સંબંધિ પુત્રો પૂછે અને પોતે જાણતો હોય તો તે ધનસમૂહ બતાવે–કહે અને જો ન જાણતો હોય તો કહે કે હું જાણતો નથી.॥ હવે અગિઆરમી પ્રતિમામાં ઉત્કૃષ્ટથી ૧૧ માસ સુધી સાધુ થઇને વિચરે તેમાં ક્ષુરમુંડન કરાવે અથવા તો લોચ કરે કરે અને રજોહરણ તથા પાત્ર પણ ધારણ કરે.॥૧૦૧-૧૧૦॥

ભીક્ષાને અર્થે પોતાના કુળની નિશ્રા[4] વડે અથવા સાધર્મીઓની નિશ્રાવડે વિચરે અને **प्रतिमा प्रतिपन्नस्य**[5] **मे भिक्षां**-

---

૧ અર્થાત્ આઠમી પ્રતિમામાં એ પ્રતિજ્ઞા પણ હોય છે.

૨ સેવક આદિ પાસે આરંભ કરાવવાનો ત્યાગ કરે જેથી કરવું અને કરાવવું એ બે કરણનો ત્યાગ થાય છે. અને શ્રાવક હોવાથી અનુમતિનો ત્યાગ તો હોય નહિં.

૩ પોતાને માટે કરેલો આહાર **उद्दिष्ट आहार** કહેવાય.

૪ નિશ્રાવડે એટલે તેઓને ઘર અર્થાત્ પોતાના સ્વજનનાં ઘરોમાં અથવા તો શ્રાવકોને ત્યાં ભીક્ષાર્થે જાય.

૫ મને પ્રતિમાધારીને ભીક્ષા આપો કહેવાય પણ મુનિવત્ ધર્મ-લાભ ન કહે.

વદતુ એ વચન બોલીને ભીક્ષા ગ્રહણ કરે.॥ મુનિના ઉપાશ્રયથી બહાર પૂર્વોક્ત સ્વાધ્યાય ધ્યાન પૂર્વક રહે, અથવા તો પ્રમાદ રહિત મુનિની પેઠે બીજે ગામ વિહાર પણ કરે.॥ તથા પ્રકારના કાર્ય પ્રસંગે જો સસ્હાય (કોઈની સ્હાય) હોય તો નદી તરીને પણ બીજે ગામ વિહાર કરે. વળી આ પ્રતિમામાં કેવળ ભાવસ્તવ–ભાવપૂજા યુક્ત હોય પણ અહિં દ્રવ્યસ્તવ દ્રવ્યપૂજા ન કરે. ॥ આ ૧૧ પ્રતિમાઓ સેવીને (સમાપ્ત થયા બાદ) કોઈ શ્રાવક મહાન ક્ષેત્રમાં સર્વવિરતિ અંગીકાર કરે, અને શ્રાવક તથા પ્રકારના ભાવ થયે ગૃહસ્થાવાસ પણ અંગીકાર કરે.॥ એ સર્વ (૧૧) પ્રતિમાઓ જઘન્યથી અન્તર્મુહૂર્તકાળ[1] પ્રમાણની હોય અને ઉત્કૃષ્ટથી તો ક્ષય પામેલ રાગદ્વેષવાળા શ્રી સર્વજ્ઞભગવંતોએ એ પ્રમાણે (ઉપર કહેલા કાળ પ્રમાણે) કહી છે. ॥૧૧૧–૧૧૫॥

॥ इतिश्रावकप्रतिमाधिकारः ॥

---

૧ જઘન્યથી પ્હેલી પ્રતિમા ૧ દિવસની, બીજી બે દિવસની યાવત્ ૧૧મી ૧૧ દિવસની છે, તે મરણની અપેક્ષાએ અથવા અંગીકાર કરવાની અપેક્ષાએ કહી છે, અને ઉપરોક્ત અન્તર્મુહુર્ત પ્રમાણે જઘન્યકાળ (સામાન્ય રીતે) છે. (ઇતિ પંચાશકવૃત્તૌ).

## ॥ अथ श्रावकव्रत अधिकार ॥

પ્રાણાતિપાતવિરતિ, મૃષાવાદવિરતિ, અદત્તાદાનવિરતિ, મૈથુનવિરતિ, અને પરિગ્રહવિરતિ તથા દિશિપ્રમાણ, ભોગોપભોગ પ્રમાણ, અનર્થદંડવિરતિ, સામાયિક, દેશાવકાશિક, પૌષધ,અને અતિથિસંવિભાગ (એ શ્રાવકનાં ૧૨ વ્રત છે).॥૧॥

### ॥ १ स्थूल प्राणातिपात विरमणव्रत ॥

જીવ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે તેમાં ( બાદર એટલે ત્રસજીવની હિંસા તે ) સંકલ્પથી[૧] અને આરંભથી[૨] એમ બે પ્રકારે છે તે પણ (સંકલ્પ હિંસા) સાપરાધની અને નિરપરાધિની એમ બે પ્રકારે છે, તેમાં પણ ( સાપરાધીની હિંસા ) સાપેક્ષ[૩] નિરપેક્ષ[૪]એમ બે પ્રકારે છે (તેમાં નિરપેક્ષનું પ્રત્યાખ્યાન અને સાપેક્ષની જયણા છે).[૫]॥

---

૧ બુદ્ધિપૂર્વક હણવું ( તે વર્જ્ય ).

૨ ગૃહાદિ કાર્યમાં પ્રાસંગિક હિંસા થાય ( તેની જયણા).

૩ અપરાધથી વધુ શિક્ષા ન થઇ જાય તેવી સંભાળથી વર્તવું (તેની જયણા).

૪ જીવઘાતની દરકાર રાખ્યા વિના યથેચ્છ અધિક શિક્ષા કરવી (તેનો ત્યાગ કરવાનો છે).

૫ અર્થાત્ ગૃહસ્થને સંકલ્પપૂર્વક નિરપરાધીની નિરપેક્ષપણે ત્રસજીવની હિંસા કરવાનો ત્યાગ હોય છે, અને શેષ વિકલ્પમાં જયણા હોય છે. ૨૦ વસાની દયામાંથી અર્ધ અર્ધ કરતાં ૧ા વસાની દયા ગૃહસ્થને કહી છે તે પણ એ ચાર વિકલ્પથી થાય છે.

દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય (એ વિકલેન્દ્રિય જીવો) **પ્રાણી** કહેવાય, પ્રત્યેકવનસ્પતિનો સમૂહ **મૂલ** કહેવાય, સર્વે પંચેન્દ્રિયો **જીવ** કહેવાય, અને શેષ સ્થાવર વિગેરે (એટલે પૃથ્વીકાયાદિ) **સત્ત્વ** કહેવાય ( એ જીવોની જુદી જુદી સંજ્ઞાઓ છે.॥ સૂક્ષ્મ જીવો જે લોકમાં સર્વત્ર વ્યાપ્ત થયેલા છે તે અથવા ચર્મચક્ષુથી જે ગ્રાહ્ય ( દેખી શકાય એવા ) નથી તે જાણવા, અને સ્થૂલ એટલે ત્રસજીવો પણ જાણવા તે પણ ચક્ષુગ્રાહ્ય અને ચક્ષુથી અગ્રાહ્ય એમ બે પ્રકારના છે.॥ વધ, બંધ, અંગછેદન, અતિભાર ભરવો, અને આહારનો નિરોધ કરવો એ પાંચ અતિચાર પ્હેલા અણુવ્રતને વિષે જાણવા.॥ હિંસાનો સંકલ્પ તે **સંરંભ** કહેવાય, જીવને પરિતાપ-સંતાપ ઉપજાવવો તે **સમારંભ** કહેવાય, અને જીવને ઉપદ્રવ-વધ કરવો તે **આરંભ** કહેવાય. આ આરંભ આદિ ત્રણ ભેદ સર્વ વિશુદ્ધનયોની[1] અપેક્ષાવાળા છે.॥ એ ત્રણે ભેદમાંનો દરેક ભેદ આભોગથી અને અનાભોગથી એમ બે બે પ્રકારે છે. અને તે સર્વભેદ અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અને અનાચારવડે વિચારવા. ॥ પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ સાત ભેદના જે જીવો તેને મન વચન અને કાયાવડે ગુણતાં ૨૭ ભેદ થાય છે.॥ પુનઃ કરવું કરા

---

૧ જો કે વિશુદ્ધનયો તો ઋજુસૂત્ર-શબ્દ-સમભિ૦-અને એવંભૂત છે, પરન્તુ આ સંકલ્પ તે સારંભ ઇત્યાદિ બાબતમાં તો નૈગમ-સંગ્રહ-અને વ્યવહાર એ ત્રણ નયોજ વિશુદ્ધ છે, ( વિશેષ સ્પષ્ટાર્થ વ્યવહારસૂત્રની વૃત્તિ તથા મૂળથી જાણવો. )

વવું અને અનુમોદવું એ ત્રણે ગુણતાં ૮૧ ભેદ થાય, અને તે ૮૧ને પણ ત્રણ કાળવડે ગુણતાં ૨૪૩ ભેદ થાય.॥ જીવ-હિંસામાં વર્તતા જીવો સંસારચક્રમાં રહ્યા છતાં ભયંકર એવાં ગર્ભસ્થાનોમાં (ગર્ભમાં) તથા નરક અને તિર્યંચ જેવી દુર્ગતિઓમાં ઉત્પન્ન થાય છે–ભ્રમણ કરે છે.॥૨–૧૦॥

અહિં (અહિંસા વિગેરેના) પરિણામનો દેશથી ભંગ હોય પણ સર્વથા ભંગ ન હોય ( એક અપેક્ષાએ ભંગ અને એક અપેક્ષાએ અભંગ) એ પ્રમાણે ભંગ અને અભંગ (એ ઉભયમિશ્ર પરિણામ ) તે अतिचार નું લક્ષણ છે એમ જાણવું.॥ જે ઉત્કૃષ્ટ આરોગ્ય, અસ્ખલિત આજ્ઞા, પ્રગટ ઠકુરાઇ, અપ્રતિરૂપ (બીજા કોઈનું નહિં એવું અસાધારણ) રૂપ, ઉજ્વલ કીર્તિ, ધન, યુવાની, દીર્ઘ આયુષ્ય, અવંચક (સરળ પરિણામી) પરિવાર, હંમેશાં વિનયવાન પુત્રો એ સર્વ આ સચરાચર (જંગમ અને સ્થાવરમય) જગતને વિષે નિશ્ચયે દયાનું–અહિંસાનું ફળ છે.॥ ધાન્યોના અને ધનના રક્ષણ અર્થે જેમ વાડ વાડા વિગેરે કરાય છે તેમ અહિં સર્વે વ્રતો ( મૃષાવાદવિરમણાદિ સર્વ વ્રતો ) પ્રથમ વ્રતના રક્ષણ માટે કરાય છે.॥ પલાલ સરખાં ( તૃણવત્ નિઃસાર એવાં ક્રોડોગમે પદ ભણી ગયા તેથી શું, કે જે ભણવાથી "પરને પીડા ન કરવી" એટલું પણ ન જાણ્યું ! ॥ મેરૂ પર્વતથી મોટું કોણ છે ? સમુદ્રથી અધિક ગંભીર શું છે ? અને આકાશથી વિશાલ કોણ છે ? તેમ અહિંસાધર્મથી બીજો મોટો ધર્મ કોણ છે ? ॥ **इति स्थूल प्राणातिपात-विरमणव्रतम्** ॥ ૧૧–૧૫ ॥

## ॥ २ स्थूलमृषावाद विरमणव्रत ॥

અલિક–અસત્ય વચન ન બોલવું, અને (અહિતકારી એવું) સત્યવચન હોય તોપણ ન બોલવું, કારણ કે જે પરને પીડાકારી વચન સત્ય હોય તો પણ તે સત્ય ન જાણવું.॥ મૃષાવાદ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે, ત્યાં અહિં હાસ્યાદિકથી ઉત્પન્ન થયેલ હોય તે **સૂક્ષ્મમૃષાવાદ**, અને તીવ્ર સંક્લેશથી ઉત્પન્ન થયેલ હોય તે **સ્થૂલમૃષાવાદ** જાણવો.॥ કન્યાનું ગ્રહણ તે દ્વીપદનું સૂચક છે, ગોનું વચન તે ચતુષ્પદોનું સૂચક છે, અને ભૂમિવચન તે સર્વ અપદનું અને ધન ધાન્યાદિકનું સૂચક[1] છે.॥ સહસા કલંક દેવું, રહસ્યદૂષણ,[2] સ્વદારમન્ત્રભેદ,[3] કૂટલેખકરણ,[4] અને મૃષા-ઉપદેશ એ પાંચ મૃષાવાદવિરમણવ્રતના અતિચાર છે. ॥ જેમ લાઉયનું ( કડવા તુંબડાનું ) એક બીજ ૧ ભાર

---

૧ આ ગાથાના અર્થનું તાત્પર્ય એ છે કે—મૃષાવાદ પાંચ પ્રકારે છે તેમાં પ્રથમ **कन्यालिक** એ મૃષાવાદ. તેમાં કન્યા શબ્દથી સર્વે દ્વિપદ એટલે દાસદાસી સંબંધિ મૃષાવાદ. બીજું **गोअलिक** મૃષાવાદ તેમાં ગો શબ્દથી સર્વે ચતુષ્પદોનું એટલે પશુઓનું મૃષાવાદ, ત્રીજું **भूम्यालिक** મૃષાવાદ તેમાં સર્વે અપદ ( પગ વિનાના પદાર્થો) અને ધાન્ય ધન આદિનું મૃષાવાદ જાણવું. અહિં ત્રણ ભેદ કહ્યા પરંતુ ગ્રન્થોમાં ભૂમ્યલિક-ન્યાસાપહાર–અને કૂટ સાક્ષી એ ત્રણ ભિન્ન કરતાં પક્ષકાર થાય છે.

૨ કોઈની છૂપી વાત જાહેર કરવી.

૩ સ્ત્રીમિત્રાદિકના મર્મ પ્રગટ કરવા.

૪ ખોટા લેખ કરવા.

જેટલા ગોળનો શીઘ્ર નાશ કરે છે, ( ગળપણ તોડી કડ-વાશ કરે છે ) તેમ અસત્ય વચન સમસ્ત ગુણ સમૂહનો નાશ કરે છે. ॥ લાખો સામુદ્રિલક્ષણો શ્રેષ્ટ હોય પરન્તુ એક કાગડાના પગનું લક્ષણ પડતાં જેમ તે સર્વ લક્ષણો નકામાં થાય છે, તેમ અસત્યવચન સમગ્ર ગુણસમૂહને અપ્રમાણ કરે છે.॥ સર્વ વિષમાં તાલપુટ નામનું વિષ, અને સર્વ વ્યાધિઓમાં જેમ ક્ષેત્રકુવ્યાધિ (ગાંડાપણાનો વ્યાધિ) અવિચિકિત્સાવાળો (એટલે અસાધ્ય) છે, તેમ સમગ્ર દોષોમાં મૃષાવાદ દોષ મહાઅસાધ્ય છે.॥ અપ્રિયવાદી (એટલે અસ-ત્યવાદી) જે જે જાતિમાં જાય-ઉત્પન્ન થાય તે તે જાતિમાં તે અપ્રિયવાદી થાય, સુંદર શબ્દો સાંભળે નહિં પરન્તુ નહિં સાંભળવા યોગ્ય બિભત્સ અને ભયંકર શબ્દો સાંભળે (એવા સંયોગોમાં ઉત્પન્ન થાય). ॥ અસત્ય વચન બોલવાથી (પર-ભવમાં) દુર્ગંધી શરીરવાળો, દુર્ગંધી મુખવાળો, અનિષ્ઠ વચ-નવાળો અનાદેયવચનવાળો તથા કઠોર વચનવાળો, જડ, એડક (બધિર), મૂક (મુંગો), અને મન્મન ( તોતડો ) એટલા દોષવાળો થાય છે. ॥ તથા આ લોકમાં નિશ્ચે અસત્યવાદી જીવો અસત્ય વચન બોલવાથી જીભ્હાછેદ-વધ-બન્ધન-અપયશ-ધનનો નાશ ઇત્યાદિ દોષો પામે છે ॥

**इति मृषवाद विरमणव्रतम्** ॥ ૧૬-૨૫ ॥

## ॥ ३ स्थूल अदत्तादानविरमण व्रत ॥

શ્રી આગમધર મહર્ષીઓએ સ્વામિઅદત્ત[1]-જીવઅ-

---

૧ વસ્તુના માલિકે નહિં આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે **स्वामीअदत्त.**

દત્ત[1]તીર્થંકર[2] અદત્ત—અને ગુરૂઅદત્ત[3] એમ ૪ પ્રકારે અદત્તનું સ્વરૂપ કહ્યું છે.॥ એમાં શ્રાવકોને સ્વામિઅદત્તનો સ્થૂલથી નિષેધ કર્યો છે, અને સાધુઓને તો જે કારણથી ચારે પ્રકારના અદત્તાદાનનો સર્વથા (સૂક્ષ્મથી પણ) નિષેધ છે.॥ ચોરે આણેલું દ્રવ્ય રાખવું, ચોર પ્રયોગ (ચોરને ચોરી કરવાની પ્રેરણા કરવી), ખોટાં માન માપ અને ખોટું તોલ કરવું, રાજ્યના શત્રુ સાથે વ્યવહાર રાખવો (એટલે રાજ્ય વિરૂદ્ધ આચરણા), અને સરખી વસ્તુનો સંયોગ કરવો (ભેળસેળ વાળી વસ્તુ કરવી) તે ત્રીજા વ્રતના પાંચ અતિ-ચાર જાણવા.॥ ઉચિત વ્યાજથી પ્રાપ્ત થયેલ તથા દ્રવ્યાદિકના ક્રમથી (ક્ષયથી[4]) પ્રાપ્ત થયેલ જે દ્રવ્યવૃદ્ધિ તે છોડીને બીજું દ્રવ્ય (ગ્રહણ ન કરવું), તથા કોઈના પડી ગયેલા પણ પર સંબંધિ પારકા દ્રવ્યને જાણતો (આ પારકું દ્રવ્ય

---

૧ જીવની પોતાની ઈચ્છા ન હોવા છતાં તે જીવને આપણે ગ્રહણ કરવો તે **જીવઅદત્ત.**

૨ તીર્થંકરે નિષેધ કરેલી વસ્તુ ગ્રહણ કરવી તે **તીર્થંકરઅદત્ત.**

૩ ગુરૂએ નિષેધ કરેલી વસ્તુ ગ્રહણ કરવી તે **ગુરુઅદત્ત.**

૪ પોતે પ્રથમ સોપારી આદિ દ્રવ્યનો સંગ્રહ કર્યો હોય, અને સોપારીની છતનો દેશમાંથી ક્ષય થયે ઘણો ભાવ વધી ગયો હોય તો તે વધી ગયેલા બજાર ભાવથી સોપારી આદિ વેચી ધનવૃદ્ધિ દ્વિગુણ ત્રિગુણાદિ પણ કરે—ઇતિ ધર્મસંગ્રહઃ.

છે એમ જાણતો) છતો ગ્રહણ ન કરે.॥ તથા ચોરમાં ભળી જવું–ચોરને કુશળતા પૂછવી–તત્જાત (તેના જેવા)–રાજભેદ કરવો–ચોરનું અવલોકન કરવું–વળી માર્ગ દેખાડવો–શય્યા આપવી–પદભંગ–(પગ ભાંગવા) તથા વળી વિસામો આપવો–પગે પડવું–આસન આપવું–ચોરને છૂપો રાખવો–તેવી રીતથી મોટા રસ્તા પાજ બતાવવી–પાણી આપવું–વાયુદાન (પંખા આપવા)–દોરડું આપવું–અને દાન આપવું.॥ એ સર્વ જાણીને જે કરાય તે અદત્તાદાન કહેવાય, ત્રીજા વ્રતમાં એ ઉપર કહેલ ૧૮ પ્રકારની સ્તેનપ્રસૂતિ (ચોરી) જ જાણવી.॥ ક્ષેત્રમાં, ખળામાં, અરણ્યમાં, દિવસે કે રાત્રે, અથવા વિશ્વાસપણામાં પણ જેનું ધન વિનાશ પામતું નથી તે અચોરીનું ફળ છે.॥ તથા ગામ આકર નગર દ્રોણમુખ મડંબ પત્તનનો (ગામ વિશેષોનો) જે સ્વામી દીર્ઘકાળ સુધીનો થાય છે (એટલે દીર્ઘકાળ અધિપતિપણું ભોગવે છે) તે અચોરીનું ફળ છે.॥ તથા આ લોકમાં નિશ્ચયે ગર્દભ ઉપર ચઢવાનું, નિન્દા, ધિક્કાર અને મરણ પર્યન્ત દુઃખ અને પરભવમાં નરકનું દુઃખ ચોર પુરૂષ ભોગવે છે–પામે છે.॥ વળી ચોરીના વ્યસનથી અત્યંત હણાયેલા (એટલે અત્યંત ચોરીના વ્યસની) પુરૂષો નરકમાંથી નિકળીને પણ કૈવર્ત (શિકારી), ટુંટમુંટ, બ્હેરા, અને આંધળાં, હજારો ભવ સુધી થાય છે. इति अदत्तादान-विरमणव्रत ॥ ૨૬–૩૬॥

## ॥ ४ स्थूल मैथुन विरमण व्रत ॥

ઇત્વર પરિગ્રહિતા સ્ત્રી, અને અપરિગ્રહિતા સ્ત્રીને ભોગવે,

કામને વિષે તીવ્ર અભિલાષ રાખે, અનંગક્રીડા ( બીભત્સ ચેષ્ટાઓ ) કરે, અને પારકાના વિવાહ જોડી આપે એ પાંચ અતિચાર ચોથા વ્રતના છે.।। દિવ્ય મૈથુન અને ઔદારિક (મનુષ્ય તિર્યંચનું મૈથુન) એ બે મૈથુનને કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ તથા મન વચન કાયાથી ગુણતાં નવ પ્રકારે અને ૧૮ પ્રકારનું થાય (એટલે ૩ કરણ ૩ યોગે ૯ પ્રકારનું અને દિવ્ય ઔદારિક એ બે ભેદે ગુણતાં ૧૮ પ્રકારનું થાય.) ।। (શ્રાવક સોયદોરાના આકારે મૈથુનનો ત્યાગ કરે અને સ્ત્રીનાં ગુપ્ત અંગ દેખવામાં, સ્ત્રીના અંગનો સ્પર્શ કરવામાં, ગોમૂત્ર ગ્રહણ કર (તી વખતે ગાયની યોનિને સ્પર્શ કર )વામાં અને કુસ્વપ્નમાં સર્વત્ર જયણા રાખે તેમજ સ્ત્રીની ઇન્દ્રિયો દેખવામાં પણ જયણા રાખે.।। વસતિ–કથા–આસન–ઇન્દ્રિયાવલોકન–ભીત્ત્યંતરા–પૂર્વક્રીડાસ્મૃતિ–સ્નિગ્ધાહાર–અતિમાત્રાહાર–અને વિભૂષાનું વર્જન (એ ૯નું વર્જન)તે બ્રહ્મચર્યની ૯ વાડ છે. ।। ( ૫ અતિચારમાંથી )પરસ્ત્રી વર્જન કરનારને નિશ્ચયે ૫ અતિચાર, સ્વદાર સંતોષીને ૩ અતિચાર સ્ત્રીને ૩ અથવા ૫ અતિચાર ઈત્યાદિ (અતિચાર સંબંધિ) ભાંગાના વિકલ્પો[1] જાણવા.।। આજ્ઞાવાળું ઐશ્વર્યપણું, ઋદ્ધિ, રાજ્ય, કામભોગ, કીર્તિ, બળ, સ્વર્ગ, અને આસન્નસિદ્ધિ ( નિકટમોક્ષ ) એ સર્વ લાભ બ્રહ્મચર્યના પ્રભાવથી છે.।। ક્લેશ કરાવનાર, જનોને મારનાર, અને સાવદ્યયોગમાં તત્પર એવો પણ

---

૧ એ પાંચ વા ત્રણ અતિચારોના જુદા જુદા વિકલ્પ પંચાશકથી જાણવા.

નારદ જે મોક્ષ પામે છે તે નિશ્ચયે બ્રહ્મચર્યનુંજ મહાત્મ્ય છે.।। પરસ્ત્રી ગમનથી આ ભવમાં પણ વધ–બંધન–ઉંચે-બંધન–નાસછેદ–ઈન્દ્રિયછેદ–અને ધન ક્ષય ઇત્યાદિ ઘણા પ્રકારની કદર્થનાઓ થાય છે.।। તથા પરલોકમાં પણ સિંબલિ (શાલમલીનુ વૃક્ષ) તથા તિક્ષ્ણ કંટકનાં આલિંગન વિગેરે ઘણા પ્રકારનું દુઃસહ દુઃખ પરદારગામી જીવો નરકને વિષે પામે છે.।। તથા (પરભવમાં) દુઃશીલજનો છેદાયેલી ઈન્દ્રિયોવાળા, નપુંસકો, દુષ્ટરૂપવાળા, દૌર્ભાગી, ભગંદરવાળા, રંડાપણવાળા, કુરંડાપણવાળા, વાંઝીયા, નિન્દુ (મૃતવત્સા) અને વિષકન્યા રૂપે થાય છે. ।। **इति चतुर्थ स्थूलमैथुन विरमणव्रतम्** ।। ૩૭–૪૬ ।।

## ।। ૫ स्थूल परिग्रह विरमणव्रत ।।

ક્ષેત્ર વાસ્તુ વિગેરેનું સંયોજન, રૂપ્ય સુવર્ણ વિગેરે સ્વજનોને ઘેર રાખે, ધન ધાન્યાદિ પરઘેર રાખે તે યાવત્ નિયમ પૂર્ણ થાય ત્યાં સુધી રાખે, દ્વિપદ ચતુષ્પદાદિકને ગર્ભ ગ્રહણ કરાવે, કુપ્ય (રાચ રચીલું) સંક્ષેપ કરે (ઘણાનું એક કરે) અથવા અલ્પ સંખ્યા પણ બહુ મૂલ્યવાળી રાખે એ પાંચ અતિચાર પાંચમા વ્રતના છે.।। પરિગ્રહ બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારે જાણવો, તેમાં મિથ્યાત્વ રાગ અને દ્વેષ તે અભ્યન્તર પરિગ્રહ છે.।। તથા બાહ્ય પરિગ્રહ ૯ પ્રકારનો જાણવો તેમાં ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્યપ્રમાણ તથા દ્વિપદ અને ચતુષ્પદ વિગેરે

કહ્યો છે.॥ એમાં ધાન્ય ૨૪ પ્રકારનાં[1] છે, તથા ધન રત્નાદિ ૨૪ પ્રકારે[2] છે, ચતુષ્પદ ૧૦ પ્રકારે[3] છે, દ્વિપદ ૨ પ્રકારે[4] છે, અને કુપ્ય ૧ પ્રકારે[5] છે.॥ તથા સ્થાવરરૂપ વાસ્તુ ૩ પ્રકારે[6] છે એ પ્રમાણે ૬૪ ભેદ થાય છે, અથવા ગણનીય[7] ધરણીય, મેય, અને પરિછેદ્ય એમ ચાર પ્રકારનો પણ પરિગ્રહ છે.॥ ત્યાં જાયફળ, ફોફળ વિગેરે **ગણિમ**, કંકુ. ગોળ વિગેરે **ધરિમ**, ઘી, મીઠું વિગેરે **મેય**, અને રત્ન વસ્ત્ર આદિ **પરિચ્છેદ્ય** કહેવાય.॥ ચોવીસ ધાન્ય આ પ્રમાણે–યવ–ઘઉં–શાલી–વ્રીહિ–સાઠી–કોદ્રવા–અણુક (જવાર)–કાંગ–રાલ–તિલ–મગ–અડદ–અતસી–ચણા–તિઉડી– વાલ–મઠ– અને ચોળા તથા ઇક્ષુ (બંટી)–મસૂર–તુવર–કલથી–ધાણા–કલાય–એ ૨૪ ધાન્ય છે.॥ ૨૪ રત્નાદિ આ પ્રમાણે–સુવર્ણ–ત્રપુ-ત્રાંબુ-રૂપું લોહ–સીસું–હિરણ્ય–પાષાણ–વજ્ર–મણિ–મોતી– પ્રવાલ – શંખ–તિનિસ–અગુરૂ–ચન્દન–વસ્ત્ર–અમિલાન ( ઉનવસ્ત્ર ) કાષ્ટાદિ–નખ–ચર્મ–દાંત–કેશ–ગંધ–અને દ્રવ્ય ઔષધ.॥ ભૂમિ–ગૃહ–અને વનસ્પતિ એ ૩ સ્થાવર વાસ્તુ જાણવી. તથા ચક્રારબદ્ધ (ગાડી) અને દાસ આદિ એમ બે પ્રકારે દ્વિપદ જાણવા.॥ ગાય–ભેંસ–ઉંટ–બકરૂં–ઘેટું-અશ્વ (જાતિમાન અશ્વ)–ખચ્ચર–ઘોડો (અજાતિમાન અશ્વ)–ગર્દભ–હસ્તિ–એ પશુઓ ૧૦ પ્રકારનાં ચતુષ્પદ કહેવાય.॥ અનેક પ્રકારનાં જુદી જુદી જાતનાં જે ઉપકરણ (રાચરચીલું અથવા ઘરવખરી) તે કુપ્ય કહેવાય એ કુપ્યનું લક્ષણ છે. એ અર્થ ( પરિગ્રહ ) છ

---

૧–૨–૩–૪–૫–૬–૭. એ સર્વ ભેદ આગળ ગાથા દ્વારાજ ગ્રંથકારજ કહેશે.

પ્રકારનો[1] તે ૬૪ ભેદવાળો છે.॥ સેતૂ[2]–કેતૂ[3]–અને ઉભયા-ત્મક[4] એમ ત્રણ પ્રકારનું ક્ષેત્ર છે. તથા વાસ્તુ પણ ત્રણ પ્રકારે આ પ્રમાણે છે–ખાત[5], ઉચ્છ્રિત[6], અને ખાતોચ્છ્રિત[7] એ ત્રણ પ્રકારે જાણવું.॥ જેમ જેમ લોભ અલ્પ થાય છે, અને જેમ પરિગ્રહનો આરંભ અલ્પ થાય છે તેમ તેમ સુખની વૃદ્ધિ થાય છે અને ધર્મની પ્રાપ્તિ થાય છે.॥ મનુષ્યપણાનો સાર જેમ આરોગ્યતા છે, ધર્મનો સાર જેમ સત્ય છે, વિદ્યાનો સાર જેમ નિશ્ચય છે, તેમ સુખનો સાર સંતોષ છે. **इति पंचमं स्थूल परिग्रहविरमण** व्रतम् ॥ ૪૭–૬૩ ॥

## ॥ ६ दिग्परिमाण व्रत ॥

દિશિપરિમાણ વ્રતના તિર્યગૂદિશિપ્રમાણ, અધોદિશિપ્રમાણ, અને ઉર્ધ્વ દિશિપ્રમાણ એ ત્રણ ભેદ છે, અને એ ત્રણનો અતિક્રમ તથા સ્મૃતિવિસ્મરણ[8] અને ક્ષેત્રવૃદ્ધિ[9] એ દિશિવ્રતના ૫ અતિચાર છે. **इति दिग्परिमाणव्रतम्** ॥૬૪ ॥

---

૧. ૯ પ્રકારના પરિગ્રહને યથાયોગ્ય સંક્ષેપતાં ૬ ભેદ થાય છે; ત્યાં ધાન્ય–રત્ન–સ્થાવર–દ્વિપદ–ચતુષ્પદ–કુપ્ય એ ૬ પ્રકારનો.

૨–૩–૪. કૂવાના પાણીથી જેમાં ધાન્ય નિષ્પત્તિ થાય તે **सेतू** વર્ષાદથી ધાન્ય નિષ્પત્તિવાળું **केतू**, અને ઉભયાત્મકથી ધાન્ય નિપજે તે **सेतूकेतू**,

૫–૬–૭. ભોંયરૂં તે ખાત, પ્રાસાદગૃહ આદિ ઉચ્છ્રિત, અને ભોંયરા સહિત પ્રાસાદાદિ તે ખાતોચ્છ્રિત.

૮. કઇ દિશિમાં કેટલું પ્રત્યાખ્યાન કર્યું છે તે ભૂલી જવું.

૯. ક્ષેત્રાદિકની સંખ્યા કાયમ રાખવાને બીજું સાથેનું ક્ષેત્રાદિ લઇ એક મોટું ક્ષેત્રાદિ કરવું.

## ॥ ७ भोगोपभोग परिमाण व्रत ॥

ઉપભોગ એટલે વિગય તંબોલ આહાર પુષ્પ અને ફળ વિગેરે, તથા પરિભોગ એટલે વસ્ત્ર સુવર્ણ વિગેરે તથા સ્ત્રી અને ઘર વિગેરે.॥ મુખ્યત્વે ઉપભોગ પરિભોગ વ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે છે, અને એ વ્રતના અતિચાર સંબંધમાં ૫ વાણિજ્ય કર્મ,[૧] ૫ સામાન્ય કર્મ,[૨] (અને ૫ મહાકર્મ) એમ ત્રણ પ્રકારે[૪] કર્મથી ઉપભોગ પરિભોગના જાણવા.॥ (એ ૧૫ કર્માદાન રૂપ ૧૫ અતિચાર કર્મા૫૦ પરિ૦ના છે તે સિવાય) આ ઉપભોગપરિભોગ વ્રતના ભોજન સંબંધિ પાંચ અતિચાર છે તે આ પ્રમાણે– અપક્વૌષધિભક્ષણ,[૫] દુઃપકવૌષધિભક્ષણ,[૬] સચિત્તભક્ષણ, સચિત્તપ્રતિબદ્ધભક્ષણ, અને તુચ્છૌષધિભક્ષણ.[૭]॥ એકવારજ ભોગવવામાં આવે તે નિશ્ચય ભોગ કહેવાય, અને તે અશન –આહાર પુષ્પાદિક છે, અને વારંવાર ઉપભોગમાં આવે તે

---

૧. દાંત–લાખ વિગેરેનો વ્યાપાર.

૨. અંગાર કર્માદિ ૫ સામાન્યકર્મ.

૩. યંત્ર પીલનાદિ પાંચ મહાકર્મ.

૪. ભોજન સંબંધિ ૫, કર્માદાન સંબંધિ ૧૦, અને વ્યાપાર સંબંધિ ૫ મળીને પણ ત્રણ પ્રકારના અતિચાર સાતમા વ્રતમાં ગણાય.

૫. નહિં રંધાયલી (કાકડી વિગેરે)

૬. અર્ધ રંધાયલી (પોંક વિગેરે)

૭. ખાવાનું અલ્પ અને ફેંકી દેવાનું ઘણું (બોર વિગેરે)

**ઉપભોગ** કહેવાય એ પ્રમાણે **ભોગોપભોગ** (એવું બીજું નામ પણ કહેવાય, તે ભોગોપભોગ) બીજી રીતે વિચારતાં સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારનો પણ છે.।। એકવાર અથવા અનેકવાર (કરવા યોગ્ય હોય) પરન્તુ કર્મગત આદાનનો (કર્માદાનોનો) તો સર્વથા ત્યાગ કરવો. અહિં વાણિજ્ય કર્માદાન તે વ્યાપાર અને સામાન્ય આદાન તે પ્રસિદ્ધ વ્યાપાર કહેવાય.।। (બને તો) નિરવદ્ય આહાર વડે, (તેમ ન બને તો) નિર્જીવ આહાર વડે અને (તેમ પણ ન બને તો) પ્રત્યેકમિશ્ર (પ્રત્યેક વનસ્પતિ) વડે (આજીવિકા કરવી), આત્માનુસંધાનમાં (આત્મ ધર્મની પ્રાપ્તિની ઈચ્છામાં) તત્પર શ્રાવક એવા પ્રકારના (નિરવદ્યાદિ આહાર કરનારા) હોય છે.।। રાંધવું ખાંડવું પીસવું દળવું અને પકવવું ઈત્યાદિ કાર્યોમાં હંમેશાં પરિમાણ (–નિયમ) અંગીકાર કરવું, કારણ કે અવિરતિપણામાં મહાન કર્મબંધ હોય છે. ।। (મહાવિગય ૪ કહે છે–) કાષ્ટથી બનેલી અને પિષ્ટથી (ચૂર્ણથી આસવ રૂપે કાઢેલી) એમ **મદિરા** ૨ પ્રકારની છે. અને **માંસ** જળચરનું, સ્થલચરનું, અને ખેચરનું એમ ૩ પ્રકારનું છે. અથવા ચર્મ માંસ અને રૂધિર માંસ એમ બે પ્રકારનું પણ છે.।। એ મદિરા ઉત્કટ મોહ ઉત્કટ નિદ્રા પરાભવ ઉપહાસ્ય ક્રોધ અને ઉન્માદનું કારણ છે, તથા દુર્ગતિનું મૂળ છે, તેમજ લજ્જા લક્ષ્મી બુદ્ધિ અને ધર્મનો નાશ કરનારી છે।। તથા પંચેન્દ્રિયના વધથી ઉત્પન્ન થયેલું માંસ દુર્ગન્ધમય અશુચિમય અને બિભત્સ છે, તથા રાક્ષસાદિ વડે છળ કરનારૂં છે, માટે દુર્ગતિના મૂળ સરખા અને મદને ઉત્પન્ન

કરનાર માંસનું તું ભક્ષણ ન કર.ા કાચી પાકી અને વિશેષતઃ પકવ કરાતી માંસની પેશીઓમાં નિરન્તર નિશ્ચયે નિગેદાજીવોની ઉત્પત્તિ કહી છે. ા ૬૪–૭૫ ા

મદ્યમાં માંસમાં મધમાં અને ચોથા માખણમાં એ ચારમાં તે તે વર્ણવાળા અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.ા મદ્યગલાદિક અનેક પ્રકારનું છે તથા મધપૂડા અને બીજી અનેક રીતે થયેલું મધ તેમજ શરીરથી પ્રાપ્ત થયેલું જે માંસ વિગેરે અને છાસથી બહાર નીકળેલું માખણ વિગેરે.ા ( હવે ૨૨ અભક્ષ્ય કહે છે )—૫ ઉદુંબરાદિ ફળ, ૪ મહાવિગય, હિમવિષ–કરા–સર્વમાટી–રાત્રિભોજન–બહુબીજ–અનન્તકાય–અથાણું–ઘોલવડાં–વેંગણ–અજ્ઞાત નામ સ્વરૂપવાળાં પુષ્પફળાદિ–તુચ્છફળ–ચલિતરસ–એ ૨૨ અભક્ષ્ય દ્રવ્યો વર્જવા યોગ્ય છે.ા (રાત્રિ ભોજનમાં જો) કીડીનું ભક્ષણ થાય તો બુદ્ધિ હણાય છે, મક્ષિકા ભક્ષણથી વમન થાય છે, યૂકા (જૂ) ખાવામાં આવે તો જળોદર થાય છે. અને કરોળીયાનું ભક્ષણ થાય તો કુષ્ટરોગ થાય છે.ા ભોજનમાં વાળ આવે તો સ્વરભંગ થાય, કાષ્ટનો કકડો આવે તો ગળામાં કાંટા વાગે છે. અને (વીંછી સરખા આકારવાળી ભાજી રૂપ) શાકમાં જો વીંછી આવી જાય તો તાળુ વિંધાઇ જાય છે.ા વળી રાત્રિને વિષે અન્ન ઉપર વ્યન્તરોની દ્રષ્ટિ પડે છે કારણ કે રાક્ષસો પણ પૃથ્વીમાં સર્વત્ર જોવા માટે પ્રચ્છન્ન ભ્રમણ કરે છે, માટે રાત્રિને વિષે ભોજન કરનારને સ્પષ્ટ રીતે તે રાક્ષસો પણ છળે છે.ા વળી ભાજનને ધોવા

વિગેરે કાર્યમાં કુંથુ આદિ જીવોનો ઘાત થાય છે, ઇત્યાદિ રાત્રિ ભોજનના દોષ કહેવાને કોણ સમર્થ છે?॥ સર્વ દેશોમાં સર્વ કાળમાં કાચા ગોરસયુક્ત કુસુણિઓમાં (કઠોર ધાન્યમાં) નિગોદ જીવો અને પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.॥ જેને[1] પીલવાથી તેલ ન નિકળે તેને વિદલ[2] કહે છે, વળી વિદલમાં ઉત્પન્ન થયેલ ધાન્યમાં પણ જો તેલયુક્ત ન હોય તો તે વિદલ કહેવાય નહિં.॥ ઉગવામાંડેલું (અંકુરિત થયેલ) વિદલ પણ વિદલ કહેવાય, વળી સર્વ કાષ્ટ દળ કે જે સ્નેહ રહિત હોય (તેલ રહિત હોય) પરન્તુ સરખી બે ફાડ થતી હોય તો તે પણ વિદલ કહેવાય છે.॥ સ્નેહ રહિત (તેલરહિત) વિદલમાં ઉત્પન્ન થયેલ ત્વચાપત્ર વિગેરે પણ સર્વ વિદલ છે, અને તે જો કાચા ગોરસમાં પડે તો ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે.॥ વળી જો મગ અડદ વિગેરે પણ વિદલ કાચા ગોરસમાં પડે તો ત્રસ જીવોની ઉત્પત્તિ કહેવાય છે, અને દહિં પણ બે દિવસથી ઉપરાન્તનું હોય તો તેમાં (ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે.॥ દ્રવ્યાન્તર થયે છતે કાચા—ઠંડા ગોરસ (દહીં)માં પણ ઉનું અને ઉના દહીંમાં ઠંડુ ગોરસ (દહીં) નાખવું નહિં.॥ (**अनन्तकाय-वनस्पति दर्शावे छे**—) કંદની સર્વ જાતિ, સૂરણકંદ, વજ્રકંદ, લીલી હલદર, તથા આદુ, તથા લીલો કચૂરો, સતાવરી, વિરાલી, કુવાર, થુવર, ગળો, લસણ, વાંસ કારેલાં, ગાજર,

---

૧ જેને એટલે જે કઠોળને (જેની દાળ પડે એવા ધાન્યને)

૨ જેની બે ફાડ થાય એટલે દાળ પડે તે દ્વિદલ ધાન્ય કઠોળ વિગેરે કહેવાય.

લૂણ, લોઢકંદ, ગિરિકર્ણિકા, કિશલયપત્ર, ખુરસાણી, લીલી-મોથ, તથા લવણવૃક્ષની છાલ, ખીલોડીકંદ, અમૃતવલ્લી, મૂળા, ભૂમિરૂહ (છત્રાકાર), વિરૂહ, તથા ઢંક, વાસ્તુલ, પ્રથમ સૂકરવાલ, તથા પાલખ, કોમળ આંબલી, તથા આલુ અને પિંડાલૂ એ અનન્તકાય વનસ્પતિઓનાં નામ છે, તેમજ સિદ્ધાન્તમાં કહેલાં લક્ષણોની રીતીથી બીજી પણ અનન્ત-કાય વનસ્પતિઓ જાણવી.ા ( તે લક્ષણો આ પ્રમાણે )—જેની સિરા ( નસો ) ગુપ્ત હોય, સાંધા ગુપ્ત હોય, અને પર્વ (ગ્રન્થિ) પણ ગુપ્ત હોય, તથા ક્ષીર—દૂધ સહિત કે દૂધ સહિત કે દૂધ રહિત એવી જે વનસ્પતિના ભાગવાથી સરખા બે ભાગ થાય, અને છેદ્યા છતાં પુનઃ ઉગે તે સાધારણ શરીર વાળી ( એટલે અનન્તકાય ) વનસ્પતિ જાણવી.ા (૧૫ **કર્મા-દાન** કહે છે–) અંગારકર્મ,[1] વનકર્મ,[2] શાટકકર્મ[3] ભાટક-કર્મ,[4] અને સ્ફોટક કર્મ[5] એ પાંચ સામાન્ય કર્મ વર્જવા તથા હાથીદાંત વિગેરેનો દંતવ્યાપાર, લાખ વિગેરેનો વ્યા-પાર, તૈલાદિક વિગેરેનો રસવ્યાપાર, પશુઆદિકનો કેશવ્યા-પાર, સોમલ આદિકનો વિષ વ્યાપાર, એ પાંચ દંતાદિ સંબંધિ વ્યાપારો પણ વર્જવા. તથા એ પ્રમાણે નિશ્ચે યંત્રપીલનકર્મ, નિર્લાછન કર્મ (કર્ણવેધ વિગેરે), દવ દેવો,

---

૧. કોયલાની ભઠ્ઠીઓ વિગેરે કરવું—ભાટીકર્મ.

૨. વન કપાવવા વિગેરે,

૩. ગાડા વિગેરે કરાવવા

૪. ભાડાં ઉપજાવવાના આરંભો કરવા.

૫. ખેતી કરવી વિગેરે.

તળાવ દ્રહ આદિના જળનો શોષ (ખાલી) કરવો તે સરદ્રહ-શોષ, અને અસતિપોષણ (દાસદાસીઓનાં વેચાણ માટે પોષણ કરવાં) તે પાંચ મહાકર્મ એ ૧૫ કર્મદાન વર્જવા યોગ્ય છે.॥ **इति सप्तमं भोगोपभोगविरमणव्रतम्** ॥ ૬૫–૬૭॥

## ॥ ८ अनर्थदंडविरमणव्रत ॥

ઈન્દ્રિયોને અર્થે અને સ્વજનાદિકને અર્થે જે પાપ કરાય તે અર્થદંડ કહેવાય, તેથી અન્ય (એટલે નિષ્પ્રયોજન જે) પાપ કરવું તે **अनर्थदंड** કહેવાય.॥ તે અનર્થદંડના ચાર પ્રકાર છે.—૧ અપધ્યાનાચરણ, ૨ પાપોપદેશ, ૩ હિંસાપ્રદાન, ૪ અને ચોથુ પ્રમાદાચરિત. ત્યાં આર્ત્તધ્યાન અને રોદ્ર ધ્યાન વડે **अपध्यानाचरण** (દુર્ધ્યાન) થાય છે.॥ તથા શસ્ત્ર અગ્નિ મુશળ યંત્ર તૃણ કાષ્ટ મન્ત્ર મૂળકર્મ (ગર્ભપાતાદિ દ્રવ્યો) અને ઔષધો આપતાં તથા અપાવતાં અનેક પ્રકારે **हिंसाप्रदान अनर्थदंड** થાય છે. ॥

સ્નાન, ઉદ્વર્તન, વર્ણક, વિલેપન, શબ્દ, રૂપ, રસ, ગંધ, વસ્ત્ર, આસન, અને આભરણ ઈત્યાદિ સંબંધિ અનેક પ્રકારનો **पापोपदेश** છે.॥ કૌત્કુચ્ય (ભાંડ ચેષ્ટા), મુખરતા (બહુ બોલાપણું), ભોગોપભોગના ઉપયોગથી અધિક પદાર્થોનો ઉપયોગ, કન્દર્પ (કામોત્પાદક હાસ્યાદિ,) અને યુક્તાધિકરણ (હિંસાના પદાર્થોના અવયવો સંયુક્ત કરી રાખવા) એ પાંચ પ્રકારના અતિચાર અનર્થદંડ વિરમણ-વ્રતના છે. **इति अष्टमं अनर्थदंडविरमणव्रतम्** ॥ ૯૯–૧૦૨ ॥

## ॥ ९ सामायिक व्रत ॥

સામાયિક કરનાર શ્રાવક મુહપત્તિ–રજોહરણ–(ચરવળો) –સ્થાપના, દંડ (દંડાસન), અને પુચ્છનક (કટાસણું) એ પાંચ ઉપકરણ સહિત હોય. ॥ સાવદ્ય યોગથી વિરક્ત, ત્રણ ગુપ્તિવાળો, ૬ કાયવધથી વિરક્ત, ઉપયોગવાળો, અને જયણા સહિત એવો આત્મા એજ **सामायिक** છે. ॥ જે સર્વ ભૂતોને વિષે (વનસ્પતિ જીવોને વિષે), ત્રસ જીવોને વિષે, અને સ્થાવરોને વિષે સમભાવવાળો હોય તેને સામાયિક હોય એમ શ્રી કેવલિ ભગવન્તે કહ્યું છે. ॥ **साम सम सम्यक्** અને **इक**[1] એ ત્રણે સામાયિકના એકાર્થ વાચક પર્યાય શબ્દો છે, એ ત્રણે અર્થમાં હોય તેને સામાયિક હોય એમ શ્રી કેવલિ ભગવાને કહ્યું છે. ॥ ત્યાં **साम** એટલે મધુર પરિણામવાળું શર્કરાદિ દ્રવ્ય તે **द्रव्यसाम**, (ભૂતાર્થ આલોચનમાં જે દ્રવ્ય) તુલ્ય હોય તે **द्रव्यसम**, ક્ષીર અને શર્કરાનું જોડવું તે **द्रव्यसम्यक्** અને દોરામાં મોતીના હારનો જે પ્રવેશ તે **द्रव्यइक** એ પ્રમાણે, એ ચારે એકાર્થ વાચક શબ્દો દ્રવ્ય નિક્ષેપમાં કહ્યા. ॥ આત્મોપમાપણે ( એટલે પોતાના આત્માની પેઠે ) પરને દુઃખ ન કરવું તે **भाव साम**, રાગદ્વેષનું માધ્યસ્થ ( અસેવન ) તે **भाव सम**, જ્ઞાનાદિકનું યોજવું (આચરવું) તે **भाव सम्यक्**

---

૧ **इक** એટલે પ્રવેશ-પરોવવું એ દેશી શબ્દ છે. એ ચારે શબ્દનું સ્વરૂપ શ્રી આવશ્યક સૂત્રમાં ૧૦૩૦–૧૦૩૧–૧૦૩૨ મી ગાથાના અર્થમાં કહ્યું છે.

અને ભાવ સામ આદિ ત્રણને આત્મામાં પરોવવા તે **ભાવ-ઇક** એ ભાવ સામ વિગેરે કહ્યાં. ।। સામાયિક કરીને જે ગૃહસ્થ ગૃહકાર્ય ચિંતવે, અને આર્ત્તધ્યાનને વશ થયો હોય તો તેનું સામાયિક નિષ્ફલ છે. ।। પ્રમાદયુક્ત હોવાથી જેને સામાયિક ક્યારે કરવાનું છે, અથવા કર્યું છે કે નથી કર્યું તે પણ સ્મરણમાં આવતું નથી (સંભારતો નથી) તેનું કરેલું સામાયિક પણ નિષ્ફળ જાણવું. ।। જે કારણથી સામાયિક કર્યે છતે શ્રાવક પણ સાધુ તુલ્ય થાય છે, તે કારણથી ઘણીવાર સામાયિક કરવું. ।। તથા જે કારણથી જીવ ઘણા વિષયોમાં અને ઘણીવાર ઘણા પ્રમાદવાળો થઈ જાય છે તે કારણથી ( ઘણો પ્રમાદ ન થવાના કારણથી ) પણ ઘણીવાર સામાયિક કરવું. ।। દિવસે દિવસે કોઈ દાનેશ્વરી લાખ લાખ ખાંડી સોનાનું દાન આપે, અને બીજો એક જીવ સામાયિક કરે તો પણ તે દાન સામાયિક કરતાં વધી જતું નથી. ।। બે ઘડી સુધી સમભાવવાળું સામાયિક કરનારો શ્રાવક આ નીચે કહેલા પલ્યોપમ જેટલું દેવાયુષ્ય બાંધે છે. ।। બાણુ, ક્રોડ ઓગણસાઠ લાખ પચીસ હજાર નવસો પચીસ પલ્યોપમ તથા એક પલ્યોપમના આઠ ભાગ કરે તેવા ૩ ભાગ સહિત (૯૨૫૯૨૫૯૨૫૯૨૫ ⅜ પલ્યો૦) આયુષ્ય બાંધે.।। તીવ્ર તપશ્ચર્યાએ તપતો જીવ જેટલું કર્મ ક્રોડ જન્મ સુધી પણ ન ખપાવે તેટલું કર્મ સમભાવના યુક્ત ચિત્તવાળો (–સામાયિકવાળો) જીવ અર્ધ ક્ષણમાં ખપાવે છે. ।। જે કોઇ જીવ ( આજ સુધીમાં ) મોક્ષે ગયા છે, જાય છે, અને જશે તે સર્વે સામાયિકના મહાત્મ્ય વડે જ જાણવા. ।। મન વચન કાયાએ

દુષ્ટ પ્રણિધાન (દુશ્ચિંતવનાદિ) કરવું, તે અનુક્રમે મનઃદુઃપ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન. કાયદુષ્પ્રણિધાન, તથા સ્મૃતિ-અકરણ ( સામાયિકની વિસ્મૃતિ ), અને અનવસ્થિતકરણ (–અનાદર) એ પાંચ સામાયિક વ્રતના અતિચાર છે. इति नवमं सामायिकव्रतम् ॥ ૧૦૩–૧૧૮ ॥

## ॥ ૧૦ देशावकाशितव्रत ॥

પ્રથમ જે જન્મ પર્યન્તનું દિશિપ્રમાણ (છઠ્ઠું) વ્રત કરેલું છે, તેનો આ દેશાવ૦ વ્રત નિશ્ચયે એકદેશ છે, કારણ કે સર્વે વ્રતોનો જઘન્ય કાળ મૂહૂર્ત્તનો કહ્યો છે. ॥ એક મૂહૂર્ત્ત એક દિવસ એક રાત્રિ અથવા પાંચ દિવસ અથવા ૧૫ દિવસ સુધી પણ જેટલો કાળ દ્રઢ રીતે વહન–ધારણ થઈ શકે તેટલો કાળ આ દેશાવ૦ વ્રત દ્રઢ પણે ધારણ કરવું. ॥ ( દેશાવ૦ વ્રતમાં આ ૧૪ નિયમ ધારવાના હોય છે તે કહે છે–) સચિત્ત દ્રવ્ય, વિગય, પગરખાં, તંબોલ, વસ્ત્ર, પુષ્પ, વાહન, શયન, વિલેપન, બ્રહ્મચર્ય, દિશિપ્રમાણ, સ્નાન, અને ભોજન ( એ ૧૪ નો સંક્ષેપ કરવાનો હોય છે. ॥ દિશિપ્રમાણ (–છઠ્ઠા) વ્રતનો નિત્ય સંક્ષેપ કરવો, અથવા સર્વ વ્રતોનો જે નિત્ય સંક્ષેપ કરવો તે देशावकाशिक व्रत કહેવાય. ॥ આનયન (–નિયમ ઉપરાન્ત ક્ષેત્રથી કોઈ ચીજ મંગાવવી), પેષણ (નિયમ ઉપરાન્ત ક્ષેત્રમાં કોઈ ચીજ મોકલવી), શબ્દાનુપાત (ખુંખારો આદિ કરી પોતે છે એમ જણાવવું), રૂપાનુપાત (પોતાનું રૂપ દેખાડી પોતાનું છતાપણું જણાવવું ), અને બાહ્યપુદ્ગલપ્રક્ષેપ ( નિયમ

ઉપરાન્ત ક્ષેત્રમાં કાંકરો વિગેરે ફેંકી પોતે છે એમ જણાવવું) એ પાંચ અતિચાર દેશાવકાશિક વ્રતના છે. इति देशावकाशिक व्रतम् ॥ ૧૧૯–૧૨૩ ॥

## ॥ ११ पोषधोपतवास व्रतम् ॥

ધર્મની પોસ એટલે પુષ્ટિને જે ધારણ કરે (અર્થાત્ ધર્મની પુષ્ટિ કરે) તે पोसह કહેવાય. અને પર્વને વિષે જે ઉપવાસ (સહિત પોષહ કરવો) તે पोषधोपवास વ્રત કહેવાય. ॥ તે પોસહ આહારથી શરીર સત્કારથી બ્રહ્મચર્યથી અને વ્યાપારથી એ ચાર ભેદથી ચાર પ્રકારનો છે તે પણ દરેક દેશથી અને સર્વથી એમ બે બે પ્રકારે હોવાથી પોસહના ૮ ભેદ કહ્યા છે. ॥ (એ એક સંયોગી ભાંગા ૮ જાણવા). તથા દ્વિક સંયોગમાં ૬ ભાંગા થાય તેને અનુક્રમે એ ચાર ગુણા કરવાથી કુલ ૨૪ ભાંગા થાય, તથા ત્રિસંયોગમાં (મૂળ ૮ ભાંગા થવાથી તે) ચારેના સર્વ મળી ૩૨ ભાંગા થાય, પુનઃ ચતુઃ સંયોગે કુલ ૧૬ ભાંગા થાય તેથી સર્વે મળીને (૮+૨૪+૩૨+૧૬=) ૮૦ ભાંગા થાય છે, પરન્તુ વર્તમાન કાળમાં તો આહાર દેશથી અને સર્વથી એમ બે પ્રકારે થાય છે (અને બાકીના ત્રણ સર્વથા થાય[1] છે). ॥ તે પોસહ તથા તપ પોતાની શક્તિ પ્રમાણે (શક્તિ ગોપવ્યા વિના) કરવો, એ પ્રમાણે દેશાવકાશિક સહિત અથવા

---

૧ અર્થાત્ વર્તમાનકાળે પોસહના ૮૦ ભાગમાંથી ૭૨ મો ભાંગો પ્રવર્તે છે ૮૦ ભાંગાની અંકચાલના ગ્રન્થાન્તરથી જાણવી. (ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં છે.)

સામાયિક સહિત જો પૌષધ વ્રત કરે તો તેને શ્રમણ ધર્મમાં રહેલો ( એટલે સાધુ સરખો ) કહ્યો છે. ॥ પોસહમાં જે શ્રાવક સામાયિક સહિત હોય તે નિશ્ચયથી દ્વિવિધ ત્રિવિધે (સાવદ્યના) ત્યાગવાળો હોય, અહિં વર્તમાન કાળમાં એજ વિધિ વર્તે છે, અને કુશળ શ્રાવકને (એટલે પોસહ વિધિના નિપુણને) તો યથા યોગ્ય ભજના[1] જાણવી. ॥ જો કોઈ શ્રાવક સુવર્ણ અને રત્નનાં પગથીઆંવાળું, હજારો સ્તંભો વડે ઉંચું, અને સુવર્ણની ભૂમિવાળું જીન ચૈત્ય કરાવે તેથી પણ તપ સંયમ ( એટલે ચાલુ પ્રકરણને અંગે પોસહ ) અધિક છે. ॥ તથા પૌષધની વિધિમાં ( પોસહ કરવામાં ) અપ્રમાદી શ્રાવક શુભ ભાવનું પોષણ વૃદ્ધિ કરે છે, અશુભ ભાવનો ક્ષય કરે છે, અને નરક તથા તિર્યંચ ગતિનો નાશ કરે છે એમાં કંઈપણ સંદેહ નથી. ॥ જો એક પ્રહર પણ સામાયિકની સામગ્રી મળે તો અમારૂં દેવપણું સફળ છે, એમ દેવો પણ પોતાના હૃદયમાં ચિંતવે છે (તો પોસહના મહાત્મ્યનું તો કહેવુંજ શું ? ). ॥ પૌસધ–અશુભનિરોધ –અપ્રમાદ–અર્થયોગ સહિત–અને દ્રવ્યગુણ સ્થાનગત એ પૌસધ વ્રતના એકાર્થવાચક શબ્દપર્યાયો છે. ॥ સત્તાવીસસો[2] સિત્તોત્તર ક્રોડ ૭૭ લાખ ૭૭ હજાર સાતસો સિત્તોત્તર પલ્યોપમ તથા એક પલ્યોપમના ૯ ભાગ કરે તેવા ૭ ભાગ

---

૧ અર્થાત્ ગમે તે ભાંગે પોસહ અંગીકાર કરે (પરન્તુ સામયિક રહિતને માટે ગમે ગમે તે ભંગ કહી છે).

૨ છાપેલી પ્રતની ગાથામાં અશુદ્ધિ શુદ્ધિ વિચારવી, ખરો અંક અર્થમાં લખ્યો એજ છે.

(-૨૭૭૭૭૭૭૭૭૭૭$\frac{7}{9}$) (એટલું દેવાયુષ્ય એક પોસહ કરનાર શ્રાવક બાંધે છે. ॥ અપ્રતિલેખિત, અને અપ્રમાર્જીત, (-જોયા પૂજ્યા વિનાનાં) શય્યા વિગેરે, તેમજ સ્થંડિલ, તથા સમ્યક્ પ્રકારે અનનુપાલન (-અનાદરથી પાલન) એ પાંચ[1] અતિચાર પોસહવ્રતના કહ્યા છે. **इति पोसहोपवास** व्रतम् ॥ ૧૨૪-૧૩૫ ॥

## ॥ १२ अतिथिसंविभागव्रत ॥

અહિં લૌકીક પર્વતિથિનો ત્યાગ જેને છે એવો ગુણવાન સાધુ અથવા શ્રાવક જે ભોજનના અવસરે આવેલ હોય તે **अतिथि** કહેવાય.॥ તે અતિથિને નિરવદ્ય આહાર વસ્ત્રપાત્ર વિગેરે વસ્તુઓનો જે વિભાગ (એટલે પોતાની શક્તિ પ્રમાણે તે આહારાદિ) આપવો તે **अतिथिसंविभाग** નિત્ય કરવા યોગ્ય છે એમ જાણવું (પરન્તુ પૌષધને પારણેજ કરવા યોગ્ય છે એમ ન જાણવું).॥ [દેવા યોગ્ય વસ્તુ સચિત્તપદાર્થ ઉપર મૂકવી, અથવા દેવા યોગ્ય વસ્તુને સચિત્તવસ્તુથી ઢાંકવી, દેવા યોગ્ય વસ્તુ પોતાની હોય તો પારકી

---

૧ ગ્રન્થોમાં જે પાંચ અતિચાર કહ્યા છે તે આ પ્રમાણે છે.

૧ અપ્રતિલેખિત અને અપ્રમાર્જીત શય્યાદિ

૨ " " આદાન (ગ્રહણ કરવું મૂકવું)

૩ " " સ્થંડિલ (માં મલાદિકનો ત્યાગ)

૪ અનાદર

૫ અસ્મૃતિ

(ગાથામાંથી સ્પષ્ટપણે એ પાંચ અતિચાર ગ્રહણ થતા નથી)

કહેવી (અથવા દેવાની બુદ્ધિએ પરની હોય છતાં પોતાની કહેવી), બીજાની ઈર્ષ્યાએ દાન દેવું, અને દાનકાળને વ્યતીત કરી દેવો તે અનુક્રમે] ૧ સચિત્તનિક્ષેપ, ૨ સચિત્તપિધાન, ૩ અન્યવ્યપદેશ, ૪ માત્સર્ય, ૫ કાલાતિક્રમ એ નામના પાંચ અતિચાર અતિથિ સંવિભાગ વ્રતના જાણવા. (આ પાંચે અતિચાર ન દેવાની બુદ્ધિથી છે.) સાધુ મહાત્માને જે કલ્પનીય છે તે વસ્તુ કોઈપણ રીતે કિંચિત્ માત્ર પણ ન દેવાઈ હોય તો ધીર અને યથાર્થવિધિવાળા સુશ્રાવકો તે વસ્તુ ખાતા નથી.॥ સ્થાન–શય્યા–આસન–ભોજન–પાણી–ઔષધ–વસ્ત્ર–અને પાત્ર વિગેરે વસ્તુઓ જો કે પોતે પૂર્ણ ધનવાન ન હોય તો પણ થોડામાંથી થોડું પણ આપવું **इति अतिथि संविभागव्रतम्** ॥ ૧૩૯–૧૪૦ ॥

## ॥ संलेखना व्रतम् ॥

સંલેખણા (–અન્ત્ય સમયના અનશન) વ્રતમાં પાંચ અતિચાર છે–આ લોકની સુખના ઈચ્છા, પરલોકના સુખની ઈચ્છા સુખમાં જીવવાની ઈચ્છા, દુઃખમાં મરવાની ઈચ્છા, તથા કામભોગની ઈચ્છા. એ પાંચ અતિચાર છે. ॥ ઘણા ફળવાળાં શીલવ્રત વિગેરે વ્રતોને હણીને (–વ્રતોને પાળે પણ પૌદ્ગલિક સુખની ઈચ્છા રાખે તેથી વૃતોને હણીને) જે સુખની ઈચ્છા રાખે છે તે ધીરતામાં દુર્બલ (અધૈર્યવાન) તપસ્વી ક્રોડ સૌનૈયાની વસ્તુને એક કાકિણિ જેટલા અલ્પ મૂલ્યમાં વેચે છે. ॥

(સંલેખનાદિ વ્રતવાળા જીવને ૯ નિદાન વર્જ્ય છે તે કહે છે–) રાજા–શ્રેષ્ઠિ–સ્ત્રી–પુરૂષ–પરપ્રવિચાર–સ્વપ્રવિચાર અલ્પરત –સુર–અને દારિદ્રય (એ ૯ની ઈચ્છા તે) નવનિયાણાં–નિદાન કહેવાય.॥ ઘણું તપ આચર્યું હોય, અને દીર્ઘ કાળ સુધી મુનિપણું પાળ્યું હોય તો પણ નિયાણું કરીને વ્યર્થ આત્માને

---

૧. નવ નિદાનનું સ્વરૂપ આ પ્રમાણે—

૧ **नृपनिदान**–આ તપશ્ચર્યાના પ્રભાવે હું આવતા ભવમાં રાજા થાઉં એવી ઇચ્છા રાખવી તે નૃપનિયાણું કહેવાય.

૨. **श्रेष्ठ निदान**—આવતા ભવમાં હું શેઠ થાઉં એવી ઇચ્છા.

૩. **स्त्री निदान**—પુરૂષને કમાવા વિગેરેની બહુ ઉપાધી છે માટે સ્ત્રી થાઉં તો ઠીક.

૪. **पुरुष निदान**—સ્ત્રીને પરતન્ત્રતા ભોગવવી પડે છે માટે પુરૂષ થાઉં તો ઠીક.

૫. **परप्रविचार**—દેવાંગનાદિ સાથે વિષયક્રીડા સેવવાવાળો થાઉં એવી ઇચ્છા.

૬. **स्वप्रविचार**—હું પોતે દેવ અને દેવાંગના બનીને વિષય સેવવાવાળો થાઉં તો ઠીક.

૭. **अल्परत**—અલ્પવિષયવાળા દેવોમાં ગ્રૈવેયક–અનુત્તર અચ્યુતાદિમાં ઉત્પન્ન થાઉં તો ઠીક અહિં ગ્રૈવેયક ને અનુત્તરમાં અરત-નિદાન પણ જાણવું.

૮. **सुर निदान**—દાનવાદિ ન થતાં વૈમાનિકાદિ દેવ થાઉં તો ઠીક.

૯. **दारिद्र निदान**—ધનવાનને બહુ ઉપાધિ હોય છે માટે નિર્ધન થાઉં તો ઠીક.

(આત્મ-ધર્મને) હારી જાય છે.॥ બળદેવો ઉર્ધ્વ દેવલોકમાં જાય છે, અને વાસુદેવો સર્વે પણ નરકમાં જાય છે, તેમાં નિયાણું (બળદેવ ન કરે અને વાસુદેવે પૂર્વભવમાં કર્યું હોય છે તે)જ કારણ છે, માટે બુદ્ધિમાન પુરૂષે નિયાણું સર્વથા વર્જવું. **इति संलेखना स्वरुपम्** ॥ ૧૪૧-૧૪૫ ॥

## ॥ अथ ५ आचारनुं स्वरुप ॥

(જ્ઞાનાચાર આદિ પાંચ આચાર છે તેના પ્રત્યેકના ભેદ કહે છે-) **काल** જ્ઞાનાચાર (કાળ વેળાએ જ્ઞાન ભણવું), **विनय, बहुमान, उपधान** (જ્ઞાન ભણવા માટે તપયોગ કરવો તે), તથા **अनिन्हवता** (ગુર્વાદિકને નહિં ઓલવવા), **व्यंजन-शुद्धि, अर्थशुद्धि,** અને **व्यंजनार्थ** (ઉભયની) **शुद्धि** એ ૮ પ્રકારનો **ज्ञानाचार** છે.॥ નિઃશંકતા (શંકારહિતપણું), નિષ્કાંક્ષા (પરધર્મની ઇચ્છા ન કરવી), નિર્વિચિકિત્સા (ધર્મફળનો અસંદેહ), અમૂઢદ્રષ્ટિ (પરધર્મના ચમત્કારાદિકથી મોહ ન પામવો), ઉપબૃંહણા (પોતાના ધર્મને ઉત્તેજન આપવું), સ્થિરિકરણ (ધર્મથી પડતાને સ્થિર કરવો), વાત્સલ્ય (સ્વધર્મીઓ પ્રત્યે પ્રેમ), અને પ્રભાવના એ આઠ પ્રકારનો **दर्शनाचार** છે.॥ પ્રણિધાન યોગયુક્ત (એટલે મન, વચન, કાયાના શુભ યોગમાં વર્તતો) જીવ ૫ સમિતિ અને ૩ ગુપ્તિવડે સહિત હોય તે આઠ પ્રકારનો **चारित्राचार** છે. અને એ ત્રણેમાં (પ્રણિધાનમાં-સમિતિમાં-અને ગુપ્તિમાં) વિપરીત રીતે વર્તે તો એજ આઠ અતિચાર છે. ॥ ૧૪૬-૧૪૮ ॥

અનશન[1]–ઉનોદરિકા[2]–વૃત્તિ સંક્ષેપ[3]–રસત્યાગ[4]-કાય–ક્લેશ[5] અને સંલીનતા[6] એ બાહ્ય તપ કહ્યું છે. પ્રાયશ્ચિત[7] વિનય[8] વૈયાવૃત્ય[9] તથા સ્વાધ્યાય[10] ધ્યાન[11] અને કાઉ-

---

૧. એકાસણું, બેસણું, ઉપવાસ, આંબિલ, વિગેરે.

૨. ભુખ કરતાં પાંચ–સાત કોળીયા ઓછા ખાવા.

૩. જરૂરીયાત કરતાં ઓછી વસ્તુ રાખી સંતોષી થવું.

૪. ઘી-દુધ વિગેરે વિગઇઓનો ત્યાગ કરવો.

૫. લોચાદિ કષ્ટ સહન કરવાં.

૬. જેમ બને તેમ સંલીનતા રાખવી, કષાયો ઉદીરવા નહિ અંગોપાંગનો ઉપયોગ પ્રસારણાદિ સંયમપૂર્વક કરવું અને બહાર પડવા (આગળ આવવા) ધાંધલ ન કરવું.

૭. અતિચારનું ગુરૂ પાસે આલોચન કરી તેની શુદ્ધિ માટે જે તપશ્ચર્યા કરવી તે દશ પ્રકારનું પ્રાયશ્ચિત જાણવું.

૮. જ્ઞાન–દર્શન–ચારિત્ર તથા શાસનના બીજા દરેક અંગો તરફ હૃદયની ભક્તિ બહુમાન રાખવું તે અનેક પ્રકારે.

૯. અરિહંત પ્રભુ તથા આચાર્યાદિકની સેવા ભક્તિ સગવડ પુરી પાડવી વિગેરે ૧૦ પ્રકારનું વૈયાવચ્ચ.

૧૦. ભણવું, ભણાવવું, પાછળનું સંભાળવું, પ્રશ્નો પુછવા, જુવાબ આપવા, ખુલાસા કરવા વિગેરે, ધર્મોપદેશ કરવો વિગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય.

૧૧. પાંચ પ્રકારના ધર્મધ્યાન અને ચાર પ્રકારના શુક્લ–ધ્યાન ધ્યાવાં.

સગ્ગ[1] એ અભ્યંતર તપ કહેલ છે. સારીરીતથી ન કરવું તે બાર વ્રતના અતિચાર છે. વીર્યાચારના ત્રણ છે મન વચન અને કાયાથી પાપમાં પ્રવૃત્તિવાલા તે વીર્યાચારના અતિચાર છે.॥ સમ્યક્ત્વમાં વિજય રાજાનું દ્રષ્ટાન્ત, અહિંસામાં હરિબલ રાજાનું દ્રષ્ટાંત, મૃષાવાદના ત્યાગમાં કમલશેઠનું દ્રષ્ટાંત, અદત્તાદાનમાં વરદત્તનું દ્રષ્ટાંત, બ્રહ્મચર્યના સંબંધમાં શીલવતી સ્ત્રીનું દ્રષ્ટાન્ત, પરિગ્રહમાં ધનશ્રેષ્ટિનું, દિશિ પ્રમાણમાં મહાનન્દનું, ઉપભોગ પરિભોગમાં મંત્રીની પુત્રીનું રાત્રિભોજનમાં ત્રણ મિત્રનું, ચન્દ્રવામાં મૃગસુંદરીનું, અનર્થદંડમાં વીરસેન રાજાનું, સામાયિકમાં ધનમિત્રનું, દેશાવગાસિકમાં ધનદનું, પૌષધવ્રતમાં દેવકુમર તથા પેયકુમરનું દ્રષ્ટાન્ત અને અતિથિ સંવિભાગ વ્રતમાં ગુણધર અને ગુણાકરનું દ્રષ્ટાન્ત[2] છે. ॥ इति श्रावकव्रत अधिकार ॥ ૧૪૯–૧૫૫ ॥

## ॥ अथ संज्ञाऽधिकारः ॥

સર્વ જીવોને આહાર–ભય–પરિગ્રહ–મૈથુન તથા ક્રોધ –માન–માયા–લોભ–લોક–અને ઓઘ એ ૧૦ પ્રકારની સંજ્ઞા હોય છે.॥ વૃક્ષોને જળનો જે આહાર છે તે **आहार संज्ञा** છે, લાકડા અને શસ્ત્રના ભયવડે સંકોચાય છે તે **भयसंज्ञा** છે. વલ્લિઓ પોતાના તંતુઓવડે વૃક્ષને વીંટાઇ જાય છે તે

---

૧. અશુભ કર્મો, શરીર અને સર્વ વૈભાવિક (પૌદ્ગલિક) સામગ્રીના નિશ્ચયથી હાર્દિક ત્યાગ.

૨. એ સર્વ દ્રષ્ટાન્તો અર્થ દીપિકા વિગેરે ગ્રન્થાન્તરોથી જાણવા.

**પરિગ્રહસંજ્ઞા** છે.॥ જ્યાં સ્ત્રીઓનું આલિંગન[1] થાય છે તો કુરૂબક વક્ષ પ્રફુલ્લિત થાય છે, અને સ્ત્રીના સ્તનોવડે સ્પર્શાયેલા અશોકવૃક્ષો વિકસ્વર થાય છે.॥ તથા સ્ત્રીના મુખમાંથી નિકળેલી મદિરાના ગંધવડે તુષ્ટ થયેલા કેસર વૃક્ષો પુષ્પિત થાય છે, તેમજ સ્ત્રીએ સુગંધિ જળવડે સિંચેલા ચંપકવૃક્ષો અને વરૂણવૃક્ષો પ્રફુલ્લિત થાય છે.॥ વળી જ્યાં સ્ત્રીના કટાક્ષોવડે તિલકવૃક્ષો વિકસ્વર થાય છે, તથા વિરહવૃક્ષો સ્ત્રીના પંચમ (સરખો)[2] સ્વર સાંભળીને પ્રફુલ્લિત થાય છે॥ વળી તારવૃક્ષ શૃંગારવાળી અને મનોહર વેષવાળી સ્ત્રીના તંબોલના સ્પર્શથી (પ્રફુલ્લિત થાય છે તે સર્વ **મૈથુનસંજ્ઞા** છે).॥ તથા પ્રાયઃ (વિશેષતઃ) કોકનદનો કન્દ ક્રોધવડે હુંકાર કરે છે તે **ક્રોધસંજ્ઞા** છે.॥ વળી રૂદંતી નામની વલ્લી (જેના રસથી સ્વર્ણ બને છે) તે માનવડે ઝરે છે (જાણે આંસુ પાડતી હોય તેમ દેખાય છે) તે **માનસંજ્ઞા** છે. તથા વેલડીઓ પોતાનાં ફળોને (પત્રાદિના સમૂહથી) ઢાંકી દે છે તે **માયાસંજ્ઞા** વડે છે.॥ અને બિલ્લવૃક્ષ તથા પલાશવૃક્ષ પોતાનાં મૂળ નિધાન ઉપર નાખે છે તે **લોભસંજ્ઞા** વડે છે.॥ રાત્રે કમળોનો સંકોચ થાય છે તે **લોકસંજ્ઞા** વડે છે, અને વેલડીઓ માર્ગ છોડીને પણ વૃક્ષ ઉપર ચઢે છે તે **ઓઘસંજ્ઞા** વડે છે.॥ શ્રી જીનેશ્વરોએ એકેન્દ્રિય જીવોને પણ ( પૂર્વોક્ત રીતે ) એ ૧૦ સંજ્ઞાઓ કહી છે. અને બીજી મોહ–સુખ–દુઃખ–વિચિકિત્સા

---

૧–૨. એ ગાથાઓમાં અનુક્રમે વનસ્પતિને પાંચે ઇન્દ્રિયોના વિષયો ભિન્ન ભિન્ન દર્શાવ્યા.

શોક–અને ધર્મ ( એ ૬ ) સંજ્ઞાઓ હોતી નથી. ॥ **इति संज्ञाधिकारः** ॥ ૧–૯ ॥

## ॥ अथ लेश्याधिकारः ॥

અથવા સંજ્ઞાઓ અને લેશ્યાઓમાં ભેદ છે. ત્યાં આત્મ-વેદના ( જીવને પોતાને જે અનુભવમાં આવે ) તે સંજ્ઞા તે બે પ્રકારની છે. ૧ જીવોના શુદ્ધવીર્યથી–યોગથી ઉત્પન્ન થયેલી અને ૨ અશુદ્ધ વીર્યથી–યોગથી ઉત્પન્ન થયેલી. ॥ ત્યાં પરિણામથી ઉત્પન્ન થયેલી અને શ્લેષ દ્રવ્યરૂપ કર્મગત ભાવવાળી ( તે ભાવલેશ્યા) અને કૃષ્ણાદિ દ્રવ્યના સાચિવ્ય–પણાથી ( સંબંધથી ) સ્ફટિકની પેઠે આત્મા ( જે રીતે કૃષ્ણાદિ ભાવ વાળો થાય છે તે કૃષ્ણાદિ દ્રવ્યો ) દ્રવ્યલેશ્યા છે.॥ ( તે ૬ લેશ્યાઓનાં દ્રષ્ટાન્ત આ પ્રમાણે–) જેમ અત્યંત પાકી ગયેલા ફળોના બહુ ભાર વડે નમી ગયેલ સર્વ અંગ-વાળા એક મહાન જંબૂવૃક્ષને ( કોઈ ૬ મુસાફરોએ ) દેખ્યો. તે સર્વેએ એકબીજાને કહ્યું કે આપણે બીજા ફળો વિગેરેથી શું કામ છે? આ જંબૂફળોનું જ ભક્ષણ કરીએ.॥ (પરન્તુ તેમા એકે કહ્યું મૂળ સહિત વૃક્ષ નીચે પાડીએ ઈત્યાદિ રીતે યાવત્ છઠ્ઠાએ કહ્યું કે કેવળ જાંબૂ જે નીચે પડયાં છે તે-જ વીણી લઈએ એ ૬ જુદા જુદા કથન રૂપ ) દ્રષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે છે–જે એમ કહે છે કે વૃક્ષને મૂળમાંથી જ છેદો તે જીવ **कृष्णलेश्या** માં વર્તે છે, અને મહાશાખા-ઓને છેદવાનું કહેનાર **नीललेश्या** માં વર્તે છે.॥ પ્રશાખાઓ છેદવાનું કહેનાર **कापोत** લેશ્યાવાળો, ગુચ્છાઓ છેદવાનું

કહેનાર **તેજોલેશ્યા**માં, ફળો તોડી ખાવાનું કહેનાર **પદ્મલેશ્યા**માં અને પડેલાં ફળ વીણી ખાવાનું કહેનાર **શુક્લ** લેશ્યામાં વર્તે છે. અથવા બીજું પણ ઉદાહરણ આ પ્રમાણે છે–ાા એક ગામનો વધ કરવા માટે ( એટલે ગામને હણીને પણ ચોરી કરવા માટે ) ૬ ચોર નિકળ્યા, તેમાંના એક ચોરે કહ્યું કે દ્વિપદ ( મનુષ્યાદિ હોય ) કે ચતુષ્પદ ( પશુ આદિ ) જે હોય તે સર્વનો જે દેખાય તેનો ઘાત કરવો.ાા બીજો કહે છે ( પશુનો નહિ પણ ) મનુષ્યોને જ હણવા, ત્રીજો કહે છે કે ( મનુષ્યમાં પણ સ્ત્રીઓ વર્જીને ) પુરૂષોને જ હણવા, ચોથાએ કહ્યું ( પુરૂષોમાં પણ શસ્ત્ર રહિતને વર્જી ) શસ્ત્રવાળાઓનેજ હણવા, પાંચમાએ કહ્યું ( શસ્ત્રવાળા પુરૂષોમાં પણ ) જે સ્હામા યુદ્ધ કરે તેનેજ હણવા, અને છઠ્ઠાએ એમ કહ્યું કે કેવળ તેઓનું એક ધનજ હરણ કરવું, પણ બીજા કોઈને મારવો નહિ, એ પ્રમાણે ન કરો, કેવળ ધન હરણ કરો એમ કહ્યું ત્યાં સુધી કહેવાવાળા તે ૬ ચોરોનો ઉપસંહાર ( એટલે ઉપનય ) આ પ્રમાણે છે.ાા સર્વને હણો એમ કહેનાર તે ચોર કૃષ્ણલેશ્યાના પરિણામવાળો વર્તે છે, એ પ્રમાણે અનુક્રમે શેષ ચોર સંબંધિ લેશ્યાઓ પણ યાવત્ છઠ્ઠો ચોર શુક્લ લેશ્યાવાળો છે ત્યાંસુધી જાણવું એ બન્ને દ્રષ્ટાન્તોની સંક્ષિપ્ત સંગ્રહવાળી ગાથા આ પ્રમાણે છે–મૂળ–શાખા–પ્રશાખા–ગુચ્છા–ફળ–એ પાંચનો છેદ કરો એમ કહેનાર અને પડેલા ફળનું ભક્ષણ કરો એમ કહેનાર ( અનુક્રમે ૬ લેશ્યાવાળા છે ) તથા સર્વને–મનુષ્યને–પુરૂષોને–શસ્ત્ર ધારીને–અને યુદ્ધ કરતાને હણવા તથા કેવળ ધન

હરણ કરવું (એમ ૬ રીતે કહેનાર અનુક્રમે ૬ લેશ્યાવાળા છે) ॥ ૧-૧૦ ॥

## ॥ ૬ લેશ્યાઓનાં ભિન્ન ભિન્ન લક્ષણો ॥

વૈર વડે અનુકંપા રહિત, અતિ પ્રચંડ, દુર્મુખ (દુષ્ટ ગાળ વિગેરે બોલનાર), તિક્ષ્ણ સ્વભાવવાળો, કઠોર હૃદયવાળો, અધ્યાત્મભાવ રહિત અને તુર્ત વધ કરવામાં તૈયાર એવો જીવ **कृष्णलेश्या** માં વર્તતો જાણવો.॥ માયાદંભમાં કુશળ ઉત્કૃષ્ટ લોભ-આશક્તિવાળો, ચપળ અને ચળાયમાન ચિત્તવાળો, મૈથુનમાં તીવ્ર અભિલાષવાળો અને અસત્યપ્રલાપી જીવ **नीललेश्या** માં વર્તનારો જાણવો.॥ મૂઢ, આરંભમાં પ્રીયતાવાળો, સર્વ કાર્યોમાં પાપને નહિં ગણનારો તથા હાનિ વૃદ્ધિ (એટલે લાભાલાભ) નહિં ગણનારો અને ક્રોધયુક્ત એવો જીવ **कापोतलेश्या** માં વર્તનારો જાણવો.॥ દક્ષ (ડાહ્યો) સંવર (પાપકર્મને રોકવાના) સ્વભાવવાળો, સરળ હૃદયવાળો, દાનગુણ અને શીલગુણમાં કુશળ, ધર્મને વિષે બુદ્ધિવાળો અને રોષ-ક્રોધ રહિત એવો જીવ **तेजोलेश्या**માં વર્તે છે.॥ જીવો પર અનુકંપાવાળો, સ્થિરસ્વભાવી, નિશ્ચયે સર્વ જીવોને દાન આપનારો, અતિકુશલ બુદ્ધિવાળો અને ધૈર્યવાન જીવ **पद्मलेश्या** માં વર્તે છે.॥ જેની ધર્મમાં બુદ્ધિ હોય છે, સર્વ કાર્યોમાં પાપારંભનો ત્યાગ કરે છે, આરંભ સમારંભમાં રાજી થતો નથી અને અપક્ષપાતી એવો જીવ **शुक्ललेश्या**માં વર્તે છે. ॥ કૃષ્ણાદિ દ્રવ્યોના સંયોગથી સ્ફટિકના સરખો આત્માનો જે પરિણામ કે જેનાથી કાર્ય-

પ્રવૃત્તિ ( શુભાશુભાધ્યવસાય રૂપ કાર્યની પ્રવૃત્તિ ) થાય છે તે **દ્રવ્યલેશ્યા** છે.।। આત્માનો (શુભાશુભ) પરિણામ કે જે સર્વત્ર સમાપ્ત કાર્ય સંપત્તિવાળો છે તે કર્મના નિસ્યંદ (–સાર) રૂપ **ભાવલેશ્યા** જાણવી.।। યાવત્ શુક્લલેશ્યા સુધીની દરેકના પરિણામ ૩–૯–૨૭–૮૧–૨૪૩[1] તેથી ઘણા અને તેથી પણ ઘણા પ્રકારના હોય છે.।। પ્રત્યેક લેશ્યા અનંત અનંત વર્ગણા યુક્ત કહી છે તેમજ તે અનંત વર્ગણાઓ ( માંની દરેક વર્ગણા પણ ) સર્વે અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાહ વાળી છે.।। ૧૧–૨૦ ।।

તે સર્વ લેશ્યાઓનાં (પ્રત્યેકનાં) અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે, અને ક્ષેત્ર માર્ગણા વડે તે અસંખ્ય લોકાકાશના આકાશ પ્રદેશ પ્રમાણ છે. ।। ( તથા કાળ માર્ગણા વડે ) અસંખ્ય અવસર્પિણી અને અસંખ્ય ઉત્સર્પિણીના જેટલા સમય છે તેટલાં અને ક્ષેત્રથી અસંખ્ય લોકના આકાશપ્રદેશ જેટલાં તે લેશ્યાઓનાં અધ્યવસાય સ્થાનો છે. ।। કેટલાએક આચાર્યો યોગાન્તર્ગત દ્રવ્યને (દ્રવ્યથી) લેશ્યા સયોગિ–કેવલિ સુધી કહે છે, અને તે કારણથીજ અયોગિ ગુણસ્થાને પણ તે લેશ્યા હોતી નથી, માટે એ વચન યુક્તિવાળું જણાય છે. ।। જો કે તે લેશ્યાઓ કષાય સ્વભાવવાળી

---

૧ જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ એ ૩ ભેદ પુનઃ એ ત્રણેના દરેકના જ૦ મ૦ ઉ૦ ભેદ ગણતાં ૯ ભેદ પુનઃ તેના પણ દરેકના જ૦ મ૦ ઉ૦ ભેદ ગણતાં ૨૭ એ રીતે ત્રણ ગુણી ત્રણ ગુણી પરિપાટીએ ૮૧–૨૪૩–૭૨૯ ઈત્યાદિ રીતે ઘણા પ્રકારના ભેદ જાણવા. યાવત્ અસંખ્ય ભેદ જાણવા.

અથવા કષાય સ્હાયક નથી, પરન્તુ જે કારણથી તે લેશ્યાઓ કષાય સાથે અન્યોઅન્યવૃત્તિવાળી (પરસ્પર સંબંધવાળી) રહેલી છે માટે તે લેશ્યાઓ કષાયવાળા જીવોને કષાય ઉદ્દીપન્ન કરવામાં જોડાય છે. ॥ (એમ કેટલાએક આચાર્યો માને છે)॥ જો લેશ્યાઓ કર્મનો નિસ્યંદ છે તો તે કયા કર્મોનો નિસ્યંદ છે? જો કહો કે ઘાતિકર્મનો નિસ્યંદ તે લેશ્યાઓ છે તો સયોગિ કેવલિને તે લેશ્યા ન હોઇ શકે! ॥ જો કહો કે ભવોપગ્રાહિ કર્મોનો નિસ્યંદ તે લેશ્યા છે, તો અયોગિકેવલિને તે લેશ્યા કેમ ન હોય? જે કારણ માટે ચોથું જે શુક્લધ્યાન છે તે તો લેશ્યા રહિત કહ્યું છે. ॥ જો કે લેશ્યાઓ કષાયને પુષ્ટિ કરનારી છે, પરન્તુ (વાસ્તવિક રીતે તો) અનુભાગબંધનુંજ કારણ છે, તેથીજ કહ્યું છે કે "કર્મોની સ્થિતિ તથા અનુભાગ કષાયથી હોય છે, અને પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ યોગથી હોય છે. ॥ લેશ્યાઓને કર્મના સહચારી કારણરૂપ અનુભાગ ગુણના હેતુરૂપ કહી છે, એ પ્રમાણે લેશ્યાઓ સંબંધિ સર્વ પ્રકારનું વિજ્ઞાન (સિદ્ધાન્તોમાં) કહ્યું છે. ॥ અતિ વિશુદ્ધ અને અતિ પ્રશસ્ત લેશ્યા શુભધ્યાનને શોભાવનારી (ઉત્પન્ન કરનારી) કહી છે, અને અવિશુદ્ધ તથા અપ્રશસ્ત લેશ્યા દુર્ધ્યાનને ઉત્પન્ન કરવાના સ્વભાવ વાળી છે. ॥ વળી કર્મનો નિસ્યંદ હોવાથી અનુભાગના કારણરૂપ લેશ્યા ભાવ લેશ્યા ગણાય છે, અને યોગોની કારણ પ્રવૃત્તિમાં નિમિત્તવાળી લેશ્યા તે દ્રવ્ય લેશ્યાં છે. એ પ્રમાણે એ લેશ્યાઓનું સ્વરૂપ કહ્યું. ॥ इति लेश्याऽधिकारः ॥ ૨૧-૩૦ ॥

## ॥ अथ ध्यानाऽधिकारः ॥

શુકલધ્યાન રૂપી અગ્નિ વડે બાળી દીધેલ છે કર્મરૂપી કાષ્ટ જેણે એવા તથા યોગિઓના ઇશ્વર અને શરણુ કરવા યોગ્ય એવા શ્રી વીર પ્રભુને નમસ્કાર કરી હું (શ્રી હરિભદ્રસૂરિ) ધ્યાન સંબંધિ અધ્યયન કહીશ. ॥ જે સ્થિર અધ્યવસાય તે **ધ્યાન** કહેવાય, અને જે ચળાયમાન ચિત્ત હોય તે ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા ચિન્તા કહેવાય. ॥ અન્તર્મુહૂર્ત્ત સુધી એક વસ્તુમાંજ ચિત્તનું જે અવસ્થાન–સ્થિરતા રહે તે છદ્મસ્થ જીવોને માટે **ધ્યાન** કહ્યું છે, અને શ્રી જીનેશ્વરોને તો યોગનિરોધ એ જ ધ્યાન છે. ॥ અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થાય બાદ (ધ્યાનકાળ વીત્યાબાદ) ચિન્તા અથવા બીજું ધ્યાન હોય છે. કારણ કે ઘણી વસ્તુઓમાં ચિત્તનો સંક્રમ થતાં દીર્ઘકાળ સુધી પણ ધ્યાનની સંતતિ–ધ્યાન પરંપરા ચાલુ રહી શકે છે. ॥ આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાન–ધર્મધ્યાન–અને શુકલધ્યાન એમ ચાર પ્રકારનાં ધ્યાન છે તેમાં બે છેલ્લાં ધ્યાન મોક્ષનું સાધન છે, અને આર્ત તથા રૌદ્રધ્યાન સંસાર વૃદ્ધિનું કારણ છે. ॥ ૧–૫ ॥

## ॥ आर्त ध्याननुं स्वरुप ॥

અમનોહર એવા શબ્દાદિ વસ્તુઓનો તે વસ્તુઓ પ્રત્યે દ્વેષ બુદ્ધિરૂપ મલિનતાવાળા જીવને જે વિયોગનો અત્યન્ત વિચાર થવો (અર્થાત્ અમનોજ્ઞ શબ્દાદિ વિષયો દૂર થાય તો ઠીક એમ વિચારવું) તે તથા હવેથી અનિષ્ટ વિષયોને યોગ ન થવાનું વિચારવું તે **अनिष्टा संप्रयोगानुसारि**

પહેલું આર્ત્તધ્યાન કહ્યું છે. ॥ તથા શૂલરોગ શીર્ષરોગ આદિ વેદનામાં તે વેદના દૂર કરવાના ઉપાયમાં વ્યાકુળ ચિત્તવાળા જીવને જે વેદનાનો વિયોગ ( વેદના ક્યારે મટે ) વિચારવો તે **वेदनाऽसंप्रयोग चिंता** નામનું બીજું આર્ત્તધ્યાન કહ્યું છે. ॥ તથા ઈષ્ટ વિષયોને વેદવામાં–ભોગવવામાં રાગવાળા જીવને તે ઈષ્ટ વિષયોનો વિયોગ ન થવા સંબંધિ અધ્યવસાય તથા સંયોગ–ઇષ્ટ વિષયોની પ્રાપ્તિનો અભિલાષ તે **इष्टसंयोग** નામનું ત્રીજું આર્ત્તધ્યાન છે. ॥ તથા દેવેન્દ્રપણું ચક્રવર્તિપણું તથા ગુણ પ્રાર્થના અને ઋદ્ધિની પ્રાર્થનાવાળું ( અર્થાત્ દેવેન્દ્રપણું ઈત્યાદિ પરભવમાં પ્રાપ્ત થાય તો ઠીક એવી ઇચ્છાવાળું ) અત્યન્ત અજ્ઞાન વડે વ્યાપ્ત અને અતિ અધમ એવું જે નિયાણું–નિદાન ચિંતવવું તે **निदान** નામનું ચોથું આર્ત્તધ્યાન છે. ॥ એ પ્રમાણે રાગદ્વેષ રૂપી મોહ વડે સહિત એવા જીવને પૂર્વોક્ત ચાર પ્રકારનું આર્ત્તધ્યાન સંસારવૃદ્ધિ કરનારૂં અને તિર્યંચ ગતિનું કારણ છે. ॥ મધ્યસ્થ વૃત્તિવાળા રાગદ્વેષની સત્તાવાળા મુનિને તો આ ( સંયોગ વિયોગ વેદનાદિ ) સ્વકર્મ પરિણામથી ઉત્પન્ન થાય છે એ પ્રમાણે વસ્તુ સ્વભાવ ચિંતવવામાં તત્પર થયેલા અને સમ્યક્ પ્રકારે પરિષહ સહન કરતા મુનિને તથા પ્રશસ્ત આલંબનનો ઉપાય જે અલ્પ સાવદ્યવાળો અથવા સાવદ્યના અભાવવાળો છે તેવા ઉપાયને કરતા તથા નિદાન રહિત તપસંયમરૂપ ઉપાયવાળા ધર્મને સેવતા એવા મુનિને (ધર્મધ્યાન હોય છે.)॥ જે કારણથી રાગ દ્વેષ અને મોહ સંસારના હેતુ કહ્યા છે, તે કારણથી આર્ત્તધ્યાનમાં એ ત્રણે હોય છે માટે તે આર્ત્તધ્યાન સંસારરૂપી વૃક્ષનું બીજ છે. ॥ આર્ત્તધ્યાનને પ્રાપ્ત

થયેલા જીવની કર્મ પરિણામથી ઉત્પન્ન થયેલી કાપોત નીલ અને કૃષ્ણ એ લેશ્યાઓ (આર્ત્તધ્યાનમાં) અતિ સંકિલષ્ટ ન હોય. ॥ તે આર્ત્તધ્યાનનાં આક્રન્દ કરવો—શોક કરવો—વિલાપ કરવો—અને તાડના (માથું કૂટવું—છાતી કૂટવી) એ ચાર લિંગ છે. અને તે ઇષ્ટવિયોગ અનિષ્ટનો અવિયોગ તથા વેદના (એ ત્રણ) આર્ત્તધ્યાનમાં નિમિત્તવાળાં છે (અર્થાત્ એક ધ્યાનથી ૪ લિંગોની ઉત્પત્તિ છે). ॥ પોતાનાં શીલ્પ વ્યાપારાદિ કાર્યોની નિંદા કરે, વિભૂતિથી—પરની સમૃદ્ધિથી વિસ્મયવાળો (એટલે રાજી) થયો છતો પ્રશંસા કરે, તો સમૃદ્ધિઓની પ્રાર્થના કરે, તેમાં રાજી થાય અને તે ઉપાર્જન કરવામાં તત્પર થાય (તે આર્ત્તધ્યાની કહેવાય).॥ શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધિ—આશક્તિવાળો, શ્રેષ્ટ ધર્મથી વિમુખ પ્રમાદમાં તત્પર, અને જીનેન્દ્ર દર્શનની અપેક્ષા નહિં રાખતો એવો જીવ आर्त्तध्यान માં વર્તે છે એમ જાણવું.॥ તે આર્ત્તધ્યાન અવિરત દેશવિરત અને પ્રમત્ત મુનિને અનુસરનારૂં (એટલે એ ત્રણને) હોય છે, એ ધ્યાન સર્વ પ્રમાદનું મૂળ છે માટે મુનિજનોએ વર્જવા યોગ્ય છે.॥ इति आर्त्तध्यानम् ॥ ૬—૧૮ ॥

## ॥ रौद्रध्यानस्वरुपम् ॥

જીવોનો વધ કરવો, બાંધવું, બાળવું, ડામ આદિ દેવા, મારવું, ઈત્યાદિ ભયંકર કાર્યોના ચિંતવનવાળું, અતિક્રોધરૂપી ગ્રહથી ગળાયલું (એટલે અતિ ક્રોધ વડે વ્યાપ્ત થયેલું, નિર્દયતાવાળું, અને અશોભન—દુષ્ટવિપાકવાળું રૌદ્ર

ધ્યાન[1] છે.॥ ચાડી કરવી, અસભ્ય વર્તન, અસદ્ભૂતપ્રણિધાન (કલંક વિગેરે આપવાં), પ્રાણિનો ઘાત કરવો ઈત્યાદિ વચન પ્રણિધાનવાળું એ રૌદ્રધ્યાન[2] અતિશય ઠગાઈ કરવામાં તત્પર અને છાનું પાપ સેવનાર એવા માયાવી જીવને હોય છે.॥ તથા પ્રાણિનો ઘાત કરવાવાળું અનાર્ય પાપમય અથવા અપકૃત્યરૂપ પરધનને હરણ કરવાની ચિંતાવાળું, અને પરલોકના કષ્ટની અપેક્ષારહિત એવું એ રૌદ્રધ્યાન[3] તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાપ્ત થયેલા જીવને હોય છે.॥ શબ્દાદિ વિષયોના સાધનવાળું, ધનનું સંરક્ષણ કરવામાં તત્પર અને અનિષ્ઠ, તથા સર્વ પ્રત્યે અભિશંકા અવિશ્વાસવાળું, અને પરપ્રાણિનો ઘાત કરવામાં મલિનતા વડે વ્યાપ્ત થયેલ ચિત્તવાળું એ રૌદ્રધ્યાન[4] (એ પ્રમાણે ૪ પ્રકારનું[5]) છે.॥ એ પ્રમાણે ચાર પ્રકારનું રૌદ્રધ્યાન કરવું કરાવવું અને અનુમોદવું એ ૩ રીતે હોય છે, તે અવિરત અને દેશવિરત જીવોના ચિત્તવડે સેવાયલું (એટલે પાંચમા ગુણ–સ્થાન સુધીના જીવોને હોય છે) અને અધન્ય–દુષ્ટ હોય છે.॥ તથા એ ચારે પ્રકારનું રૌદ્રધ્યાન રાગ દ્વેષ અને મોહ યુક્ત જીવને હોય છે, માટે તે સંસારની વૃદ્ધિ કરનારૂં અને નરકગતિનું મૂળ છે.॥ રૌદ્રધ્યાનનાં વ્યાપ્ત થયેલા જીવને કર્મપરિણામથી ઉત્પન્ન થયેલી કાપોત નીલ અને કૃષ્ણ એ ત્રણે લેશ્યાઓ અતિસંકિલષ્ટ હોય છે.॥ તે હિંસા-

---

૧ હિંસાનુંબંધિ રૌદ્રધ્યાન છે.

૨ મૃષાનુંબંધિ રૌદ્રધ્યાન. ૩ સ્તેયાનુબંધિ રૌદ્રધ્યાન.

૪ સંરક્ષણાનુબંધિ રૌદ્રધ્યાન. ૫ એ ચાર ગાથામાં ૪ ભેદ કહ્યા.

દિક ચારેમાં બાહ્ય કરણ (વચન કાયા) વડે વ્યાપ્ત થયેલ એવા જીવને એ રૌદ્રધ્યાનનાં ૪ લિંગ હોય છે, ૧ ઉત્સન્નદોષ (સતત પ્રવૃત્તિ), ૨ બહુલદોષ ( સર્વ એ જ પ્રમાણે પ્રવૃત્તિ ), ૩ નાનાવિધ દોષ (ચામડી ઉખાડવી, નેત્ર ઉખાડવાં ઈત્યાદિ), ૪ આમરણ દોષ (કાલસૌકરિકવત્ મરણ સુધી હિંસાદિ પ્રવૃત્તિ) ।। રૌદ્રધ્યાન યુક્ત ચિત્તવાળો જીવ પરનું કષ્ટ દેખી આનંદ પામે છે, (પરના પ્રાણો હણવામાં) નિરપેક્ષ ( ગણત્રિ વિનાનો અર્થાત્ ભલે હણાય તો પણ શું એવો ) હોય છે, નિર્દય હોય છે, સંતાપ રહિત હોય છે, (અર્થાત્ પાપ કરીને પશ્ચાતાપ થાય નહિં એવો હોય છે) અને પાપ કરીને હર્ષ પામે છે. ।। **इति रौद्रध्यानम्** ।। ૧૯–૨૭ ।।

## ।। धर्मध्यान स्वरुपम् ।।

( ધર્મધ્યાનની ૧૨ માર્ગણા કહે છે– ) ધ્યાનની–ભાવના–દેશ–કાળ–આસનવિશેષ – આલંબન–ક્રમ - ધ્યાતવ્ય-ધ્યેય–ધ્યાતાર–ત્યારબાદ અનુપ્રેક્ષા–લેશ્યા–લિંગ–ફળ–એ (૧૨ માર્ગણા) જાણીને તત્કૃતયોગવાળા (પ્રશસ્ત યોગ–તપશ્ચર્યાદિ યોગવાળા) મુનિ પ્રથમ ધર્મધ્યાન ધ્યાવે અને ત્યારબાદ શુક્લધ્યાન ધ્યાવે. ।। પૂર્વકૃત અભ્યાસવાળો જીવ ધ્યાનની ભાવનાઓ વડે ધ્યાન કરવાની યોગ્યતા પામે છે, અને તે ભાવનાઓ જ્ઞાન દર્શન અને ચારિત્ર તથા વૈરાગ્યથી ઉત્પન્ન થયેલી જાણવી[૧].।। જ્ઞાનનો નિત્ય અભ્યાસ કરવો, જ્ઞાનમાં મન ધારણ

---

૧ અર્થાત્ જ્ઞાન ભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના, અને વૈરાગ્યભાવના એ પ્રમાણે ધર્મધ્યાનની ૪ ભાવના જાણવી.

કરવું, જ્ઞાનની વિશુદ્ધિ કરવી, એ પ્રમાણે જ્ઞાન ગુણુનો જેણે સાર જાણ્યો છે એવો જીવ નિશ્ચલમતિ–બુદ્ધિવાળો થયો છતો ધ્યાન કરે (અર્થાત્ જ્ઞાનાભ્યાસ વિગેરે ધ્યાનમાં રહે) તે **જ્ઞાનભાવના.**।। શંકા આદિ દોષ રહિત, પ્રશમ સ્થિરતા આદિ ગુણના સમૂહવાળો અને પર દર્શનમાં અમોહિત ચિત્તવાળો થયો છતો દર્શન શુદ્ધિ વડે જે ધ્યાનમાં રહે તે **દર્શનભાવના** ચારિત્ર વડે નવા કર્મનું અગ્રહણ અને પૂર્વ કર્મોની નિર્જરા તથા શુભ કર્મનું ગ્રહણ પ્રાપ્ત થાય છે એ ચારિત્રભાવના વડે ધ્યાન પ્રયત્ન રહિત–અનાયાસે પ્રાપ્ત થાય છે (**ચારિત્ર-ભાવના**).।। સમ્યક્ પ્રકારે જાણ્યો છે જગત્‌નો સ્વભાવ જેણે એવો નિઃસંગી, નિર્ભય, આશારહિત; એવો વૈરાગ્યભાવના યુક્ત મનવાળો જીવ ધ્યાનમાં જે અતિ નિશ્ચલ થાય છે (તે **વૈરાગ્યભાવના** જાણવી).।। (એ ૪ **ભાવના** કહી.) હંમેશાં મુનિને ધ્યાનકાળને વિષે સ્ત્રી પશુ નપુંસક અને દુરાચારીઓ રહિત એવું નિર્જન (એકાન્ત) સ્થાન (તે ધ્યાન તો **દેશ** કહેવાય) છે.।। જેણે યોગ સ્થિર કર્યા છે એવા દ્રઢ મનવાળા મુનિ તો ધ્યાન પ્રસંગે લોક સમૂહવાળા ગામમાં કે અરણ્યમાં રહે તો પણ કંઈ વિશેષ નથી.।। તે કારણથી ધ્યાન કરનાર જીવને જયાં મન વચન કાયાની સમાધિ–સ્થિરતા થાય અને જીવના ઉપદ્રવ રહિત હોય તેવું સ્થાન તે ધ્યાનનો **દેશ** જાણવો.।। વળી ધ્યાન કરનારને **કાળ** પણ નિશ્ચયે તેજ જાણવો કે જે કાળમાં ઉત્તમ યોગસમાધિ (–યોગસ્થૈર્ય) પ્રાપ્ત થાય. પરંતુ એમાં દિવસ કે રાત્રિના કાળનો કંઈપણ નિયમ નથી.।। નિશ્ચયે અભ્યાસ કરાયલી જે દેહ અવસ્થા (એટલે

આસન ) ધ્યાન કરવામાં પ્રતિકૂળ ન હોય તેજ અવસ્થાએ ઉભો છતો, અથવા બેઠો છતો પણ ખેદ રહિત ધ્યાન કરે. ॥ ઘણાએ જીવો સર્વ દેશ કાળ અને આસનોમાં વર્તતાં સર્વ પાપો શાન્ત કરીને કેવળજ્ઞાનાદિકનો લાભ પામ્યા છે. ॥ ૨૮–૪૦ ॥.

માટે સિદ્ધાન્તને વિષે ધ્યાન કરનાર માટે દેશકાળ કે આસનનો કંઇપણ નિયમ કહ્યો નથી, પરન્તુ જે પ્રકારે યોગોની સ્થિરતા થાય તે પ્રકારે પ્રયત્ન કરવો.॥ વાચના–પૃચ્છના–પરિવર્તના–અનુચિંતવન તથા સામાયિક વિગેરે શ્રેષ્ટ ધર્માવશ્યકો એ ધ્યાન કરનાર માટે **आलंबनो** છે. ॥ જેમ વિષમસ્થાનમાં ( ખાડા વિગેરેમાં ) પડેલો પુરૂષ દ્રઢ દ્રવ્યના ( દ્રઢ વેલડી આદિકના ) આલંબનથી ઉપર ચઢી આવે છે તેમ શ્રુત વિગેરેના કરેલા આલંબનવાળો ધ્યાની જીવ ઉત્તમ-ધ્યાન ઉપર ચઢે છે.॥ ભવકાળમાં ( સયોગીપણાને અન્તે ) કેવલિ ભગવંતને ધ્યાન પ્રતિપત્તિનો ( પ્રાપ્તિનો ) ક્રમ મનો-યોગના નિગ્રહથી શરૂ થાય છે (કારણ કે પ્હેલો મનોયોગ બાદ વચનયોગ બાદ કાયયોગ નિગ્રહ છે ) અને શેષ જીવોને તો જે રીતે સમાધિ (સ્વસ્થતા ) ઉપજે તેવી રીતનો ક્રમ જાણવો.॥ તથા આજ્ઞાવિચય–અપાયવિચય–વિપાક વિચય–અને સંસ્થાનવિચય એ ચાર ધર્મધ્યાનના ભેદ–પદ –પાયા તે **ध्यातव्य** (ધ્યેય) જાણવા.॥ જગતમાં દીપક સરખા જીનેશ્વરોની આજ્ઞા અતિ નિપુણ, અનાદિ અનન્ત, જીવોને હિતકારી, સત્ય ભાવનાવાળી, મહામૂલ્યવાળી, અપાર. અજીત, મહાઅર્થવાળી, મહાપ્રભાવશાળી, મહાવિષય ( પદાર્થ )

વાળી, નિરવદ્ય, અનિપુણ જનોથી દુઃખે જાણી શકાય એવી, તથા નય ગમ ભંગ અને પ્રમાણવાળા સિદ્ધાન્તો વડે અતિ ગહન છે, એ પ્રમાણે જીનાજ્ઞાનું ધ્યાન કરે તે **આજ્ઞાવિચય** નામનું પ્હેલું ધર્મધ્યાન (ધ્યેય–ધ્યાતવ્ય) છે.।। તે આજ્ઞામાં મતિની દુર્બલતા વડે અથવા તથા પ્રકારના આચાર્યના રહિતપણાથી જ્ઞેયના ગહન–ગંભીરપણા વડે અને જ્ઞાનાવરણના ઉદયવડે હેતુ ઉદાહરણ આદિ હોવા છતાં પણ એકવાર જો કે સારી રીતે ન સમજાય તો પણ " સર્વજ્ઞે કહ્યું તે સત્ય છે " એ પ્રમાણે બુદ્ધિમાન જીવ વિચારે (તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે). ।। કારણ કે યુગ પ્રધાન એવા શ્રી જીનેશ્વરો ઉપકાર નહિં કરનાર એવા પણ પર જીવો પ્રત્યે ઉપકાર કરવામાં તત્પર હોય છે અને રાગદ્વેષ તથા મોહને જીતેલ હોય છે તે કારણથી શ્રી જીનેશ્વરો અસત્યવાદી હોતા નથી ।। ૪૧–૫૦ ।।

સર્વ નદીઓની જે રેતી અને સર્વ સમુદ્રોનું જેટલું પાણી છે તેથી પણ અનન્ત ગુણ અર્થ એક સૂત્રનો (જીનેન્દ્ર વચનનો) છે.।। હજારો હેતુવાદો વડે વ્યાપ્ત થયેલ–બંધાયેલ એવા જીનેન્દ્ર વચનરૂપી મોદકને રાત્રિ દિવસ નિરન્તર ખાવા છતાં પણ પંડિત પુરૂષ તૃપ્તિ પામતો નથી.।। મનુષ્યગતિ નરકગતિ તિર્યંચગતિ અને દેવગતિનો જીવસમૂહ સંસાર સંબંધિ સર્વદુઃખોથી અને રોગોથી વ્યાકુળ થયેલને જીનેન્દ્ર વચનાગમરૂપી ઔષધ અક્ષય ફળરૂપ મોક્ષસુખ આપે છે. ।। **इति आज्ञाविचय धर्मध्यान** ।। રાગદ્વેષ કષાયરૂપી આશ્રવ વિગેરે ક્રિયાઓમાં વર્તતા જીવોને આ લોકમાં અને પર

લોકમાં પણ અપાય–કષ્ટ છે એમ નિરવદ્યપણે ધ્યાવું–ચિન્તવવું (તે **अपायविचय** છે).ા પ્રકૃતિ સ્થિતિ પ્રદેશ અને અનુભાગ એ ચાર પ્રકારનો શુભ અને ચાર પ્રકારનો અશુભ તથા ત્રણ યોગના પ્રભાવથી ઉત્પન્ન થયેલ એવો કર્મવિપાક છે, એમ વિચારવું (તે **विपाकविचय** નામે ત્રીજું ધ્યાતવ્ય –ધ્યેય) છે.ા જીનેશ્વર ભગવંતે દર્શાવેલ લક્ષણ, સંસ્થાન, વિધાન,[1] માનવાળા છએ દ્રવ્યોના જે ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ વિગેરે પર્યાયો (છે એમ ચિંતવવું તે **संस्थानविचय** નામે ચોથું ધ્યેય છે).ા આ લોક પાંચ અસ્તિકાય રૂપ છે, અનાદિ અનન્ત છે, નામ સ્થાપના આદિ ભેદવાળો છે, અને અધો લોક આદિ (ઉર્ધ્વલોક તથા તિર્યગ્લોક એ રીતે) ભેદથી ત્રણ પ્રકારનો છે, ઈત્યાદિ શ્રી જીનેશ્વરે આ લોકનું સ્વરૂપ કહ્યું છે (એમ ચિંતવવું તે સંસ્થાનવિચય).ા પૃથ્વીઓ–વલયો–દ્વીપ–સમુદ્રો–નરકાવાસો–વિમાનો–ભવનો વિગેરેનું સંસ્થાન (આકાર) ચિંતવવું તે **संस्थान** અને તે સર્વે નિરન્તર નિશ્ચયપૂર્વક આકાશઆદિકને (આકાશઘનોદધિ આદિકને) આધારે રહેલ છે એમ વિચારવું તે લોકસ્થિતિ વિધાન કહેવાય.ા ઉપયોગ લક્ષણવાળો, અનાદિઅનન્ત, અને શરીરથી અર્થાન્તર (કાયાથી ભિન્ન) અરૂપી તથા પોતાના કર્મનો કર્તા અને ભોક્તા એવો **जीव** છે.ા તે જીવના પોતાના કર્મથી ઉત્પન્ન થયેલ જે પ્રમાદ રૂપી જળવાળો, કષાયોવડે અતિ ઉંડો અને અતિ ચલાયમાન,

---

૧. એટલે પૃથ્વીઆદિ દ્રવ્યો કેવી રીત રહ્યાં છે તે વિચારવું તે વિધાન.

સેંકડો કષ્ટરૂપી શ્વાપદ (જળચર જીવ) વાળો, મહા મોહ-રૂપી આવર્ત્ત (જળભ્રમણ) વાળો, મહા ભયંકર, અજ્ઞાન રૂપી પવનથી પ્રેરાયેલા (ઉત્પન્ન થતા) સંયોગ વિયોગરૂપી તરંગોની પરંપરા શ્રેણીવાળો આ પાર અને સામી પાર એ બન્ને પાર (કિનારા) રહિત, અને અતિ અશુભ એવો આ સંસારરૂપી મહાસમુદ્ર છે. (એમ વિચારવું તે સંસ્થાનવિચય અથવા લોકવિચય ધ્યેય છે).॥૫૧–૬૧॥

તે સંસાર સમુદ્રને તારવામાં સમર્થ ચારિત્રરૂપ મહા પ્રવહણ છે, અને તે પ્રવહણ સમ્યગ્દર્શન વડે અતિ દ્રઢ બંધનવાળું, મહામૂલ્યવાળું, અને શ્રેષ્ટ કેવળજ્ઞાન રૂપી સુકાન વાળું (એટલે સર્વજ્ઞરૂપી સુકાનીવાળું) છે.॥ વળી તે ચારિત્ર રૂપી મહા વહાણ સંવર યોગ વડે નિશ્છિદ્ર થયેલું છે, તથા તપરૂપી પવનથી પ્રેરાયેલું તે વહાણ અતિશય શીઘ્ર વેગવાળું, વૈરાગ્યના માર્ગે પડેલું (પ્રયાણ કરેલું), દુર્ધ્યાન રૂપી તરંગો વડે ક્ષોભ નહિં પામતું, મહામૂલ્યવાળા શીલાંગ રૂપી રત્નો વડે પૂરાયેલ, એવા તે ચારિત્રરૂપી મોટા વહાણ ઉપર મુનિજન રૂપી વણિકો–વ્યાપારીઓ ચઢીને–બેસીને નિર્વિઘ્નપણે શીઘ્ર યથાર્થ મોક્ષનગરમાં પહોચે છે.॥ અને તે મોક્ષનગરમાં મુનિઓ ત્રણ રત્નના વિનિયોગમય (જ્ઞાનાદિ રત્નત્રયીથી ઉત્પન્ન થયેલ) એકાન્તિક નિરાબાધ સ્વાભાવિક અને અક્ષય એવું શ્રેષ્ટ સુખ પ્રાપ્ત કરે છે.॥ ઘણું કહેવાથી શું? અર્થાત્ નિશ્ચયે જીવાદિપદાર્થોના વિસ્તા-રવાળા અને સર્વનયોના સમૂહવાળા એવા સિદ્ધાન્તના ભાવોને સર્વ રીતે વિચારવા (તે ધર્મધ્યાન છે). ॥ સર્વ

પ્રમાદ રહિત અને ( એટલે અપ્રમત્તથી ) ક્ષીણમોહ તથા ઉપશાન્ત મોહ (સુધીના) મુનિઓ જ્ઞાનરૂપી ધનવાળા તે આ ધર્મધ્યાનના ધ્યાતાર (ધ્યાન કરનારા) કહ્યા છે. ॥ પૂર્વોક્ત ધર્મધ્યાનના ધ્યાતાર તેજ શુક્લધ્યાનના પ્રથમના બે ભેદના નિશ્ચયે ધ્યાતાર જાણવા, પરન્તુ વિશેષ એ છે કે શુક્લધ્યાનના એ પ્હેલા બે ભેદના ધ્યાતા પૂર્વધર-અને ઉત્તમ સંઘયણવાળા હોય છે, અને છેલ્લા બે શુક્લધ્યાનના ધ્યાતાર અનુક્રમે સયોગી અને અયોગી કેવલિ છે.॥ જે પ્રથમ ધર્મધ્યાનવડે સુભાવિત ચિત્તવાળા એવા મુનિ ધ્યાનથી વિરામ પામ્યા બાદ પણ હંમેશાં અનિત્યાદિ ભાવનાઓ ભાવવામાં તત્પર હોય છે. ॥ ધર્મધ્યાનમાં રહેલા મુનિને કર્મની વિશુદ્ધિ હોવાથી (વિશુદ્ધિને અનુસારે) તીવ્રમંદ આદિ અનેક ભેદવાળી પદ્મ તૈજસ અને શુક્લ એ ત્રણ લેશ્યાઓ હોય છે.॥ આગમ ઉપદેશ આણા અને સ્વભાવથી જીનેન્દ્ર-પ્રણીત ભાવોની શ્રદ્ધા તે ધર્મ ધ્યાનનું લિંગ છે.॥ જીનેન્દ્રનું અને સાધુનું ગુણ કીર્તન, પ્રશંસા, દાન, અને વિનયને પ્રાપ્ત થયેલ તથા શ્રુતજ્ઞાન-શીલ-અને સંયમમાં રતિવાળો જીવ ધર્મ ધ્યાની છે એમ જાણવું ( અહિં ધર્મધ્યાનની ૧૨ મી માર્ગણા फळ રૂપ કહી. કારણ કે ધર્મ ધ્યાનનું દાન વિનયાદિ ગુણ પ્રાપ્તિરૂપ ફળ છે). ॥ ૬૨-૭૨ ॥

## ॥ शुकलध्यानस्वरुपम् ॥

હવે ક્ષમા-માર્દવ-આર્જવ-અને નિર્લોભતા એ જીને-ન્દ્રના સિદ્ધાન્તમાં પ્રધાન છે, કે જેના આલંબનવડે મુનિઓ

શુકલધ્યાનને સુખે પ્રાપ્ત કરે છે. ॥ ત્રણે ભુવનના વિષયોમાં ભમતા મનને છદ્મસ્થમુનિ અનુક્રમે સંક્ષેપીને–સંહરીને એક અણુમાત્ર ઉપર સ્થાપી ધ્યાન ધ્યાવે છે, જેથી અતિ નિષ્પ્રકમ્પ અવસ્થાવાળા થઇને અનુક્રમે (અણુપરથી પણ ખસેડીને) મન રહિત એવા સર્વજ્ઞ થાય છે :( સર્વજ્ઞતા પામે છે ).॥ જેમ (મંત્રવાદી મહાવૈદ્ય) સર્વ શરીરમાં વ્યાપ્ત થયેલા વિષને મંત્ર વડે ડંખ ઉપર લાવી રોકી દે છે, અને ત્યારબાદ અતિ શ્રેષ્ટ મંત્રના યોગે ડંખમાંથી પણ ઉતારી નાખે છે, તેમ (ધ્યાનરૂપી) મંત્રના યોગબળવાળા શ્રી જીનેશ્વર રૂપી મહાવૈદ્ય–મંત્રવાદી ત્રણ ભુવનરૂપી શરીરમાં વ્યાપ્ત થયેલા મન રૂપી વિષને પરમાણુ ઉપર લાવી રોકી દે છે, અને ત્યારબાદ પરમાણુ ઉપરથી પણ ઉતારી દે છે.॥ અથવા જેમ ઘણા કાષ્ટનો સમૂહ ખસેડી લેવાથી (કાઢી લેવાથી) અગ્નિ અનુક્રમે ક્ષય પામે છે, અને અલ્પ કાષ્ટ બાકી રહ્યે તેમાં વ્યાપ્ત થયેલો અગ્નિ સ્વતઃ બુઝાઈ જાય છે તેમ ઘણા વિષયોરૂપી કાષ્ટોથી રહિત થયેલો મનરૂપી અગ્નિ અનુક્રમે અલ્પ વિષયરૂપ અલ્પ કાષ્ટમાં રોકાઈ જાય છે, અને તેમાં વ્યાપ્ત થયેલો મનરૂપી અગ્નિ સ્વતઃ બુઝાઈ જાય છે.॥ અથવા નાલિકામાં રહેલું (ઝરતું) જળ અથવા અગ્નિથી તપી ગયેલા લોખંડના પાત્રમાં રહેલું જળ જેમ અનુક્રમે ક્ષય પામતું જાય છે તેમ યોગીનું મનરૂપી જળ પણ ( અનુક્રમે ક્ષય પામતું ) જાણવું.॥ એ પ્રમાણે (મનયોગની માફક) નિશ્ચયે અનુક્રમે વચનયોગને અને ત્યારબાદ કાયયોગને યોગીશ્વરો રોકે છે, અને તેથી મેરૂપર્વતની પેઠે અતિ સ્થિર શૈલેશી અવસ્થાવાળા કેવલિ ભગવાન થાય છે.॥ શુકલ ધ્યાનના ૪

પ્રકાર કહે છે.॥ પૂર્વગત શ્રુતજ્ઞાનને અનુસારે એક દ્રવ્યને વિષે જે ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ વિગેરે પર્યાયોને નાનાવિધ–અનેક પ્રકારના નયોથી વિચારવા (તે **પૃથક્ત્વ-વિતર્ક** કહેવાય).॥ તથા અર્થ વ્યંજન અને યોગના અન્તરાન્તરપણાથી (અર્થથી વ્યંજનમાં અને વ્યંજનથી અર્થમાં તેમજ મનયોગથી વચન યોગમાં ઇત્યાદિ રીતે અન્તરાન્તરપણાથી જે **સવિચાર** વાળું ધ્યાન તે પ્હેલું **પૃથક્ત્વ વિતર્ક સવિચાર** નામનું શુકલ ધ્યાન સરાગી મુનિને હોય છે. ॥ ૭૩–૮૨ ॥

વળી જે ધ્યાન ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ પર્યાયોમાંથી કોઈ પણ એક પર્યાયવાળું તથા વાયુના વેગરહિત દિપકની જ્યોતિ સરખા અતિ નિષ્પ્રકંપ–સ્થિર ચિત્તવાળું, તથા અર્થ વ્યંજન અને યોગાન્તરથી અવિચારવાળું (એટલે અર્થાદિ ઇતરેતરમાં અપ્રચારવાળું–અર્થાત્ એકજ અર્થ વ્યંજન અને યોગમાં ટકી રહેતું), તથા પૂર્વગત શ્રુતના આલંબનવાળું એવું જે શુકલધ્યાન તે **एकत्ववितर्कअविचार**[1] નામનું બીજું શુકલધ્યાન છે. ॥ તથા નિર્વાણ પામવાના કાળમાં (૧૪મા ગુણ સ્થાનની પ્રાપ્તિ પ્હેલાં) કિંચિત્ રોકેલા યોગવાળા અને તેથી સૂક્ષ્મકાયક્રિયાવાળા એવા કેવલિ ભગવંતને ત્રીજું **सूक्ष्मक्रियाअनिवृत्ति**[2] નામનું ત્રીજું શુકલ-

૧. એ ધ્યાનમાં એકજ દ્રવ્ય ગુણ વા પર્યાનું ચિંતવન છે તેથી **एकत्व**, અર્થથી વ્યંજનમાં અથવા એક યોગથી બીજા યોગમાં **પ્રચાર** ન હોવાથી **अविचार**, અને પૂર્વગત શ્રુતનુંઆલંબન હોવાથી **वितर्क** એ ત્રણ વિશેષણ પૂર્વક **एकत्ववितर्कअविचार** શુકલધ્યાન છે.

૨. એ ધ્યાન વખતે સૂક્ષ્મકાયક્રિયા છે માટે **सूक्ष्मक्रिया** અને

ધ્યાન હોય છે.।। પર્વતની પેઠે નિષ્પ્રકંપ અને તેથી શૈલેશી અવસ્થાને પામેલા એવા તેજ કેવલિ ભગવાનને **વ્યુચ્છિન્ન-ક્રિયાઽપ્રતિપાતી**[1] નામે ચોથું **પરમ શુક્લધ્યાન** હોય છે.।। એ પ્રમાણે પહેલું ધ્યાન એક યોગે અથવા અનેક યોગમાં કહ્યું છે, બીજું શુક્લધ્યાન એક યોગવાળાને, ત્રીજું કાયયોગીને અને ચોથું શુક્લધ્યાન યોગ રહિતને કહ્યું છે.।। જેમ છદ્મ-સ્થનું મન અતિ નિશ્ચલ થયે છતે ધ્યાન કહેવાય છે, તેમ કેવલિ ભગવંતને કાયા અતિ નિશ્ચલ થતાં ધ્યાન કહેવાય છે. (અર્થાત્ કેવલિને કાયાની નિશ્ચલતા એ ધ્યાન છે, અને છદ્મસ્થને મનની નિશ્ચલતા તે ધ્યાન છે). ।। નિશ્ચયે પૂર્વપ્રયોગથી,[2] અથવા કર્મનિર્જરાના હેતુથી, અથવા એક શબ્દના ઘણા અર્થ હોવાથી,[3] અથવા જીનેન્દ્રના આગમથી (વચનથી) ભવસ્થ કેવલિને હંમેશાં મનનો અભાવ હોવા છતાં પણ જીવોપયોગના સદ્‌ભાવથી (ઉપયોગ પરિણતિની અપેક્ષાએ) સૂક્ષ્મોપરત ક્રિયા આદિ ધ્યાનો (એટલે વ્યચ્છિન્નક્રિયા અપ્રતિપાતી તથા સૂક્ષ્મ ક્રિયા અપ્ર-

---

તે સૂ. ક્રિયા નિવૃત્ત થઇને પુનઃબાદરક્રિયા થવાની નથી માટે **અનિવૃત્તિ.**

૧. અહિં યોગક્રિયા વિચ્છેદ પામેલી છે માટે **વ્યુચ્છિન્નક્રિયા,** અને તે વ્યુછિન્નક્રિયા કોઇ પણ વખતે પડવાની–નાશ પામવાની નથી અર્થાત્ ભવાન્ત સુધી કાયમ રહેવાની છે માટે **અપ્રતિપાતી.**

૨ અયોગિ અવસ્થામાં સંયોગિપણામાંની અન્તિમ ધ્યાન સંતતિ અહિં વિના યોગે પણ જીવોપયોગ સદ્‌ભાવે ચાલુ રહી છે એ પ્રમાણે ગણતાં અયોગિને જે ધ્યાન કહ્યું છે તે પૂર્વપ્રયોગથી છે.

૩ **ધ્યૈ** ધાતુનો અર્થ કેવળ મન વિષયક ચિંતામાં નથી પરન્તુ આત્મોપયોગ પરિણુતિ આદિ અનેક અર્થ પણ ગ્રહણ કરી શકાય છે.

તિપાતીધ્યાનો) કહ્યાં છે. ॥ ૮૩-૯૦ ॥

શુકલ ધ્યાન વડે ભાવિત-વાસિત ચિત્તવાળા ચારિત્ર પ્રાપ્ત મુનિ ધ્યાનથી વિરામ પામ્યા બાદ નિશ્ચયે ૪ અનુપ્રેક્ષા પણ ચિંતવે. ॥ (તે જ અનુપ્રેક્ષા આ પ્રમાણે-) આશ્રવો તે અપાયનાં-કષ્ટનાં દ્વાર છે. તે **आश्रवद्वारापाय**, સંસાર અશુભ અનુભાવ-સારવાળો છે તે **संसाराशुभानुभाव**, સંસારમાં ભવની પરંપરા અનન્ત છે ( એટલે સંસાર અનન્ત જન્મ મરણવાળો છે ) તે **भवसंतान** અને સંસારના પદાર્થો અને સંસારના પદાર્થો વિપરિણામી ( પરાવૃત્તિ ધર્મવાળા અર્થાત્ ક્ષણભંગુર ) છે તે **वस्तुविपरिणाम** ( એ ચાર અનુપ્રેક્ષા-ભાવના વિશેષ જાણવી ). ॥ ( શુકલધ્યાનના ચાર ભેદમાંથી ) પ્હેલાં બે તથા ત્રીજું શુકલધ્યાન ( સામાન્યથી ) શુકલ લેશ્યામાં ગણાય, અને પરમ શુકલ લેશ્યામાં યોગની સ્થિરતા વડે ઉપાર્જન કરેલી શૈલેશી અવસ્થાવાળા કેવલિને (ચોથું ધ્યાન) લેશ્યા રહિત હોવાથી લેશ્યાતીત પરમ શુકલધ્યાન ગણ્યું છે.॥ અવધ (સર્વથા અહિંસા), અસંમોહ ( નિર્મોહત્વ ), વિવેક (મોહનો ત્યાગ અથવા સાર અસારની વ્હેંચણ), અને ઉત્સર્ગ (ઉપસર્ગ વખતે પણ કાયોત્સર્ગાદિ નિશ્ચલતા) એ શુકલધ્યાનનાં ૪ લિંગ છે, કે જેનાવડે આ મુનિ શુકલધ્યાન યુક્ત ચિત્તવાળા છે એમ ઓળખી શકાય

---

માટે તે અર્થને અનુસારે કેવલિને **ध्यै** ધાતુથી સિદ્ધ થયેલા **ध्यान** શબ્દનો વ્યપદેશ સ્વીકારાય છે. (અહિં **ध्यै** ધાતુ યોગનિરોધના અર્થમાં જાણવો). ઇતિ ધર્મસંગ્રહ ટી. ( " **ध्यै चिन्तायां** ' **ध्यै काय-निरोधे** " " **ध्यै अयोगित्वे** " ઇતિ આવશ્યક સૂત્રે )

છે. ॥ ધીર એવા જે મુનિ પરિષહોથી અથવા ઉપસર્ગોથી ચળાયમાન થાય નહિં, તેમ કરે પણ નહિ, તથા આગમના સૂક્ષ્મ ભાવોમાં અને દેવમાયામાં પણ મુંઝાય નહિં (એ શુકલધ્યાનનું **असंमोह** લક્ષણ છે). ॥ દેહને વિષે રહેલા આત્માને દેહથી અને સર્વ સંયોગોથી ભિન્ન દેખે, તે **विवेक** લિંગ, અને નિઃસંગ એવા મુનિ શરીરનો અને ઉપધિનો (અથવા શરીર રૂપી ઉપધિનો) સર્વથા ત્યાગ કરે (તે શુકલધ્યાનનું **व्युत्सर्गलिंग** છે). ॥ ધ્યાની મુનિને શુભાશુભ કર્મનોસંવર નિર્જરા અને દેવોનાં વિશાળ સુખ પ્રાપ્ત થાય છે, તથા ધર્મના ઉત્તમ ધ્યાનમાં રહેલા (ધર્મધ્યાનમાં રહેલા) જીવને શુભાનુબંધ (પુણ્યાનુબંધિ પુણ્ય) રૂપ ફળ પ્રાપ્ત થાય છે. ॥ **इति फलम्** ॥ પ્હેલાં બે શુકલધ્યાન સુખાસ્વાદમાં (આત્મ સુખના અનુભવમાં) અનુત્તર દેવોના સુખથી પણ વિશેષ હોય છે, અને (છેલ્લાં) બે શુકલધ્યાનનું ફળ તો અલ્પસંસારી જીવોને મોક્ષરૂપ છે. ॥ જે કારણથી સંસારના હેતુરૂપ આશ્રવના માર્ગ છે, અને તે આશ્રવમાર્ગ રૂપી સંસારના હેતુ ધર્મધ્યાનમાં અને શુકલધ્યાનમાં છે નહિં, માટે ધર્મધ્યાન અને શુકલધ્યાન નિશ્ચયે (મોક્ષના કારણ રૂપ છે.)॥ કારણકે સંવર અને નિર્જરા એ મોક્ષનો માર્ગ છે, અને તે સંવર નિર્જરાનો માર્ગ તપશ્ચર્યા છે, અને તપશ્ચર્યાનું પ્રધાન–મુખ્ય અંગ ધ્યાન છે, તે કારણથી ધ્યાન એ મોક્ષનું કારણ છે. ॥ ૯૧–૧૦૦ ॥

જેમ અનુક્રમે વસ્ત્રના મેલને, લોખંડના કાટને, અને પૃથ્વીના કાદવને અનુક્રમે જળ અગ્નિ અને સૂર્ય મેલ ધોઈ શુદ્ધ કરે છે, કાટ બાળીને દૂર કરે છે, અને કાદવને સૂકાંવી

નાખે છે, તેમ ઉત્તમધ્યાની અને પરાક્રમી જીવ જીવરૂપી વસ્ત્ર લોખંડ અને પૃથ્વીમાં રહેલા કર્મરૂપી મેલ કાટ અને કાદવને ધ્યાનરૂપી જળ અગ્નિ અને સૂર્ય વડે વિનાશ પમાડે છે. ।। અહિં જેમ ધ્યાનથી યોગોને (મન વચન કાયાના વ્યાપારોને) જેમ તાપ શોષ અને ભેદ નિશ્ચયથી છે, તેમ ધ્યાની જીવના કર્મના તાપ અને શોષ અને ભેદ નિયમા–નિશ્ચયે છે. ।। તથા જેમ વિશોષ અને વિરેચન આદિ ઔષધો વડે રોગાશય (વ્યાધિના સ્થાનનું) અથવા રોગાશ્રય શાન્ત થાય છે, તેમ ધ્યાન અને અનશન આદિ યોગો વડે કર્મરૂપી રોગ શાન્ત થાય છે. ।। જેમ ઘણા કાળનાં ભેગાં કરેલાં કાષ્ટોને વાયુ સહિત ફુંકાયલો અગ્નિ નિશ્ચયે બાળી નાખે છે, તેમ (ઘણા કાળનાં) કર્મરૂપિ કાષ્ટોને પણ આ ધ્યાન રૂપી અગ્નિ ક્ષણવારમાં બાળી નાખે છે. ।। અથવા જેમ વાયુ વડે હણાયેલા મેઘના સમૂહ ક્ષણવારમાં ભેદાઈ જાય છે તેમ ધ્યાનરૂપી પવનથી પ્રેરાયેલા–હણાયેલા કર્મરૂપી મેઘો વિલય પામી જાય છે. ।। કષાયથી ઉત્પન્ન થયેલા ઈર્ષ્યા વિષાદ અને શોક આદિ દુઃખવાળા મનવડે ધ્યાનયુક્ત ચિત્તવાળો જીવ બાધા–પીડા પામતો નથી. ।। તેમજ શીત આતપ આદિ ઘણા પ્રકારનાં દુઃખ શરીરમાં વર્તતે છતે ધ્યાનમાં નિશ્ચલ ચિત્તવાળો નિર્જરાભિલાષી જીવ બાધા–પીડા પામતો નથી. ।। એ પ્રમાણે ધ્યાન સર્વ ગુણોનું સ્થાન છે, દ્રષ્ટસુખ અને અદ્રષ્ટ સુખનું સાધન છે, અતિ-પ્રશસ્ત છે, શ્રદ્ધેય છે, જ્ઞેય છે, અને હંમેશાં ધ્યેય (ધ્યાવા યોગ્ય) છે इति शुक्लध्यानम् ।। ૧૦૧–૧૦૯ ।।

## ॥ अथ मिथ्यात्व स्वरुपम् ॥

એ પ્રમાણે પૂર્વે કહેલા ચાર ધ્યાનમાંથી પ્હેલા બે (આર્ત્તધ્યાન અને રૌદ્ર) ધ્યાનમાં મિથ્યાત્વ હોય છે, અને છેલ્લાં બે ધ્યાનમાં સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ સહિત સર્વ અનુષ્ઠાન હોય છે. ॥ ત્યાં અનાદિ સપર્યવસિત (એટલે અનાદિ શાન્ત), અને અનાદિ અપર્યવસિત (એટલે અનાદિ અનન્ત) એમ બે પ્રકારનું મિથ્યાત્વ છે, એ બન્ને પ્રકારનાં મિથ્યાત્વમાંથી પ્હેલું મિથ્યાત્વ ભવ્ય જીવોને અને પર્યન્ત તથા આદિ રહિત (એટલે અનાદિ અનંત ભાવમાં વર્તતા) એવા અભવ્યોને બીજું મિથ્યાત્વ જાણવું. ॥ અને તે બેથી ભિન્ન એટલે ભિન્નગ્રંથિવાળા (એટલે પ્રાપ્ત સમ્યક્ દર્શનવાળા) જીવોને તે મિથ્યાત્વ (એટલે સમ્યક્ત્વથી પતિત થયે પ્રાપ્ત થયેલું મિથ્યાત્વ સાદિપર્યન્ત (સાદિ સાન્ત) હોય છે વળી ક્ષીણદર્શી[1] એવા ભગવંતોએ મિથ્યાત્વ ૮ પ્રકારનું કહ્યું છે. ॥ (તે ૮ પ્રકાર આ પ્રમાણે–) એકાન્તિક–શાંસયિક–વૈનયિક–પૂર્વવ્યુદગ્રાહ–વિપરિતરૂચિ–નિસર્ગ–સંમોહ – અને મૂઢદ્રષ્ટિથી ઉત્પન્ન થયેલ. એ ૮ પ્રકારનાં મિથ્યાત્વ છે. ॥

---

૧ ક્ષીણ એટલે ક્ષય પામ્યું છે દર્શ એટલે દર્શન મોહનીય કર્મ જેનું એવા ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિવાળા શ્રી જીનેન્દ્ર ભગવાન ક્ષીણદર્શી કહેવાય.

હવે એ આઠ મિથ્યાત્વનાં લક્ષણ ગ્રન્થકાર પોતે કહે છે તે: આ પ્રમાણે જીવ સર્વથા ક્ષણિક (–અનિત્ય) છે, અથવા જીવ સર્વથા અક્ષણિક (એટલે નિત્ય) છે. તથા જીવ સર્વથા સગુણ છે અથવા સર્વથા નિર્ગુણ છે, ઈત્યાદિ રીતે એકાન્ત ભાષા બોલનાર જીવને તે **एकान्तिक मिथ्यात्व** કહ્યું છે. ।। સર્વજ્ઞ વીતરાગ ભગવંતે જે જીવ અજીવાદિ ભાવો જે રીતે કહ્યા છે તે રીતે સત્ય હશે કે નહિં? એવા સંકલ્પ–ચિંતવન વડે **सांशयिक मिथ्यात्व** કહ્યું છે. ।। સર્વે લિંગીઓ (સર્વે દર્શનના સાધુઓ) આગમ રૂપ છે (પોત પોતાના દર્શન પ્રમાણે સાધુ ધર્મવાળા છે), સર્વે દેવો આગમરૂપ છે, અને સર્વે ધર્મો પણ શ્રેષ્ટ આગમવાળા (પોત પોતાના શાસ્ત્ર પ્રમાણે પ્રમાણભૂત) છે, એવા પ્રકારની પુરૂષોની જે બુદ્ધિ તેને લોકો વૈનયિક બુદ્ધિ–મધ્યસ્થ બુદ્ધિ કહે છે (અર્થાત્ તે **वैनयिकमिथ्यात्व** કહ્યું છે).।। ચર્મકારનું મંડળ (અંશો વડે જેમ ભોજન પામે) ચર્મના–ચામડાના લવો–અંશો વડે જેમ ભોજ્ય ન પામે (સારા ભોજનને પામી શકે નહિ) તેમ કુહેતુ અને કુદ્રષ્ટાંતોવડે (આગ્રહથી ઉત્પન્ન થયેલ કુતર્કો વડે) ભરેલો–વ્યાપ્ત થયેલો જીવ તત્ત્વ પામતો નથી, (તે **पूर्वव्युद्ग्राहमिथ्यात्व** કહેવાય)।। જ્વર (તાવ)વાળા જીવને જેમ કડવો રસ પણ મધુર લાગે છે, તે દોષ વ્યાપ્ત મનવાળો અને તેથી વિપરીત શ્રદ્ધાવાળો થયેલો જીવ અસત્યને પણ સત્ય માને છે (તે **विपरितरुचि-मिथ्यात्व** કહેવાય).।। જેમ જન્મથી અંધ થયેલ પુરૂષ મનોજ્ઞ કે અમનોજ્ઞ રૂપને સર્વથા દેખી શકતો નથી, તેમ

સ્વભાવથીજ મિથ્યાદ્રષ્ટિ એવો દીન (પામર) જીવ તત્ત્વ કે અતત્ત્વને જાણી શકતો નથી (તે **निसर्गमिथ्यात्व** કહેવાય). ॥ ૧-૧૦ ॥

યુક્તાયુક્તની વ્હેંચણ રહિત (આ યોગ્ય કે અયોગ્ય છે એમ નહિં જાણનારો) એવો મૂઢદ્રષ્ટિવાળો જીવ (મુંઝવણવાળો જીવ) રાગીને દેવ કહે છે, પરિગ્રહીને સાધુ કહે છે, અને પ્રાણિહિંસાને ધર્મ કહે છે (તે **संमोह-मिथ्यात्व** કહેવાય).॥ શ્રી જીનેશ્વરોએ પ્રરૂપેલા પદાર્થોની અશ્રદ્ધારૂપ લક્ષણવાળા એ એકાન્તિક આદિ ભેદ વડે મિથ્યાત્વના ૭[૧] ભેદ કહ્યા.॥ જેમ ધાતુક્ષયના (ક્ષયના) રોગીને જે અન્ન ઉપર રૂચિભાવ (ન હોય) તેમ એ જીવોને જીનેન્દ્ર ધર્મને વિષે ધર્મરૂચિ (આજ ધર્મ છે એવી ખાત્રી) હોતી નથી તેવી રીતે મિથ્યાદ્રષ્ટી પણાથી જીનેશ્વરના ધર્મને વિષે એવા જીવોને ધર્મ પ્રત્યે રૂચી થતી નથી.॥ પાંચ રંગો વડે ભાવિત કર્યા છતાં (એટલે રંગ્યા છતાં) પણ નીલી (ગળીનો રંગ અથવા ગળીના રંગવાળું વસ્ત્ર) નિશ્ચયે પોતાની કૃષ્ણતા (કાળાશ) છોડતી નથી તેમ દ્રવ્ય પરિકર્મણાઓ વડે (-તથાવિધ દ્રવ્યાદિ સામગ્રીઓ પ્રાપ્ત થવા છતાં પણ) અભવ્ય જીવોનું મિથ્યાત્વ છૂટી શકતું નથી. જેમ ઉપધાતુ (ત્રાંબા અને લોહ સિવાયની ધાતુ) પારસમણિના સ્પર્શવડે પણ સુવર્ણપણું પામતી નથી તેમ યોગ્યતારૂપ ઉપાદાન વિના (એટલે મુક્તિની યોગ્યતારૂપ મૂળ

---

૧ અહિં સુધીમાં ૭ ભેદ કહ્યા અને ૮મો ભેદ જે મૂઢદ્રષ્ટિ મિથ્યાત્વ તેનો અર્થ આગળ ૧૯મી ગાથામાં કહેવાશે.

કારણ વિના) અભવ્ય જીવ પણ (મિથ્યાત્વ છોડી સમ્યક્ત્વ પામી શકતો નથી, કારણ કે અભવ્યને તથાવિધ યોગ્યતાનોજ અભાવ હોય છે).॥ (ઉપર કહેલા ઉપઘાતુના દ્રષ્ટાંતે અભવ્ય જીવ) જો કે જ્ઞાન દર્શન ઇત્યાદિ લક્ષણ રૂપ ગુણ વાળો આત્મા છે, તો પણ આગમરૂપી પારસમણિના સ્પર્શ વડે કદીપણ સિદ્ધત્વ પામી શકતો નથી.॥ એ જીવોને (અભવ્યોને) ઉપર કહેલ મિથ્યાત્વોમાંથી અભિનિવેષ મિથ્યાત્વવર્જીને બાકીનાં ચારે પ્રકારનાં મિથ્યાત્વ અનાદિ અનંત કાળ સુધી અનંત પુદ્‌ગલપરાવર્ત સુધી હોય છે.॥ હવે જે આઠમું મિથ્યાત્વ દ્રષ્ટિ યુકત નામવાળું (**मूढद्रष्टिमिथ्यात्व**) કહ્યું છે, તે પુનઃ ચરમાવર્ત્તમાં (છેલ્લા પુદ્‌ગલપરાવર્ત્તમાં) માર્ગાનુસારિના ગુણની પ્રવૃત્તિવાળું છે.॥ (એ આઠમા મિથ્યાવાળો જીવ) જીનેન્દ્ર ધર્મને બહુમાન આપે છે, હંમેશાં ભાવાચાર્યની (સુવિહિત મુનિની) સેવા કરે છે, યમ નિયમ આદિ અંગીકાર કરે છે, અને શુભ–પ્રશસ્ત એવું યોગબીજ[1] અહિં પ્રાપ્ત કરે છે.॥ પુનઃ વૈરદ્વેષને ધારણ કરતો નથી, દ્રવ્યાદિક અભિગ્રહો અંગીકાર કરે છે, અને મધ્યસ્થ ભાવે પોતાનાં અને પરનાં સમગ્ર શાસ્ત્રોનું અવગાહન કરે છે. ॥ ૧૧–૨૦ ॥

---

१. **जिनेषु कुशल चित्तं, तन्नमस्कार एव च । प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम्** ॥ શ્રી જીનેશ્વરને વિષે કુશલ ચિત્ત; જીનેશ્વરનેજ નમસ્કાર; અને પ્રણામની શુદ્ધિ એ શ્રેષ્ઠ **योगबीज** છે. ઇત્યાદિ અનેક આચરણો યોગનું એટલે ધર્મનું બીજ એટલે કારણરૂપ અહિં પ્રગટ થાય છે. ( યોગદ્રષ્ટિ સમુચ્ચયે ).

યોગઅવંચક–ક્રિયાઅવંચક–અને ફળઅવંચક એ ત્રણ પ્રકારના અવંચક યોગરૂપ ઇત્યાદિ ઔષધાદિ વડે દાન અને વિનયાદિ ગુણયુકત તથા જ્ઞાનગુણની વૃદ્ધિ કરવામાં રતિવાળો હોય છે. ।। પૂર્વાદિક શ્રુતજ્ઞાન ભણે છે, ગ્રંથનાં રહસ્યો બીજાને દર્શાવે છે, ગ્રથો બાંધે છે (રચે છે), પરન્તુ જો મિથ્યાદષ્ટિ અભવ્ય જીવ સમ્યક્ શ્રુતને યથાર્થ જાણતો નથી માટે તેને પૂર્વગ્રન્થો ન હોય. ।। ગુણીનો સંગ કરે, યોગની ઉત્તમ કથા કહેવામાં તત્પર હોય, ઉચિત કૃત્ય કરવામાં તત્પર હોય, ક્રિયાદિકમાં ઉદ્વેગ ન હોય, અને તાત્વિક ભાવો જાણવાની જીજ્ઞાસા હોય છે. ।। સંસારથી ત્રાસ પામનાર હોય, ભવરૂપી પાસને પાસ (ફંદ) સરખો માને, શાસ્ત્ર સાંભળવાની ઇચ્છાવાળો હોય, સત્યવાદી હોય, સરળ મતિવાળો હોય, અને ધર્મને નિર્વિઘ્નપણે સાધનારો હોય.।। સંસારરૂપી પાસથી છૂટવા માટે સર્વ કષ્ટ કરે, ધનનું દાન આપે, ગુરૂની ભક્તિવાળો અને ક્ષમાવંત હોય, ગુરૂ ધર્મનો દ્રોહ ન કરે, ઈત્યાદિ ધ્યાનનાં બીજ (કારણોને) ધારણ કરનારો હોય[1] છે.।। ભવાભિનંદી એવો જીવ દીન, માયાવી, માત્સર્યવાળો, કૃપણ, અભિમાની, નિષ્ફલારંભી (વંચકયોગી) હોય છે તે **अवेद्यपद**[2] રૂપી દુષ્ટ દોષ વડે

---

૧. અહિં સુધીના ગુણો યોગબીજ પામેલા જીવ સંબંધિ જાણવા એ યોગબીજમાં સમ્યક્ત્વ નથી પરન્તુ ધર્મ પ્રાપ્તિને યોગ્ય એવું શિથિલ મિથ્યાત્વ છે. ધર્મયૌવનકાળ એજ છે.

૨. આ ગાથામાં કહેલા ભવાભિનંદિ આદિ ગુણો **अवेद्यपद** માં વર્તતા જીવના છે.

યુક્ત હોય છે.ાા આત્મોત્કર્ષ (પોતાની મોટાઈ) માને છે, લોકોત્તર માર્ગમાં પક્ષપાત રાખતો નથી, પાપ કર્યાં બાદ પશ્ચાત્તાપથી રહિત હોય છે, પોતાના ઉત્કર્ષ (ગર્વ) વાળો હોય છે, અને લૌકીક ગુણવાળો હોય છે.ાા ઇત્યાદિક અનેક જે વીતરાગ ભાષિત પ્રવચનમાં કહેલા જે ગુણો તેની વિધીમાં પ્રિતિવાલા મનુષ્યોમાં તે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો અને ત્યાગ કરવા યોગ્ય જે પદો તેનાથી વિપરીત જાણવા યોગ્ય પદોએ કરીને સહીત.ાા ઈત્યાદિ ત્યાગ કરવાની બુધ્ધિવાળો તથા નિશ્ચય અને વ્યવહારના પક્ષવાળો એવો જીવ ચરમાવર્ત્તમાં (છેલ્લા પુદ્ગલપરાવર્ત્તમાં) ચરિમકરણ (છેલ્લું યથાપ્રવૃત્તકરણ ૧ પુદ્ગલ પરા૦ પ્રમાણનું) કરે તે મૂઢદ્રષ્ટિ મિથ્યાત્વ જાણવું.ાા ત્યારબાદ ઘનરાગદ્વેષની ગ્રન્થિનો ભેદ કરી તત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તે પ્રત્યુત્કટ (ઉગ્ર) પાપના પરિભવથી (વશથી) અનુબંધવાળો (સંસાર વૃદ્ધિ કરનારાં) એવાં કાર્યોથી વિરામ પામે છે ાા૨૧–૩૦ાા

વળી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યે છતે કદાચ પૂર્વોક્ત ગુણો ન પણ હોય, તો પણ મોક્ષના કાર્ય માટેજ એક પ્રયોજનવાળો હોવાથી સંવેગપદ[1]માં રતિ પામે છે.ાા પૂર્વોક્ત સાત પ્રકારનું મિથ્યાત્વ અતીતકાળમાં ભવ્યોએ તથા અભવ્યોએ અનન્ત[2] પુદ્ગલ પરાવર્ત્ત સુધી પ્રાપ્ત કર્યું છે.ાા અને આઠમું મિથ્યાત્વ ભવ્યમિથ્યાદ્રષ્ટિઓએ પ્રાપ્ત કરેલ હોય છે, પરન્તુ

૧. સમ્યક્ત્વરહિત પણ સદ્ભૂતપદાર્થના જ્ઞાન વૈરાગ્ય અનુષ્ઠાન આદિ ભાવયુક્ત મોક્ષનો અભિલાષ.

૨. છેલ્લા પુદ્ગલપરાવર્ત્તની પ્હેલાંના કાળમાં એ મિથ્યાત્વો હોવાથી

અભવ્યોએ પ્રાપ્ત કરેલ હોતું નથી, અને તે પણ માર્ગાનુ-સારિ ગુણ યુક્ત બુદ્ધિવાળા ભવ્ય જીવો ક્લિષ્ટ પરિણામી હોવા છતાં પણ પરમપદ–મોક્ષને અર્થે પ્રવૃત્તિ કરનારા હોય છે.।। અતિ મન્દ કષાયવાળા એવા તે ભવ્ય જીવો (મૂઢ-દ્રષ્ટિ મિથ્યાત્વવાળા જીવો) દાક્ષિણ્ય કરૂણા ઇત્યાદિ ગુણ યુક્ત હોવાથી જીનેન્દ્ર ધર્મમાં નિન્દાવાળા હોતા નથી માટે એ આઠમું મૂઢદ્રષ્ટિ મિથ્યાત્વ ભવ્યો વડે નિષ્પન્ન થયેલું હોય છે.।। જે આભિનિવેષિક મિથ્યાત્વને સર્વ સંપૂર્ણ કદા-ગ્રહ વડે જાણવા યોગ્ય છે, અને એ મિથ્યાત્વ પુનઃ અભવ્ય જીવોએ આ સંસાર સમુદ્રમાં પ્રાપ્ત કર્યું નથી.।। આઠમા મિથ્યાત્વમાં ધર્મ ઉપર રૂચિભાવ હોય છે, અને તે ધર્મા-દિકરૂચિનો વિસ્તાર થાય છે. માટે જો કોઈપણ પ્રકારે કદા-ચિત્ તે આઠમું મિથ્યાત્વ (અથવા અનુષ્ઠાન)માં પ્રવર્તે (પ્રાપ્ત થાય) તો પણ તે જીવની પ્રશંસા થાય છે.।। (એ મિથ્યાત્વ વ્યતીત થયા બાદ) પ્રાયઃ[1] અહિં ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે એમ સંપ્રદાયથી[2] (વૃદ્ધ પરંપરાથી) મનાય છે અથવા જો તેજ ભવમાં જેની મુક્તિ હોય એવા કેટલાક જીવો (તે ક્ષયોપશમ પામ્યાબાદ તેજ ભવમાં) ક્ષાયિક સમ્યક્ત્વ પણ પામે છે.।। ચૌદ પૂર્વ અથવા ૧૦ પૂર્વ (નું જ્ઞાન જેને હોય તેને) વિષે નિશ્ચયથી સમ્યક્ત્વ હોય છેજ,

---

૧–૨. કારણ કે સિદ્ધાન્તમાં ક્ષયોપશમ સમ્યક્ત્વનો પ્રથમ લાભ કહ્યો છે માટે, અને પતીત થયા બાદ પણ પ્રથમ લાભ ક્ષયોપશમ સમ્યક્ત્વનો હોય છે માટે સર્વ વખતે પ્રથમલાભમાં તો **પ્રાયઃ** એટલે વિશેષતઃ ક્ષયોપ૦ સમ્ય૦નીજ પ્રાપ્તિ છે, અને સર્વથી પ્રથમ-લાભ તો ઉપ૦ સમ્ય૦નો છે તે ગ્રંથકાર પોતેજ ૩૯મી ગાથામાં કહે છે.

અને શેષમાં ( બીજા શ્રુતજ્ઞાનીઓને ) સમ્યક્ત્વની ભજના છે ( હોય અને ન પણ હોય ), પુનઃ તે શેષ જ્ઞાનીઓમાં પણ મતિજ્ઞાન અને અવધિજ્ઞાનના વિપર્યાસથી મિથ્યાત્વ હોય છે, સર્વથી પ્રથમ અનાદિ કાળમાં પ્રથમ લાભ વખતે નિશ્ચયે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, ( અને તે પ્રથમ લાભવાળું ઉપશમ સમ્ય૦) પ્રતિપાતી થયા બાદ-વમ્યાબાદ ( ઉપશમ સમ્યકત્વ પામવાનો ) નિયમ કહ્યો નથી ( ક્ષયોપ૦ પામે અથવા ઉપશમ પણ પામે ). કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ પામે, ( અને ક્ષયો૦થી ક્ષાયક સમ્યક્ત્વ પણ પામે).॥ જ્યાં સુધી મિથ્યાત્વ ક્ષય પામ્યું નથી ત્યાંસુધી સમ્યગ્દ્રષ્ટિ જીવને નિશ્ચયે ૩ પુંજની સત્તા હોય છે, અને મિથ્યાત્વ ક્ષય પામ્યા બાદ તો બે પુંજની સત્તા અથવા ૧ પુંજની સત્તા અથવા ક્ષપક[1] (=ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ) પણ હોય છે. ॥ ૩૧-૪૦ ॥

ઉપશમસમ્યકૃત્વ-વેદક (ક્ષયોપ૦) સમ્ય૦-અને ક્ષાયિક સમ્યક્ત્વ એ ત્રણ અવિરત સમ્યક્ત્વથી ( એટલે ચોથા ગુણસ્થાનથી પ્રારંભીને)અપ્રમત્ત ગુણસ્થાન સુધીના સમ્યગ્દ્રષ્ટિઓમાં હોય છે, તથા અપ્રમત્તથી ઉપશાન્ત મોહ સુધીમાં અથવા અપ્રમત્તથી સિદ્ધત્વ સુધીમાં યથાયોગ્ય[2] ક્રમ પ્રમાણે સમ્યકૃત્વ હોય

---

૧. મિથ્યાત્વ ક્ષયે ૨ પુંજની, મિશ્રક્ષયે ૧ પુંજની સત્તા અને સમ્ય૦ક્ષયથી ક્ષપક થાય છે.

૨. અર્થાત્ ૪-૭ સુધીમાં ત્રણે સમ્યકૃત્વ, ઉપશમશ્રેણિની અપેક્ષાએ ૭ થી ૧૧ સુધીમાં ઉપશમ અને ક્ષાયક એ બે સમ્યકૃત્વ તથા ક્ષપકની અપેક્ષાએ ૭માથી સિદ્ધ અવસ્થા સુધીમાં ક્ષાયિક સમ્યકૃત્વ એ યથાયોગ્યક્રમ છે.

છે.॥ વૈમાનિક દેવો, મનુષ્યો, રત્નપ્રભાદિ ત્રણ નરકના નારકો, અને અસંખ્ય વર્ષાયુષ્યવાળા (યુગલિક) તિર્યંચ (નર), એ ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા (ઉપ૦ વે૦ ક્ષા૦ સમ્ય૦વાળા) છે, અને શેષ સર્વે વેદક અને ઉપશમ સમ્ય૦વાળા છે. ॥ પૂર્વે નહિં બાંધેલ આયુષ્યવાળા મનુષ્યોનું જે ક્ષાયિક સમ્યક્ત્વ તે નિશ્ચય ક્ષપક શ્રેણિગત ( ક્ષપક શ્રેણિ તેજ ભવમાં પ્રારંભનારને) હોય છે, માટે તે **તદ્ભવિક** ક્ષાયિક સમ્યક્ત્વ છે, અને પૂર્વે બાંધેલ આયુષ્યવાળા જીવોને ( પરભવમાં પણ ક્ષાયિક સમ્ય૦ સાથે આવે છે માટે ) **પરભવિક** ક્ષા૦ સમ્ય૦ છે. ॥ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્, સંખ્યાત આયુષ્યવાળા સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ જીવો તથા પંકપ્રભાદિ ( ૪થી નરકથી ૭મી નરક સુધીના ) નારકોને પરભવિક કે તદ્ભવિક એ બે ક્ષાયિ૦ સમ્ય૦ માંનું એકપણ ક્ષા૦ સમ્ય૦ નથી. ॥ તેમજ એકેન્દ્રિય દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને એકપણ સમ્યક્ત્વ તદ્ભવિક હોતું નથી ( એ જીવોને એ ભવમાં ત્રણમાંનું એક પણ સમ્ય૦ નથી ) અને પૂર્વે કહેલા જીવોને પરભવિક (પરભવિક ક્ષાયિક સમ્ય૦) હોતું નથી. ॥ ઉપશમ–ક્ષાયિક–અને વેદક[1] એ

---

૧. અહિં વેદક સમ્ય૦ વાસ્તવિક રીતે સમ્ય૦મોહનીય પુદ્ગલોના અંતિમ ગ્રાસરૂપ હોવાથી જો કે પૌદ્ગલિક છે અને વેદક છે તો પણ અન્ત્યના એકજ સમયવાળું હોવાથી અને તુર્તજ ક્ષાયિક સમ્ય૦ની પ્રાપ્તિનું કારણ હોવાથી એ વેદક સમ્ય૦ને ક્ષાયિક પ્રાયઃ ગણી અપૌદ્ગલિક અને અવેદક કહ્યું હોય એમ સંભવે છે.

ત્રણ સમ્યક્ત્વ અપૌદ્ગલિક[1] અને અવેદક[2] સમ્યક્ત્વ છે, અને ક્ષાયોપ૦ સમ્ય૦ પુદ્ગલ[3] વડે વેદવા યોગ્ય છે તે કારણથી તે પૌદ્ગલિક સમ્યક્ત્વ અથવા વેદક સમ્યક્ત્વ કહેવાય છે.॥ ત્યાં ઉપશાન્ત પુદ્ગલોથી ઉત્પન્ન થયેલું જે ઉપશમ સમ્યક્ત્વ અને આસ્વાદન સહિત[4] એવું સાસ્વાદન સમ્યક્ત્વ તે અનુક્રમે ઉભય રહિત છે ( એટલે ઉપ૦ સમ્ય૦ વિપાકવેદન અને પ્રદેશવેદન રહિત છે ) અને ( સાસ્વાદન સમ્યક્ત્વ ) વિપાક-વેદન અને પ્રદેશવેદનને સાધનારૂં ( એટલે વિપાકોદય અને પ્રદેશોદયવાળું છે. ॥ તે કારણથી મિથ્યાત્વનો ક્ષય થયે કર્મનો બન્ધ બે પ્રકારે થાય છે, તેમાં મિથ્યાત્વ તથા અનન્તાનુબન્ધિના હેતુ રહિત તે **निरनुबन्ध**, અને બીજા ( અવિરતિ, કષાય, અને યોગરૂપ ) બીજા હેતુઓથી થતો જે કર્મબંધ તે **सानुबन्ध** ( એમ બે પ્રકારનો કર્મબંધ થાય છે ). ॥ જો કે નિશ્ચયે અવિરતિ કષાય અને યોગ એ ત્રણ હેતુઓથી ( સમ્યગ્દ્રષ્ટિ જીવોને ) કર્મબન્ધ તો હોય છે જ પરન્તુ તદ્ગણ જન્ય ( સમ્યક્ત્વ ગુણ વડે થતો) કર્મ-બન્ધ તીવ્ર મન્દ (મિથ્યાત્વપેક્ષાએ અલ્પ તીવ્ર), મન્દ અને અતિમંદ ( ઈત્યાદિ અનેક પ્રકારની તારતમ્યતાવાળો ) છે. ॥

---

૧–૨. જે સમ્યક્ત્વ કર્મ પુદ્ગલોના ઔદયિક ભાવથી–ઉદયથી પ્રગટ થાય તે અપૌદ્ગલિક અને અવેદક કહેવાય.

૩. સમ્યક્ત્વ મોહનીય કર્મના શુદ્ધપુંજ રૂપ પુદ્ગલોનો ઉદય હોવાથી.

૪. અથવા " સાસ્વાદન સમ્ય૦સહિત ઉપશાન્ત પુદ્ગલજન્ય જે ઉપશમ સમ્ય૦ તે બન્ને " ( અનુક્રમે ઉભય રહિત અને ઉભય સહિત છે એવો ભાવ પણ ગાથામાંથી પ્રાપ્ત થાય છે. )

તે કારણથી મિથ્યાત્વ એ પરમશલ્ય છે, પરમવિષ છે, પરમ (ઉત્કૃષ્ટ) બંધનો (ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદિનો) હેતુ-કારણ છે. માટે અવિતથ યોગો વડે (સત્ય-યથાર્થ-પ્રશસ્ત એવા યોગો વડે) મિથ્યાત્વ હંમેશાં સ્વભાવથી જ ત્યાગ કરવા યોગ્ય છે. ॥ અને સમ્યક્ત્વ ભવવિરહનું[1] કારણ છે, જીનેન્દ્ર મતનો નિસ્યંદ (સાર) છે, ઉત્કૃષ્ટ દ્રષ્ટિવાદની સંપૂર્ણતા (એટલે સંપૂર્ણ દ્રષ્ટિવાદનો સાર) છે, તથા ભવ્યજીવને અનુભવવા યોગ્ય ભાવુક[2] સ્વભાવ રૂપી નંદનવનને પ્રફુલ્લિત કરવામાં મેઘ સમાન છે. ॥ ૪૬-૫૧ ॥ **इति मिथ्यात्वाधिकारः॥**

---

૧. અહિં **भवविरह** શબ્દ શ્રી હરિભદ્રસૂરિની કૃતિનો સૂચક પણ છે.

૨. જીવ સ્વભાવ ભાવુક અને અભાવુક એમ બે પ્રકારના છે તેમાં ભાવુક એટલે નિમિત્તયોગે સ્વભાવની પરાવૃત્તિ થવી એ સ્વભાવ ભવ્ય જીવમાં છે, અને નિમિત્તયોગે પણ જીવસ્વભાવ ન પલટાય એવો અભાવુક સ્વભાવ અભવ્યમાં છે. પુદ્ગલમાં પણ એ બે સ્વભાવ કહ્યા છે.

# ॥ अथ आलोचनाऽधिकारः ॥

હવે સર્વ પાપકર્મોની આરાધનાનો ( એટલે સર્વ પાપકર્મોના પ્રાયશ્ચિતથી શુદ્ધ થવાનો ) અધિકાર કહેવાય છે. ત્યાં સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ એમ બન્ને પ્રકારના જીવો પણ અનેક પ્રકારના કહ્યા છે. ॥ શ્રી જીનેન્દ્ર ભગવંતના વચનને વિષે યતના ( એટલે જીનેન્દ્રની આજ્ઞા પ્રમાણ કરવી ) અને દ્રવ્યાદિ યોગો વડે ( દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એ ચાર પ્રકારે વિધિ પૂર્વક અનુષ્ટાન કરવું તે નિશ્ચયે **ધર્મારાધના** કહેવાય, અને તે (યતના તથા વિધિ ક્રિયા) નો પ્રતિષેધ ( એટલે અયતના અને અવિધિ એ પ્રવર્તવું ) તે **વિરાધના** કહેવાય. ॥ મોહ રૂપી શત્રુનો નાશ કરવામાં મહા પરાક્રમ વાળા તથા આલોચના રૂપી ચક્ર ( સુદર્શન ચક્રાદિ સરખા ચક્ર ) વડે નાશ પમાડેલ–હણેલ કર્મરૂપી રાજા પાસેથી પ્રાપ્ત કર્યો છે જયધ્વજ જેમણે એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને ( આલોચનાનો અધિકાર કહું છું ). ॥ હસ્તત્રિક ( હસ્ત–ચિત્રા–સ્વાતિ ), ઉત્તરાત્રિક (ઉત્તરાફાલ્ગુની –ઉત્તરાષાઢા–ઉત્તરાભાદ્રપદ ), શ્રવણત્રિક ( શ્રવણ–ધનિષ્ટા–શતતારકા ), રોહિણિદ્વિક ( રોહિણિ–મૃગશિર્ષ ), રેવતિદ્વિક ( રેવતિ–અશ્વિનિ ), પુનર્વસુદ્વિક ( પુનર્વસુ–પુષ્ય ), અને અનુરાધા સહિત ૧૬ આલોચના નક્ષત્રો ( એ નક્ષત્રમાં

આલોચના લેવા યોગ્ય ) કહ્યાં છે. ॥ આલોચના લેવા યોગ્ય તિથિઓ નંદા–ભદ્રા–જયા–અને પૂર્ણા ( એટલે ૪–૯–૧૪ સિવાયની ૧૨ તિથિઓ છે, રવિ–સોમ–બુધ–ગુરૂ–અને શુક્ર એ શુભવાર છે, અને વિષ્ટિ (ભદ્રા) સિવાયનાં (સાત) કરણો છે. ॥ ધન અને મીન રાશિનો સૂર્ય હોય, તથા ગુરૂએ સિંહ રાશિમાં પ્રવેશ કર્યો હોય ( અર્થાત્ સિંહસ્થ વર્ષ ), ગંડયોગ અને વ્યતીપાતયોગ તથા બીજા પણ અશુભ યોગ આલોચના આપવામાં ત્યાગ કરવા યોગ્ય છે. ॥ વસતિનું પ્રવેદન કરીને (વસતિનું શુદ્ધિ જણાવીને), તથા વર્ષાવાસ (વર્ષાકાળ) નો ત્યાગ કરીને સમ્યકૂત્વની વિશુદ્ધિ કરેલ એવો જીવ શ્રી જીનેશ્વર–ગુરૂ–અથવા સ્થાપનાચાર્યની આગળ (આલોચના અંગીકાર કરે). ॥ આલોચના માટે શ્રી ગીતાર્થ ગુરૂની શોધ ૭૦૦ યોજન સુધીમાં કરે અને ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી શોધ કરે. ॥ સંવિજ્ઞ–અપક્ષપાતી–પાપના ભીરૂ–મૂલગુણ તથા ઉત્તરગુણવડે શુદ્ધ–અને શાસ્ત્ર રહસ્યના જ્ઞાતા એવા ગીતાર્થ ગુરૂ હોય તે તથા આ જીવ આલોચનાને યોગ્ય છે કે અયોગ્ય તેનું શોધન કરનાર (જાણનાર), બાલક–યુવાન–અને વૃદ્ધનું સામર્થ્ય જાણનાર, ઈત્યાદિ સર્વ બાબતમાં જે મુનિ–ગુરૂ કુશળ હોય તેવા ગીતાર્થ ગુરૂ આલોચના આપનાર કહ્યા છે. ॥ ૧–૧૦ ॥

તેવા[૧] ગીતાર્થના અભાવે સંવિજ્ઞ ગીતાર્થ કે જે ગીતાર્થ

૧–૨. આલોચના કોની પાસે ગ્રહણ કરવી તે સંબંધી શાસ્ત્રોમાં વિશેષ આ પ્રમાણે છે.

સાધુ અથવા શ્રાવકે નિશ્ચયે પ્રથમ તો પોતાના ગચ્છના સર્વ

અપ્રશસ્ત વ્યાપારના ગુણવાળા હોય (તેમની પાસે આલોયણા લેવી), તેવા ગીતાર્થના અભાવે સંભોગી ગીતાર્થ પાસે, તેના અભાવે અસંભોગી ગીતાર્થ પાસે, તેના અભાવે સારૂપી પાસે તેના અભાવે પશ્ચાત્કૃત ગીતાર્થ પાસે, તેના અભાવે

---

ગુણયુક્ત ગીતાર્થ આચાર્ય પાસે આલોચના ગ્રહણ કરવી, તેવા સ્વ-ગચ્છ ગીતાર્થના અભાવે સ્વગચ્છના ઉપાધ્યાય પાસે, તે અભાવે સ્વ-ગચ્છના પ્રવર્તક પાસે, તે અભાવે સ્વગચ્છના સ્થવિર પાસે, તે અભાવે સ્વગચ્છની ગણાવચ્છેદક પાસે આલોચના લેવી. અને સ્વગચ્છમાં એ પાંચનો અભાવ હોય તો સામ્ભોગિક ગચ્છમાં ( એટલે સરખી સમા-ચારીવાળા અન્ય ગચ્છમાં) એ પાંચે ગીતાર્થો પાસે અનુક્રમે આલોયણ લેવી. તે સામ્ભોગિક ગચ્છમાં પણ પાંચેના અભાવે અસાંભોગિક ગચ્છના ( ભિન્ન સમાચારીવાળા અન્ય ગચ્છના ) આચાર્યાદિ અનુ-ક્રમે પાંચ ગીતાર્થો પાસે આલોચના ગ્રહણ કરવી. તે અસામ્ભોગિક ગચ્છમાં પણ પાંચેનો અભાવ હોય તો ગીતાર્થ પાર્શ્વસ્થ પાસે આલો-ચના લેવી, ગીતાર્થ પાર્શ્વસ્થનો પણ અભાવ હોય તો ગીતાર્થ સારૂપિક પાસે આલોચના લેવી, ગીતાર્થ સારૂપિકના અભાવે ગીતાર્થ પશ્ચાત્કૃત પાસે આલોચના લેવી, અહિં શ્વેત ઉજ્વલ વસ્ત્રધારી, મુંડન કરેલ મસ્તકવાળો અને કાછડી નહિં રાખનારો, તથા રજોહરણ રહિત, અબ્રહ્મચારી, અને સ્ત્રી રહિત તથા ભીક્ષાથી આજીવિકા કરનાર **સારૂ-પિક** કહેવાય. અને શીખા સહિત (ચોટલીવાળો) તથા સ્ત્રીવાળો હોય તે **સિદ્ધપુત્ર** કહેવાય, અને ચારિત્રનો તથા સાધુ વેષનો પણ જેણે ત્યાગ કર્યો હોય તેવો ગૃહસ્થ **પશ્ચાત્કૃત** કહેવાય. પાર્શ્વસ્થાદિકને પણ ગુરૂની પેઠે વંદનાદિ ક્રિયા કરવી, કારણ કે વિનય એજ ધર્મનું મૂળ છે, જો પાર્શ્વસ્થાદિ પોતે પોતાને હીનગુણવાળો માની આલોચક મુનિને વંદનાદિક કરવાની ના કહે તો આસન ઉપર બેસાડી પ્રણામમાત્ર કરીને આલોચના લેવી તથા પશ્ચાત્કૃતને તો અલ્પકાળ માટે સાધુપણું આરોપી (ઉચરાવી) અને સાધુનો વેષ પહેરાવીને આલોચના લેવી.

શીખાવાળા (ચોટલી સહિત) અને ભાર્યા સહિત એવા સિદ્ધ પુત્રની પાસે આલોચણા ગ્રહણ કરે, પરન્તુ તેને સામાયિક આપીને (અલ્પકાળ માટે સાધુ પણું સ્થાપીને) તેની આગળ આરાધના કરે. ॥ તે સિદ્ધપુત્રના પણ અભાવે પ્રાચીન વનમાં રહેલા યક્ષાયતન (શાસનદેવના મન્દિર)માં યક્ષ–

---

તથા પાર્શ્વસ્થાદિના અભાવે રાજગૃહી નગરીમાં ગુણશિલ આદિ વનને વિષે જ્યાં અરિહંત ભગવંતે તથા ગણધરોએ ઘણીવાર અનેક જીવોને પ્રાયશ્ચિત્ત આપ્યાં છે; તે પ્રાયશ્ચિત્ત જે શાસનદેવ દેવીએ સાંભળ્યાં છે. ત્યાં તે શાસનદેવ દેવીને અઠ્ઠમ તપની આરાધનાથી પ્રત્યક્ષ કરીને આલોચના લેવી. કદાચિત તે દેવ દેવી ચવી ગયેલ હશે અને બીજો દેવ દેવી ઉત્પન્ન થઈ હશે તો પણ તે મહાવિદેહમાં જઈ પ્રાયશ્ચિત પૂછીને પણ આપશે. તે દેવદેવીના પણ અભાવે શ્રી.અરિહંત પ્રતિમાની આગળ આલોચના કરી પોતે પોતાની મેળે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે, શ્રી અરિહંતની પ્રતિમાના પણ અભાવે પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ બેસી અરિહંત તથા સિદ્ધની સમક્ષ પણ આલોચના કરવી; પરંતુ આલોચના કર્યા વિના ન રહેવું. એ ઉપર પાર્શ્વસ્થાદિ ભેદ કહ્યા તે સર્વે ગીતાર્થ હોય તોજ તેઓની પાસે આલોચના લેવી; પરંતુ શુદ્ધ સુવિહિત સંવિગ્ન મુનિ પણ અગીતાર્થ હોય તો તેની પાસે આલોચના ન લેવી. એ પ્રમાણે આલોચના લેવાનાં સ્થાન આ પ્રમાણે છે—

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સ્વગચ્છ | ગીતાર્થ | આચાર્ય | ૭. | ” | ” | ઉપાધ્યાય |
| ૨. | ” | ” | ઉપાધ્યાય | ૮. | ” | ” | પ્રવર્તક |
| ૩. | ” | ” | પ્રવર્તક | ૯. | ” | ” | સ્થવિર |
| ૪. | ” | ” | સ્થવિર | ૧૦. | ” | ” | ગણી |
| ૫. | ” | ” | ગણી | ૧૧. | અસાંભોગિક | ” | આચાર્ય |
| ૬. | સાંભોગિક | ” | આચાર્ય | ૧૨. | ” | ” | ઉપાધ્યાય |

શાસનદેવ પાસે આલોયણા ગ્રહણ કરે, કે જે વનમાં પૂર્વે તીર્થંકર ભગવંત–ગણધર–અને અતિશયવાળા આચાર્યો વર્ષાકાળ રહ્યા હોય ( અને ઘણા જીવોને આલોચના આપતાં સાંભળી યાદ હોય. ॥ આલોચના કરનાર પૂર્વ અથવા ઉત્તર દિશાની સન્મુખ રહ્યો છતો અથવા ઈશાન વિદિશિ સન્મુખ રહ્યો છતો, ગીતાર્થની આગળ રહી પોતાનાં સર્વ શલ્યો–પાપોને વિનયમાં તત્પર રહી પ્રગટ કરીને કહી.॥ મુહપત્તિ પડિલેહીને, તથા કૃતિ-કર્મ ( દ્વાદશાવર્તવંદન ) અને દેવવંદન કરીને વાસક્ષેપ પ્રક્ષેપવા પૂર્વક સર્વ અતિચારો કહેવા.॥ જો શલ્ય રહિત ગુણ વડે ( અત્યંત સરળ હૃદય વડે ) આલોચના લેવામાં વ્યાપ્ત થયેલો–અથવા આલોચના લઇ જાણનારો જીવ હોય તો સર્વે ભવનાં ઉત્પન્ન કરેલાં પાપનો નાશ કરે છે, અને જો શલ્યસહિત (કપટ રાખીને) આલોચના કરે તો ઉલટો નવા પાપને ઉપાર્જન કરે છે.॥ પુણ્યને **पायइ** (પાતયતિ–પાડે) એટલે **सोसइ**–શોષે તે **पाव** કહેવાય અથવા જીવરૂપી વસ્ત્રને **पासइ** (પાંશયતિ) એટલે **गुंडेइ**–કર્મરૂપી રજવડે મલિન કરે તે **पाव** કહેવાય. એ પ્રમાણે નિર્યુક્તિ પદો વડે પાપ શબ્દનો અર્થ જાણવો.॥ **आ** એટલે લોકાલોકની મર્યાદા

---

૧૩. " " પ્રવર્તક
૧૪. " " સ્થવિર
૧૫. " " ગણી
૧૬. ગીતાર્થ પાર્શ્વસ્થ
૧૭. " સારૂપિક
૧૮. " પશ્ચાત્કૃત
૧૯ " શાસનદેવ
૨૦. અરિહંત પ્રતિમા
૨૧. પૂર્વ-ઉત્તર દીશા

અને લોય એટલે લોચણ – લોચન તેની આસમંતાત્ જે જેવું હોય તેવું ખરોખર નીતિ પ્રમાણે પ્રગટ કરવું એટલે સંપાદન – પ્રગટ કરવું તે **આલોયણા** એ પ્રમાણે આલોચણ શબ્દની નિર્યુક્તિ છે.ાા તે કારણથી અગીતાર્થ ચારિત્રની શુદ્ધિ જાણતો નથી. અને જો ન્યૂન અથવા અધિક આલોચના આપે તો પોતાને અને આલોચકને પણ સંસારમાં પાડે છે.ાા શલ્ય સહિત એવો જીવ જો દેવનાં ૧૦૦ વર્ષો સુધી પણ ઉગ્ર કષ્ટ કરે, ઘોર અને પરાક્રમવાળો તપ આચરે તો પણ તે જીવનું તે સર્વ નિષ્ફળ જાણવું. ાા ૧૧–૨૦ ાા

જેમ અતિ કુશળ વૈદ્ય પણ પોતાનો વ્યાધિ બીજા વૈદ્યને કહે છે, તેમ જાણતા એવા મુનિ પણ ( એટલે ગીતાર્થ પણ) બીજા ગીતાર્થ ગુરૂ પાસે પોતાના શલ્યનો ઉદ્ધાર કરે ( આલોચના ગ્રહણ કરે ).ાા જ્યારથી વ્રત ગ્રહણ કર્યું ત્યારથી અખંડ ચારિત્રવળો એવા જે ગીતાર્થ હોય તેની પાસે સમ્યક્ત્વ અને વ્રત ગ્રહણ કરવું, તેમજ અતિચારોની વિશુદ્ધિ પણ તેવા ગીતાર્થ પાસે કરવી.ાા આલોચનાના પરિણામવાળો જીવ સમ્યક્ પ્રકારે ( આલોચના લેવાને ) ગુરૂ પાસે જતો હોય, અને જો વચ્ચે કાળધર્મ પામે તો પણ આરાધક કહ્યો છે.ાા લજ્જાવડે ગારવ વડે અથવા બહુશ્રુતપણાના મદ વડે જે જીવ કોઇએક પણ દુશ્ચરિત્ર ગુરૂને ન કહે (અર્થાત્ છૂપુ રાખે) તો તેને નિશ્ચયે આરાધક કહ્યો નથી.ાા જેમ બાળક બોલતો છતો કાર્ય અકાર્યને સરળપણે કહી દે છે, તેમ માયા અને મદ રહિત એવો મુનિ પણ તે બાળકની પેઠે સર્વ પાપની આલોચના કરે ( અર્થાત્ સર્વ પાપો ગુરૂ પાસે

પ્રગટ કરે ).॥ શલ્યોદ્ધારના ફળને ( આલોચણના ફળને ) દર્શાવનારાં તે તે સૂત્ર વચનો વડે (ચિત્તને વૈરાગ્યવાળું કરીને) સમ્યક્ પ્રકારે આલોચના કરે.॥ માયા વિગેરે દોષ રહિત અને પ્રતિસમય વધતા વૈરાગ્યવાળો જીવ પોતાના અપકૃત્યની આલોચના (વ્યવહારથી)[1] કરે, અને નિશ્ચયથી[2] તે અકાર્ય પુનઃ ન કરે.॥ કર્મનો ભાર ઉતરવાથી **लघुता** ( હલવાપણું ), **आह्लाद्**–આનંદની ઉત્પત્તિ, **आत्मपरनिवृत्ति** ( આપણને આલોચના લેતા જોઈ બીજા જીવો પણ આલોચના લઈ પાપથી નિવૃત્ત થાય ), **आर्जव** ( સરળતા ), અતિચારની **विशुद्धि**, પાપ પ્રગટ કરવું અતિ દુષ્કર છે માટે **दुष्करकारिता**, **आज्ञापालन** અને **निःशल्यत्व** એ આઠ વિશુદ્ધના ગુણ આલોચના અંગીકાર કરવાથી થાય છે.॥ નહિં ઉદ્ધરેલું એવું ભાવશલ્ય (અર્થાત અનાલોચિંત પાપ) જે અનર્થ કરે છે, તેવો અનર્થ શસ્ત્ર, ઝેર, દુષ્પ્રયુક્ત (એટલે દ્વેષવાળો) વૈતાલ–રાક્ષસ, દુષ્પ્રયુક્ત યન્ત્ર (ઘાણીમાં પીલાવું વિગેરે), અને પ્રમાદથી ક્રોધ પામેલો સર્પ પણ (તેવો અનર્થ) કરતા નથી, જે કારણથી અનુદ્ધરેલ શલ્ય (–અનાલોચિત પાપ) સર્વ ઘણા અનર્થોનું મૂળ[3] છે, દુર્લભબોધિપણું પ્રાપ્ત થાય છે, અને અનંત સંસારની વૃદ્ધિ કરનાર છે.॥ ૨૧–૩૦ ॥

---

૧–૨ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવું તે **व्यवहार आलोचना** અને કરેલા અપકૃત્યને પુનઃ ન કરવું તે **निश्चय आलोचना** એ ભાવાર્થ છે.

૩. અહિં બીજા ચરણમાં **उत्तमट्ठकालंमि** એવો પાઠ ઘણેસ્થાને છે જેથી ઉત્તમ પ્રયોજનવાળો કાળમાં એટલે પંડીત મરણના અવસરે ( અનુધ્ધૃતશૈલ્ય–ઇત્યાદિ સંબંધ યોગ્ય જોડવો. )

જેમ રાજાના અને વણિકના પુત્રે[1] નહિં ઉદ્ધરેલું અલ્પ પણ ભાવશલ્ય કટુક ફળવાળું થયું તો ઘણાં પાપોની આલોચના ન કરે તેની વાતજ શી ? ।। આલોચના સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવાનું લિંગ—લક્ષણ સિદ્ધાન્તનો અર્થ જાણનાર મહામુનિઓએ આ પ્રમાણે કહ્યું છે કે—ગુરૂપદિષ્ટ યોગ્ય પ્રાયશ્ચિત કરવું, અને તે દોષો પુનઃ ન કરવા.।। પક્ષ સંબંધિ (—પાક્ષિક) અને ચાતુર્માસિક આલોચના તો અવશ્ય આપવી, અને અભિગ્રહોને ગ્રહણ કરવા અને અભિગ્રહ ગ્રહણ કર્યે છતે (અભિગ્રહ સમ્યક્ રીતે પાળવા તે ) પથ્ય (આત્માને હિતકારી છે એમ) નિવેદન કરવું (અર્થાત તે અભિગ્રહોના સંબંધમાં હિતકારી માર્ગ હોય તે દર્શાવવો.।। નિષ્ઠાપિત થયેલ ( —ક્ષય પામેલ ) પાપકર્મવાળા એવા અનંત ગુરૂ પાસે સમ્યક પ્રકારની આલોચના કરીને નિરાબાધ જીવો શાશ્વતસુખ પામ્યા છે. **कृतव्रतकर्म** અને **अकृतव्रतकर्म** એમ બે પ્રકારની આલોચના છે, તે પુનઃ દરેક **श्रद्धाथी** અને **शक्तिथी** એમ બે બે પ્રકારની છે. ।। પુનઃ **ज्ञात** અને **अज्ञात** એમ બે પ્રકારની આલોચના છે, તે પુનઃ દરેક ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય એમ ત્રણ ત્રણ પ્રકારની છે. પુનઃ આલોચના ચાર પ્રકારની છે (તે આ પ્રમાણે—)**आकुट्टि-प्रमाद-दर्प**—અને **कल्प** એ ભેદ વડે ચાર પ્રકારની આલોચના છે. તે પણ **उत्सर्ग** અને **अपवाद** વડે બે બે પ્રકારની છે, પુનઃ તે ચાર પ્રકારની છે (તે આ પ્રમાણે—). ।। **द्रव्य-क्षेत्र-काळ** અને **भावथी** એ

ચાર પ્રકારની આલોચના છે, એ આલોચનાના ભેદ પુરૂષને આશ્રયિ જાણવા, (એ ભેદોનું સ્વરૂપ) જાણીને ભાવ શુદ્ધિ વડે પ્રાયશ્ચિત કરાવવું. ॥ ત્રણ કરણ (કરવું કરાવવું અનુમોદવું) અને ત્રણ યોગ વડે સ્વતંત્ર અને પરતંત્રના હેતુઓ જાણીને કલ્પ ભાષાવડે (બૃહત્કલ્પાદિ ભાષ્યના છેદ ગ્રંથોને અનુસારે) પાંચ વ્યવહાર ( આગમ વ્યવહારાદિ ) પૂર્વક યથા ક્રમ પ્રમાણે જેવા પ્રકારનું જે ભગવંતનું શાસન વર્તતું હોય ( તે પ્રકારે ) મૂળગુણ અને ઉત્તર-ગુણની શુદ્ધિ વડે સર્વથી અને દેશથી થતી ચઉભંગીના ગમન–જ્ઞાન પૂર્વક (આલોચના આપવામાં) સદાકાળ પ્રવૃત્તિ કરવી. ॥ જેવા પ્રકારનું જે તીર્થ વર્તતુ હોય તેવીરીતે મૂળગુણ અને ઉત્તરગુણની શુદ્ધિને માટે સર્વથી અને દેશથી ચૌભંગીના જાણવા વડે હંમેશાં પ્રવર્તવું. ॥ ૩૧–૪૦ ॥

પ્રાણિવધ–મૃષાવાદ–અદત્તાદાન–અબ્રહ્મ–પરિગ્રહ–અને-રાત્રિભોજન એ ૬ વ્રતના સંબંધમાં દરેકની ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય ભેદે દ્રવ્યાદિ ( દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ) ચાર પ્રકારની અવિરતિ ગણતાં ( દરેક વ્રતની ) બાર બાર અવિ-રતિ થવાથી ૬ વ્રતોની ૭૨ અવિરતિ થાય છે. એ પ્રમાણે સર્વ વિરતિમાં ૬ પ્રકારના મૂળ ગુણને વિષે ચાર પ્રકારની ( દ્રવ્યાદિ ભેદે ) પ્રતિસેવના જાણવી ( અતિચારો જાણવા ).॥ પુનઃ દેશવિરતિમાં સાત પ્રકારના ઉત્તરગુણને વિષે ( દિગ્-પરિમાણાદિ ૭ વ્રતોમાં ) એ પૂર્વોક્ત બાર બાર ભેદ ગણતાં ૮૪ અવિરતિ ભેદ થાય છે. પુનઃ મુનિની ચારિત્ર ક્રિયામાં

આશય ગુણ વડે ( આલોચકની અંતવૃત્તિના ગુણવડે પ્રતિસેવનાનું સ્વરૂપ ) જાણવું.॥ ત્યાં ૫ વ્યવહાર ( આગમવ્યવહારાદિ ) જાણીને યથાયોગ્ય પ્રાયશ્ચિત આપવું, તે પણ પુરૂષને ચતુષ્કર્ણ ( ચતુષ્કર્ણપરિષદ[1] ) પૂર્વક અને સ્ત્રીને ( ષટ્કર્ણપરિષદ[2] ) પૂર્વક પ્રાયશ્ચિત આપવું. ॥ ( પુનઃ સાધ્વીને આલોચના આપનારી પ્રવર્તિની સાધ્વી અથવા આલોચના ગ્રહણ કરનારી સાધ્વી ) તે પણ નિશ્ચયે જીનેન્દ્ર શાસનની અતિ ભક્ત એવી પ્રવર્તિની હોય અથવા પ્રવર્તિની તુલ્ય ગુણવાળી એવી સાધ્વી હોય, પુનઃ તે ગુરૂના પક્ષવાળી અને ગુણ વૃદ્ધિ કરનારી હોવી જોઇએ ( પુનઃ જો આલોચના લેનારી શ્રાવિકા હોય તો તે પણ ) દક્ષ અને

---

૧–૨ સાધુ ગુરૂ પાસે એકાન્તમાં પ્રાયશ્ચિત લેવા જાય તે વખતે ગુરૂના બે કર્ણ અને આલોચકના બે કર્ણ હોવાથી અને ત્રીજો કોઇ તે આલોચનાને નહિં સાંભળતો હોવાથી એ **चतुष्कर्णपरिषद्** કહેવાય છે. તથા વૃદ્ધ ગુરૂ પાસે સાધ્વી પ્રાયશ્ચિત લેવા જાય ત્યારે પણ એકલી જઇ શકે નહિં પરન્તુ સાથે બીજી સાધ્વીને રાખીને પ્રાયશ્ચિત લેવા જાય તેથી ગુરૂના બે કર્ણ અને બે સાધ્વીના ૪ કર્ણ હોવાથી **षट्कर्णपरिषद्** કહેવાય. એ પ્રમાણે સાધુની આલોચના પરિષદ્ ચતુષ્કર્ણ હોય છે, અને સાધ્વીની આલોચન પરિષદ્ ષટ્કર્ણ હોય એ બે ભેદ ગાથામાં કહ્યા છે, તે ઉપરાન્ત સાધ્વીની પણ ચતુઃકર્ણપરિષદ્ અને સાધુસાધ્વીની મળીને અષ્ટકર્ણપરિષદ્ પણ કહી છે. કેમકે સાધ્વી પોતાની ગુરૂણી પાસે પ્રાયશ્ચિત ગ્રહણ કરે ત્યારે સાધ્વીની ચતુષ્કર્ણ પરિષદ્ હોય, અને તરૂણ ગીતાર્થ પાસે પ્રાયશ્ચિત લેવા જાય ત્યારે બીજા એક મુનિને સાથે રાખવાનો વ્યવહાર હોવાથી બે મુનિ અને બે સાધ્વીની **अष्टकर्णपरिषद्** થાય છે.

અતુચ્છ–ઉદાર આશય–ચિત્તવાળી એવી સ્ત્રી હોવી જોઇએ.॥ ( હવે જો આલોચના આપનાર ગીતાર્થ ગુરૂ હોય તો તે ) અપરિશ્રાવી[1]–ધીર–દ્રઢ સંઘયણવાળા–નિરાશ્રવ[2]–હિતચિંતક સિદ્ધાન્તના સૂત્ર અને અર્થ બન્ને જાણનાર અને વૃદ્ધ (શ્રુત વૃદ્ધ–પર્યાયવૃદ્ધ) એવા ગીતાર્થ ગુરૂ (આલોચના આપનાર) હોય છે.॥ ( પુનઃ તે આલોચના લેનાર ) વિધિપૂર્વક કરેલ છે અત્યંત આલોચન[3]–જ્ઞાનરૂપી જેણે એવો, તથા વિશુદ્ધિના ૮[4] ગુણવાળો, ક્ષમાવંત, દાન્ત, શાન્ત, અનાશંસી[5], અને ગ્રાહણાકુશલ[6] હોય. ॥ ૪૧–૪૭ ॥

## ॥ ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત ॥

આલોચના–પ્રતિક્રમણ–મિશ્ર–વિવેક–કાયોત્સર્ગ–તપ-

---

૧. આલોચકે કહેલાં અપકૃત્યો બીજા કોઇને પણ ન કહે એવા ગંભીર હૃદયવાળો તે અપરિશ્રાવી.

૨. આશ્રવ એટલે પાપબંધ રહિત.

૩. આલોચના વિધિને જાણવાથી સમ્યક્ પ્રકારનો જ્ઞાનરૂપી નેત્રવાળો.

૪. **लहुयाल्हाइजणणं** ઈત્યાદિ પદવાળી ૨૮મી ગાથામાં કહેલી આઠ વિશુદ્ધિ.

૫. કંઈપણ ફળની અપેક્ષા રહિત (ગુરૂ પાસે આલોચના લેતાં ગુરૂ પ્રસન્ન થશે ઇત્યાદિ આશંસા રહિત ).

૬. આલોચના આપનાર ગુરૂએ બહુ યુક્તિપૂર્વક વિવિધ તપશ્ચર્યા રૂપ પ્રાયશ્ચિત આપ્યાં હોય તે સર્વ પ્રાયશ્ચિતોને યથાર્થ રીતે ગ્રહણ કરવામાં યાદ રાખવામાં અથવા તે પ્રમાણે કરવામાં કુશળ.

ચ્છેદ-મૂળ-અનવસ્થા-અને પારાંચિત એ ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે.॥ કાર્ય પ્રસંગે (પોતાના નિવાસથી) ૧૦૦ હાથથી આગળ દૂર જતાં જે ગુરૂ પાસે આલોચવું તે **આલોચના-પ્રાયશ્ચિત્ત** સમિતિ ગુપ્તિ વિગેરેમાં કંઈ દોષ લાગ્યો હોય તેનો મિચ્છામિદુક્કડં દેવો તે **પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત**.॥ શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ થતાં ગુરૂ પાસે કહીને ગુરૂ સમક્ષ મિચ્છામિદુક્કડં દેવું તે **મિશ્રપ્રાયશ્ચિત્ત** .॥ અનેષણીય કાર્યમાં એટલે અનેષણીય અશનાદિ ગ્રહણ કર્યે તે અશનાદિકનો ત્યાગ કરવો (પરઠવી દેવાં) તે **વિવેક પ્રાયશ્ચિત્ત**. તથા દુઃસ્વપ્ન વિગેરે દેખવાથી ઈત્યાદિ કાર્યોમાં કાયોત્સર્ગ કરવો પડે તે **કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત**.॥ પૃથ્વ્યાદિકની આરંભમાં જે નીવી વિગેરે તપ વિશેષ પડે તે **તપ પ્રાયશ્ચિત્ત**, તથા તપવડે દુર્દમ ( તપ પ્રાયશ્ચિત્ત વડે દુર્દમ-દુર્જય એટલે ટળી ન શકે તેવા અતિચારવાળા ) મુનિને જે દીક્ષાપર્યાયનો ( અમુક ભાગ ) વિચ્છેદ કરાય (ઘટાડાય) તે **છેદ પ્રાયશ્ચિત્ત**. ॥ પ્રાણાતિપાત વિગેરે ( મૂળગુણ ) નો વિઘાત થતાં જે પુનઃ વ્રતારોપણ કરવું તે **મૂલ પ્રાયશ્ચિત્ત**. પ્રાણિઓને હસ્તાદિવડે ( નિરપેક્ષપણે હસ્ત મુષ્ટિ આદિ વડે ) ઘા કરવાથી અતિ દુષ્ટચિત્તવાળા જીવને નવમું **અનવસ્થાપ્રાયશ્ચિત્ત** પ્રાપ્ત થાય છે. ॥ સંયતિ ગમન વડે અથવા રાજા વિગેરેની સ્ત્રીના ગમનવડે **પારાંચિત પ્રાયશ્ચિત્ત** પ્રાપ્ત થાય છે, એ પ્રાયશ્ચિત્ત આચાર્યને હોય છે, અને તેમને છૂપા વેષે ૧૨ વર્ષ સુધી (ગચ્છ બહાર) રહેવું પડે છે.॥ પરંતુ અધ્યાપકોને (ઉપાધ્યાયને) જઘન્યથી ૬ માસ સુધી અને ઉત્કૃષ્ટથી ૧ વર્ષ સુધીનું નવમું પ્રાય-

શ્ચિત દશમા પ્રાયશ્ચિત્તની આપત્તિમાં હોય છે.॥૪૮–૫૫॥

જ્યાં સુધી ચતુર્દશપૂર્વી અને પ્રથમ સંઘયણી હોય છે ત્યાં સુધી દશ પ્રાયશ્ચિત્તોની અનુસર્જના ( અનુસરણ ) હોય છે, ત્યાર બાદ યાવત્ ચારિત્રી દુઃપ્પસહસૂરિ સુધી મૂળ પ્રાયશ્ચિત્તનો અન્ત (હોવાથી ૯ પ્રાયશ્ચિત્ત હોય છે).॥ પુલાક મુનિઓને પ્હેલાં ૬ પ્રાયશ્ચિત હોય, બકુશ[1], પ્રતિસેવી[2], કુશીલ એવા સ્થવિરકલ્પી મુનિઓને ૧૦ પ્રાયશ્ચિત્ત, તથા જીનકલ્પી અને યથાલન્દને[3] આઠ પ્રાયાશ્ચિત્ત છે. ॥ નિર્ગ્રંથ[4] મુનિઓને આલોચના અને વિવેક એ બે પ્રાયશ્ચિત્ત છે, અને સ્નાતક[5] મુનિને કેવળ એક વિવેક પ્રાયશ્ચિત્તજ હોય છે.॥ સ્થવિર કલ્પી સામાયિક ચારિત્રીઓને દશે પ્રાયશ્ચિત્ત હોય છે, અને જીન કલ્પમાં ૮ પ્રાયશ્ચિત્ત છે, કારણ કે છેદ અને મૂલ એ બે પ્રાય૦ નથી.॥ છેદોપસ્થાન ચારિત્રમાં પ્હેલાં ૬ પ્રાયશ્ચિત્ત હોય, પરિહાર વિશુદ્ધિવાળા સ્થવિર કલ્પી મુનિને ૮ પ્રાયશ્ચિત્ત, જીનકલ્પને ૬[6] પ્રાય-

---

૧. **यावदुत्तरगुणप्रतिसेवनातावदबकुशः** (જ્યાં સુધી ઉત્તરગુણ પ્રતિસેવી ત્યાં સુધી બકુશ. )

૨. **यावन्मूलगुणप्रतिसेवनातावत्प्रतिसेवक,** (જ્યાં સુધી મૂળ ગુણ પ્રતિ સેવી ત્યાં સુધી પ્રતિસેવક).

૩. પાંચ સાધુના ગણનો પાંચ દિવસનો અમુક પ્રકારનો ચારિત્ર કલ્પ વિશેષ તે યથાલન્દ.

૪. શ્રેણિગત મુનિ. ૫. સર્વજ્ઞ અકષાયી–વીતરાગ.

૬. પ્રથમ ૮ પ્રાયશ્ચિત કહ્યાં છે, અને અહિં ૬ પ્રાયશ્ચિત કહ્યાં તે બહુ શ્રુતગમ્ય.

શ્ચિત્ત અને સૂક્ષ્મ સંપરાય ચારિત્રીને આલોચના અને વિવેક એ બે પ્રાયશ્ચિત્ત છે.॥ ઈત્યાદિ પ્રાયશ્ચિત્ત તપના ભેદ જાણીને જે પ્રાયશ્ચિત્ત આપે તે યથાર્થ આપે અને જો યથાર્થ પ્રાયશ્ચિત્ત ન અંગીકાર કરે તો તેની આલોચના સમ્યક્ આલોચના ન કહેવાય.॥ હંમેશાં સંકલ્પાદિકને (સંકલ્પાદિ અતિચારને) વર્જતો એવો જે મુનિ સાલંબન[1] પ્રતિ સેવા વાળો હોય તે મુનિને આ આલોચના પદ પ્રવૃત્તિથી ન આપવું.॥ તીર્થંકર આદિ પદોની (૧૦ પદોની) અત્યાશાતનામાં (અતિ આશાતના કરવામાં) તત્પર એવા જીવને યદિ સંયમમાં ઉદ્યુક્ત હોય તો પણ સર્વાગ્ર (૧૦મું) પ્રાયશ્ચિત્ત આપવું.॥ અતિશયવાળા આચાર્યની તથા તીર્થંકર ભગવંતની તથા મહર્ધિક (લબ્ધિઓરૂપી મહા ઋદ્ધિવાળા) ગણધર ભગવંતની ઘણીવાર આશાતના કરનારો જીવ ઘણો અનંત સંસારી થાય એમ કહ્યું છે.॥ વળી છતી શક્તિએ અનાદરપણે અથવા કોઇ રીતે કોઈ પ્રકારે પ્રવચન–શાસનના કાર્યમાં તત્પર ન થાય તો તેને પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.॥ ૫૫–૬૫ ॥

## ॥ ૫ વ્યવહારનું સ્વરૂપ ॥

આગમવ્યવહાર–શ્રુતવ્યવહાર–આજ્ઞાવ્યવહાર ધારણવ્યવહાર–અને જીતવ્યવહાર એ પાંચ પ્રકારનો વ્યવહાર છે. તેમાં કેવળજ્ઞાની મનઃપર્યવજ્ઞાની અવધિજ્ઞાની ચૌદપૂર્વી દશપૂર્વી અને નવપૂર્વી મુનિઓમાં **આગમવ્યવહાર** છે. ॥ આલોચના પૂછયે આલોચના કહેનારો જીવ પોતાનું પાપ

---

૧. કારણ પડયે અપવાદ સેવનાર હોય (તેને પ્રાયશ્ચિત્ત નથી.)

કહે (પણ પોતાની મેળે ન કહે) તેમજ જાણતો છતો પણ પણ પાપ ગોપવે તો તેને પ્રાયશ્ચિત્ત ન આપવું અને કહેવું કે બીજે સ્થાને જઇ પાપની શુદ્ધિ કરો. ।। જે આલોચકને પોતાના દોષો પ્રમાદથી નહિં પણ સ્વભાવથી જ (સહજે) યાદ ન આવતા હોય તો તે દોષો ને ગુરૂ પ્રત્યક્ષ કહે (સંભારી આપે), પણ જો આલોચક માયાવી હોય તો તેને દોષ ન સંભારી આપે. ।। આચાર પ્રકલ્પક[1] સિવાયનું જે શ્રુતજ્ઞાન તે શ્રુત[2] કહેવાય (અને તે શ્રુત વડે જે પ્રાયશ્ચિત્ત અપાય તે **શ્રુતવ્યવહાર**, તથા દેશાન્તરમાં રહેલા આચાર્યને[3] પ્રાયશ્ચિત સંબંધિ ગુપ્ત પદો લખી મોકલવાં તે **આજ્ઞાવ્યવહાર**.।। પ્રથમ ગીતાર્થોએ જે જે પ્રાયશ્ચિત બીજા જીવોને આપ્યું હોય તે તે પ્રાયશ્ચિત અવધારીને (યાદ રાખીને) જે પ્રાયશ્ચિત આપે તે **ધારણાવ્યવહાર** છે. કારણ કે **ધૃતિ** એ પદના અર્થ પ્રત્યે વિચારતાં એ વ્યવહાર ધારણા રૂપ છે. ।। દ્રવ્યાદિકનો (દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનો) વિચાર કરીને તથા સંઘયણ

---

૧ આચારાંગ સૂત્રનાં લોકવિજય આદિ ૨૫ અધ્યયનો તે **આચાર** અને નિશિથ સંબંધિ ૩ અધ્યયનો ઉદ્ઘાતિકાદિ તે **પ્રકલ્પ** કહેવાય જેથી ૨૮ અધ્યયનોવાળું સંપૂર્ણ આચારાંગસૂત્ર **આચારપ્રકલ્પ** કહેવાય.

૨ એ આચાર પ્રકલ્પ તથા ચૌદ પૂર્વ દશ પૂર્વ અને નવપૂર્વ જો કે સર્વ શ્રુતરૂપ છે તો પણ સિદ્ધાન્તમાં એ અતિવિશિષ્ટ હોવાથી **આગમ** વ્યપદેશથી કહ્યાં છે માટે તે અનુસારે જે વ્યવહાર તે **આગમ વ્યવહાર** છે. (છેદ ગ્રંથો શ્રુતવ્યવહારમાં છે).

૩ કારણકે ગીતાર્થ બીજા ગીતાર્થ પાસે આલોચના ગ્રહણ કરે એમ ૨૧ મી ગાથામાં કહ્યું છે.

વિગેરેની હાનિ પામીને (વિચારીને) જે પ્રાયશ્ચિત (શ્રુતમાં કહેલ પ્રાયશ્ચિત્તથી ન્યૂનાધિક) અપાય તે **જિતવ્યવહાર** કહેવાય. અથવા જે ગચ્છમાં જે રૂઢી (પ્રમાણે પ્રાયશ્ચિત અપાય તે પણ જીતવ્યવહાર કહેવાય. ॥ એ વ્યવહારોમાં એ વિશેષ છે કે–આગમવ્યવહારીઓ જે સ્થાને જે વખતે જેને પ્રાયશ્ચિત આપે તેના અભિપ્રાય વિશેષને ઉદ્દેશીને વિશુદ્ધિ પ્રમાણે પ્રાયશ્ચિત આપે છે (કારણ કે આગમ વ્યવહારીઓ આલોચકના આશયને યથાર્થ રીતે સ્પષ્ટ જાણે છે).॥ અને શ્રુતધરો–શ્રુતવ્યવહારીઓ આલોચકના લક્ષણોથી (આલોચકનો અભિપ્રાય જાણી) પ્રાયાશ્ચિતવ્યવહારના અને આચારવાળા જે કલ્પગ્રંથો તેમાં જોઈને હંમેશાં જે જીવને જેવી શુદ્ધિ થાય તેવું પ્રાયશ્ચિત્ત આપે. ॥ (તથા આજ્ઞા વ્યવહારીઓ–) ગીતાર્થોએ દર્શાવેલ પૂર્વે જે સંકલિત કરેલી (સંકેત પદોથી સ્થાપેલી ગૂઢ પ્રદેશાર્થવાળાં શાસ્ત્રમાં પ્રતિબદ્ધ કરેલી એવી જે વિશુદ્ધિ (અર્થાત્ ગૂઢાર્થપદવાળાં પ્રાયશ્ચિત્ત) યથાયોગ્ય આપવી (તે આજ્ઞા વ્યવહારી પ્રાયશ્ચિત્તો છે). ॥ જેમ વ્યવહાર પદમાં (વ્યવહાર સૂત્રમાં) જન્મકૃત્ય (સૂવાવડ) કરવાથી અને નાળ છેદવાથી જે અષ્ટમ તપ વિગેરેનું પ્રાયશ્ચિત બાંધ્યું છે (નિયત કર્યું છે), તેજ વિશુદ્ધિ (તેજ પ્રાયશ્ચિત) સર્વત્ર ઉચિત વિશેષતા જાણી આપવું (તે આજ્ઞા વ્યવહાર) ॥ ૬૬–૭૫ ॥

એ રીતે (એટલે જન્મકૃત્યના અષ્ટમાદિકની રીતે) સામાન્યથી પણ આપેલું પ્રાયશ્ચિત તે આજ્ઞાવ્યવહાર છે. તથા ગીતાર્થે આપેલું પ્રાયશ્ચિત્ત જાણીને જે બાંધેલું (યાદ–

રાખેલું હોય અથવા લખી લીધું) હોય જેથી સરખા અથવા અસરખા દ્રવ્યાદિ પ્રાયશ્ચિત્તમાં પણ (એટલે કંઈક ન્યૂનાધિક આલોચનામાં પણ) તેજ પ્રાયશ્ચિત્ત આગળ કરીને આલોચકને જે તે લેખિતમાત્ર પ્રાયશ્ચિત અપાય છે તે **धारणाव्यवहार** છે. ॥ જે વ્યવહાર ઘણા ગીતાર્થોએ આચર્યો હોય તે **जीत व्यवहार** કહેવાય, તે વ્યવહાર દેશાદિક સર્વ વ્યવહાર આગળ કરીને (દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને મુખ્ય ગણીને શાસ્ત્રમાં કહેલ વ્યવહારથી ન્યૂનાધિક વા બીજી રીતે) તે પ્રાયશ્ચિત અપાય છે. ॥ ૭૬-૭૮ ॥

## ॥ આલોચના ભેદનું સ્વરૂપ ॥

(આલોચનાના વિષયમાં પ્રથમ) વિરતિ બે પ્રકારની છે- ૧ દેશવિરતિ, ૨ સર્વવિરતિ. એ બન્ને વિરતિ ગ્રંથિભેદવાળી જ હોય છે ( અર્થાત્ સમ્ય ્ત્વ યુક્તજ હોય ), કારણ કે બીજી વિરતિ ( એટલે સમ્યક્ત્વ રહિત વિરતિ ) તો અવિ-રતિરૂપ અને સંસારના અનુબંધ વાળી છે. ॥ (વળી એટલું જ નહિં પરન્તુ) જે સિદ્ધાન્તમાં સમ્યક્ત્વમૂળવાળી ઉત્કૃષ્ટા-લોચના લઘુપદવાળી છે, અને મિથ્યાત્વ મૂળ એવી જે લઘુ આલોચના પણ ઉત્કૃષ્ટપદવાળી[1] છે. ॥ તથા (ઉત્કૃષ્ટ જઘન્ય

---

૧ કહેવાનું તાત્પર્ય એ છે કે સમ્યગૂદ્રષ્ટિ જીવે મોટો અપરાધ કર્યા છતાં પણ તેને લઘુપદવાળો (ચતુર્લઘુષટ્ લઘુ ઇત્યાદિ) પ્રાયશ્ચિત્ત અપાય છે, અને મિથ્યાદ્રષ્ટિએ નાનો અપરાધ કર્યા છતાં પણ ( ચતુ-ર્ગુરૂ ષડ્ગુરૂ ઇત્યાદિ) ગુરૂપદવાળું પ્રાયશ્ચિત અપાય છે. (આ સામાન્ય

અને મધ્યમ) એ ત્રણે પ્રકારની આલોચના પુનઃ (ઉત્કૃષ્ટ જઘન્ય અને મધ્યમ પદ વડે) નવ પ્રકારની છે (તે આ પ્રમાણે-જેમ એક ઉત્કૃષ્ટ પદના જોડવાથી) ઉત્કૃષ્ટોત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ-મધ્યમ, અને ઉત્કૃષ્ટજઘન્ય એ પ્રમાણે એકેક આલોચના ઉત્કૃષ્ટાદિ ત્રણે પદો યુક્ત કરવાથી નવ પ્રકારની આલોચના થાય છે. ।। દર્શન જ્ઞાન અને ચારિત્ર પ્રત્યે તથા તપ અને વીર્ય એ પાંચે આચારમાં છતી શક્તિ એ અતિચાર લગાડયા હોય તો તે સર્વ વિવેકથી જાણીને બહુશ્રુતે પ્રાયશ્ચિત આપવું. ।। ૭૯-૮૨ ।।

इति श्री संबोध प्रकरणनो
[ तत्त्व प्रकाशकापरनाम ]
गुजराती अनुवाद समाप्त.

---

કથન જાણવું, કારણકે મિથ્યાત્વ પરિણતિવાળો નાનો અપરાધ પણ અતિસંકિલષ્ટ અને સમ્યક્ત્વ પરિણતિવાળો મોટો અપરાધ પણ અલ્પ સંકિલષ્ટ હોઇ શકે.)

શ્રીમાન્ હરિભદ્ર સૂરિવિરચિત.

# पूजा पंचाशक

શ્રી મહાવીર પ્રભુને પ્રણામ કરીને જિનપૂજાનો વિધિ અર્થ ગંભીર છતાં ગુરૂ ઉપદેશ અનુસારે સંક્ષેપથી કહીશ (એ શાસ્ત્રકારની પ્રતિજ્ઞા છે). વિસ્તારથી તો પૂર્વના આચાર્યોએ તે અન્યત્ર પ્રદર્શિત કરેલ જ છે.॥ આ લોક સંબંધી પણ ખેતીવાડી પ્રમુખ સઘળી ક્રિયા વિધિપૂર્વક કરવામાં આવતી ફળદાયી નીવડે છે, તો પછી ઉભયલોકમાં હીતકારી જિનપૂજા જો વિધિપૂર્વક કરવામાં આવે તો તે ઈષ્ટ ફળદાયી થાયજ તેમાં નવાઈ શી ? ॥ આગળ કહેવામાં આવતા વિધિ મુજબ યોગ્ય સમયે પવિત્ર થઈ પ્રધાન પુષ્પાદિક સામગ્રીવડે ઉત્તમ સ્તુતિ તેમજ સ્તોત્ર વિશિષ્ટ જિનપૂજા (શ્રદ્ધાવંત શ્રાવકોએ) કરવી જોઇએ.॥ "પ્રથમ પૂજા સમય આશ્રી શાસ્ત્રકાર કહે છે." જેમ ખેતીવાડી વર્ષારૂતુ વિગેરે ટાંકણે કરવામાં આવતી બહુ ફળદાયી નીવડે છે, તેમજ જિનપૂજાદિક સઘળી ક્રિયા પોતપોતાના સમયે સધાતીજ સુખદાયી થાય છે.॥ તે પૂજાકાળ સામાન્ય રીતે તો પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ રૂપ ત્રિસંધ્યા સમય જાણવો. અથવા રાજ્યસેવા, વ્યાપારાદિક આજીવિકાનાં સાધનમાં વિરોધ ન આવે તે અને તેટલો કાળ પણ પૂજાકાળ જાણવો.॥ ખરી રીતે

શુભ-સુખ વૃદ્ધિ ગવેષતા બુદ્ધિમાન જીવે જેમ કલ્યાણ પરંપરા વૃદ્ધિ પામે તેમ આદર કરવો જોઈએ. તેથી રાજ-સેવકાદિકે પણ સ્વકાર્યમાં વિરોધ ન આવે તેમ જિનપૂજામાં પ્રમાદ રહિત યત્ન કરવો.॥ આજીવિકાનો વિઘાત થાય તો ગૃહસ્થની સર્વ ક્રિયાઓ સીદાઈ જાય, તેથી ગૃહસ્થને આ-જીવિકાની અપેક્ષા રાખવી પડે, પરંતુ જેને તેવી દરકારજ (સ્પૃહાજ) નથી તેને તો સંપૂર્ણ સાધુધર્મજ સ્વીકારવો યુક્ત છે.॥ તે માટે એ આજીવિકાહેતુક ક્રિયામાં વિરોધ ન આવે તેમ પૂજામાં આભિગ્રહિક કાળ પણ માન્ય રાખેલો છે. એટલે ચૈત્યવંદન કર્યા વગર મારે ભોજન કરવું નહિ કે શયન કરવું નહિ એવો નિયમ લેવો તે યુક્ત છે. કેમકે તેથી જિનપૂજા કરવાનો અધ્યવસાય બન્યો રહે છે.॥ "હવે પવિત્રતા રાખવા શાસ્ત્રકાર કહે છે." તેમાં દ્રવ્યથી અને ભાવથી બન્ને રીતે પવિત્ર બની પ્રભુ પૂજા કરવી. દ્રવ્યથી દેશસ્નાન કે સર્વસ્નાન વડે દેહશુદ્ધિ કરી, શુદ્ધ-ધોએલાં ધવલ વસ્ત્ર ધોતર અને ઉત્તરાસંગ ધારીને અને ભાવથી તો અવસ્થા ઉચિત નિર્દોષ (ન્યાય યુક્ત વૃત્તિથી યુકત બનીને) ન્યાયજ સકળ કર્મમળ ટાળવા સમર્થ નીરતુલ્ય હોવાથી તે ભાવથી શૌચ જાણવો.॥ દ્રવ્યસ્નાનાદિ પણ જયણાયુકત કરતાં આરંભગ્રસ્ત ગૃહસ્થને નિયમ ગુણકારી જ થાય છે. કેમકે તે 'કૂપખનન' દૃષ્ટાંત નિશ્ચે શુભ ભાવ ઉત્પાદક બને છે. જેમ કુવો ખણતાં શ્રમ, તૃષા અને કાદવથી લેપાવાવડે કષ્ટ પેદા થાય છે, પરંતુ જળ નીકળતાં ઉક્ત સર્વ દોષો નષ્ટ થઈ જાય છે અને સ્વપરને ઉપકારક બને છે. તેમ પ્રભુ

પૂજા અર્થે કરવામાં આવતાં સ્નાનાદિક પણ આરંભ દોષને ટાળી શુભ પરિણામની પ્રાપ્તિવડે અશુભ કર્મની નિર્જરા તેમજ વિશિષ્ટ પુણ્યબંધનાં કારણરૂપ થાય, માટે અધિકાર પરત્વે આરંભગ્રસ્ત ગૃહસ્થને જિનપૂજા, તેમજ જિનપૂજા અર્થે દ્રવ્યસ્નાનાદિ ઉપકારકજ છે. ॥ ૧-૧૦ ॥

તે જયણા-જીવરક્ષા માટે સ્નાન ભૂમિને નજરે જોવાથી તેમજ જળને ગાળ્યા બાદ વાપરવા વિગેરેથી બને છે. એવી રીતે જયણાપૂર્વક સ્નાનાદિક કરતાં બુદ્ધિવંત જનોને શુભ અધ્યવસાય અનુભવસિદ્ધ પ્રકટી નીકળે છે.॥ જિનપૂજા અર્થે સ્નાનાદિક વર્જી બીજે બધે સ્થળે જીવવધકારી આરંભને સેવનારો પ્રાણી જિનપૂજાદિ નિમિત્તે અનારંભ સેવે ( એટલે ઉચિત આરંભ કરતાં અટકે, મનમાં શંકા લાવે, તેનો નિષેધ કરે ) તે પ્રકટ રીતે અજ્ઞાન આચરણ દીસે છે. તેવા અજ્ઞાન આચરણથી લોકમાં જિનશાસનની લઘુતા થાય છે. એવી રીતે કે જુઓ આ જૈનો ! સ્નાનાદિક કર્યા વગર પણ કેવા જિનોને પૂજે છે? અને એવી રીતે શાસનની નિંદા કરાવવાથી ભવાન્તરમાં જિનધર્મ પ્રાપ્તિનો અભાવ થાય છે. તે માટે દ્રવ્યથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રધારીનેજ જિનપૂજા કરવી યુકત છે. અન્યથા ઉપર જણાવેલા દોષોની પ્રાપ્તિ થાય છે.॥ અશુદ્ધ-અન્યાય વૃત્તિ પણ એવીજ રીતે અધિક દોષવાળી છે. કેમકે તેથી તો વળી અનેરા રાજનિગ્રહાદિક દોષો નીપજે છે. તેટલા માટે દ્રવ્યથી અને ભાવથી બંને રીતે પવિત્ર થઇ જિનપૂજા કરવી જોઈએ.॥ " હવે વિશિષ્ટ પુષ્પાદિક સામગ્રી વડે પ્રભુપૂજા કરવી યુક્ત છે એમ બતાવે

છે.” શ્રેષ્ઠ સુગંધી ધુપવડે, સર્વ ઔષધીઓ વડે, જાતજાતના જળાદિક વડે, ( આદિ શબ્દથી દુધ ધૃત અને ઈક્ષુરસ વિગેરે સમજવાં. ) સુગંધી ચંદનાદિકના વિલેપન વડે, શ્રેષ્ઠ સુગંધી પુષ્પોની માળાઓવડે, બળિ ( ઉપહાર ) વડે તેમજ દીપક વડે.।। સર્ષવ, દધિ અને અક્ષત તથા ગોરોચંદન પ્રમુખ મળી શકે તેવા અને તેટલા ( માંગલિક પદાર્થો ) વડે, તેમજ વિવિધ સુવર્ણ, મુક્તાફળ અને રત્નાદિકની માળાઓ વડે જિનપૂજા કરવી.।। આવા ઉત્કૃષ્ટ સાધન (દ્રવ્યો) વડે ઘણું કરીને ભાવ °( અધ્યવસાય ) પણ શ્રેષ્ઠ સંપજે છે. વળી આવાં વિદ્યમાન સારાં દ્રવ્યોનો શ્રી જિનપૂજાથી બીજો કોઇ વધારે સારો ઉપયોગ જણાતો નથી. માટે શ્રેષ્ઠ પુષ્પાદિક સામગ્રીવડે જિનપૂજા કરવી યુકત છે. કહ્યું છે કે ‘ દેહ પુત્ર અને કલત્ર ( સ્ત્રી ) પ્રમુખ સંસારની વૃદ્ધિ માટે થાય છે, અને વીતરાગ પ્રભુની પૂજા–ભક્તિ ભવ્યજનોને સંસારના ઉચ્છેદને અર્થે થાય છે.’ આજ બાબતને ભાવતા છતા શાસ્ત્રકાર કહે છે.।। આ લોકસંબંધી અને પરલોક સંબંધી કાર્યોમાં પરલોક સંબંધી કાર્ય સાધન વધારે ઉત્તમ છે. ‘ તેની ઉપેક્ષા કરવાથી બહુજ અનર્થ સંભવે છે. જિન-પૂજા એ ( અતિ ઉત્તમ ) પરલોક સંબંધી કાર્ય છે. તેથી પૂર્વોકત ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરવા જિનપૂજા જેવું બીજું ઉત્તમ સ્થાનક નથી.’ તે પારલૌકિક કાર્ય શુભ ભાવ વડે સાધી શકાય તેવું છે. ‘ માટે એવો શુભ ભાવ તત્કા-ર્યાર્થી જને આદરવો ’ અને તેવો ભાવ પ્રભુપૂજા અર્થે પ્રવર પુષ્પાદિક સત્સામગ્રીવડે સિદ્ધ થઇ શકે છે.।। એટલા માટે

પોતપોતાની વિભૂતિ પ્રમાણે બુદ્ધિવંત જનોએ જિનેશ્વર ભગવાન ઉપરના હૃદયના પ્રેમ–ઉલ્લાસ પૂર્વક, ઉત્તમ પુષ્પાદિક સામગ્રી વડે શ્રી જીનપૂજા કરવી. યતઃ 'શ્રી જિનેશ્વર ભગવાન નિષ્કારણ પરોપકાર રસિક છે, મોક્ષદાતા છે, ઇંદ્ર પૂજિત છે, સ્વહિતકામી જનોને પૂજ્ય છે અને જિનપદ પ્રાપ્તિ કરવા માટે પુષ્ટ આલંબનભૂત છે.' માટે ભક્તિથી પૂજવા યોગ્ય છે.॥ "હવે વિધિદ્વારનું નિરૂપણ કરવા માટે કહે છે." આ પૂર્વે વર્ણવેલો 'કાળ–નિયમ, શૌચ પ્રમુખ' વિધિ જિનપૂજામાં સામાન્ય પ્રકારેજ સમજવો. વિશેષ પ્રકારે તો પુષ્પમાળાદિક જે જે પ્રભુના અંગે સ્થાપવાં હોય તે તે સર્વ જેમ શોભાયમાન જણાય તેમ યત્નથી એકાગ્રપણે ભાવ શુદ્ધિથી કરવું. શ્રી જિન પૂજા કરતાં યત્નથી અનન્ય લક્ષ રાખવું તે બતાવે છે. ॥ વસ્ત્રવડે નાસિકા બાંધી (અષ્ટ-પટ મુખકોશ બાંધી) અથવા જો તેમ કરતાં અસમાધિ થતી હોય તો તે બાંધ્યા વગર પણ પુષ્પમાલા આરોપણાદિક સર્વ કાર્ય યત્નથી કરવાં. તેમજ પૂજાકાળે શરીરમાં ખરજ ખણવાદિક ક્રિયાનો પણ ત્યાગ કરવો. આદિ 'શબ્દથી નાક છીંકવાનો તથા વિકથા કરવા પ્રમુખનો પણ ત્યાગ કરવાનું સૂચવ્યું. યત્નથી પૂજા કરનારને જે પ્રાપ્તિ થાય છે તે દૃષ્ટાંતથી દેખાડે છે ॥ ૧૧–૨૦ ॥

જે સેવકો પોતાના સ્વામી પ્રત્યે પોતાની ફરજ (Duty) આદરથી બજાવે છે તે સ્વસ્વામીને સંતોષ ઉપજાવવાથી ઈચ્છિત ફળને પામે છે. પરંતુ જેઓ તેથી વિપ-

રીત વર્તી અનાદરથી સ્વકાર્ય કરે છે તેમને ઈચ્છિત અર્થની સિદ્ધિ થતી નથી; પણ ક્લેશ માત્ર પ્રાપ્ત થાય છે.॥ ત્રીભુવન-ગુરૂ શ્રી જિનેશ્વર આશ્રી તો ઉપર કહેલી વાત વિશેષે લાગુ પડે છે. એટલે જગદ્‌ગુરૂ શ્રી જિનેશ્વર ભગવાનની જે આદર-પૂર્વક ભક્તિ કરે છે, તે અતિ ઉત્તમ ફળને પામે છે. તેથી વિદ્વાન જનોએ જિનેશ્વરોની પૂજા પૂર્વોકત ન્યાયે મુખકોશ બાંધી અતિ આદર પૂર્વકજ કરવી જોઈએ.॥ " બહુમાન પણ વિધિપૂર્વકજ પ્રવર્તનાર ભકતજનોને પેદા થાય છે તે બતાવે છે.॥ એવી રીતે પ્રવર્તતાં પરમપદ–મોક્ષ મેળવી આપનાર બહુમાન (હૃદયપ્રેમ) પણ નિશ્ચે પ્રગટે છે. તેમજ અર્થગંભીર સ્તુતિ સ્તોત્ર સહિત ચૈત્યવંદન કરવાથી પણ પરમપદદાયક બહુમાન જાગે છે. માટે તે પણ અવશ્ય કર્તવ્ય છે.॥ " સ્તુતિ અને સ્તોત્ર કેવાં હોય ? તે જણાવે છે." એક શ્લોકમાનવાળી સ્તુતિ કહેવાય અને બહુ શ્લોક પ્રમાણ સ્તોત્ર કહેવાય. અતુચ્છ–ગંભીર શબ્દાર્થવડે ગુંફિત અને આપ્ત (સર્વજ્ઞ–વીતરાગ) ના વિદ્ય-માન ગુણોનું જ જેમાં ગાન કરેલું હોય તેજ સ્તુતિ સ્તોત્ર સારભૂત પ્રધાન સમજવાં.॥ તે સારભૂત સ્તુતિ સ્તોત્રના અર્થાવબોધથી જરૂર શુભ અધ્યવસાય જાગે છે અને તેનો અર્થાવબોધ જેને થયો ન હોય તેને પણ સ્તુતિ સ્તોત્ર શુભ ભાવરૂપ હોવાથી રત્નના દૃષ્ટાન્તે ગુણકારીજ થાય છે. જેમ અજાણ્યું પણ રત્ન તેના સુંદર સ્વભાવથીજ ગુણકારીજ થાય છે તેમ પૂર્વોકત વિશેષણ વિશિષ્ટ સ્તુતિ સ્તોત્ર તેના અર્થ–રહસ્યના અણજાણને પણ હિતકારીજ થાય છે માટે

તે સેવવા યોગ્યજ છે.॥ રોગી જનોએ જેના ગુણ જાણ્યા નથી એવાં રત્નો જેમ રોગીના જ્વર, શુલ પ્રમુખ રોગને શમાવે છે તેમ પૂર્વોક્ત સ્તુતિ સ્તોત્ર રૂપ ભાવરત્નો પણ કર્મ રોગને ટાળે છે.॥ તેટલા માટે પ્રભુ પૂજા કર્યા પછી સ્તુતિ સ્તોત્રાદિક પાઠ પૂર્વક, અસ્ખલિતાદિ ગુણ યુક્ત, આગમ અનુસારે અને ચઢતે પરિણામે ચૈત્યવંદન અવશ્ય કરવું જોઈએ.॥ આવી રીતે પ્રથમ પ્રદર્શિત પૂજાપૂર્વક કરવામાં આવતું ચૈત્યવંદન કર્મ-વિષને દૂર કરવા પરમ મંત્ર તુલ્ય છે. એમ સર્વજ્ઞ (અથવા શાસ્ત્રજ્ઞ) કહે છે. તેમજ ચૈત્યવંદન સમયે મુદ્રા વિધાન (યોગમુદ્રા નમુથ્થુણં કહેતી વખતે, મુક્તાંસુક્તિ મુદ્રા જયવીયરાય, જાવંતિ ચેઇયાઇ અને જાવંત કેવિસાહૂ કહેતી વખતે, તથા જિનમુદ્રા કાઉસ્સગ્ગ કરતી વખતે ) કરવું જોઈએ, તેમજ જિનો અને જિનકલ્પિકોએ આચરેલ અડોલ કાયોત્સર્ગ કરવો જોઇએ.॥

“ચૈત્યવંદન સમાપ્ત થતાં જે કરવું જોઈએ તે શાસ્ત્રકાર કહે છે”

આ ચૈત્યવંદનની સમાપ્તિ વખતે શુભ-મંગળકારી પ્રણિધાન એટલે પ્રાર્થનાગર્ભિત એકાગ્રતા કરવી જોઈએ. ઉક્ત પ્રાર્થના ‘ જય વીયરાય ’ ના પાઠવડે કહેવાય છે. તેનાથી સદ્ધર્મ વ્યાપારોમાં પ્રવૃત્તિ, મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં નડતાં વિઘ્નોનો જય ( વિઘ્ન વિનાશ ), વિઘ્ન વિનાશથી ધર્મકાર્યની સિદ્ધિ તેમજ સ્વપર ધર્મકાર્યોનું સ્થિરીકરણ એ ફળો પ્રકટે છે. એટલા માટે તદર્થી જનોએ ‘ પ્રણિધાન ’ અવશ્ય કરવું.॥ આ ‘ પ્રણિધાન ’ કરવાથી ‘નિયાણું’ થશેજ નહિ. કુશળ પ્રવૃત્તિ હેતુકહોવાથી. ‘પ્રણિધાન’ તો ‘**आरुग्ग**-

**बोहिलाभं**' ઈત્યાદિક પ્રાર્થના તુલ્ય છે એટલે બોધિ પ્રાર્થના જેમ નિયાણારૂપ નથી તેમ આ 'પ્રણિધાન' પણ શુભ અધ્યવસાયના કારણ રૂપ હોવાથી નિયાણા રૂપ નથી તેથી જ તેની પ્રવૃત્તિ છે. નહિ. તો ચૈત્યવંદનના અંતે તે ભણાય જ નહિ. ॥ ૨૧–૩૦ ॥

એવી રીતે ' પ્રણિધાન ' યોગે ઈષ્ટફળની સિદ્ધિ સંપજે છે. નહિ તો પ્રણિધાન શુન્ય અનુષ્ટાન નિશ્ચે દ્રવ્ય અનુષ્ટાન જ કહેવાય છે. તેટલા માટે યોગ્ય ભૂમિકા વિશેષે આ ' પ્રણિધાન ' નું કહેવું અવિરૂદ્ધ–ઉચિત જ છે. ॥ " હવે તેનો વિધિ કહે છે. " સંવિજ્ઞ એટલે મોક્ષાર્થી અથવા ભવભીત જને સાવધાન થઈ તીવ્ર શ્રદ્ધા વડે એ ( માનસિક વિધિ કહ્યો, હવે કાયિક કહે છે ) મસ્તક ઉપર બે હાથની અંજળી સ્થાપીને આ પ્રણિધાન આદર પૂર્વક કરવું. ॥ " તેનો પાઠ ક્રમ બતાવે છે. " હે વીતરાગ ! ( ઉપલક્ષણથી હે વીતદ્વેષ ! અને હે વીતમોહ ! ) આપ જયવંતા વર્તો. હે જગદ્‌ગુરૂ ! હે ભગવાન્ ! આપના પ્રભાવથી મને પ્રાપ્ત થાઓ ! ભવમાં નિર્વેદ ( સંસાર ઉપરથી વૈરાગ્ય ), માર્ગાનુસારીપણું ( મોક્ષમાર્ગમાં પ્રયાણ ) અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ. ( જેથી ચિત્ત સ્વસ્થ થાય અને ધર્મમાં સુખે પ્રવૃત્તિ થાય એવી જોગવાઈ મળો ! તેમજ લોકવિરૂદ્ધ કાર્યનો ત્યાગ, માતા પિતા ધર્માચાર્યાદિ ગુરૂજનોની પૂજા–ભક્તિ, પરોપકાર, શુભ ગુરૂ મહારાજનો સંયોગ, અને તેમની આજ્ઞાનું અખંડ પાલન જીવિત પર્યંત મુજને હે ભગવન્ આપના પસાયે

(સહાય) હો ! ॥ " આ પ્રણિધાન ઉચિત ભૂમિકા (અવસ્થા) પર્યંત કરવું ઘટે છે એમ શાસ્ત્રકાર બતાવે છે. " આ પ્રાર્થના –પ્રણિધાન, તે તે પ્રાર્થવાયોગ્ય ભવનિર્વેદાદિકના અભાવે કરવાનું છે. ( કેમકે અપ્રાપ્ત વસ્તુનીજ પ્રાર્થના કરાય છે ) અથવા અહીં મતાંતર કહે છે કે તે પ્રાર્થવા યોગ્ય ભવ–નિર્વેદનું જે અનંતર ( શીઘ્ર ભાવી ) ફળ અપ્રમત્તાદિક ગુણસ્થાનકની શ્રેણિરૂપ અને પરંપર ( અનુક્રમે થનારૂં ) ફળ મોક્ષરૂપ તેના અભાવે કરવું ઉચિત છે. સ્પષ્ટાર્થ એવો છે છે કે જ્યાં સુધી ભવ વૈરાગ્યાદિક પ્રાપ્ત થયાં ન હોય અથવા વૈરાગ્યાદિકના ફળરૂપ અપ્રમત્ત ગુણસ્થાનાદિક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કુશળ અનુષ્ટાન રૂપ પ્રણિધાન અવશ્ય કરવું ઉચિત જ છે. એટલે અપ્રમત્ત ( સપ્તમ ગુણસ્થાનવર્તી ) મુનિરાજોથી આગળના જે પ્રમત્ત સંયમી ( છઠ્ઠા ગુણસ્થાનવાસી ) મુનિ-રાજો છે. ત્યાં સુધી તેમને સર્વને તો આ પ્રણિધાન કરવું ઉચિતજ છે. પરંતુ ત્યાર પછીના જે અપ્રમત્ત સંયમી વિગેરે છે તેમને તે કરવું ઉચિત નથી; કેમકે તેઓ નીરાગી–નિઃ-સ્પૃહી હોવાથી કશી પ્રાર્થના કરતાજ નથી. યતઃ " **मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः** " " પૂર્વે કહ્યું કે પ્રણિ-ધાન નિયાણારૂપ નથી તે બાબતનું સાધક પ્રમાણ દર્શાવતા કહે છે. " આ ' जय वीयराय ' રૂપ જે મોક્ષાંગો ( નિવૃત્તિના કારણો ) ની પ્રાર્થના અથવા મોક્ષાંગ રૂપ પ્રાર્થના તે પ્રણિ-ધાન કરવા યોગ્ય પ્રમત્ત ગુણસ્થાન પર્યંતના જીવોને સૂત્ર–સિદ્ધાંતની અનુમતિ હોવાથી નિયાણારૂપ નથી. જેમ બોધિ-લાભની પ્રાર્થના શાસ્ત્ર અનુમત હોવાથી પ્રમાણ છે તેમ આ મોક્ષાંગ પ્રાર્થના (પ્રણિધાન) પણ શાસ્ત્રાનુમત હોવાથી નિયાણા

રૂપ નથી પણ પ્રમાણ છે. અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તીને માટે તો તે ઉચિત નથી, એમ પૂર્વે પ્રદર્શિત કરેલુંજ છે, તેથી પ્રમત્ત ગુણસ્થાન પર્યંતજ તે પ્રાર્થના–પ્રણિધાન કરવું ઉચિત છે. ॥ એવી રીતે મોક્ષાંગ પ્રાર્થના નિયાણરૂપ નથી, તો દશાશ્રુતસ્કંધ, ધ્યાનશતક પ્રમુખ શાસ્ત્રોમાં ' આ ધર્મથી હું તીર્થંકર થાઉં ' એવી રીતે પ્રાર્થનાનો પ્રતિષેધ કેમ કરેલો છે ? ઉત્તર–તે તીર્થંકરત્વ પ્રાર્થના રાગ વ્યાપ્ત હોવાથી ભવ પ્રતિબદ્ધ છે, તેથી તત્પ્રાર્થન–પ્રતિષેધ યુક્ત છે. ॥ રાગાસક્તપણે તો તે પ્રાર્થના દૂષિત છે, પરંતુ રાગ રહિત કરેલી તેજ પ્રાર્થના અદૂષિત છે. રાગ રહિતપણે (નીરાગી ભાવે) કરવામાં આવતાં જિનભક્તિ પ્રમુખ કુશલ અનુષ્ઠાન થકી અનેક ભવ્યજનોને હિતકારી અને અનુપમ આનંદ સંપાદક અપૂર્વ ચિન્તામણી સદૃશ (અચિન્ત્ય સુખદાયક) તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. ॥ તેથી સદ્ધર્મ દેશનાદિક તીર્થંકરની કરણી હિતકારી છે અને એવા પ્રકારના ઉત્તમ અધ્યવસાયવાળા આત્માને અપ્રતિઘાતી છે. માટે સદ્ધર્મ દેશનાદિક ધર્મકરણીમાં પ્રવૃત્તિ સ્વરૂપ તીર્થંકરત્વની પ્રાર્થના આર્થાપત્તિ ન્યાયથી દૂષણ રહિત છે. ॥ આ સ્થળે પ્રણિધાન સંબંધી વધારે કથન કરવાથી સર્યું. એવી રીતે શસ્ત્ર નીતિ મુજબ નિર્દોષ જિનેશ્વર ભગવાનની પૂજા મનુષ્યભવ પ્રમુખ ઉત્તમ સામગ્રી પામીને અવશ્ય કરવી, ઉક્ત વિષયમાં ભવ્ય જનોએ લગારે પ્રમાદ ન કરવો. ॥ ૩૧–૪૦ ॥

જિન પૂજા કરતાં પૃથ્વીકાય પ્રમુખ જીવ નિકાયની હિંસા થાય છે, ને હિંસાનો જિનેશ્વર ભગવાને નિષેધ કરેલો

છે. તેમજ ( તેમ છતાં ) તે પૂજા પૂજ્ય-જિનોને (કંઇ) ઉપકારી નથી તો પછી એવી પૂજા નિર્દોષ-દોષ રહિત શી રીતે હોઈ શકે ? ॥ " ઉક્ત શંકાનું સમાધાન કરે છે. " જિન પૂજામાં કથંચિત્-કોઈ પ્રકારે જીવવધ થાય છે, તો પણ ' કૂપ ખનન ' દૃષ્ટાંતથી ગૃહસ્થોને તે જિનપૂજા નિર્દોષ કહી છે. જો બરાબર જયણા પૂર્વક પ્રભુ પૂજામાં પ્રવૃત્તિ કરે તો તેમાં સર્વથા પણ જીવ હિંસા ન લાગે. કેવળ તેમાં અધ્યવસાયની વિશુદ્ધિથી અનુબંધ અહિંસાની જ પુષ્ટિ થાય. સાધુ-નિગ્રંથોની તો તે દ્રવ્યપૂજાનો નિષેધ નીરોગીને ઔષધની પેરે કથેલોજ છે. ॥ " બીજું સમાધાન આપે છે. " ગૃહસ્થો અસદ્ આરંભમાં પ્રવૃત્ત થયા હોય છે. એટલે જેમાં જીવહિંસા થયા કરે એવા કઈક ખેતીવાડી પ્રમુખ ધંધા કરતા હોય છે તેમને આ જિનપૂજા તે અસદ્ આરંભથી નિવર્તાવવાવાળી થાય છે. તે એવી રીતે કે જિનપૂજામાં જ્યાં સુધી ગૃહસ્થ પ્રવૃત્ત હોય ત્યાં સુધી તેને અસદ્-આરંભનો અસંભવ અને શુભ ભાવનો સંભવ હોવાથી પ્રભુ પૂજા તે પાપારંભથી મુક્ત કરાવનારી થાય છે જ એમ કહેવાય છે. તે બુદ્ધિશાળી જનોએ સારી રીતે આલોચવા-વિચારવા યોગ્ય છે. ॥ " હવે જે કહ્યું કે પૂજા પૂજ્યને કંઈ ઉપગારી નથીજ તેનું સમાધાન કરવા કહે છે. ॥ જો કે કૃતકૃત્ય હોવાથી પૂજ્ય એવા જિનેશ્વરોને પૂજાથી ઉપગારનો અસંભવ છતાં પણ પૂજા કરનાર ભક્ત જનોને તો પુણ્ય-બંધાદિ રૂપ ઉપગાર થાય જ છે. જેમ મંત્રાદિક સ્મરણ અને અગ્નિ પ્રમુખનું સેવન કરતાં તે તે મંત્ર અગ્નિ પ્રમુખને ઉપકારક નહિ છતાં સેવકને તો ઉપગાર થાય જ છે તેમ

અહીં પણ પૂજા વિષયે ભવ્ય પૂજકને ઉપકાર સમજવો. ।। "પૂજામાં જીવ વધ થાય છે એમ માનતા છતાં તે જીવ વધની બીકથી જે પ્રભુપૂજામાં પ્રવૃત્તિ કરતા નથી તેમને ઠબકો આપવા માટે કહે છે," ।। જેઓ સ્વદેહાદિક નિમિત્તે પુત્ર પરિવારાદિકને અર્થે પણ જીવહિંસામાં પ્રવૃત્તિ કરે છે તેમને જિનપૂજા અર્થે (દેખાતી) જીવ હિંસામાં ન પ્રવર્તવું–દેખાતી જીવહિંસાથી ડરી જિનપૂજા થકી દૂર રહેવું એ મોહ મૂઢતા છે. મોહ મૂઢતા વગર વિશુદ્ધિ ભાવને પેદા કરનારી અને બોધિલાભાદિક અનેક ગુણ સંપાદન કરી આપનારી, પરમાર્થથી જીવરક્ષાના નિમિત્તભૂત હોવાથી કેવળ દયાલક્ષણવાળી અને સ્વપરને મોક્ષરૂપ અમોઘ ફળ આપનારી જિનપૂજામાં અપ્રવૃત્તિ–પ્રવૃત્તિનો ત્યાગ થાય જ કેમ ? પાપ આરંભમાં આસક્ત હોવાથી વિશિષ્ટ દયા વર્જિત ગૃહસ્થને પવિત્ર જિનપૂજાનો ત્યાગ કરવો એ કેવળ કલ્યાણ અનુષ્ઠાનથી અલગા રહી આત્માને જ ઠગવા જેવું છે. એટલા માટે મોક્ષ સુખને ઇચ્છનાર ગૃહસ્થ જનોએ સૂત્ર કથિત વિધિ અનુસારે પ્રમાદ રહિત શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા ( અવશ્ય અહર્નિશ ) કરવી જોઇએ. ।। જેમ ( સ્વયંભૂરમણાદિ ) મહાસાગરમાં પ્રક્ષેપવેલ એક પણ બિંદુ (અનેક બિંદુઓની વાત દૂરજ રહો ! ) અક્ષય થઈ રહે છે તેમ ગુણરત્નોના આધારભૂત હોવાથી સમુદ્ર સમાન શ્રી જિનેશ્વરોની કરેલી પૂજા ફળની અપેક્ષાયે અક્ષય થાય છે. ।। જિનેશ્વરોની પૂજાવડે વીતરાગત્વાદિ ઉત્તમ ગુણો ઉપર તેમજ ઉત્તમ ગુણધારક જિનો ઉપર બહુમાન ઉપજે છે, ઉત્તમ પ્રાણીઓમાં પોતાની ગણના થાય છે, અને અનુક્રમે ઉત્તમ ધર્મ (પરમાત્મ સ્વરૂપ)

ની પ્રાપ્તિ થાય છે અથવા પૂજા–અર્ચાવડે જિન શાસનની પ્રભાવના થાય છે. ॥ "પ્રભુ પૂજા તો મહા ફળદાયી છે જ પરંતુ પૂજા કરવાનો ઉત્કટ ભાવ પણ ( હું પરમાત્મા પ્રભુની પૂજા કરૂં એવું એકાગ્ર ચિન્તન પણ ) મહા ફળદાયી છે, તે વાત દૃષ્ટાંતદ્વારા દર્શાવતા છતાં શાસ્ત્રકાર કહે છે." ॥ જિનેંદ્ર–આગમમાં સંભળાય છે કે એક દુઃખી સ્ત્રી સિંદુવાર જાતના પુષ્પોવડે હું જગદ્ ગુરૂ જિનેશ્વર ભગવાનની પૂજા કરૂં એવા એકાગ્ર ધ્યાનથી મરણ પામી સ્વર્ગલોકમાં ઉપની. મતલબ કે પ્રભુની પૂજા કર્યા વગર કેવળ પ્રભુને પૂજવા એકાગ્ર ભાવથી માર્ગમાં જતાં આયુષ્ય ક્ષીણ થવાથી તે મરણ પામી, સ્વર્ગમાં ઉપની તો જેઓ અવિહડ ભાવથી પ્રતિદિન સ્વ-વૈભવ અનુસારે સાર સામગ્રી મેળવી આદરપૂર્વક જગદ્ ગુરૂ શ્રી જિનેશ્વરની પૂજા–ચર્ચા કરી અમંદ આનંદ મેળવે છે, તેમજ અનેક ભવ્ય જનોને આકર્ષી જિનશાસન રસિક કરે છે, તે ભાગ્યવંતોનું તો કહેવું જ શું ? " આ પૂજા પ્રકરણ સમાપ્ત કરતા શ્રીમાન્ હરીભદ્રસૂરિ કહે છે કે–" આ પૂજા અનુષ્ઠાન સમ્યગ્ જાણીને તેનો શાસ્ત્ર અનુસારે નિશ્ચય કરી બુદ્ધિવંત મોક્ષાર્થી પુરૂષોએ ઉકત અનુષ્ઠાન કેવળ શાસ્ત્ર નીતિથીજ અહર્નિશ કરવું પ્રથમ સમ્યગ્ જાણવું કેમકે અસમ્યગ્ જ્ઞાન અજ્ઞાનરૂપ હોવાથી ઉપકારક થતું નથી. તત્ત્વની ગવેષણા કરી સાર તત્ત્વ આદરી લેવું એજ બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે. જગદ્ગુરૂ જિનેશ્વર સમાન કોઇ દેવ નથી એમ મધ્યસ્થપણે નિર્ધારી મોક્ષાર્થી જનોએ એ દેવનીજ અહોનિશ ઉપાસના કરવી ઉચિત છે. કેમકે તે મોક્ષપ્રાપ્તિનો અનન્ય ઉપાય છે. ॥ ૪૧–૫૦ ॥

### શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત

# जिन चैत्यवंदन विधि

શ્રી વર્ધમાન સ્વામીને ભાવથી નમસ્કાર કરી, ઉત્કૃષ્ટ મધ્યમ, અને જઘન્યરૂપ ત્રણ ભેદે, મુદ્રા વિધાનવડે વિશુદ્ધ એવું ચૈત્યવંદનવિધિનું સ્વરૂપ (સંક્ષેપથી) કહીશ.ાા એક નમસ્કાર (સ્તુતિ) વડે જઘન્ય ચૈ૦ જાણવું. "અરિહંત ચેઇયાણં" રૂપ દંડક પછી એક સ્તુતિ કહેવા વડે અથવા શક્રસ્તવ, અરિહંત ચેઇયાણં, લોગસ્સ, પુખ્ખરવર૦ અને સિદ્ધાણં૦ રૂપ પાંચ દંડકો અને પ્રસિદ્ધ ચાર થોઇઓ વડે મધ્યમ ચૈ૦ જાણવું અને ઉત્કૃષ્ટ ચૈ૦ પ્રસિદ્ધ પાંચ દંડકો સાથે ત્રણ સ્તુતિયો તથા જયવીયરાયના પાઠથી થાય છે (ચતુર્થ[1] સ્તુતિ અર્વાચિન જ છે.) તેમજ બીજા આચાર્યો એમ કહે છે કે પાંચ શક્રસ્તવના પાઠયુક્ત ચૈત્ય૦ સંપૂર્ણ કહેવાય.

---

૧ આ પ્રકરણની બીજી ગાથાના અર્થમાં ચતુર્થ સ્તુતિ અર્વાચિનજ છે એમ લખેલું છે તે ટીકાકારનો અભિપ્રાય વાસ્તવિક છે, તો પણ તેમણે પૂર્વ સમર્થ મહાજ્ઞાની પુરૂષોએ કરેલી ચતુર્થ સ્તુતિ (થોઇ)ની આચરણા માન્ય રાખેલી છે, જેને લઇને શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ પોતે પણ સંસારદાવામાં ચતુર્થ સ્તુતિ કરેલી છે, એટલુંજ નહીં પરંતુ બીજા પણ અનેક આચાર્યોએ પ્રમાણેજ અનુકરણ કરેલું છે. વળી તે શ્રી હરિભદ્રસૂરિ પ્રમુખ સમર્થ આચાર્યોને આપણે તો પ્રાચીન લેખીએ છીએ, તેથી આપણી અપેક્ષાએ તો તે પ્રાચીનજ છે. કારણ કે તે આચરણ અલ્પજ્ઞ કે ભવભીરૂતા વિનાના આચાર્યાદિકે કરેલા નથી, માટે તે માનનીયજ છે.

મતલબ કે પોષધાદિકમાં આજકાલ જે ચૈત્ય૦ પ્રચલિત છે તે ઉત્કૃષ્ટ, અને પ્રતિક્રમણ સમયે જે ચૈત્ય૦ વિધિ પ્રચલિત છે તે મધ્યમ ચૈત્ય૦ જાણવું. તે પણ 'પાંચે અભિગમ' 'ત્રણ પ્રદક્ષિણા' તેમજ પૂજાદિ વિધાન સહિત કરવું. એવી રીતે ચૈત્યવંદના ત્રણ પ્રકારે સમજવી. (તે દરેકના પાછા ત્રણ ત્રણ ભેદ થઈ શકે છે.॥ "અથવા પ્રકારાન્તરે તેના ત્રણ ભેદ બતાવે છે." અથવા સામાન્ય રીતે અપુનર્બંધક વિગેરે યોગ્ય જીવોના પરિણામ વિશેષ અથવા ગુણસ્થાનક વિશેષથી સર્વે જઘન્યાદિ પ્રકારવાળી ચૈત્યવંદના ત્રણ પ્રકારે જાણવી. એટલે અપુનર્બંધકને જઘન્ય, અવિરત્ સમ્યગ્ દૃષ્ટિને મધ્યમ, અને વિરતિવંતને ઉત્કૃષ્ટ, અથવા અપુનર્બંધક પ્રમુખ દરેકને પણ પરિણામ વિશેષથી, તે ત્રણે પ્રકારની ચૈ૦ જાણવી કેમકે અપુનર્બંધક સિવાય બાકી બીજા સકૃત્ બંધક પ્રમુખ મિથ્યા-દૃષ્ટિ જનોને શાસ્ત્રમાં ચૈત્યવંદનાની યોગ્યતા રહિત હોવાથી અધિકારી ગણ્યા નથી. અપુનર્બંધકાદિનેજ અધિકારી ગણ્યા છે. તેથી તે અપુનર્બંધકાદિકના અનુક્રમે શાસ્ત્રકાર સંક્ષેપથી લક્ષણ જણાવતા છતા કહે છે.॥ હિંસાદિક પાપ કર્મ જે ગાઢ સંક્લિષ્ટ પરિણામથી કરે નહિ, ભયંકર ભવ (સંસાર) ને સારો જાણે નહિ અને માતા, પિતા, દેવ, ગુરૂ પ્રમુખની સર્વત્ર ઉચિત મર્યાદા સાચવે, ક્યાંય પણ અનુચિત આચરે નહિ તેવા લક્ષણવાળાને અપુનર્બંધક જાણવો. ॥ ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાથી (તીવ્ર) ઇચ્છા, ધર્મ સાધન કરવાનો (અત્યંત) રાગ, તેમજ દેવ ગુરૂની યથા સમાધિ ભક્તિ કરવાનો (આગ્રહપૂર્વક) નિયમ એ સમક્તિવંતનાં લક્ષણ છે.॥ માર્ગા-

નુસારી, શ્રદ્ધાવાન્, સુખે સમજાવી શકાય એવો અનાગ્રહી, સ્વધર્મ કરણીમાં સાવધાન, સદ્‌ગુણરાગી, શકય અનુષ્ઠાનમાં આળસ વગરનો એવો ચારિત્રી–વિરતિવંત હોય.।। આ ઉપર કહેલા અપુનર્બંધકાદિક ભાવ વંદના કરવાના પણ અધિકારી છે. તે સિવાય બીજા મિથ્યાદૃષ્ટિ જનો તો દ્રવ્યવંદનાના પણ અધિકારી નથી. કેમકે દ્રવ્યવંદના પણ ભાવવંદનાની યોગ્યતા છતે સંભવે છે. તેથી બાકીનાને તો કેવળ અપ્રધાન દ્રવ્ય-વંદના હોઇ શકે.।। અપુનર્બંધક થકી બીજા સકૃત્ બંધકાદિક મિથ્યાદૃષ્ટિ જીવોને આ ભાવ વંદના સંબંધી યોગ્યતા પણ બહુલ સંસારીપણાથી હોવી ઘટતી નથી, તેથી તેમને ભાવ-વંદના તો સંભવેજ નહી. અને અપ્રધાન દ્રવ્ય વંદના તો અભવ્ય જીવોને પણ કહેલ છે. તેથી તેવું દ્રવ્યવંદન સકૃત્ બંધકાદિકને પણ હોવું ઘટે એમ શાસ્ત્ર યુક્તિથી સમજી શકાય છે.।। “ દ્રવ્ય અને ભાવવંદનાનાં ચિન્હ શાસ્ત્રકાર જણાવે છે. ” ચૈત્યવંદના કરતાં તેમાં ઉપયોગ ( લક્ષ ) ન હોય, તેના અર્થ ( પરમાર્થ )ની વિચારણા ન હોય, વંદન યોગ્ય અરિહંતાદિકના પ્રગટ ગુણ ઉપર બહુમાન ન હોય, ‘ મને આ અતિ અદ્‌ભૂત દર્શનનો અપૂર્વ લાભ થયો મને અપૂર્વ પ્રભુવંદનાનો અવસર પ્રાપ્ત થયો ’ એવો પ્રમોદ પ્રાપ્ત ન થાય, તેમજ સંસારનો ત્રાસ ન લાગે તે દ્રવ્ય ચૈત્ય-વંદનનાં ચિન્હ સમજવાં; તેથી વિપરીત સઘળાં સારાં લક્ષણ ભાવચૈત્યવંદનાનાં સમજી લેવા. “ વળી બીજાં લક્ષણથી દ્રવ્ય ભાવવંદના જણાવવાનો ભેદ કહે છે. ” યથા અવસર (ત્રિકાળ) ચૈત્યવંદન વિધિ સાચવતાં, તદ્‌ગત ચિત્ત પ્રમુખ

યોગ વ્યાપારવડે અને ચૈત્યવંદનાની વૃદ્ધિ તથા રોમાંચ યોગે ભાવ ચૈત્ય૦ અને તેથી વિપરીત દ્રવ્ય ચૈત્ય૦ જાણવી.॥૧-૧૦॥

"ઉક્ત લક્ષણોમાં ભાવનું પ્રધાનપણું દર્શાવવા કહે છે." એક વાર ઉત્પન્ન થયેલો શુભ ભાવ પ્રાયઃ વધારે રૂડા ભાવને ઉત્પન્ન કરે છે તેથી ચૈત્યવંદનામાં બીજાં લક્ષણ કરતાં એકાદ વાર ભાવવૃદ્ધિ થવી તે શ્રેષ્ઠ લક્ષણ જાણવું.॥ "તેજ વાત દ્રષ્ટાન્તથી સિદ્ધ કરી બતાવે છે." જેમ શરીરમાં સંચરેલું અમૃત પરિણમ્યું ન હોય તો પણ સુખદાયી જ થાય છે, તેમ ભાવ ને મોક્ષના હેતુરૂપ અમૃત તુલ્ય અન્ય શાસ્ત્રકારોએ પણ દર્શાવેલ છે.॥ મંત્રાદિક સાધવામાં પણ કલ્યાણભાગી જનો યથા અવસર પ્રમાદ રહિત ઉદ્યમ કરે છે તો એથી અધિક ભાવ (પરમાર્થ) વાળી ચૈત્યવંદનામાં ભવ્ય જનોએ અધિક યત્ન કરવો જોઇએ. કેમકે આથી મોક્ષ પર્યંત મહા સુખની પ્રાપ્તિ થઈ શકે છે.॥ ભાવ ચૈત્યવંદનાથી મક્કમપણે મોક્ષરૂપ પરમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી મંત્રાદિ વિધાન કરતાં તે અધિક છે. તેમજ ફલની અધિકતા અનુસાર તેમાં યત્ન પણ અધિકજ કરવો જોઇએ.॥ પ્રાયઃ ભાવવંદના યોગ્ય વિધિમાં ઉદ્યમ કરતાં આ લોક સંબંધિ પણ હાનિ સંભવતી નથી. અને કદાચ તેવાજ નિકાચિત કર્મયોગે હાનિ જણાય તોપણ તેનો પરિણામની વિશુદ્ધિથી છેદ થઇ જાય છે. જયારે ઉત્તમ ભાવથી ક્ષણ માત્રમાં મોક્ષ પ્રાપ્તિ થાય છે તો પછી આ લોક સંબંધી ક્ષણિક હાનિનો તો શીઘ્ર છેદ થાય તેમાં કહેવું જ શું !॥ આ ભાવ વંદન મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનારને ચોરાદિકના

ઉપદ્રવથી રક્ષવા કોટ–કિલ્લા જેવું અન્ય શાસ્ત્રકારોએ પ્રકાશેલું છે. તે સમ્યગ્ રીતે વિચારી લેવું એટલે એ સંબંધી વધારે ઉલ્લેખ કરવાથી સર્યું.।। “ હવે મુદ્રા સંબંધી શાસ્ત્રકારો જણાવે છે. ” પંચાંગ પ્રણામ અને શક્રસ્તવ પ્રમુખ સ્તવના યોગમુદ્રા વડે કરવામાં આવે છે. ‘ અને અરિહંત ચેઈયાણું ઈત્યાદિ દંડક પાઠવડે જિન બિંબાદિકની સ્તવના જિનમુદ્રા વડે કરાય છે. આ મુદ્રા પગ આશ્રી છે અને યોગ મુદ્રા હાથ આશ્રી છે, તે બંનેનો ઉપયોગ ઉક્ત ‘ વંદનામાં ’ થાય છે. અને ‘ જય વીયરાય ’ ‘ જાવંત કેવિસાહૂ ’ તેમજ જાવંતિ ચેઈયાઈરૂપ ‘ પ્રણિધાનત્રિક ’ મુક્તાશુક્તિમુદ્રાવડે કરવામાં આવે છે.।। બે ઢીંચણ, બે હાથ અને પાંચમું ઉત્તમાંગ–મસ્તક, એ પાંચ અંગો સમ્યગ્ ભકિતથી પૃથ્વી ઉપર લગાડતાં તે વડે પંચાંગ પ્રણિપાત થયો જાણવો.।। માંહોમાંહે દશ આંગળીઓ આંતરી, કમળના દોડાના આકારે બંને હાથો રાખી, પેટની ઉપર હાથની કોણીઓ સ્થાપી રાખવાથી જોગ મુદ્રા થાય છે. સમાધિમુદ્રા હોવાથી બંને હાથ જોડી રાખવા તેનું નામ જોગમુદ્રા છે.।। આગળના ભાગમાં ચાર અંગુળ જેટલા પહોળા અને પાછળના ભાગમાં તેથી કંઈક ઓછા પહોળા બે પગ રાખી કાયોત્સર્ગ કરવાથી જિનમુદ્રા થાય છે. વિઘ્ન–ઉપદ્રવને જીતવા સમર્થ હોવાથી તે જિનમુદ્રા કહેવાય છે.।। ૧૧–૨૦ ।।

માંહોમાંહે આંગળીઓ આંતરી ન હોય એવા બે હાથ પોલા રાખી લલાટ ( ભાલ ) સ્થળે સ્થાપ્યા હોય ( કે ન સ્થાપ્યા હોય ) તે મુક્તાશુક્તિ મુદ્રા સમજવી. મુક્તાશુક્તિ

નામ મોતીની સીપનું છે. તે સીપના આકારે કરવામાં આવતી મુદ્રા તેનાજ નામે મુક્તાશુક્તિ કહેવાય છે.॥ ચૈત્યવંદનામાં આવતી મુદ્રાદિક ક્રિયા, પદ અને અકારાદિ વર્ણને વિષે તથા તેના અર્થને વિષે અને સાક્ષાત્ જિનબિંબને વિષે સર્વત્ર છિન્ન જવાળાની પેરે ઉપયોગનું અનુસંધાન હોવું ઘટે છે: જેમ દીપક પ્રમુખની પ્રભા એક ઘરમાં છતી સામા ઘરમાં પ્રકાશે છે, તેથી જો કે વચલા અંતરમાં જણાતી ન હોય, તો પણ તેનું અનુસંધાન હોવું ઘટે છે. તેવી રીતે ઉક્ત સર્વ ક્રિયાદિકમાં પણ ઉપયોગનું અનુસંધાન હોઈ શકે છે. કોઈ એક ક્રિયાદિકમાં ઉપયોગ મુખ્યપણે વર્તતા અન્યત્ર અર્થાદિકમાં પણ તે હોવો ઘટે છે. મતલબ કે અભ્યાસ યોગે ઉપયોગ સર્વત્ર ફરી વળે છે.॥ છિન્નજવાળામાં જવાળાનો ઉચ્છેદ હોય ત્યારે પણ અન્ય પરિણામને પામેલા એવા જવાળા–પરમાણુઓની સત્તા તો હોયજ છે, નહિ તો જવાળાની પ્રાપ્તિજ થાય નહિં. તેમ જે અર્થાદિકમાં પ્રગટ ઉપયોગ વર્તતો હોય તે સિવાય બીજા પણ વિષયોમાં ચિત્તનો ઉપયોગ વ્યક્તપણે નહિ જણાતાં છતાં તે તેમાં સામાન્યપણે વર્તે છે.॥ ક્ષાયોપશમિક ભાવે આત્માના સ્વભાવિક રૂડા પરિણામ વડે પરમ આદરથી કરવામાં આવેલું ચૈત્યવંદનાદિક શુભ અનુષ્ઠાન કરતાં કરતાં તથાવિધ કર્મ દોષથી કદાચ તૂટી ગયું હોય (તૂટી ન ગયું હોય–કાયમ રહ્યું હોય તેનું તો કહેવુંજ શું?) તો પણ ફરીને જે ભાવમાં તે કરાયું હતું તે ભાવની વૃદ્ધિ કરનારૂં થાય છે, માટે મોક્ષ હેતુરૂપ શુભ ભાવની વૃદ્ધિ કરનાર હોવાથી ઉક્ત વંદનામાં

(અધિક) પ્રયત્ન કરવો ઘટે છે.ાા આ વાત પ્રાયઃ શાસ્ત્રોક્ત પ્રકારે ધર્મવાસિત બુદ્ધિવંત જનોને અનુભવ સિદ્ધ હોય છે તેથી તે લોકોત્તર બુદ્ધિવડે બુદ્ધિવંત જનોએ સમ્યગ્ અવધારવી જોઇએ.ાા "હવે પરિશુદ્ધ વંદનાનું ચિન્હ બતાવે છે." મોક્ષ સુખના અર્થીજનોને સમ્યગ્ જ્ઞાનાદિક જે મોક્ષના કારણ છે તેને માટે જેમ જિજ્ઞાસા અવશ્યની છે તેમ તે જિજ્ઞાસા પ્રમુખ આ શુદ્ધ વંદનાનું ખાસ લિંગ છે. કેમકે તેથી શુદ્ધ વંદનાનું યથાર્થ સ્વરૂપ જાણીને સુખે સેવી શકાય છે.ાા ઉદ્વેગાદિક દોષોને તજી ચિત્તને સ્વસ્થ રાખવું, તત્ત્વ સ્વરૂપમાં પ્રીતિ લગાવવી અને આનંદકારી તત્ત્વ જિજ્ઞાસા (જાણવાની અભિરૂચિ રાખવી) તે વિગેરે પ્રાયઃ સમ્યગ્જ્ઞાન દર્શનાદિક આત્મગુણનો અભ્યુદય થવામાં કારણરૂપ થાય છે, એમ પાતંજલાદિક યોગશાસ્ત્રોમાં સારી રીતે સિદ્ધ કરી બતાવેલ છે.ાા "જિજ્ઞાસા રૂપ ચિન્હવાળી શુદ્ધ વંદના ક્યારે પ્રાપ્ત થાય તે કહે છે." પ્રથમ કરણ–યથાપ્રવૃત્તિકરણ ઉપરાંત વર્તતા એવા અપુનર્બંધક પ્રમુખ જનો, જેઓ કદાગ્રહરહિત હોય છે, તેમને આ ઉપર જણાવેલી શુદ્ધ–નિર્દોષ વંદના હોવી ઘટે છે. પણ બીજા અયોગ્ય જનોને તે હોવી ઘટતી નથી. તે કરણ ત્રણ પ્રકારનાં પ્રગટપણે શાસ્ત્રમાં કહ્યાં છે.ાા યથાપ્રવૃત્તિ કરણ પહેલું (તે તો અનાદિ સંસારમાં અભવ્ય જીવોને પણ કઇ વખત પ્રાપ્ત થાય છે). બીજું અપૂર્વકરણ (અનાદિ સંસારમાં પૂર્વે પ્રાપ્ત નહિ થયેલું એવું અપૂર્વ હોવાથી) અને ત્રીજું અનિવૃત્તિકરણ (જે મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન સમ્યક્ત્વને પામ્યા વગર પાછું ન વળે તે)

તેમાં બીજું અને ત્રીજું કેવળ ભવ્યજનોનેજ પ્રાપ્ત થાય છે, બીજા અભવ્યને તો કેવળ પ્રથમ યથાપ્રવૃત્તિકરણજ પ્રાપ્ત થાય છે. પછીના બે કરણ પ્રાપ્ત થઈ શકતાંજ નથી. જીવના અધ્યવસાય વિશેષને શાસ્ત્રકાર કરણ કહે છે.॥ "ત્રણ કરણોનો વિભાગ–વિવેક બતાવે છે." નિબિડ રાગ–દ્વેષના પરિણામરૂપ ગ્રંથિ પ્રદેશે પહોંચતાં સુધી પ્રથમ કરણ હોય છે. ઉક્ત ગ્રંથીને ભેદનારને બીજું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે, અને ત્રીજું અનિવૃત્તિકરણ તો જેને સમ્યકત્વની પ્રાપ્તિ અવશ્ય તરતમાંજ થવાની હોય તેનેજ પ્રાપ્ત થાય છે. મતલબ કે અનિવૃત્તિકરણ કરી જીવ તરતજ સમક્તિ પામે છે. ॥ ૨૧–૩૦ ॥

આ ઉપર જણાવેલા વિવેકથી શુદ્ધ વંદનાનો લાભ મળે છે. તથા અનાદિ સંસાર ચક્રમાં ભમતાં દ્રવ્યલિંગે તો આ વંદના સંબંધે એટલા બધા આદરથી આલોચના કરવી કે તે આત્માને મોક્ષને માટેજ થાય. મતલબ કે હવે શુદ્ધ વંદનાજ કરવી.॥ શુદ્ધ વંદનાયોગે જીવને અર્ધ પુદ્ગલ પરાવર્તનથી અધિક સંસાર ભ્રમણ રહેતુંજ નથી, એમ જિન આગમમાં સ્પષ્ટ જણાવેલું છે.॥ ઉપર જણાવેલી શાસ્ત્રયુક્તિથી બુદ્ધિવંત જનોએ આ ચૈત્યવંદનાનો સારી રીતે વિચાર કરવો. કેમકે ( જેમ તેમ ) ચૈત્યવંદના કરવા માત્રથી નિર્વાણ પદની પ્રાપ્તિ થઈ શકતી નથી. કેવળ શુદ્ધ વંદનાથીજ તેની પ્રાપ્તિ થાય છે.॥ વળી આવશ્યક નિર્યુક્તિ પ્રમુખ શાસ્ત્રોમાં ચાર પ્રકારના સાચા ખોટા રૂપીઆનું દૃષ્ટાંત શાસ્ત્રના જાણ પુરૂષો કહે છે, તે પણ અત્ર ચૈત્યવંદનાના પ્રસંગે સારી રીતે

વિચારવા યોગ્યજ છે. " તે ચાર ભેદ બતાવે છે." ॥ જેમાં સોનું રૂપું વિગેરે સાચું અને છાપ પણ સાચી તે રૂપીઓ સાચો સમજવો. જેમાં છાપ ખરી ન હોય અને સોનું રૂપું પ્રમુખ સાચું હોય તે રૂપીઓ સર્વથા શુદ્ધ નથી (તો પણ તે મૂળ શુદ્ધ હોવાથી સારો છે.)॥ સોનું રૂપું વિગેરે ખોટું છતાં ઉપર સાચી હોય તો તે રૂપીઓ ખોટો જ જાણવો. તેમાં વળી છાપ પણ ખોટી હોય (અને મૂળ ધાતુ તો ખોટી છેજ) તેનું તો કહેવું જ શું? તે તો પ્રગટ પણે ખોટો જ કહેવાય. ઉપર કહેલા ચાર પ્રકારમાં પહેલા પ્રકારથી પૂર્ણ ફળ, બીજાથી કંઈક અધુરૂં ફળ અને ત્રીજા ચોથાથી તો મુગ્ધજનોને છેતરવા સિવાય બીજું કશું ફળ નથી.॥ ત્રીજા ચોથા પ્રકારમાં જણાવેલું મુગ્ધજનોને છેતરવારૂપ અનર્થકારી અથવા સ્વપરને અપકારકારી ફળ આ પ્રસ્તાવે અનુપયોગી હોવાથી જણાવ્યું નથી. ફક્ત આગમ અનુસારે આત્મગત મોક્ષાદિ ફળ જ આવી રીતે ચિંતવવું ઘટે છે. ॥ "ઉપનય વડે યથાક્રમ જણાવે છે." અપુનર્બંધકાદિકને ઉચિત એવા શ્રદ્ધાન અને ભક્તિરૂપ ભાવવડે અને છાપરૂપ શુદ્ધવર્ણાદિ તેમજ તદ્ગત ક્રિયાવડે કરાતી વંદના શુદ્ધ વંદના જાણવી, તે યથોદિત ગુણવાળી હોવાથી નિશ્ચયે મોક્ષફળને આપનારી છે, અને પ્રથમ પ્રકારના રૂપીઆ તુલ્ય છે.॥ પૂર્વોક્ત શ્રદ્ધા અને ભક્તિભાવથી કરવામાં આવતી બીજા પ્રકારના રૂપીઆ જેવી ચૈત્યવંદના તેના અક્ષર, અર્થ વિગેરેથી અશુદ્ધ હોય તોપણ તે અભ્યાસ દશાને બહુ સુખકારી છે. અથવા મોક્ષાદિક ફળ આપવાવાળી હોવાથી શુભ-પ્રશસ્ત છે એમ તીર્થ-

કરાદિકોએ ફરમાવેલું છે. કેમકે ભાવશૂન્ય ક્રિયા અને ક્રિયા શૂન્ય ભાવ તે બંનેમાં ખજવા અને સૂર્ય જેટલું અંતર રહ્યું છે, મતલબ કે ભાવનીજ પ્રધાનતા છે.॥ ભાવ વગરની વંદના, વર્ણ-અક્ષરાદિકથી શુદ્ધ હોય તોપણ તે ત્રીજા પ્રકારના રૂપીઆ જેવી કૂડી-ખોટી છે. અને ઉભય શુદ્ધિ વગરની વંદના તો ચોથા પ્રકારના રૂપીયાના જેવી હોવાથી યાવત્ અનર્થ ફળને આપવાવાળી છે. ॥ ૩૧-૪૦ ॥

પ્રાયઃ એવી અશુદ્ધ વંદના કિલષ્ટ પરિણામી-ભારેકર્મી જડબુદ્ધિ જનોનેજ સંભવે છે અને તે પ્રાયઃ દુર્ગતિ (કુદેવત્વાદિક) ફળને આપે છે, તેમજ આવા દુષમ કાળમાં કાળદોષથી પ્રાયઃ એવી અશુદ્ધ વંદના પ્રવર્તે છે.॥ અન્ય આચાર્યો તો આ નામમાત્ર જિન વંદનાને લૌકિક વંદના કહે છે. તેથી તેનું ફળ પણ તેવું જ છે (અર્થાત સાક્ષાત્ અનર્થ ફળવાળું કહેતા નથી.) અથવા તેવી વંદના લૌકિક વંદના કરતાં કંઈ પણ વધારે મોક્ષાદિ ફળરૂપે થતી નથી.॥ એ ઉપર કહેલી વાત પણ યુક્ત છે કેમકે ભાવયુકત જિનવંદનાનું સેવન નહિ કરવાથી મોક્ષાદિરૂપ તેના ઉત્તમ ફળની જેમ ઉન્માદ પ્રમુખ અનર્થ ફળ થવું પણ ઘટિત નથી.॥ જૈન વંદના તો, વિધિથી કરતાં મોક્ષાદિ ફળ આપે અને તેથી વિપરિત કરતાં વિપરિત ફળ આપે, તેવી લૌકિક વંદના નથી. ઉકત ઉભય પ્રકારના ફળનો અભાવ જેમાં હોય એવી વંદના જૈની કેમ હોય ? અપિતુ નજ હોય. તેથી અર્થાનર્થ અભાવવાળી તે વંદના લૌકિક જાણવી. તેજ વાત સ્પષ્ટ નિર્ધારપૂર્વક સમજાવે છે.॥ તે માટે ઉક્ત દુર્વંદના (જૈન

સરખી દેખાતી ) પૂર્વોક્ત યુક્તિથી લૌકિકજ જાણવી. તેમજ ઉક્ત વંદનામાં શુદ્ધ શ્રદ્ધાન તથા ભક્તિનો અભાવ હોવાથી કેવળ અર્થશૂન્ય–ઉપયોગ શૂન્ય 'ઠાણેણં, મોણેણં, ઝાણેણં' ઈત્યાદિક પદો ઉચ્ચારવાથી તે અવશ્ય મૃષાવાદરૂપ થાય છે. એમ વિચારી હૃદયે સાન લાવી તેવા અવિધિ દોષથી પાછા ઓસરી, જેમ બને તેમ વિધિનો ખપ કરી શુદ્ધ ઉપયોગ સહિત ભાવવંદના કરવી.॥ "વિધિયુક્ત શુદ્ધ વંદનાની દુર્લભતા શાસ્ત્રકાર બતાવે છે." શુભ (સુખકારી) ફળને ઉત્પન્ન કરી આપનાર ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામકુંભ, કામધેનુ પ્રમુખ લૌકિક પદાર્થો પણ અભવ્ય–અયોગ્ય જીવોને પ્રાપ્ત થતા નથી, તો પછી પરમ પદ–મોક્ષના બીજરૂપ આ પરમ–વિશુદ્ધ પ્રભુવંદનાનું તો કહેવુંજ શું ? એતો કોઈ હળુકર્મી–આસન્નભવી–અપુનર્બંધકાદિક જીવ વિશેષનેજ પ્રાપ્ત થઈ શકે છે. દીર્ઘ સંસારી–ભારે કર્મી જીવોને તેની પ્રાપ્તિ દુર્લભજ છે.॥ "અભવ્ય–અયોગ્ય જનોને ઉક્ત શુદ્ધ જિનવંદનાની પ્રાપ્તિ થતીજ નથી, તેમજ ભવ્ય જીવોમાં પણ સર્વ કોઇને તેની પ્રાપ્તિ થતી નથી તે વાત શાસ્ત્રકાર બતાવે છે." જે આસન્નભવી છે તેજ અત્ર શુદ્ધ વંદના અધિકારે યોગ્ય જાણવા, જાતિમાત્ર ભવ્ય કંઈ યોગ્ય કહ્યા નથી. કેમકે તેવું જાતિમાત્ર ભવ્યપણું તો શાસ્ત્ર સિદ્ધાંતમાં અનાદિ કાળનું (સહગત) કહેલું છે, પરંતુ તે કંઈ ઈષ્ટ ફળ–મોક્ષ પમાડનારૂં કહ્યું નથી. મતલબ કે સર્વ ભવ્યોને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. ॥ જે ભવ્યજનો ઉક્ત જિનવંદનાને વિધિયુક્ત સેવે છે અથવા તેની યથાર્થ વિધિ ઉપર શ્રદ્ધા રાખે છે તેઓ આસન્ન ભવ્ય છે. તેમજ જેઓ

ઉક્ત જિનવંદના તેમજ તેની વિધિનો દ્વેષ કરતા નથી તેઓ પણ આસન્ન ભવ્યજ છે એમ જણાવે છે." જેમને યથાર્થ વિધિ તરફ દ્વેષ–તિરસ્કાર નથી, તેઓ પણ ક્લિષ્ટ કર્મના ક્ષયોપશમથી શુદ્ધિને પામેલા હોવાથી આસન્ન ભવ્ય જાણવા. અને જેઓ સાક્ષાત્ વિધિયુક્ત જિનવંદનાદિ કરે છે અથવા ઉક્ત વિધિમાર્ગ ઉપર જેમની સારી શ્રદ્ધા છે તેમનું તો વળી કહેવું જ શું? તેઓ તો આસન્ન ભવ્ય છે જ એમ ચોક્કસ જાણવું. ક્લિષ્ટ કર્મવાળા ક્ષુદ્ર પરિણામી જીવોને તો શુદ્ધ વિધિ સંબંધિ ઉપદેશ સિંહનાદ જેવો ત્રાસજનક જ લાગે છે.॥ "એવી રીતે વંદના સંબંધી વિધિ–અવિધનું ફળબતાવી વિધિનો ખપ કરવા શાસ્ત્રકાર ઉપદિશે છે." એવી રીતે પૂર્વાપર વિરોધ ન આવે તેમ આગમ (શાસ્ત્રાર્થ) સારી રીતે વિચારી મુગ્ધ–મંદ બુદ્ધિવાળા જીવોના હિતને માટે ધર્માચાર્યોએ સમ્યગ્ વિધિનો ખપ કરવો. મતલબ કે પૂર્વે જણાવ્યા મુજબ વિધિમાર્ગમાં પંડિત પુરૂષોએ પોતે પણ ખપ કરવો અને અન્ય યોગ્ય જનોને ઉક્ત વિધિમાર્ગનો ઉપદેશ આપી તેમાં જોડવા. અથવા પોતે જ આગમ રહસ્ય જાણી વિધિ રસિક બની ક્રિયાનુષ્ઠાન પ્રમાદ રહિત કરવું, જેથી મુગ્ધજનો પણ સ્વહિતકારી શુદ્ધ માર્ગમાં સહેજે જોડાય.॥ અત્ર પ્રસ્તાવે પંડિત જનોએ પક્ષપાત તજીને તીવ્ર ગ્લાનાદિકને દેવા યોગ્ય ઔષધાદિકનાં દૃષ્ટાંત વિચારવા યોગ્ય જ છે. તેમાં જેમ બાળ યુવાન કે વૃદ્ધ રોગીને ઉચિત કાળે ઉચિત પ્રમાણ (માત્રા)થી ઉચિત પથ્ય કે ઔષધ અપાય તોજ તે તેને ગુણકારી થાય છે, નહિ તો ઉલટો નવો રોગ

ઉત્પન્ન થાય છે અથવા તો પૂર્વના રોગમાં વૃદ્ધિ થાય છે; તેમ સકળ કલ્યાણને સાધી આપનારી જિનવંદના સંબંધી નિયમો પણ યોગ્યનેજ વિધિ સાથે દેવામાં આવે અને તે પ્રમાણે પાળવામાં આવે તો તે ગુણકારી થાય છે. નહિ તો અનર્થકારીજ થાય છે. એમ સમજી તે સંબંધી વિશેષ અધિકાર મધ્યસ્થપણે ટીકા ઉપરથી જાણી સત્ય માર્ગ આદરવા સદાય ઉત્સુક થવું. ઈતિ શમ્. ॥ ૪૧-૫૦ ॥

श्रीमान् हरिभद्रसूरि विरचितं

# जिनदीक्षा प्रकरणम्

શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને આપ્ત વચનાનુસારે નિપુણ નીતિયુક્ત શ્રી જિન-દીક્ષાનો વિધિ ભવ્ય જનોના હિતને અર્થે હું લેશ માત્ર (સંક્ષેપથી) કહીશ. દ્રવ્ય મુંડન (કેશ લોચ) અને ભાવ મુંડન (ક્રોધાદિક ટાળવારૂપ) લક્ષણવાળી દીક્ષા બે પ્રકારે છે, તેમાં અત્ર પ્રસ્તાવે જિન-દિક્ષા[1] મનનું મુંડન કરવાથીજ બની શકે છે, એમ

૧ પ્રસ્તુત જિન દીક્ષા પ્રથમ મિથ્યાત્વ અને ઉત્કટ કષાયને પરિહરી શુદ્ધ સમ્યકત્વ મૂળ શ્રાવક યોગ્ય સુખે નિર્વહી શકાય તેવાં વ્રત-નિયમ-દેશવિરતિ કે સર્વવિરતિ અંગીકાર કરવા રૂપ સમજવી. સર્વ વિરતીમાં તો દ્રવ્ય મુંડન પણ જરૂરનું કહ્યું છે.

જાણવું. કારણ કે અપ્રશાન્ત–ઉત્કટ ક્રોધાદિકથી દૂષિત એવો અલ્પ સત્વવંત (સત્ત્વહીન) પ્રાણી સમ્યગ્ દર્શનાદિરૂપ કલ્યાણકારી ધર્મમાં અધિકારી કહ્યો નથી.॥ " આ ભાવમુંડનરૂપ દીક્ષા કોને ક્યારે પ્રાપ્ત થાય ? તે શાસ્ત્રકાર કહે છે. " ભવ ભ્રમણ કરતાં સહુથી છેલ્લા પુદ્ગલપરાવર્તનમાંજ, કર્મની સ્થિતિ પાતળી પડી જવાથી નિર્મળ સ્વભાવવાળા અને ઉત્તરોત્તર (અધિક) વિશુદ્ધિને અનુભવતા પ્રાણીનેજ આ ભાવદીક્ષા પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ બીજા સંકિલશ્યમાન પરિણામવંતને પ્રાપ્ત થતી નથી.॥ " તે દીક્ષાના અધિકારીનું વિશેષ સ્વરૂપ કહે છે. " જેને જિનદીક્ષા ઉપર રાગ હોય, લોકવિરૂદ્ધ સર્વ કાર્યોનો અનાદર હોય તથા સમ્યગ્ જ્ઞાન અને સદનુષ્ઠાનસંપન્ન સદ્ગુરૂનો સંબંધ થયો હોય, તેવો વિશિષ્ટ જીવ આ જિનદીક્ષાને યોગ્ય જાણવો.॥ " દીક્ષા રાગનું સ્વરૂપ ત્રણ ગાથાથી બતાવે છે. " તથાવિધ કર્મના ક્ષયોપશમથી સ્વભાવેજ અથવા સમ્યગ્દર્શનાદિક મોક્ષ માર્ગને સદાય સમાચરતા અને ધાર્મિક જનોને બહુ માન્ય એવા કોઈ દીક્ષિત જીવોને શ્રવણે સાંભળીને અથવા નજરે દેખીને આ જિનદીક્ષામાંજ એવી રૂચિ ઉત્પન્ન થાય કે ભવસાગરનો પાર પમાડવા સફરી વહાણ જેવી, લૌકિક વસ્તુઓની સ્પૃહા નહિ રાખનારી તથા સંતત તદ્ભાવ પરિણામવાળી આ જિનદીક્ષા હું કેવી રીતે પામી શકું. દીક્ષા ગ્રહણ કરતાં વિઘ્નજ ન આવે અને કદાચ પ્રબળ કર્મયોગે વિઘ્ન આવી પડે તો તે દીક્ષામાં મનની અત્યંત દૃઢતા રાખવી, એવો (શ્રદ્ધા, વિઘ્નરહિતતા અને ચિત્તની દૃઢતા

૩૫ ) દીક્ષારાગ સિદ્ધાન્તકારોએ કહ્યો છે.॥ " હવે લોકવિરૂદ્ધ આચરણ સમજાવે છે. " સર્વ કોઇની નિંદા એટલે કોઈની પણ નિંદા કરવી તે, તથા જ્ઞાનાદિક ગુણસંપન્ન આચાર્ય પ્રમુખની નિંદા તો વિશેષે લોકવિરુદ્ધજ છે. સરલ પણ સ્થૂલ બુદ્ધિવાળા જનોની ધર્મકરણી દેખી તેમની તથા તેમના ધર્મગુરૂની મશ્કરી કરવી, તેમજ લોકમાં પૂજનીય ગણાતા એવા રાજા, અમાત્ય, શ્રેષ્ઠી તથા તેમના ગુરૂ પ્રમુખની હીલના કરવી, બહુ લોકોની સાથે વિરોધ કરનારનો સંગ કરવો, દેશાદિક આચારનું ઉલ્લંઘન કરવું, ઉદ્ભટ વેશ પ્રમુખનું ધારવું તથા દાન વિગેરે ગંભીરતા રહિત કરવાં, સારાં માણસો (સજ્જનો)ને કષ્ટ પડે તેમાં સંતોષ માનવો, તેમજ છતી શક્તિએ તેમનાં દુઃખ દૂર કરવા ઉપાય ન કરવો, એ બધાં લોકવિરૂદ્ધ કૃત્યો જાણવાં. ॥ ૧–૧૦ ॥

" હવે સુંદર ગુરૂયોગ બતાવતા છતા કહે છે. " સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રયુક્ત જે ગુરૂ હોય તે સુગુરૂ કહેવાય. સ્વપ્ન અવસ્થામાં તે (ગુરૂ) ના યોગે જળ, અગ્નિ પ્રમુખથી આપણું બચવું, પર્વત પ્રાસાદ કે વૃક્ષના શિખર ઉપર ચઢવું, તેમજ સર્પ કે તેવા ક્રૂર જનાવરથી આપણી રક્ષા થવી, તે ઉપરથી ગુરૂના સુંદર યોગનું અનુમાન કરી શકાય છે.॥ " હવે સમવસરણ રચનાદિક દીક્ષાવિધિ જણાવે છે." નિજ નિજ મંત્રોવડે મુક્તાશુક્તિ મુદ્રાથી વાયુકુમાર પ્રમુખ દેવોનું આહ્વાન કર્યા પછી સમવસરણ ભૂમિમાં સારી રીતે પ્રમાર્જન કરવું અને મેઘકુમાર દેવોનું આહ્વાન કરીને ત્યાં સુગંધી જળની વૃષ્ટિ કરવી.॥ રૂતુ દેવીઓનું આહ્વાન

કરી સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરવી અને અગ્નિકુમાર દેવોનું આહ્વાન કરી ત્યાં કાલાગુરૂ પ્રમુખ ધૂપ ઉખેવવો એમ કેટલાક આચાર્યો કહે છે.॥ પછી વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ દેવોના આહ્વાન પૂર્વક રત્ન, સુવર્ણ અને રૂપાના વર્ણ જેવા ત્રણ ગઢની રચના ત્યાં કરવી.॥ વ્યંતર દેવોનું આહ્વાન કરીને તોરણ પ્રમુખની રચના કરવી તથા અશોક વૃક્ષ, સિંહાસન, છત્ર, ધર્મચક્ર અને મહેન્દ્રધ્વજાદિકની પણ રચના કરવી. ( આદિ શબ્દથી સુવર્ણ કમળ અને ઉજ્વળ ચામર પ્રમુખની રચના પણ સમજી લેવી).॥ ત્યારબાદ ત્યાં ઉત્કૃષ્ટ (પ્રધાન) ચન્દનની ઉપર સકળ જગત્‌ના પરમ પૂજ્ય ત્રિભુવનગુરૂ શ્રી જિનેશ્વરના ચઉમુખ બિંબની સ્થાપના કરવી. ॥ ભુવનગુરૂની અગ્નિકોણે એક બીજાની પાછળ ગણધર મહારાજ, સાતિશયાદિ મુનિરાજો, વૈમાનિક દેવીઓ તથા સાધ્વીઓની સ્થાપના કરવી.॥ નૈરૂત્યકોણે ભુવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ સંબંધી દેવીઓની સ્થાપના જાણવી.॥ વાયુકોણે ભુવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવોની સ્થાપના કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવેલું છે. ॥ ૧૧–૨૦ ॥

ઈશાનકોણે વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીના સમુદાયની મંગળકારી સ્થાપના પોતપોતાના દેહ સંબંધી વર્ણસહિત કરવી.॥ એવી રીતે પહેલા પ્રાકાર (ગઢ)માં બાર પર્ષદાની સ્થાપના કરી, બીજા પ્રાકારમાં દેવતાની પેરે પોતપોતાના શરીરના વર્ણસહિત સાપ, નોળીયા, મૃગ અને કેશરી સિંહ પ્રમુખ તિર્યંચ જીવોની સ્થાપના અને ત્રીજા પ્રાકારમાં હાથી, મગર, કેસરી, મયૂર અને કલહંસ પ્રમુખ

આકારને ધારવાવાળા દેવ-વાહનોની સ્થાપના કરવી.॥ એવી રીતે ભક્તિ અને વૈભવ અનુસારે સમવસરણની રચના કર્યે છતે પ્રદોષ (સાંજ) સમયે શુભ તિથિ વાર નક્ષત્ર યોગે ચંદ્ર-બળવાળું લગ્ન (મુહૂર્ત) પ્રાપ્ત થયે જેને દીક્ષા લેવાની હોય તે સમવસરણમાં આવે.॥ પછી ત્રિભુવનગુરૂના ગુણ ગ્રામ કરવાથી તેમના ઉપર તીવ્રરૂચિ જેને ઉત્પન્ન થઇ છે એવા તેને સામાન્ય રીતે જિનદીક્ષાની મર્યાદા જણાવવામાં આવે. ત્યારબાદ તેને સમવસરણમાં આગળ કહેવામાં આવતી રીતિ મુજબ પ્રવેશ કરાવવામાં આવે.॥ દીક્ષા લેવાની ઇચ્છાવાળાના કરસંપુટ (ખોબા)માં સુગંધી પુષ્પો ( અથવા સુગંધી ચૂર્ણ અને પુષ્પો ) આપવાં તથા શ્વેત વસ્ત્રવડે ( ધીમે રહી ) તેની આંખે પાટો બાંધવો. પછી તેના હાથે સમવસરણમાં ક્ષેપવામાં આવતાં પુષ્પના પડવાવડે દીક્ષાની આરાધના કે કે વિરાધનારૂપ તેની સારી નરસી ગતિ આશ્રી ગુરૂ મહા-રાજાએ નિર્ણય કરવો કે તેને દીક્ષા આપવી કે ન આપવી. ( આ વિધિ દીક્ષા લેનાર હોય તેને પ્રથમ પવિત્ર જળથી સ્નાન કરાવીને કરાવાય છે. ) નિર્ણય કરવા માટે તેના હસ્તસંપુટમાં આપેલાં સુગંધી પુષ્પો ક્ષેપવવામાં આવે તે જો સમવસરણની મધ્યમાં પડે તો દીક્ષાની આરાધનાવડે તેની સુગતિ અને જો તે પુષ્પ સમવસરણની બહાર પડે તો દીક્ષાની વિરાધના વડે તેની કુગતિ સમજવી.॥ " તે બાબત નિર્ણય કરવા અત્ર મતાંતર દર્શાવતા કહે છે. " દીક્ષા લેનારે કે બીજાએ તેવે પ્રસંગે ઉચ્ચરેલા ' સિદ્ધિ વૃદ્ધિ ' ઈત્યા-દિક શુભાશુભ અર્થસંસૂચક શબ્દો વડે તે દીક્ષા સંબંધી

નિર્ણય થાય એમ અન્ય આચાર્યો કહે છે; વળી આચાર્ય (દીક્ષાગુરૂ) સંબંધી મન વચન કાયાના યોગની શુભાશુભ પ્રવૃત્તિથી તેનો નિર્ણય થઇ શકે છે, એમ કેટલાક આચાર્યો કહે છે. તેમજ દીપક, ચંદ્ર, તારા પ્રમુખની જ્યોતિ અધિક તેજવાળી કે મંદ તેજવાળી થવાથી પણ તેનો નિર્ણય થઈ શકે છે. તથા દીક્ષા ગ્રહણ કર્યાબાદ તેના શુભ યોગ (આચરણ) ઊપરથી તેનો નિર્ણય થાય છે, એમ કોઇક આચાર્યો કહે છે.ા "સમવસરણમાં પુષ્પ પડવાથી યોગ્યતાનો નિર્ણય થતાં તેને દીક્ષા અપાય પણ તે પુષ્પ સમવસરણ બહાર પડે તો શો વિધિ આચરવો? તે કહે છે." જો તેના કરસંપુટમાં આપેલ પુષ્પ સમવસરણની બહાર પડે તો શંકાદિક અતિચારને આલોચવા પૂર્વક 'ચત્તારિ સરણં પવજ્જામિ' એ રૂપ ચાર શરણાં લેવાં, પંચ પરમેષ્ટિ નમસ્કાર પાઠ વિગેરે તેને કરાવવા. આ વિધિ કેટલી વાર કરાવવો? તે કહે છે કે–ત્રણવાર કરાવવો. તે ઉપરાંત નિષેધ કરવો, તેનો પરમાર્થ એ છે કે પહેલીવાર પુષ્પ સમવસરણની બહાર પડવાથી ઉપર મુજબ કરાવી ફરી પુષ્પ સમવસરણમાં ક્ષેપવા માટે પૂર્વની પેરેજ દીક્ષા લેનારે પ્રવર્તવું. બીજી વખત પણ જો પુષ્પ સમવસરણની બહારજ પડે તોપણ ઉપર મુજબ બધો વિધિ ફરી કરાવવો. તે વિધિ સાચવ્યા બાદ ત્રીજીવાર ફરી પ્રસન્ન ચિત્તથી પુષ્પ ક્ષેપવા દીક્ષા લેનારે પ્રવર્તવું. જો ત્રીજી વાર પણ બહારજ પુષ્પ પડે તો તેની અયોગ્યતા (દીક્ષા સંબંધી) નો નિર્ણય થઈ જવાથી તેને દીક્ષા ગ્રહણ કરવાનો આવી રીતે નિષેધ કરવો કે 'ભદ્ર! બીજા અવસરે

તને દીક્ષા દઈ શકાશે. હમણાં નહિ ' ઇત્યાદિક કોમળ વચનો વડેજ નિષેધ કરવો.॥ " જો પુષ્પ સમવસરણમાંજ પડે તો નિષેધ નહિ કરતાં તેની ઉચિતતા જણાવે છે. " પૂર્વોક્ત રીતિ મુજબ સમવસરણ મધ્યે પુષ્પ પડવાથી દીક્ષા ઉચિત વિશુદ્ધિની પ્રતીતિ થયા બાદ દીક્ષાયોગ્ય જીવને પૂર્વે બાંધેલો આંખનો પાટો દૂર કરી, ગુરૂ મહારાજાએ પ્રભુના દર્શન કરાવવાં અથવા તેનામાં સમ્યગ્ દર્શન (સમકિત) આરોપવું. પછી દીક્ષા સંબંધી સ્થિતિ–મર્યાદાનું કથન કરવું કે ' હે ભદ્ર ! દીક્ષા અંગીકાર કરવાનો ઉપર બતાવ્યો તેવો ક્રમ–સંપ્રદાય છે. ' વળી તેની પ્રશંસા કરવી એમ કહીને કે ' ભુવનગુરૂ ભગવાનની પાસેજ પુષ્પ પડવાથી તારૂં શીઘ્ર કલ્યાણ થવું નિશ્ચિત જણાય છે માટે તું ધન્ય છે. ' અથવા ' સકળ કલ્યાણકારી શ્રી ભાગવતી દીક્ષા તુજને પ્રાપ્ત થઈ, તેથી તારૂં સર્વ શ્રેય થઇ ચૂકયું માટે તું ધન્ય છે. ' તથા ઉપર મુજબ પરીક્ષા કરવાથી તે ખુશી થયો છે કે કેમ ? તે આચાર્ય મહારાજાએ જોવું. તેના મુખ–પ્રસન્નતાદિક લક્ષણોથી તેનો નિશ્ચય કરવો.॥ " એ પ્રમાણે ગુરૂકર્તવ્ય કહ્યું. હવે શિષ્યકર્તવ્ય બતાવે છે. " પછી ત્રણ પ્રદક્ષિણા દઈને શિષ્યે નિર્મળ ચિત્ત–રત્નથી સમ્યગ્ રીતે અત્ર પ્રસ્તાવે ( દીક્ષા દીધે છતે ) ગુરૂ મહારાજને લગારે સંકોચ વગર સર્વથા આત્મનિવેદન કરવું. મતલબ કે ' હું આપશ્રીનો કિંકર છું, આપ દીન સેવકના સ્વામી છો. ' એવી રીતે નિર્દંભપણે ' આત્માર્પણ ' ગુરૂને કરવું.॥ આવી રીતે નિષ્કપટપણે આત્માર્પણ કરવું તે ' ગુરૂભકિત ' છે તથા અત્યંત

ભાવવિશુદ્ધિથી એ ઉત્કૃષ્ટ દાનધર્મ છે, તેથી તે અવશ્ય કર્તવ્ય છે. તેમજ તથા પ્રકારની દઢ ભાવવિશુદ્ધિવગર પણ પણ કરેલું તે 'આત્માર્પણ' ઉત્કૃષ્ટ દાન ધર્મનાં બીજ (કારણ) રૂપ સમજવું. કારણ કે—॥ ૨૧–૩૦ ॥

આવું શિષ્ટાચરિત આત્મનિવેદન (આત્માર્પણ) કરવાનું જેવા તેવા કાયર માણસો તથાવિધ વીર્યની ખામીથી સાંભળી પણ શકતાં નથી ( તે તેમને કર્ણકટુક લાગે છે ) તો પછી તે મુજબ કરવાની તો વાત જ શી ? તેથી જો કે તથાવિધ દઢ ભાવવિશુદ્ધિરહિત કરવામાં આવતા આત્મનિવેદન કરતાં અત્યંત ભાવવિશુદ્ધિથી કરવામાં આવતું આત્માર્પણ ઉત્કૃષ્ટ દાનધર્મ છે, તો પણ તે ઉત્કૃષ્ટ દાનધર્મના બીજરૂપ હોવાથી તથાવિધ ભાવવિશુદ્ધિ રહિત આત્મ નિવેદના પણ કર્તવ્યજ છે.॥ દીક્ષિતની ભાવશુદ્ધિ માટે તેના ઉપકાર અર્થે શાસ્ત્ર આજ્ઞાથી પ્રવર્તતાં દીક્ષિત વસ્તુમાં મમત્વ રહિત હોવાથી ગુરૂ મહારાજને કંઇ પણ દૂષણ લાગતું નથી.॥ દીક્ષિતના પરિણામ તેના ઇંગિત આકારાદિકથી જાણી જેમ તેને સંયમ માર્ગમાં દઢતા–સ્થિરતારૂપ ભાવ વૃદ્ધિ થાય તેમ તેને દાન, ગુરૂસેવા. તપ અને કુસંસર્ગ નિષેધ પ્રમુખનો ઉપદેશ દેવા સંબંધી ગુરૂ મહારાજાએ આ પ્રસંગે યત્ન કરવો.॥ જે શિષ્ય સમ્યગ્ જ્ઞાનદર્શનાદિક યુક્ત હોય, મિથ્યા દૃષ્ટિયોગ્ય વ્યવહારમાં તથા બાહ્યદ્રવ્યમાં સ્પૃહારહિત હોય– નિઃસ્પૃહી હોય તથા આગમમાં કહેલાં શુદ્ધ તત્ત્વમાં રસિક હોય, તેજ પૂર્વોકત રીતે મિથ્યાત્વ ત્યાગ, સમ્યક્ત્વ અંગીકાર અને આત્મનિવેદન (આત્માર્પણ) વિગેરે વડે યત્ન કરી

શકે. પરંતુ ઉકત ગુણવિકલ શિષ્ય યત્ન કરી શકે નહિ; તેમજ ગુરુ પણ ઉકત જ્ઞાનાદિક ગુણ વિશિષ્ઠ હોય તેજ તેવી રીતે યત્ન કરી શકે તેવા વિશિષ્ટ ગુણ રહિત ગુરૂ તેવો યત્ન કરી શકે નહિ. ॥ ધન્ય–કૃતપુણ્ય–ભાગ્યવંત ભવ્યજનોનેજ આ જિનદીક્ષાનો યોગ પ્રાપ્ત થાય છે. તે દીક્ષાનો યોગ પ્રાપ્ત થયે છતે ધન્ય–કૃતપુણ્ય જનોજ તેના કાયદા મુજબ ચાલે છે–ચાલી શકે છે. ધન્ય–કૃતપુણ્ય જનોજ તેવા દીક્ષિત સાધુઓનું તેમજ તેવી ભાગવતી દીક્ષાનું બહુ માન કરે છે (કદાચ કર્મદોષથી પોતે તે દીક્ષા અંગીકાર કરી ન શકે તો પણ પોતાનાથી બને તેટલી તેની પુષ્ટિ જ કરે છે તેઓ પણ ધન્ય છે) અને જેઓ કલ્યાણકારી જિનદીક્ષાની તેમજ તેવા ભાગ્યવંત દીક્ષિત સાધુઓની કંઇ નિંદા કરતા નથી, તેઓ પણ ધન્ય–કૃતપુણ્યજ સમજવા. કેમકે ક્ષુદ્રજનો નિબિડ કર્મયોગે તે કલ્યાણકારી દીક્ષા અંગીકાર તો કરી શકતાજ નથી પરંતુ મોહાન્ધપણાથી તેના દ્વેષી બને છે. તેથી તે આપડા અનંત સંસાર સમુદ્રમાં નિમગ્ન થઇ મહા દુઃખી થાય છે–પવિત્ર દીક્ષાની તેમજ પવિત્ર દીક્ષિત સાધુઓની નિંદાથી અલગ રહેનાર મધ્યસ્થ જનોને તેવાં દુઃખ સંસારમાં અનુભવવાં પડતાં જ નથી.॥ “ જીનદીક્ષા લીધા બાદ દીક્ષા લેનારે જે કરવું યોગ્ય છે તે ઉપદિશતા છતા કહે છે” શ્રદ્ધા (સ્વરૂચિ–પરની અનુવૃત્તિ નહિ તે), સંવેગ ( મોક્ષાભિલાષ ) અને ક્રમયુકત દાન યથાશકિત અવશ્ય દેવું, તેમજ સ્વવિભવાનુસારે સ્વપર યોગ્યતા પ્રમાણે સ્વજનાદિકનો સત્કાર પણ કરવો.॥ “સમ્યગ્ દીક્ષાનાં ચિન્હ બતાવે છે”

દીક્ષા ગ્રહણથી અંગીકાર કરેલા સમ્યક્ત્વ તથા તત્સહગત શમ સંવેગાદિ ગુણો, સાધર્મિક સાથે પ્રીતિ, તત્ત્વબોધ, અને ગુરૂભકિત તે ગુણોની દીક્ષા દિવસથી દિનદિન વૃદ્ધિ થવી એ સમ્યગ્ દીક્ષાનાં સાચાં ચિન્હ સમજવાં.।। અતિ શુદ્ધ અધ્યવસાયથી તેમજ તે વડે માઠાં કર્મ ખપી જવાથી ખરેખર ઉકત ગુણોની વૃદ્ધિ થાય છે. કેમકે એવો નિયમ છે કે 'કારણ જોગે કાર્ય નીપજે' માટે ઉકત ગુણવૃદ્ધિ એ તેનું ખરૂં ચિન્હ છે. ।। શ્રુત ચારિત્રરૂપ ધર્મ ઉપર બહુમાન રાખવાથી તેમજ સાધર્મિક ઉપરના સ્નેહથી તેમનું વાત્સલ્ય (ભકિત) કરવાથી નિશ્ચે સ્વગુણની વૃદ્ધિ થાય જ છે. તેથી તે સમ્યગ્ દીક્ષાનું ખરૂં ચિન્હ સમજવું. ।। કરવામાં આવતાં સદ્દ-નુષ્ઠાનથકી ઘણું કરીને સમસ્ત જ્ઞાનાવરણીય પ્રમુખ ઘાતિ કર્મોનો ક્ષયોપશમ થાય છે. એવી રીતે જ્ઞાનાવરણીય કર્મ દૂર ટળવાથી નિશ્ચે તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ થાય છે. તેથી તે ખરૂં ચિન્હ છે. ।। ૩૧-૪૦ ।।

આ સમસ્ત શુભ સંપદાના પરમ હેતુ (પૃષ્ટ આલંબન-કારણ) ગુરૂ મહારાજ છે, એવા સમ્યગ્ બોધથી ખરેખર ગુરૂ ભકિતની વૃદ્ધિ પણ થાયજ છે.।। એ રીતે કલ્યાણભાગી આ મહાનુભાવ દેવ ગુરૂની ભકિત પ્રમુખ દીક્ષાગુણોને અનુક્રમે ભાવથી સેવતો સતો છેવટે સર્વવિરતિરૂપ પરમ દીક્ષાને પણ પામે છે. જેમ દેશવિરતિ દીક્ષાને પામ્યો તેમ સર્વવિરતિ પણ પામેજ. ।। મિથ્યા-ત્વ, અવિરતિ, કષાય અને દુષ્ટ વ્યાપારરૂપ મિથ્યા (મોક્ષમાર્ગથી વિપરીત) આચારને પરમાર્થથી (શુદ્ધ અંતઃ-

કરણથી) પરિહરી, પરમ દીક્ષાવંત મહાત્મા જીવનમુક્તિ નિરૂપાધિક આત્મસુખ ) ને ભાવથી અત્ર અનુભવી, સમસ્ત ઘાતિ અઘાતિ કર્મથી સંપૂર્ણ મુક્ત થઈ પછી પરમ પરમ મુક્તિને પણ પ્રાપ્ત થાય છે.॥ આ જિન દીક્ષા વિધિ (પ્રકરણ) ને શાસ્ત્રની નીતિ પ્રમાણે સમ્યગ્ વિચારવાથી પણ (જે મહાનુભાવ તે મુજબ આચરણ કરે તેનું તો કહેવું જ શું ? સકૃતબંધક (એક વાર ફરી ઉત્કૃષ્ટી કર્મ સ્થિતિ બાંધનાર) તથા અપુનર્બંધક (હવે પછી તેવી ઉત્કૃષ્ટ સ્થિતિ નહિ બાંધનાર) ઉભયમાં કદાગ્રહ સંભવિત હોવાથી તે કદાગ્રહનો તેમને શીઘ્ર ક્ષય થઈ જશે.॥ ૪૧–૪૪ ॥

શુભં સ્યાત્ સર્વસત્ત્વાનામ્

# શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા

## પ્રકાશિત ગ્રન્થો

| | |
|---|---|
| હરિભદ્રાષ્ટકવૃત્તિ ૩૩૧ સંવાદ-પાઠયુક્ત ... | |
| વૃતિ ડ્રોઈંગપેપર ... | ૩—૦ |
| સંબોધ પ્રકરણ ... ... ... | ૩—૦ |
| હરિભદ્રસૂરિગ્રન્થસંગ્રહ ... ... ... | ૩—૦ |
| સ્યાદ્વાદરહસ્ય પત્ર સટીક ... ... ... | ૦-૧૨ |
| અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ ... ... ... | ૧૦—૦ |
| સમુદ્ઘાતતત્ત્વ ... ... ... ... | ૦—૬ |
| જૈન ન્યાય મુક્તાવલી સટીક ... ... | ૧—૦ |
| નવતત્ત્વ વિસ્તરાર્થ ... ... ... | ૩—૦ |
| દંડક વિસ્તરાર્થ ... ... ... | ૧—૦ |
| પારમર્ષ સ્વાધ્યાય સંગ્રહ [બુક] ... ... | ૦—૬ |
| પારમર્ષ સ્વાધ્યાય ગ્રન્થ સંગ્રહ ૯ ગ્રન્થો પત્રાકારે | ૦—૮ |
| સમ્મતિતર્ક પ્રકરણ સટીક પ્રથમો વિભાગ ... | ૫—૦ |
| શ્રી યશોવિજયવાચક ગ્રન્થસંગ્રહ, ... | ૨—૦ |
| સવિવરણ ધર્મપરીક્ષા ટિપ્પણયુક્ત ... ... | ૪—૦ |
| પારમર્ષ વ્યાખ્યાનમાલા ... ... ... | ૧—૮ |
| વૃષ્ણિનેમિ જૈન સ્તવનાદિ સંગ્રહ ... ... | ૦-૧૨ |
| ધૂર્તાખ્યાન સંસ્કૃત ... ... ... | ૦-૧૨ |
| પાંત્રિસબોલ યાને સુંદર શિખામણ વાક્યો ... | ૦—૮ |
| સપ્તભંગીમીમાંસા ... ... ... | ૨—૮ |
| સપ્તભંગી-ઉપનિષદ્ ... ... ... | ૪—૦ |
| સંબોધ પ્રકરણ ... ... ... ... | ભેટ |

પ્રાપ્તિસ્થાન : શેઠ ઇશ્વરદાસ મૂલચંદ

ઝીકાભટની પોળ, અમદાવાદ.